# જૈન સાહિત્ય સમારોહ

## ગુચ્છ-૫

• પ્રકાશક •

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

મુંબઈ

# જૈન સાહિત્ય સમારોહ

## લાયજા-કચ્છ

## તા. ૨૫-૨૮ સપ્ટેમ્બર-૨૦૦૪

સંપાદક

ડૉ. કલા એમ. શાહ

ડૉ. હંસા એસ. શાહ

પ્રકાશક

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

મુંબઈ

## સત્તરમો જૈન સાહિત્ય સમારોહ

## લાયજા-કચ્છ

# સંપાદકીય

પરમપૂજ્ય માનનીય જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યના પ્રખર વિદ્વાન-સાક્ષર અમારા ગુરુવર્ય સ્વ. રમણલાલ સી. શાહના સ્મરણાર્થે મહાવીર જૈન વિદ્યાલય અને સદ્ગત હીરાલક્ષ્મીબેન નવનીતલાલ શાહ પરિવારના સૌજન્ય દ્વારા અઢારમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. તે પ્રસંગે **'જૈન સાહિત્ય સમારોહ'** (અહેવાલો અને નિબંધો) 'ગુચ્છ ૫' નામનો ગ્રંથ પ્રગટ થાય છે. એ અમારા માટે અતિ આનંદની અનુભૂતિનો પ્રસંગ છે.

સત્તરમા જૈન સાહિત્ય સમારોહમાં આવેલા નિબંધો સંપાદિત કરી ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત કરવાનું કાર્ય અમને સોંપવામાં આવ્યું તે બદલ અમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આયોજકોના આભારી છીએ કારણ કે આ નિમિત્તે અમને અમારા ગુરુ રમણભાઈ પ્રત્યેનું ઋણ અદા કરવાનો અવસર પ્રાપ્ત થયો.

અત્યાર સુધીમાં આ યોજાયેલ સત્તર જૈન સાહિત્ય સમારોહ પ્રસંગે વિવિધ સ્થળોએથી આવેલ વિદ્વાનોના નિબંધો 'જૈન સાહિત્ય સમારોહ' ગુચ્છ-૧-૨-૩-૪ ગ્રંથોમાં પ્રકાશિત થયા છે. તે ઉપરાંત તેમાં જૈન સાહિત્ય સમારોહના અહેવાલો પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

આ ગુચ્છ-૫માં આગળના દસ સાહિત્ય સમારોહના અહેવાલો સંક્ષિપ્તમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

આ ગુચ્છમાં પ્રકાશન માટે નિબંધો, અભ્યાસ લેખો વગેરેની પસંદગીની બાબતમાં આગળના ગુચ્છોના પ્રકાશન સમયે રાખવામાં આવેલ નિયમો ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. અને તે એ કે સામાન્ય રીતે દરેક વિદ્વાનનો એક જ નિબંધ પસંદ કરવામાં આવ્યો છે.

જૈન સાહિત્ય સમારોહમાં આવતા બધાં જ નિબંધોનું ધોરણ એક સરખું ન હોવા છતાં તેમાંથી મોટા ભાગના નિબંધો પ્રકાશિત કરવા યોગ્ય નિબંધોની સંખ્યા ઠીક ઠીક હોવાથી અહીં પ્રકાશિત કર્યા છે.

અત્રે નોંધપાત્ર બાબત એ છે કે કેટલાંક નવોદિત લેખકો અને ઘડાયેલ લેખકોના વિવિધ વિષયો પરના વિદ્વતાપૂર્ણ લેખો મળ્યા છે. એ પણ એક આનંદની વાત છે.

દિનપ્રતિદિન મુદ્રણ ખર્ચ વધતું જાય છે. અને આ પ્રકારના ગ્રંથોનું વેચાણ નહિવત્ ગણાય તેવા સમયમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આ ગ્રંથના પ્રકાશન માટે તત્પરતા બતાવી તે આનંદની વાત છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સંપાદનની જવાબદારી અમને સોંપી તે બદલ ફરી એકવાર તેમનો આભાર અને કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ ક્ષમાયાચના.

આશા છે કે ભાવકો અને વિદ્વાનોને સંતોષ થશે.

**ડૉ. કલા એમ. શાહ**
**ડૉ. હંસા એસ. શાહ**

## અનુક્રમણિકા


| | લેખનું નામ | લેખકનું નામ | પેજ નં. |
|---|---|---|---|
| | **સાહિત્યવિભાગ** | | |
| ૧. | જૈન કવિઓ રચિત પદોમાં આત્મદર્શન | ડૉ. કલા શાહ | ૧ |
| ૨. | 'હીરવિજયસૂરિ રાસ'માં માનવ સંવેદના | ડૉ. કાન્તિભાઈ બી. શાહ | ૯ |
| ૩. | જૈન આગમો, પ્રબંધો અને સાહિત્યમાં કચ્છની સાંસ્કૃતિક સમૃદ્ધિ | ડૉ. દિનેશ એમ. જોશી | ૧૭ |
| ૪. | આર્યરક્ષિત વિદ્યાપીઠ | ભરત 'કુમાર', પ્રા. ઠાકર | ૨૩ |
| ૫. | સાધર્મિક ભક્તિ | પ્રા. તારાબહેન ર. શાહ | ૩૧ |
| | **જૈન તત્ત્વજ્ઞાન વિભાગ** | | |
| ૬. | જન્મમરણનું વિજ્ઞાન- જીવોની ઉત્પત્તિ કર્માધીન સ્થિતિ | ડૉ. કવિન શાહ | ૩૭ |
| ૭. | નરસિંહ મહેતાની કવિતા ગુણસ્થાનકની અવસ્થા | ડૉ. હંસા શાહ | ૪૯ |
| ૮. | બંધન અને મુક્તિ | રશ્મિ જવેરી | ૬૩ |
| ૯. | જૈન દર્શનમાં અહિંસા | પ્રવિણભાઈ સી. શાહ | ૬૯ |
| ૧૦. | કાયોત્સર્ગ | છાયા શાહ | ૭૭ |
| ૧૧. | બાર ભાવના | ઉષા શાહ | ૮૩ |
| ૧૨. | ત્રિપદી | જશવંત શાહ | ૯૯ |
| ૧૩. | હું કયાંથી આવ્યો ? કયાં જઈશ | પ્રો. રસિક શાહ | ૧૦૪ |
| | **ધ્યાન અને યોગ** | | |
| ૧૪. | 'મનોનું શાસનમ્' એક પરિચય | ગીતા જૈન | ૧૧૨ |
| ૧૫. | 'કાયોત્સર્ગ' ધ્યાન-યોગ | વર્ષા શાહ | ૧૨૫ |
| | **પ્રકીર્ણ** | | |
| ૧૬. | આયુર્વેદ અને જૈન સાહિત્ય | પ્રા. હેમાલી સંઘવી | ૧૩૩ |
| | **હિન્દી** | | |
| ૧૭. | महात्यागी दादा गुरुदेव श्री आर्यरक्षितसूरिजी म.सा. | प.पू. कलाप्रभसागरजी म.सा. | ૧૩૭ |
| | **English** | | |
| ૧૮. | PRAMOD BHAVANA | Dr. Purnima Mehta | ૧૪૬ |
| ૧૯. | Historial Background of Jain Aurveda | Dr. H. C. Jain | ૧૫૨ |

# સાહિત્ય વિભાગ

## જૈન કવિઓ રચિત પદોમાં આત્મદર્શન

ડૉ. કલા શાહ

**(૧) વર્તમાન યુગની સંસ્કૃતિ :**

વર્તમાન યુગ એટલે ભૌતિક સંસ્કૃતિનો યુગ, ભૌતિક wantednessનો-globbel સંસ્કૃતિના આક્રમણનો યુગ, મોલ સંસ્કૃતિનો યુગ, આ ગ્લોબલ સંસ્કૃતિએ વર્તમાન વિશ્વને સાંકડું બનાવી દીધું અને આ મોલ સંસ્કૃતિના પવને આજના માનવીને ભટકાવી, ભરમાવી અને ભડકાવી દીધો છે. આતંકવાદના ઓળા નીચે જીવતો આજનો માનવી ભયભીત બનીને જીવી રહ્યો છે. અરે પોતાની અંગત જીંદગીમાં પણ તે ડરેલો ડરેલો રહે છે. પતિપત્નીથી ડરે છે. બાપ પુત્રથી ડરે છે. માદીકરીથી ડરે છે અને પત્ની ઘરવાળી બાઈથી ડરે છે. કારણ કે આ બધાં ભૌતિક આલંબનો છે. જેટલી ભૌતિક સમૃદ્ધિ વધારે તેટલો ડર વધારે.

વાસ્તવિકતા તો એ છે કે જેટલી દેહની ચિંતા બધાંને છે. તેટલી તો શું તેની દસમા ભાગની ય ચિંતા આત્માની કોઈને નથી. આત્મા શું છે. તે જાણવાની ફુરસદ નથી. મોટાભાગના આપણા જેવાં થોડાંક લોકોને બાદ કરીએ તો. એટલે જ આપણે બધાં વીતંડાવાદીઓમાં ગણાઈએ તો નવાઈ નહિ.

વાત કરવાની છે આત્માની.

મને સ્થાનકવાસી પ.પૂ. ડૉ. તરૂબાઈ સ્વામીએ લખેલ પુસ્તકનું નામ યાદ આવે છે એ પુસ્તકનું નામ છે :

"હું આત્મા છું" ત્રણ ગ્રંથ છે. કેટલું સરસ નામ છે. આપણે બધાંએ આ ત્રણ શબ્દનું ચિંતન સતત કરવું જોઈએ. જો એમ કરીશું તો ધીરે ધીરે આપણી આસપાસના મોહજન્ય બધાં વળગણો હટવા માંડશે. સાંસારિક સંબંધો, યુનિ.ની ડીગ્રી, પોતાના નામથી પણ ધીરે ધીરે મુક્ત થવાશે અને છેલ્લે આ દેહની માયા પણ દૂર થતી જશે.

આત્માની વાત કરીએ ત્યારે કહેવાય કે પરમકૃપાળુ પ્રભુ મહાવીરે તીર્થની સ્થાપના કરી અને ધર્મ પ્રર્વતાવ્યો. એ ધર્મ જૈન ધર્મ કહેવાયો. પ્રભુએ સંસારમાંથી આત્માને મુક્ત થવા માટે મોક્ષમાર્ગ બતાવ્યો. મોક્ષ પ્રાપ્તિ માટે કર્મક્ષય કરવા કર્મની ગતિ, કર્મબંધ, આશ્રવ, સંવર, નિર્જરા તથા આત્માનું સ્વરૂપ સમજાવ્યા.

આત્માના સ્વરૂપ વિશે જુદા જુદા ધર્મો વિવિધ મતો ધરાવે છે.

(૧) ચાર્વાક મતવાળા આત્માને માનતા જ નથી.

(૨) બૌદ્ધ મતવાદીઓ આત્મા સ્પષ્ટપણે માનતા નથી પણ પુર્નજન્મ અને પૂર્વજન્મને માને છે.

(૩) વૈદિક મત - હિંદુઓના ધર્મના સાંખ્ય, વૈશષિક મીમાંસા વગેરે માને છે કે "આ વિશ્વમાં માત્ર એક જ આત્મા છે અને તે સર્વ વ્યાપક છે."

**બીજાં બધાં વ્યક્તિઓ કે પ્રાણીઓ તેના અંશ માત્ર છે.** બીજાં કેટલાંક એમ માને છે કે આત્મા અસંખ્ય છે. વળી અન્ય મતવાદીઓ એમ પણ કહે છે. ઈશ્વરે બધાં આત્માઓનું સર્જન કર્યુ છે અને અંતે તે બધાં ઈશ્વરમાં ભળી જાય છે.

**જૈનધર્મ : જૈન ધર્મની માન્યતા પ્રમાણે**

**"આ જગતમાં અનંતાનંત આત્માઓ છે અને દરેક આત્મા પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે.** તે ઉપરાંત

(૧) આત્મા દ્રવ્ય તરીકે નિત્ય છે.

(૨) તે અનાદિકાળથી હતો અને અનંતકાળ રહેવાનો છે.

(૩) પર્યાય તરીકે તે પરિવર્તનશીલ છે.

(૪) જ્યારે તે મુક્ત થશે ત્યારે મોક્ષમાં જાય છે.

(૫) આત્મા અરૂપ છે.

(૬) આત્માનું સ્પષ્ટદર્શન ચર્મચક્ષુ દ્વારા વ્યક્તિ સ્વયં કરી શકે છે. તે આત્મોપ-લબ્ધિ દ્વારા જોઈ શકાય છે.

આત્માની બે દશા છે.

(૧) **સ્વભાવદશા :** આત્મ સ્વભાવ અનંત જ્ઞાનમય અનંત દર્શનમય આત્મા ચિદાનંદમાં મસ્ત છે.

આત્મા અક્ષય અવ્યાબાધ સ્થિતિમાં રહે છે.

(૨) **વિભાવદશા :** વ્યવહારમાં સંસારી જીવ કર્મોથી લિપ્ત છે. તેથી તે સુખદુઃખ ભોગવે છે અને કષાયો વેઠે છે. તેનું જ્ઞાન આવૃત્ત છે. તેથી કર્મને લીધે તેને સંસાર ભ્રમણ કરવું પડે છે.

આત્મોપલબ્ધિ એટલે અનુભવ જ્ઞાન.

કાવ્યજ્ઞ એટલે ફિલસૂફ અને કવિ બન્નેનું ધ્યેય એક જ હોય છે. બંને સત્યનું દર્શન કરાવે છે. પણ બંનેની રીતે જુદી હોય છે. ફિલસૂફ સત્યનું દર્શન તત્ત્વના માર્ગે

કરાય છે. જ્યારે કવિ સત્યનું દર્શન સૌંદર્ય દ્વારા કરાવે છે. માટે જ કવિની કૃતિમાં કાવ્ય અને તત્ત્વજ્ઞાનનો સુંદર સમન્વય જોવા મળે છે.

દરેક ભાષામાં પોતપોતાના ધર્મનું સાહિત્ય રચાયેલું હોય છે. ભારતમાં અને ખાસ કરીને જૈન સાધુ કવિઓએ જૈન દર્શનને પોતાની કૃતિઓમાં કાવ્યમય વાણીમાં ગૂંથ્યું છે. જૈન કવિઓના હસ્તે લખાયેલી સાત્ત્વિક, ધાર્મિક અને સાહિત્યિક કૃતિઓ હસ્તપ્રત રૂપે લખાયેલી સચવાયેલી છે. હસ્તપ્રતો ભારતભરના જ્ઞાનભંડારોમાં જેસલમેર, રાજસ્થાન, પાલનપુર, પાટણ, અમદાવાદ(કોબા) કચ્છ, સુરત, ખંભાત, દક્ષિણમાં દીગંબરોની હસ્તપ્રતો મુળ બદ્રીમાં સચવાયેલી છે તે ઉપરાંત પરદેશમાં લંડન, જર્મની અને બર્લિનની લાયબ્રેરીમાં ઉપલબ્ધ છે.

જૈન સાધુ કવિઓ અને કેટલાંક શ્રાવક કવિઓએ રચેલી અઢળક રચનાઓ પ્રાપ્ત થાય છે. સંયમી જીવન અને સતત સ્વાધ્યાય દ્વારા આગમોનું જ્ઞાન પ્રાપ્ત કરી પ્રભુની એ વાણી જન સામાન્ય સુધી પહોંચાડવાનું કામ આ સાધુ ભગવંતોએ કર્યું છે અને જૈન સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

જૈન કવિઓ આત્માદર્શન વિષયક જે રચનાઓ કરી છે. તેમાં સૌથી નોંધપાત્ર અવધૂ કવિ આનંદઘનજી દેવચંદ્રજી, ઉપાધ્યાય યશોવિજયજી, (અઢારમી સદી) અને વીસમી સદીમાં વિદ્યમાન હતા તે શ્રીમદ્ રાજચંદ્ર, ચિદાનંદજી, યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી વગેરે છે.

**આનંદઘનજી :** અવધૂ કવિ આનંદઘનજી કહે છે. આત્માના સ્વરૂપને જાણવું અતિ કઠિન છે. કારણ કે તે અગમ છે.

"નિશાની કહા બતાવું તારૂ અગમ અગોચર રૂપ
રૂપી કરું તો કછુ નાહી બંધે કૈસે રૂપ
રૂપારૂપી કરું જો પ્યારે, ઐસે ન સિદ્ધ અનૂપ."

હે ચેતન, તારું રૂપ જાણવું મુશ્કેલ છે. હે આત્મા તને પૌદગલિક પદાર્થો સાથે સરખી શકાય નહિ. કારણ કે પૌદગલિક પદાર્થ જડ છે અને તારામાં જડતાનો ગુણ નથી.

શ્રીમદ્ કહે છે :

નથી દૃષ્ટિમાં આવતો નથી જણાતું રૂપ,
બીજો પણ અનુભવ નથી તેથી ન જીવ સ્વરૂપ.

વળી આનંદઘનજી કહે છે આત્મા અનુભવગોચર છે :

અનુભવગોચર વસ્તુ કો જાણવો એહ વિચાર
કહન સુનનકો કછુ નાહિ આનંદ ઘન મહારાજ

આત્મા અનુભવજ્ઞાન દ્વારા જ પામી શકાય છે. આનંદઘનજી કહે છે આત્મચિંતનના આધારે આત્માની પ્રતીતિ થાય છે.

આનંદઘનજી સ્વમુખે આત્માની ઓળખ આપતા કહે છે :

ના હમ પુરુષા, ના હમ નારી, ના વરન ના ભાંતિ,
ના જાતિ, ના ભાંતિ, ના સાધન ના સાધક.
ના હમ લઘુ ના ભારી.

શ્રીમદ્ કહે છે :

જેવો સિદ્ધક્ષેત્રે વસે તેવો આ તનમાંય.

પણ આ સ્વરૂપને ઓળખવા માટે સદ્ગુરૂ હોવા જોઈએ.

સદ્ગુરૂના ઉપદેશથી આવ્યું અપૂરવ જ્ઞાન,
જિનપદ નિજમાંહી લહ્યું દૂર થયું અજ્ઞાન.

આત્માની શુદ્ધ પરિણતી કેવી રીતે પ્રગટે છે તેનું નિરૂપણ કવિ આનંદઘનજી કરે છે :

દેખો અપૂરવ ખેલા
આપ હી બાજી આપ બાજીગર
આપ ગુરૂ આપ હી ચેલા

આવો શુદ્ધ સ્વરૂપી આત્મા કયાં સ્થિર થાય છે

લોક અલોકે આપ બિરાજત
જ્ઞાન પ્રકાશ અકેલા

પોતાના અસંખ્યાત પ્રદેશોને શુદ્ધ કરી સંસારથી મુક્ત બની લોકાગ્રે તે બિરાજમાન થાય છે. કવિ કહે છે :

બંધમોખ નહિ હમારે કબ કાલ હી
નહિ ઉપપાત વિનાશ
શુદ્ધ સ્વરૂપી હમ સબ કાલહી
જ્ઞાનસાર પદ વાસ.

શુદ્ધ સ્વરૂપી આત્માને બંધ નથી, મોક્ષ નથી, ઉત્પાદ નથી, વિનાથ નથી તે તો ત્રિકાળવર્તી શુદ્ધ સ્વરૂપી છે.

કવિ આનંદઘનજી હઠાગ્રહીઓ પર કટાક્ષ કરતા કહે છે. આત્માનુભવની કથાનો રસ હઠાગ્રહીઓ પચાવી શકતા નથી.

અનુભવ રસ કથા પ્યાલા પીયા ન જાય,
મતવાલા તો ઢહિ પરે નિમતા પરે પચાય.

આત્માના શુદ્ધ સ્વરૂપી જ્ઞાન વિશે શ્રીમદ્ કહે છે :

જે પદ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં
કહી શકયા નહિ તે પણે ભગવાન જો
એહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

આનંદઘનજી આત્માના ગુણો નીચેની પંક્તિઓમાં વર્ણવે છે.

અનંત અરૂપી અવિગત સાસતો
વાસતો વસ્તુવિચાર
સહજ વિલાસી હાંસી નવિ કરે
અવિનાશી અવિકાર.

કવિ કહે છે આત્મા અનંત છે, તેનો અંત નથી. તેને રૂપ નથી, તે વર્ણવી શકાતો નથી. તે શાશ્વત છે. તે જ્ઞાનથી યુક્ત છે. તે આનંદ આપનારો છે. તેનો કદી નાશ થતો નથી અને તેનામાં કોઈ દૂષણ નથી.

દુર્લભ એવો આ માનવભવ મળ્યો છે ત્યારે આ દેહમાં વસતા આત્માનું સ્વરૂપ જાણી લેવું જોઈએ કારણ કે આ માનવભવ વારંવાર મળવાનો નથી. કવિ કહે છે.

અવસર બેર બેર નહિ આવે.

અને એકવાર આત્મસ્વરૂપને જાણી લેવાય, પછી તો શુદ્ધ સ્વરૂપ આત્માને જન્મમરણ હોતા નથી તેથી આનંદઘનજી કહે છે :

અબ હમ અમર ભયે ન મરેંગે.

**કવિ ચિદાનંદજીના પદોમાં આત્મદર્શન**

પરમ અધ્યાત્મવાદી યોગી કવિ ચિદાનંદજી વીસમી સદીમાં વિદ્યમાન હતા. આત્મા અને આત્મવિષયક પરમ સૌન્દર્ય વિષયક ઊંડા તત્ત્વજ્ઞાનનું પ્રતિબિંબ તેમના પદોમાં પડયું છે.

આત્મા અથવા ચેતનના અસ્તિત્વ વિશે તેઓ કહે છે જે રીતે પત્થરમાં સોનું, દૂધમાં ઘી, તલમાં તેલ અને પુષ્પમાં સુગંધ રહે છે જે છે છતાં દેખાતાં નથી તેવી જ રીતે દેહમાં આત્મા રહે છે. કવિ નીચેની પંક્તિઓમાં આ વાતનું નિરૂપણ કરતાં કહે છે :

"સુઅપ્પા આપ વિચારો પરખત નેહ નિવાર
કનક ઉપલમેં નિત રહે દૂધમાં હૈ ફૂની ઘીવ
તિલ સંગ તેલ, સુવાસ કુસુમ સંગ,
દેહ સંગ તિમ જીવ."

આગળ વધીને કવિ કહે છે. જે રીતે રાજહંસ નીરક્ષીર વિવેક દ્વારા દુધ અને પાણીના મિશ્રણમાંથી અમૃત ને દૂધને જુદા પાડે છે. એ જ રીતે જ્ઞાન પામેલ આત્મા કર્મના મળને દૂર કરી શુદ્ધ સ્ફટિક રૂપ ધારણ કરે છે. તેની મોહજન્ય આસક્તિ છૂટી જાય છે.

ચોર્યાશી લાખ જીવયોનિમાં નાટકના પાત્રોની જેમ ભ્રમણ કરતો આત્મા મોહદશામાં જકડાયેલો રહે છે. પરંતુ જ્યારે તે બંધનને છોડે છે ત્યારે તે આત્મા પરમાત્મામાં લીન થાય છે. તેથી ચિદાનંદ આત્માને ચેતવણી આપતાં કહે છે :

અબહુ ખોલી નયન અબ જોયો
દિક્ મુદ્રિત કયા સોવો
મોહ નિંદ ખોવત તું આય
સરસવ માલ આપણાં
પાંચ ચોર અજહુ તોય લુંટત
તાસ મરમ નહિ જાણા
મલી ચાર ચાંડાલ ચોકડી
મંત્રી નામ ધરાયા.
પાઈ કેફી પયાલા તોહે સકલ મુલક ઠગ ખાયા.

હે આત્મા આંખો મીંચીને મોહજાળમાં શું પડયો છે. તું પાંચે પ્રમાદ ત્યજી દે. આ ભવમાં મળેલ તારી આત્માની બધી સામગ્રીના ઈન્દ્રીયરૂપી પાંચ ચોર અને ચાર કષાયરૂપી ચાંડાલ ચોકડી તને લૂંટી રહ્યા છે. તું મોહના પ્યાલાના કેફમાં પડયો રહ્યો છે અને બધાં તને ઠગી રહ્યા છે. પણ પરમાત્મામાં લીન થવા માટે વિષયવાસનાનો ત્યાગ કરવો જોઈએ. માટે ચિદાનંદજી કહે છે :

ઊઠોને મારા આતમ રામ જિન મુખ જોવા જઈએ

વિષયવાસના ત્યાગો ચેતન, સાચો મારગ લહીએ.

ચિદાનંદજી કહે છે. આત્મા પોતાના સ્વભાવથી શુદ્ધ સ્વરૂપી છે.

અંતર શુદ્ધ સ્વભાવ મેં વિભાવ નહિ લવલેશ,

ભ્રમ આરોપિત લક્ષથી હંસા સહત કલેશ

આત્માના શુદ્ધ સ્ફટિક મય સ્વભાવમાં રાગદ્વેષાદિ વિભાવની પરિણતી હોવી ન જોઈએ. તેના પરિણામે આત્મ જન્મમરણના અનંત દુઃખોને સહન કરે છે.

ચેતનની આત્માની કળા અકળ છે.

અકળકળા જગજીવન તોરી

અનંત ઉદધિથી અનંતગણી

જ્ઞાનમહા લઘુ મતિ મોરી.

વિશુદ્ધ આત્મા એ જ પરમાત્મા છે.

આત્માનો સહજ સ્વભાવ જ્ઞાન દર્શનમય છે. તે જ્યારે પૂર્ણરૂપમાં પ્રકાશમાન થાય છે ત્યારે તેનો પ્રભાવ અનંત અને અપાર હોય છે. અસંખ્ય યોજન પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્રથી અનંતગણુ ઊંડું, વિશાળ તેનું જ્ઞાન છે. એને પામવા માટે કવિની મતિ ઘણી અલ્પ છે.

મંદ વિષયી શશી દીપતો, રવિ તેજ ઘનેરો

આતમ સૂરજ સ્વભાવથી વિભાવ અંધેરા

આત્માનું રૂપ સૂર્યનો પ્રકાશ થતાં વિષયાદિરૂપી ચંદ્ર ઝાંખા પડી જાય છે અને આત્મા સહજ સ્વભાવી ગુણ પ્રકાશ છે ત્યારે વિભાવરૂપી અંધકાર દૂર થઈ જાય છે.

આ અરૂપી આત્મા પુદગલરૂપી સંગથી અનેક પ્રકારના રૂપ ધારણ કરે છે.

લાખ ખ્યાલ તેરે અચરિજ મન ભાવે

ધારે બહુ રૂપ છિન્ન માંહે હોય રાંક ભૂપ

આય તો અરૂપ જગમે મ્હાવે

પર પરિણતી સંગ કરત અનોખે રંગ

ચિદાનંદ પ્યારે, નટ બાજી સી દિખાવ

લાલ ખ્યાલ તેરે અચરિજ મનભવે.

શુદ્ધ સ્વરૂપી આત્મા કેવો છે :

જાકો રૂપ રેખનાંહી રંચ પરપંચ નાહી
ધારે નહી મમતા સગુણ ભવકૂપકી
જાકો રે અનંત જ્યોત કબહૂ ન મંદ હોત
ચાર જ્ઞાન જાકો સોત ઉપમા અનુપકી

આત્માના અલખરૂપને પામવા માટે પોતે પણ અલખ બનવું પડે.

અલખ લખ્યા કિમ જાવે
ઐસી જુગતી કોઈ બતાવે
અલખ રૂપ કોઈ અલખ સમાય
અલખ ભેદ ઈમ પાય.

એકવાર અનુભવ જ્ઞાન પ્રાપ્ત થાય, અલખમાં સમાવા અલખ બની જવાય ત્યારે અનુભવજ્ઞાનની જ્યોત પ્રગટ થાય છે. મિથ્યામોહ નાશ પામે છે અને સદ્ગતિની પ્રાપ્તિ થાય છે.

'અનુભવ જ્યોતિ જાગી હૈયે અનુભવ જ્યોતિ જાગી'

એ પળે -

આતમ પરમાતમ પદ પાવે
આતમ પરમાતસુ લય થાવે.

અહીં આનંદઘનજી અને ચિદાનંદજીના પદોમાં વ્યક્ત થતા આત્મદર્શનની રૂપરેખા આપવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે.

અરૂપી, અગમ, અગોચર, અનુપમેય, અવિનાશી એવા આત્માને માત્ર અનુભવજ્ઞાન દ્વારા જ પામી શકાય છે.

●

# 'હીરવિજયસૂરિ રાસ'માં માનવ-સંવેદના

- ડૉ. કાન્તિભાઈ બી. શાહ

મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય મુખ્યત્વે જૈન સાધુ કવિઓને હાથે સર્જાયું છે. પણ એ સાહિત્યના ખેડાણ અને વિકાસમાં ભલે જૂજ પ્રમાણમાં પણ કેટલાક શ્રાવક કવિઓનું પણ પ્રદાન રહ્યું છે. એમાંના એક નોંધપાત્ર શ્રાવક કવિ તે ખંભાતનિવાસી ઋષભદાસ.

ઋષભદાસના જન્મ અને અવસાનમાં નિશ્ચિત વર્ષો કયાંયે નોંધાયેલા મળતાં નથી. પણ એમની કૃતિઓના મળતાં રચના વર્ષોના આધારે એમનો કવનકાળ અને જીવનકાળ નક્કી કરી શકાય છે.

ઋષભદાસની એક કૃતિ 'ઋષભદેવદાસ'નું રચનાવર્ષ સં. ૧૬૬૨ છે. જે એમની ઉપલબ્ધ સર્વ રચનાઓમાં વહેલામાં વહેલું છે અને એમની 'રોહણિયા મુનિ રાસ'નું રચનાવર્ષ સં. ૧૬૮૮ છે જે મોડામાં મોડું છે. એ રીતે કવિ ઋષભદાસનો કવનકાળ સં. ૧૬૬૨થી ૧૬૮૮નો છે. આ બધાનો આધાર લઈને શ્રી મોહનદાસ દ. દેશાઈએ એમનો જન્મ સં. ૧૬૪૧ આસપાસ થયો હોવાનું કરેલું અનુમાન સુસંગત જણાય છે. એ રીતે આ કવિ વિક્રમની ૧૭મી સદીના ઉત્તરાર્ધના કવિ છે.

ઋષભદાસે લગભગ ૩૨ રાસાઓ અને તે ઉપરાંત સ્તવન-સ્તુતિ-નમસ્કાર-સુભાષિત - ગીત - હરિયાળી-છંદ વગેરે લઘુ કાવ્યકૃતિઓ રચી છે. પણ દુઃખની વાત એ છે કે અત્યારસુધીમાં ૩૨ પૈકીના માત્ર ચાર રાસાઓજ પ્રકાશિત થયા છે. બાકીના હજી હસ્તપ્રતનાં પોટલાંઓમાં બદ્ધ છે.

ઋષભદાસે રચેલો 'હીરવિજયસૂરિ રાસ' એ માત્ર એમની રાસકૃતિઓમાં જ નહીં, પણ સમગ્ર મધ્યકાલીન રાસાસાહિત્યમાં સૌથી વધુ મહત્ત્વ ધરાવતી રચના છે.

નીચેની ઉક્તિઓમાં આ રાસનું મહત્ત્વ પ્રતિબિંબિત થતું જોઈ શકાય છે :

'ગઢ આબુ નવિ ફરસિયો, ન સુણ્યો હીરનો રાસ,
રાણકપુર નર નવિ ગયો, ત્રણે ગર્ભાવાસ.'

આટલું બધું મહત્ત્વ આ રાસને કેમ મળ્યું છે ?

(૧) ભગવાન શ્રી મહાવીર પ્રભુની ૫૮મી પાટે થયેલા, તપાગચ્છના મહત્ત્વના ગચ્છપતિ આચાર્યશ્રી હીરવિજયસૂરિનું સમગ્ર જીવનચરિત્ર એમાં આલેખાયું છે. સં. ૧૫૮૩માં પાલણપુરમાં કુંરા શાહ અને નાથીબાઈને ઘેર જન્મ લઈ મહાન જૈનાચાર્ય

તરીકે સં. ૧૬૫૨માં ઉના ખાતે નિર્વાણ પામ્યા ત્યારે ત્યાં સુધીના એમના જીવનના મહત્ત્વના નાનામોટા પ્રસંગોને રજૂ કરતું ચરિત્ર અહીં નિરૂપાયું છે.

(૨) 'હીરસૂરિરાસ' એ મહત્ત્વની ઐતિહાસિક ઘટનાઓનો મહામૂલો દસ્તાવેજ છે.

તે સમયના મોગલસમ્રાટ અકબરશાહ બાદશાહના નિમંત્રણથી ગુજરાતના ગંધાર બંદરેથી વિહાર કરી છેક ફત્તેહપુર સિક્રી જઈ અકબરને ધર્મગોષ્ઠી દ્વારા તેમજ જૈન સાધુના આચારવિચાર દ્વારા પ્રતિબોધિત કર્યા, અમારિ-પ્રવર્તનનાં ફરમાનો તથા જજિયાવેરો, શત્રુંજય યાત્રાવેરો વ.ની નાબૂદીનાં વિવિધ ફરમાનો બાદશાહ પાસેથી મેળવ્યાં એ મહત્ત્વની ઘટનાઓ અહીં સમાવી લેવાઈ છે.

ઉપરાંત હીરસૂરિના વિહારનો ક્રમ, એમના શિષ્યો, પ્રશિષ્યો, એમના અનુયાયી શ્રાવકો, એમણે ઉપદેશેલા મુસ્લિમ સુલતાનો, એમના ચાતુર્માસો એમને હાથે થયેલી દીક્ષાઓ અને જિનબિંબોની પ્રતિષ્ઠાઓ, અનુષ્ઠાનો, વિવિધ નગરો અને ગામોના સંઘો દ્વારા થયેલાં સામૈયાં - આ બધા વિશેની ભરપૂર, દસ્તાવેજી મૂલ્ય ધરાવતી માહિતી અહીં સમાવિષ્ટ થઈ છે.

વળી આ માહિતી મહદંશે પ્રમાણભૂત અને આધારભૂત એટલા માટે કહી શકાય કે આ રાસની રચના હીરસૂરિના નિર્વાણ પછીના નજીકના સમયગાળામાં જ થઈ છે. હીરસૂરિ સં. ૧૬૫૨માં દિવંગત થયા ત્યારે કવિ ઋષભદાસ જન્મી ચૂકયા છે. (સં. ૧૩૪૧) એ રીતે આ કવિ હીરસૂરિના ઉત્તર સમકાલીન ગણાય. તે ઉપરાંત હીરસૂરિના પટ્ટધર શિષ્ય વિજયસેનસૂરિના ઋષભદાસ પોતે અત્યંત ધર્માનુરાગી શિષ્ય હતા. એટલે પણ એમણે હીરસૂરિના પ્રસંગોનું આલેખન પ્રમાણભૂત રીતે કર્યું હોય અને અત્યંત રસ લઈને સામગ્રી પ્રાપ્ત કરી હોય એમ બનવું ખૂબ જ સ્વાભાવિક છે.

આ રાસની રચના ઋષભદાસે સંવત ૧૬૮૫માં ખંભાતમાં કરી છે. આખોયે રાસ ૧૧૦ ઢાળોમાં અને ૩૧૩૪ કડીઓમાં વિભક્ત થયેલો સુદીર્ઘ રાસ છે.

આ કૃતિનાં ઉપર નિર્દેશેલાં બે મહત્ત્વનાં પાસાંઓ વિશે તો ખૂબ જ લખાયું છે. એટલે એ બે વિષયોને હું મારા આ નિબંધમાં સ્પર્શ્યો નથી.

પણ સમગ્ર રાસકૃતિમાં હીરવિજયસૂરિ, અકબર બાદશાહ, હીરસૂરિનો શિષ્યસમુદાય, શ્રાવક-શ્રાવિકાઓ વ.નાં ચરિત્રચિત્રણોમાં જે માનવ સંવેદના વ્યક્ત થતી અનુભવાઈ છે એવાં કેટલાંક ચિત્રણોની અહીં નોંધ લીધી છે.

વ્યક્તિ સમ્રાટ હોય કે સૂરીશ્વર, સાધુ હોય કે અદનો ગૃહસ્થી - પણ સૌને એક લાગણીપોચું હૃદય મળેલું છે. અને એને લઈને જિંદગીમાં ઊભી થતી કેટલીક નાજુક

પરિસ્થિતિમાં એ હૃદય સહજભાવે દ્રવી ઊઠતું હોય છે. એવી માનુષી સંવેદના આ રાસ-રચનાના જે નાનામોટા પ્રસંગોમાં પ્રગટ થતી જણાઈ છે. તેને અહીં પ્રસ્તુત કરાઈ છે :

હીરસૂરિનું સંસારી નામ હીરજી. નાની વયમાં માતા અને પિતા બન્ને ગુમાવવાને કારણે હીરજી વિયોગદુઃખ અનુભવતા હતા. તેથી બહેન આવીને ભાઈને પાટણ લઈ ગઈ. પાટણમાં આ. વિજયદાનસૂરીશ્વરના વ્યાખ્યાન-શ્રવણને લઈ પ્રતિબોધિત થયેલા હીરજીએ બહેન સમક્ષ સંયમ સ્વીકારની અભિલાષા વ્યક્ત કરી. આ સાંભળતાં જ બહેન મૂર્ચ્છાવશ થઈને પૃથ્વી ઉપર ઢળી પડી. તે કહે છે કે 'હજી હમણાં જ માતાપિતા સ્વર્ગે સંચર્યાં છે અને તું જો સંયમ લઈશ તો અમે માતાપિતા અને ભાઈ વિના શી રીતે રહી શકીશું ? તું અમને દુઃખ ઉપર બીજું દુઃખ આપ નહીં. પડતા ઉપર પાટુ મારવું, ઘા ઉપર મીઠું ભભરાવવું અને શિયાળામાં પાણી છાંટવું યોગ્ય નથી.' પછી મહાવીરપ્રભુનું ઉદાહરણ આપીને બહેન કહે છે કે "ખુદ ભગવાન, મહાવીરે પણ મોટાભાઈ નંદિવર્ધનનું વચન માન્ય કર્યું હતું. આમ કહીને બહેન ભાઈને પરણાવવાનો અભિલાષ વ્યક્ત કરે છે.

પણ હીરજી દીક્ષા માટે કૃતનિશ્ચય રહ્યા. એમનો દીક્ષાનો વરઘોડો નીકળ્યો. હીરજી આભૂષણોથી સજ્જ હતા. પછી ઘોડા પરથી નીચે ઊતરી કુંડળ, મુગટ, કંદોરો, બાજુબંધ વ. અલંકારો ઉતાર્યાં. એ જોઈને કુટુંબીઓ, ત્યાં ઊભેલો સમગ્ર માનવસમુદાય સૌ ગળગળાં થઈને રડી પડ્યાં અને મુનિભગવંતોની આંખો પણ ભીની થઈ ગઈ એમ કવિએ નોંધ્યું છે.

એક વખત પાટણ ખાતે કલાખાન નામના સૂબાએ હીરગુરુને મળવા બોલાવ્યા. સૂબાએ પ્રશ્ન કર્યો, 'સૂર્ય ઊંચો કે ચંદ્ર ?' હીરગુરુ કહે ચંદ્ર વધારે ઊંચો. તેની નજીકમાં પછી સૂર્ય છે.' કલાખાન કહે 'અમારે ત્યાં તો સૂર્યને ઊંચો બતાવેલો છે.' હીરગુરુ કહે, 'કોઈ જોવા તો ગયું નથી. ગુરુમુખે કે શાસ્ત્રથી જે જાણ્યું હોય તે પ્રમાણે સૌ કહે. તમે ભલે તેમ માનો.'

હીરસૂરિના આ સમભાવયુક્ત જવાબથી સૂબો પ્રભાવિત થઈને કંઈક માગવાનું જણાવતાં હીરસૂરિ કહે 'દેહાંતદંડની સજાવાળા કેદીઓને મુક્ત કરો.' સૂબાએ એનો અમલ કર્યો. અહીં હીરસૂરિનો માનવતાવાદી અભિગમ અને જીવદયાપ્રેમ જોઈ શકાય છે.

ચંપા શ્રાવિકાના છ માસના ઉપવાસની વાત જાણી અકબર બાદશાહ આશ્ચર્ય અનુભવે છે. બાદશાહ ચંપા શ્રાવિકાને આદરપૂર્વક તેડાવે છે અને પ્રથમ તો એને 'માતા' કહીને સંબોધે છે. પછી એના ઉપવાસ અંગે પૂછતાછ કરે છે. ચંપા કહે છે કે 'દેવ (આદીશ્વર ભગવાન) અને ગુરુ (હીરસૂરિ)ની કૃપાથી અને મહિમાથી હું આ

ઉપવાસ કરી શકું છું.' બાદશાહ ચંપા શ્રાવિકાને સોનાનો ચૂડો ભેટ આપે છે અને આવા પ્રભાવશાળી ગુરુને જોવા-સાંભળવાની તત્પરતાને લઈને હીરસૂરિને અહીં ફત્તેહપુર સિક્રી પધારવા સોનેરી અક્ષરમાં નિમંત્રણ પાઠવે છે.

આ આખાય પ્રસંગમાં અકબરનો ચંપા શ્રાવિકા પ્રત્યેનો આદરભાવ અને આવા પ્રભાવશાળી ગુરુને મળવાની તાલાવેલી એનામાં રહેલી માનવ-સંવેદનાને છતી કરે છે.

ખેપિયો હીરસૂરિને આમંત્રણ આપતો પત્ર લઈને અમદાવાદમાં સાહિબખાનને મળ્યો. સાહિબખાને અમદાવાદના શ્રાવકોને હીરસૂરિ વિશે પૃચ્છા કરી. વિવિધ સંઘોના શ્રાવકો ગંધાર આવ્યા અને આ આવેલા તેડા વિશે વિચાર-વિમર્શ કરવા લાગ્યા. કોઈએ ન મોકલવાનો મત પ્રગટ કર્યો, કોઈને આમાં કપટ દેખાયું, કોઈને દંડ મળવાની ગંધ આવી. પરંતુ ઉપાધ્યાય વિલમહર્ષે દૃઢતાપૂર્વક જણાવ્યું કે હીરગુરુએ અકબરને મળવું તો ખરું જ. વડા શ્રાવકનો મત પણ એવો જ હતો. જેમ કેશી આચાર્યે પ્રદેશી રાજાને અને હેમચંદ્રાચાર્યે રાજા કુમારપાળને પ્રતિબોધ્યા તેમ હીરગુરુએ અકબરને બૂઝવો જોઈએ. હીરસૂરિએ આ સલાહનો મક્કમતાભર્યો સ્વીકાર કર્યો.

'નવિ ઉસરીએ પાછા આજ, જઈ જિન સાધુ (શાસન) વધારું લાજ.' - હવે પાછા પડવું નથી. જઈને જિનશાસનની જિનસાધુની પ્રતિષ્ઠા વધારું.

આમ દર્શાવાયેલી અનેક શંકા-કુશંકાઓને, અંગત માનમોભાના ખ્યાલોને વેગળા કરી દઈ કેવળ જિનશાસનની શોભા અર્થે હીરસૂરિ છેક ગંધારથી સિક્રી સુધીના વિહાર-પરિશ્રમ માટે તૈયાર થયા.

સંવત ૧૬૩૯માં હીરસૂરિ સિક્રી પહોંચ્યા. સમ્રાટ અને સૂરીશ્વરનું આ પ્રથમ મિલન અત્યંત સૌજન્યપૂર્ણ છે. અકબર કહે છે : 'આપે જાતે પધારી અમારી ઉપર મેઘની જેમ ઉપકાર કર્યો છે. અમે દુઆ લેનારા સેવક છીએ અને તમે પીર છો.'

હીરસૂરિ પ્રત્યુત્તરમાં કહે છે : 'અમને કોઈ વાતનું દુઃખ નથી. બધું સુખે ચાલે છે.'

વળી અકબર હીરસૂરિને પગપાળા આવવું પડયું એનો વસવસો વ્યક્ત કરે છે. પોતે ગુનેગાર હોય એ ભાષામાં અકબર કહે છે : 'આ મેં સારું ન કર્યું. તમને દુઃખ આપ્યું અને તમારાં ધ્યાન-બંદગી છોડાવ્યાં.'

ગાલીચા નીચેની કીડીઓ જોતાં અકબર આ સાધુમાર્ગની પ્રશંસા કરે છે. સ્વયં હીરસૂરિનો હાથ પકડી નજીક આણે છે.

'ઝાલી હીરનો હાથ ઓહોરા આણેજી.'

હીરસૂરિ અકબર પાસે અમારિ-પ્રવર્તનના આઠ દિવસ માગે છે. ત્યારે અકબર કહે છે 'એ આઠ દિવસ તો આપ્યા. મારા વતી બીજા વળી ચાર દિવસ.' અહીં અકબરની જીવદયા પ્રતિની સંક્રાંતિ તો ખરી જ, સાથેસાથે દરિયાદિલી પણ જોવા મળે છે.

એક પ્રસંગ ભાનુચંદ્ર ઉપાધ્યાયનો છે. શેખ અબુલ ફઝલને ત્યાં મૂલ નક્ષત્રમાં પુત્રીનો જન્મ થાય છે. પંડિતોએ કહ્યું કે 'એને પાણીમાં વહેતી મૂકી દો. ઘરમાં રાખશો તો ઉત્પાત થશે.' પછી ભાનુચંદ્રને બોલાવીને પૂછતાં એમણે કહ્યું કે 'બાળકીની હત્યા કરાય નહીં, વિઘ્ન નિવારણ અર્થે અષ્ટોત્તરી સ્નાત્રપૂજા ભણાવો.' બાદશાહને ભાનુચંદ્રની સલાહ સત્ય જણાઈ. એ પોતે સંમત થયા કે સ્ત્રીહત્યા અને બાળહત્યા એ તો બ્રહ્મહત્યા અને ગૌહત્યાથી યે મોટું પાપ છે. શાસ્ત્ર આવી બાળહત્યા કરવાનું કદી કહે જ નહીં.

એ પુત્રીએ મોટી થઈને ભાનુચંદ્રનો ઉપકાર માન્યો કે 'તમે મને જીવતી ઉગારી.'

હીરગુરુનો સિક્રીથી ગુજરાત તરફનો વળતો વિહાર શરૂ થયો. વિહાર કરતાં કરતાં તેઓ શિરોહી પહોંચ્યા. ત્યાં વરસંગ નામના એક ધનાઢ્ય વેપારીના જીવનમાં બનેલી ઘટના અત્યંત માર્મિક અને હૃદયસ્પર્શી છે. વરસંગના વેવિશાળનો પ્રસંગ છે. મંડપ-તોરણ બંધાયાં છે ને ગીતો ગવાય છે. વરસંગ ઉપાશ્રયમાં જઈ માથે ઓઢીને નવકારનો જાપ કરે છે. ત્યાં એક કુમારિકા આવી વરસંગને સાધુ સમજી વાંદે છે. હકીકતમાં એ કુમારિકા વરસંગની થનાર પત્ની જ હતી. બાજુમાં બેઠેલા શ્રાવકે મજાકમશ્કરીમાં ટોણો મારતાં કહ્યું કે 'તમારી પત્ની જ તમને વાંદે છે. હવે સંસારમાં શીદને પડો છો ?' વરસંગ કહે 'એ મને વાંદે એમ જ કરીશ.' ઘેર આવી એણે નહીં પરણવાનો નિર્ણય જાહેર કર્યો. માતાપિતાને પણ નવાઈ લાગી. ક્ષણમાં આવો વૈરાગ્ય ? પુત્રને કહે કે અવસર આવ્યે સંસાર ત્યજજો. પુત્ર કહે 'એ અવસર આવ્યો જ છે.'

એક શ્રાવકે આપેલા ઉપાલંભમાંથી અને મારેલા મ્હેણામાંથી લેવાયેલો આ નિર્ણય હૃદયના તાર ઝણઝણાવે એવો છે.

હીરસૂરિ શત્રુંજયની યાત્રા કરીને નીચે પાલીતાણામાં આવે છે ત્યારે મોટો ઉત્સવ કરવામાં આવે છે. એક વાર હીરસૂરિએ કેટલાક દર્શનાર્થીઓને પાલો રાંધીને જમતા જોયા. હીરસૂરિને આ ન ગમતાં તરત એમણે એમના શિષ્યોને વાત કરી અને એ સૌ માટે રોટલી, ઘી, બે શાક, સુખડી અને ચાર કડછી અન્નનો પ્રબંધ કરાવી સૌને ખુશ કર્યા.

માનવસંવેદનાને વ્યક્ત કરતી કેટલાક પ્રસંગોનું આલેખન હીરસૂરિના જીવનના અંતિમ તબક્કામાં અને સ્વર્ગારોહણ પછીના ગાળાનું અહીં નિરૂપણ થયું છે.

શત્રુંજયની યાત્રા પછી જુદાં જુદાં ગામોના સંઘો હીરસૂરિને ચાતુર્માસ માટે વિનંતી કરે છે. તેઓ દીવનાં એક લાડકીબાઈના ચાતુર્માસ માટેની વિનંતી કરતા ઉદ્ગારો આપણા હૃદયને હલબલાવી નાખે એવા છે તે કહે છે :

'............................ હીરવિજય જેહવો દિનપતિ
સઘલે જ્યોતિ કરતો તે સદા, ભુંયરામાંહી ન ઊગ્યો કદા,
ભુંયરાના વાસી છું અમો, તિહાં અજવાળું કીજે તમો.'

- હીરવિજયરૂપી સૂર્ય સઘળે પ્રકાશ પાથરે છે પણ ભોંયરામાં કદી નહીં. અમે દીવવાસીઓ તો ભોંયરાવાસી જેવા છીએ. ત્યાં આપ અજવાળું કરો.

પછી હીરસૂરિનો ચાતુર્માસ ઉનામાં થયો. ચાતુર્માસ પૂરો થતાં સૂરિજી વિહાર માટે તૈયાર થયા. પણ ત્યારે સૂરિજીનું સ્વાસ્થ્ય સારું ન હોતાં ત્યાંના સંઘે બીજું ચોમાસું પણ અહીં જ સ્થિરતા કરવા કહ્યું. એટલે હીરસૂરિ ઉનામાં જ રોકાઈ ગયા. તેમના પગે સોજા આવ્યા. પણ તેઓ ઔષધ કરાવતા નથી. દીવ-ઉનાના સંઘે દવા માટે ખુબ વિનંતી કરી ત્યારે એમણે એટલું જ કહ્યું કે 'ભોગવ્યા વિના કર્મો છૂટતાં નથી.' શ્રાવકોએ ખુદ મહાવીર પ્રભુનો દાખલો આપતાં કહ્યું કે મહાવીરે એમના અતિસારના વ્યાધિમાં કોહલાપાક લીધો હતો. પણ હીરગુરુ ટસના મસ થતા નથી. જ્યારે હીરગુરુ ઔષધ માટે તૈયાર ન થયા ત્યારે બધા શ્રાવકો નિશ્ચય કરી તે જ સ્થળે ઉપવાસ પર ઊતરી ગયા. કદાચ એથી પણ હીરસૂરિ ન માન્યા હોત પણ એક શસ્ત્રે હીરગુરુના કોમળ હૈયાને પીગાળી દીધું એ શસ્ત્ર કયું ? બધી માતાઓએ પોતાનાં ધાવણાં બાળકોને સ્તનપાન કરાવવાનું બંધ કરી દીધું ? હીરગુરુ માટે આ વાત અસહ્ય બની ગઈ અને છેવટે સંઘની વિનંતીનો એમણે આદર કર્યો.

હીરગુરુના પટ્ટશિષ્ય વિજયસેનસૂરિ સદાયે ગુરુની વૈયાવચ્ચમાં રહેલા. પણ અત્યારે તેઓ લાહોર હતા. જીવનના અંતિમ તબક્કામાં હીરગુરુને પોતાના શિષ્યની ઝંખના પ્રબળ બની ગઈ. એમણે સત્વરે વિજયસેનસૂરિને અહીં આવી જવા તાકીદનો સંદેશો મોકલાવ્યો. સંદેશો લઈ ગયેલા મુનિએ જેસંગને (વિજયસેનને) કહ્યું કે જેમ સીતા રામને સંભારતાં હતાં તેમ ગુરુજી ક્ષણેક્ષણે તમારું નામ જપે છે. એમનું મન તમારામાં લાગ્યું છે.

અકબર બાદશાહ પણ આ સાંભળી દુઃખી થયા. વિજયસેનને વેગે નીકળવા અને પોતાની દુઆઓ હીરસૂરિને પહોંચાડવા કહ્યું.

જ્યારે હીરસૂરિએ પોતાનો અંતકાળ નજીક નિહાળી સકલ જીવોને ખમાવવાનો આરંભ કર્યો ત્યારે બધા સાધુઓની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. સોમવિજયજી કહે : 'આપ તો ગચ્છપતિ છો ને આજ લગી કોઈને દુભવ્યા નથી. આપે શાનું ખમાવવાનું હોય ? આપે તો અમને સંતાનની જેમ પાળ્યા છે.'

'હીરસૂરિરાસ'માં આ પ્રસંગ અત્યંત હૃદયદ્રાવક બન્યો છે.

હીરસૂરિએ અનશનની આરાધના શરૂ કરી. ત્યારે સૌ શ્રાવકો વિલાપ કરતાં કહે છે 'અરે ગુરુજી, તમે આ શું કર્યું ? બધાની સારસંભાળ છોડી દીધી !'

અંતે સં. ૧૬૫૨ના ભાદરવા સુદ ૧૧ને દિને હીરસૂરિ દિવંગત થયા. સમાચાર પ્રસરતાં જ આંસુ વહાવતા સંઘો આવી પહોંચ્યા. વાજતેગાજતે ગામબહાર સૌ આમ્રવનમાં આવ્યા. ચંદનચિતા તૈયાર થઈ. હવેનું ચિત્ર જુઓ : હીરગુરુને ચિતામાં તો પધરાવ્યા પણ કોઈ તેમને અગ્નિદાહ દેતું નથી. ફરી ફરી એમનું મુખદર્શન કરી સૌ કહે છે, 'હે ગુરુજી, આપ દેશના આપો. શિષ્યોના મસ્તકે આપનો હાથ મૂકો. તમે કાંઈક તો બોલો. આમ છેહ દેવો તે બરાબર નથી.' અને મહાવીર જતાં જેમ ગૌતમમુખે માત્ર વી વી ઉચ્ચાર રહી ગયો તેમ હીરગુરુ જતાં સૌના મુખે માત્ર 'હી' 'હી' ઉચ્ચાર રહી ગયો.

"વીર જતાં વી વી રહી, ગૌતમને મુખ જોય રે,
હીર જતાં હી હી રહી, જંપે વાચક તિહાં સહુ કોય રે."

હીરસૂરિના દિવંગત થયા પછીનાં બે ચિત્રો આ રાસમાં એમના શિષ્યોના વિલાપનાં મળે છે. જેમાં એક છે કલ્યાણવિજયજી ઉપાધ્યાયનું તેઓ વિલાપ કરતાં કહે છે "તમે આમ છેહ ન આપો. અમને નિર્ગુણ જાણીને તમે અળગા કર્યા. અહીં તો તમને ઈન્દ્રનાં સુખ હતાં. તો પછી સ્વર્ગમાં વાસ શાને કર્યો ? વળી ત્યાં મુનિઓનો સથવારો કયાં મળશે ? શ્રાવકો વિના પચ્ચક્ખાણ કોને કરાવશો ?"

જેસંગ-વિજયસેનસૂરિને હીરસૂરિના સ્વર્ગવાસના સમાચાર પાટણ ખાતે મળ્યા. સમાચાર સાંભળતાં જ તેઓ મૂર્ચ્છાવશ બની ગયા. ભાનમાં આવતાં શોકમગ્ન થઈ કહેવા લાગ્યા : "તમે મારી સાત દિવસ પણ પ્રતીક્ષા કરી નહીં. આવી ઉતાવળ કેમ કરી ? હવે હું કોને વંદન કરું ? ને કોને ગુરુ કહીને સંબોધું ? મેં હંમેશાં તમારી સેવા કરી, પણ અંત સમયે પાસે રહી શકયો નહીં." આ માટે કવિએ કરેલ અલંકાર પ્રયોગ જુઓ : "સુંદર ભોજન વણસાડી દીધું ને પાતળી છાશ જ પીરસી." અર્થાત્ ખરી સેવાની તક છીનવાઈ ગઈ.

'ભોજન સાર વણસાડીઉ, પ્રીસ પાતલી છાસિ રે.'

પછી દૈવને ઠપકો આપતાં કહે છે :

'જેણે તરૂઅરે આવી કરી, પૂરણ પંખી આવાસ રે,
તે તરૂ દૈવે ઉન્મૂલીઓ, દયા ન દેખું તાસ રે."

જે વૃક્ષ ઉપર પંખીઓ આવીને વસતાં હતાં તે વૃક્ષને દૈવે ઉચ્છેદી નાખ્યું.

એમની માનવીય સંવેદનાની પરાકાષ્ઠા તો અહીં છે. તેઓ એવા આઘાતમાં સરી ગયા કે છે કે તે આહાર પણ કરતા નથી કે વ્યાખ્યાન પણ આપતા નથી. ત્યારે ચોથે દિવસે સંઘે ભેગા થઈને એમને વીનવણી કરવી પડે છે કે મરણ સૌને માટે અનિવાર્ય છે. અનંતા જીવો વિદાય થયા છે. કોઈ અહીં રહ્યું નથી. રાવણ પણ ગયો ને પાંડવો પણ ગયા.

જુઓ કે આ કેવી વિધિવક્રતા છે કે શ્રાવકોએ હીરસૂરિના પટ્ટધરશિષ્ય એવા આચાર્યને આ બધું સમજાવવું પડે છે ! પણ વિજયસેનસૂરિ સુજાણ નથી એવું ઓછું છે ! પણ માનવસહજ સંવેદનાનું, ગુરુ પ્રત્યેની પરમ ભક્તિ અને આદરને લઈને એમની શોકસંતપ્તતાનું ચિત્રણ અહીં ઘેરું બન્યું છે.

ખારી ખીચડી વાપરવાના અને શ્રાવકે કરેલી વૈયાવચ્ચ વખતે આંગળીનો વેઢ ગુમડા પર લાગી જતાં વસ્ત્રો બધાં લોહીલુહાણ થઈ ગયેલાં એ પ્રસંગોમાં પણ હીરસૂરિનો પરિષહ જોવા મળે છે. અન્ય સાધુઓ જ્યારે શ્રાવક ઉપર ખિજાયા ત્યારે હીરગુરુ વાતને વાળી લેતાં કહે છે 'શ્રાવક, તો બહુ સીધો હતો. મારાં જ વેદનીય કર્મનો ઉદય.'

અકબર-પ્રતિબોધ અને અમારિ-પ્રવર્તન જેવી આટલી મોટી ઐતિહાસિક ઘટનાઓ ઘટ્યા પછી પણ હીરસૂરિનો એ વિશે પ્રતિભાવ કેવો છે તે જુઓ : "અકબર બાદશાહનું દિલ ચોખ્ખું હતું તેથી તે પ્રતિબોધ પામ્યો. મેં એમાં કાંઈ પરાક્રમ કર્યું નથી. તેમની પાસે આઠ દિવસની અમારી-પ્રવર્તનની માગણી મેં કરી. માગનારની તો શી કીર્તિ ? પણ જે હસીને ઉદારતાથી આપે છે તે આપનારો જ ધન્ય છે." હીરગુરુ કેટલી હદે માનને ગાળી શકયા છે તેનું આ મહત્ત્વનું ઉદાહરણ છે.

•

# "જૈન આગમો, પ્રબંધો અને સાહિત્યમાં કચ્છની સાંસ્કૃતિક સમૃદ્ધિ"

**ડૉ. દિનેશ એમ. જોશી**

વિવિધતામાં એકતા એ કચ્છની લોકસંસ્કૃતિની આગવી પહેચાન છે. તેથી કચ્છામાં અનેક ધર્મો અને સંપ્રદાયોનું આગમન થયું હોવા છતાં જે-તે ધર્મની આગવી પહેચાન જાળવી રાખવાની સાથે કચ્છી પ્રજાએ કચ્છ પ્રદેશની વિશિષ્ટ લોકસંસ્કૃતિ પણ જાળવી રાખી છે. અને તેથીસ્તો કચ્છમાં પ્રવેશ કરતાં આદિસરનાં દેરાસરનાં દર્શન કરવાની સાથે કટારીયા, અંજાર, ભદ્રેશ્વર મુંદ્રાથી માંડીને અબડાસાની જૈન પંચતીર્થી ઉપરાંત પરંપરા સાથે આધુનિક ઢબે નિર્માણ પામેલ ૭૨ જિનાલય સુધીનાં દહેરાંઓમાં જૈન ધર્મની સાથે કચ્છની સુવાસ મહેકે છે.

કચ્છ અને કચ્છમાં વસેલ વણિકો પરસ્પરથી અભિન્ન છે. દેશ-દેશાવરમાં વેપારાર્થે પથરાયેલ સાહસિક વણિકોના હૃદય ધર્મની સાથે વતન પ્રત્યે એટલાં જ કૂણાં છે. તો જૈન ધર્મ સ્વરૂપે ભગવાન મહાવીરે કચ્છ પર કયારે અને કેવી રીતે આશીર્વાદ વરસાવવાનું શરૂ કર્યું એ કહેવું અતિ મુશ્કેલ હોવા છતાં એટલું તો અવશ્ય કહી શકાય કે ભગવાન મહાવીરના નિર્વાણની પહેલી પચીસીમાં જ કચ્છામાં જૈન ધર્મનો સંદેશો ફેલાઈ ચૂકયો હતો.

કચ્છમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવજીએ અહિંસાનો સંદેશો લઈને પરિભ્રમણ કર્યું હતું. ભદ્રેશ્વરનું મોટું દેરું તે સમયે એટલે લગભગ અઢી હજાર વર્ષ પહેલાં બંધાયાના સગડ મળે છે. કચ્છ વિશે આશરે અઢી હજાર વર્ષ ઉપરની એક વાતમાં મહાવીરના શિષ્ય ગૌતમ સ્વામીને એક પ્રશ્ન પૂછાયેલો છે તેનો ઉલ્લેખ છે. ભગવતીસૂત્રના પાંચમા અંગના પહેલા શતકના આઠમા ઉદેશામાં આ પ્રમાણે છે : પુરીસેન ભત્તે કચ્છસિ વા દહંસિ વા (હરણને મારવા કોઈ જણ 'કચ્છ'માં જાય, એટલે 'કચ્છસિ-કચ્છે-નદી જલ-પરિવેષ્ટિ તે વૃક્ષાદિમતિ પ્રદેશે' નદી-જલથી વીંટળાયેલો ઝાડીવાળો પ્રદેશ એટલે કચ્છ).

કચ્છમાં જૈન સંસ્કૃતિ તથા સાહિત્યના અતિ સુદીર્ઘ ઈતિહાસની વાત આ નાનકડી કલમના સહારે કદી પૂર્ણ ન થઈ શકે છતાં ઝડપી વિહંગાવલોકનની દૃષ્ટિએ ન્યાય આપવા પ્રયત્ન કરીએ તો કચ્છમાં જૈન ધર્મના પ્રસાર સાથે તેનું સાહિત્ય રચાવા માંડ્યું જે આગળ જતાં ઈતિહાસ માટે એક દસ્તાવેજ પૂરવાર થયું. આજે પણ કચ્છના અનેક ગામડાઓના દહેરાસરોમાં જૈન સાહિત્યની અનેક હસ્તપ્રતો સચવાયેલી છે

આ સંશોધકે જોઈ છે. તો કચ્છમાં વિવિધ સમયે સત્તા પલટા દરમ્યાન ગુજરાતના શાસકો દ્વારા જૈન ધર્મનો પ્રસાર પણ થતો રહ્યો. જેમાં કચ્છમાં ચાવડા, સોલંકી અને વાઘેલા શાસકોના આદાન-પ્રદાન સમયે જૈન ધર્મ લોકાભિમુખ રહ્યો હોવાની સાથે ઐતિહાસિક માહિતી પણ મળી શકે છે.

વિદ્વાન મુનિવરોને તેમના કચ્છમાં ભ્રમણકાળ દરમ્યાન તથા ઈતિહાસકારો અને સંશોધનકારોને મળી આવેલ શિલાલેખો, તામ્રપત્રો, ખતપત્રો, પ્રાચીન હસ્તપ્રતો, દંતકથાઓ તથા દુહાઓના આધારે કચ્છમાં જૈન સાંસ્કૃતિક પ્રભાવના વિશે ઘણી માહિતી મળી શકે છે.

આપણે ઉક્ત કથિત પૂરાવાઓના આધારે આજનો વિષય સ્પષ્ટ કરીશું.

**● જુદા જુદા ગ્રંથોમાં જોવા મળતો કચ્છનો ઈતિહાસ :**

આવો, સૌપ્રથમ જૈન આગમોમાં કચ્છ વિશેની માહિતી જોઈએ.

જૈન આગમોમાં કચ્છની ગણના 'આભીર' પ્રદેશ તરીકેની કરવામાં આવે છે; જેમાં જણાવવામાં આવ્યું છે કે ભરત ચક્રવર્તીએ કચ્છ દેશ પર વિજય કર્યો હતો. એવું એના દિગ્વિજય વર્ણનમાં જોવા મળે છે. 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ' ગ્રંથમાં ઉપરોક્ત વર્ણન ઉપરાંત 'આવશ્યક સૂત્ર' પરની ચૂર્ણિમાં લખ્યું છે કે કચ્છમાં આભીરો જૈન ધર્મ પાળતા. 'બૃહત્કલ્પ'ની પૂર્ણિમાં એવી નોંધ છે કે કચ્છમાં સાધુઓ રહે છે તે આવાસો ગૃહસ્થોના આવાસ જેવા હોય છે.

શ્રી હેમચંદ્રાચાર્ય 'સિદ્ધહૈમપ્રશસ્તિ' (શ્લોક-૨)માં ' श्री मूलराज पुरुषोत्तमाऽवधीय दुर्मदामीरान्' વિ. શ્લોકો અને અન્ય પ્રબંધોમાં કચ્છના 'અભીર' તરીકેના ઉલ્લેખની સાથે જૈન મત પ્રાબલ્યના પ્રદેશ તરીકે ઓળખાવી કચ્છમાં જૈન ધર્મના પ્રસારની વાત જણાવવામાં આવી છે.

તો ઈતિહાસની દૃષ્ટિએ ભદ્રેશ્વરનો ઉલ્લેખ કર્યા સિવાય વાત અધૂરી ગણાય. 'જગડુ ચરિત્ર'ના દ્વિતીય સર્ગમાં ભદ્રેશ્વરનો આ મુજબ ઉલ્લેખ જોવા મળે છે :

महापुरन्ध्री करदर्पणाभम् महेभ्यलोकै परिभासमानम् ।
अस्तीह भद्रेश्वर नामधेयम् पुरं वरं कच्छ कृतकशोभम् ।।

(અર્થાત્ : મોટા ઘરની ગૃહિણીના હાથમાં શોભતા આયના સમું, મોટા ધનવાન લોકો વડે શોભતું, કચ્છ પ્રદેશની શોભા સમાન ભદ્રેશ્વર નામે એક ઉત્તમ શહેર છે.)

'જગડુચરિત્ર'માં દાનેશ્વરી જગડુશાહના ચરિત્રના સુદીર્ઘ વર્ણન સાથે ભદ્રેશ્વર વિશે પ્રમાણભૂત માહિતી મળે છે.

ઈતિહાસ કહે છે કે અહીં ચાવડાઓની રાજધાની હતી. વાઘમ ચાવડાનો પુત્ર ભુવડ જ્યાં આગળ લડાઈમાં વીરગતિ પામ્યો હતો. ત્યાં તેના નામ પરથી ભુવડ ગામ વસાવેલું છે. તે ગામની નજીકમાં માથા વગરની ધડની પ્રતિમાવાળું એક મંદિર આજે પણ ભગ્નાવેશ રૂપે ગાથા કથે છે. 'પ્રબંધ ચિંતામણી'માં ભુવડે ભુવડેશ્વરનું મંદિર બંધાવ્યું હોવાનું જાણવા મળે છે.

આ સિવાય કુમારપાલ પ્રબંધ, દ્વયાશ્રય, સુકૃત સંકીર્તન, વસ્તુપાલ-તેજપાલ પ્રબંધ, રાસમાળા તથા સુકૃત કીર્તિકલ્લોલિનીમાં કચ્છમાં રાજકીય ઉથલપાથલના ઈતિહાસ સાથે જૈન ધર્મના પ્રસાર વિશે ખાસ્સી માહિતી મળે છે.

કીર્તિકૌમુદીમાં 'સંપશયે સ્વમંત્રિણા કચ્છભૂપાલ લક્ષીચકાર યઃ કહીને કચ્છના લાખા ફૂલાણી તથા મૂળરાજ સોલંકી વચ્ચેના યુદ્ધની રસભરી વાતો આલેખાયેલી છે.

તો મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે અણહીલપુર પાટણના રાજવી ભીમદેવે કચ્છના કંથાદુર્ગ-કંથરોટમાં આશ્રય લીધાની અને ત્યારબાદ ભદ્રેશ્વરમાં બાંધલા દુર્ગની વાત 'હમ્મીર કાવ્ય', 'પૃથ્વીરાજચરિત' તથા 'પૃથ્વીરાજવિજય' જેવા ગ્રંથોમાં જોવા મળે છે.

આ ઉપરાંત Bombay State Gazetteer, શ્રી રતિલાલ દીપચંદ લિખિત 'ભદ્રેશ્વર-વસહી મહાતીર્થ,' ભોગીલાલ સાંડેસરાના 'જૈન આગમોમાં ગુજરાત' જેવા પુસ્તકોમાં કચ્છમાં જૈન સંસ્કૃતિ વિષયક તલસ્પર્શી માહિતી ઉપરાંત કચ્છમાં જૈન ધર્મના કેન્દ્રરૂપ ભદ્રેશ્વર વિશે પણ વિગતપ્રચૂર માહિતી મળે છે.

આ તમામ ગ્રંથોનો નિચોડ સંક્ષિપ્ત રીતે નિહાળીએ તો 'વીરધવળ' પ્રબંધમાં જે 'વેલાકૂલ' પતન (બંદર)નું નામ આવે છે તે જ આ ભદ્રાવતીનગરી કે ભદ્રેશ્વર એવું ઈતિહાસકારો માને છે. સમય જતાં સાગરકિનારો ત્રણેક માઈલ દૂર જતો રહ્યો એ સંદર્ભમાં અચલગચ્છના આચાર્ય શ્રી અમરસાગરસૂરિએ વિ.સં. ૧૬૯૧માં રચેલ 'શ્રી વર્ધમાન પદ્મસિંહ શ્રેષ્ઠચરિત્ર'માં નોંધ્યું છે કે "ભદ્રાવત્યામથાન્યેષુ મહામારો પ્રવર્તિતા... તસ્યા જગ્રસે કાલરાક્ષસા' (વર્ધમાનશાહના સ્વર્ગવાસ પછી ભદ્રાવતી નગરીમાં મહામારી-રોગચાળો ફાટી નીકળી. તેમાં ઘણા લોકો મરણ પામ્યા. તે પછી નગરી ક્રમશઃ વેરાન બની ગઈ અને જાહોજલાલીને કાળરૂપી રાક્ષસ ભરખી ગયો.)

'કુમારપાળ પ્રબંધ'માં કચ્છના રણને કાંઠે ચોબારીના ગઢના નષ્ટ થયેલાં ખંડેરો અને ઝીંઝુવાડાના દુર્ગદ્વારનું અદ્ભુત વર્ણન જોવા મળે છે. જે સિદ્ધરાજના સમયના અવશેષો હોવાનું પ્રબંધકાર કથે છે. તો કુમારપાળના સમયમાં કચ્છના દરિયાઈ

વેપારથી જૈન વેપારીઓ અઢળક સમૃદ્ધિ મેળવતા હોવાનું 'મોહપરાજય' નામક નાટકમાં ઉલ્લેખ છે. કુમારપાળે પોતાના તાબાનાં અઢાર મંડલોમાં ચૌદ વર્ષ સુધી હિંસા બંધ કરાવી તથા વિહારો કરાવ્યા હોવાનું વિવિધ પ્રબંધોમાં ઉલ્લેખો છે. 'કુમારપાળ પ્રબંધ'માં કુમારપાળના રાજ્યની હદમાં સમગ્ર કચ્છ આવી જતું હોવાનું નિર્દેશાયેલું છે.

આ સિવાય વિદ્વાન જૈનમુનિ શ્રી જિનવિજયજી સંશોધિતા 'ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની સાધનસામગ્રી પુસ્તકથી માંડીને મુનિશ્રી વિદ્યાવિજયજી લિખિત 'મારી કચ્છયાત્રા' જેવા પુસ્તકો ઉપરાંત સાંપ્રત મુનિશ્રી ભુવનચંદ્રજીના 'કચ્છ કલામ'માં પ્રકાશિત થયેલા લેખોમાં કચ્છમાં જૈન સંસ્કૃતિ વિષયક સારી એવી માહિતી મળી રહે છે.

**● શિલાલેખો અને તામ્રપત્રોમાં ઉલ્લેખો :**

કચ્છમાં સંશોધનની દૃષ્ટિએ એવા ઘણા સ્થળો છે. જ્યાં જૈન સંસ્કૃતિના પુનિત પદચિહ્નો મળી આવ્યા છે. જેમાં ભદ્રેશ્વર, ગેડી, સેલારી, કંથકોટની ધરતીના ખોળે ઈતિહાસનાં અનેક સંભારણાઓ સાંપડયા છે. શિલાલેખો, પાળિયાઓ, મંદિરોના ભગ્નાવશેષો-તેમાં કોતરાયેલા શિલ્પોરૂપી આ સંભારણાઓ અનેક વર્ષોનો ઈતિહાસ આલેખી જવાની સાથે ઈતિહાસકારો અને પુરાતત્ત્વવિદ્દોને જૈન સંસ્કૃતિની ગૌરવગાથાનું વિશેષ સંશોધન કરવાનું આહ્‌વાન આપી જાય છે.

શિલાલેખોની શૃંખલામાં અગત્યનો ગણાય એવો એક, આભીર ઈશ્વરદેવનો શિલાલેખ દોલતપુર નજીકથી મળી આવ્યો છે. તે લેખ ઈ.સ. ૩૩૨ના અરસાનો છે. જેમાં શદૌહસ ગોત્રના જૈસકના પૌત્ર અને વરાહદેવના પુત્ર આભીર ઈશ્વરદેવે આર્યગોત્રના ધુતિસ્વામીને આપેલા દાનની નોંધ છે.

ભદ્રેશ્વરના મંદિરોમાં જે જુના શિલાલેખોના આધારો મળે છે તેમાં એક અર્ધમાગધી ભાષાના લખેલા લેખમાં વિક્રમ સંવત ૧૧૩૪નો ઉલ્લેખ છે. એ જ પરિસરમાં શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી શાંતિનાથજીની પ્રતિમાઓ નીચે વિક્રમ સંવત ૧૨૩૨ના ઉલ્લેખો વંચાય છે.

રવગ્રામ નજીક મળી આવેલા શિલાલેખમાં આ મુજબની હકીકત જોવા મળે છે : 'संवत १३२८ वर्षे श्रावण सुदि २ शुक्रेऽद्येहं श्रीदम् अणहील पाटणाधिष्ठित समस्त राजावलि समलंकृत महाराजाधिराज श्रीमदार्जुनदेव कल्याणविजय राज्ये तन्नियुक्त महामात्यश्री मालदेवे...'

ભદ્રેશ્વરમાં ભીમદેવે બંધાવેલા દુર્ગનો ઉલ્લેખ ભદ્રેશ્વરમાંથી મળી આવેલા તામ્રપત્રમાં જોવા મળે છે.

**● જૈન દહેરાસરોમાં શિલ્પ :**

ભૂકંપ નષ્ટપ્રાય બનાવી મૂકેલાં ભદ્રેશ્વરના દહેરાસરો તથા કંથકોટના જિનમંદિરો જૈનસંસ્કૃતિની બેનમૂન શિલ્પકૃતિઓ રજુ કરતા જીવંત દસ્તાવેજ સમા હતાં. ભદ્રેશ્વરના વિશાળ પરિસરમાં બાવન દેરીઓમાં દરેકમાં પ્રતિમાજી પધરાવેલાં હતાં. મધ્યમાં ભગવાન શ્રી મહાવીર બિરાજમાન હતા. મંદિરની સમગ્ર બાંધણી દેલવાડાનાં દેરાંને મળતી હતી. રંગમંડપ, પૂજામંડપ, રાસમંડપ, પ્રદક્ષિણા વગેરેનું આયોજન કલાપૂર્ણ હતું. સુંદર શિલ્પકળાના નમૂના સમી યક્ષિણીઓ અને પૂતળીઓની આકૃતિઓ તેમના કિનારા અને કંદોરાના કસબ સાથે નયનરમ્ય લાગતી હતી. (હાલે આ તમામ અવશેષો સાચવી રાખવામાં આવ્યા છે.)

ભદ્રેશ્વરની અદ્વિતીય જાહોજલાલીને લીધે ભૂતકાળમાં અનેક વખત તેના પર હુમલાઓ થયા છે અને દરેક વખતે આ દહેરાંઓનો જિર્ણોદ્ધાર થયો છે. ભૂતકાળમાં કુલ નવ વખત જીર્ણોદ્ધાર પામી ચૂકેલા આ દહેરાંઓ ભૂકંપ બાદ હવે દસમી વખત નવું રૂપ ધારણ કરી રહ્યાં છે.

સોળથંભી તરીકે ઓળખાતું સ્થળ કંથાદુર્ગનું અદ્વિતીય સંભારણું છે. આ ભવ્ય જિનમંદિર એના ભૂતકાલીન વૈભવીપણાનો ખ્યાલ આપે છે. ભૂકંપને લીધે નષ્ટપ્રાય થયેલા આ મંદિરના ગર્ભગૃહની બહાર વિશાળ સભામંડપ હોવાનો અંદાજો આવી શકે છે. મેઘમંડપની શોભા માટે નિર્માણ કરવામાં આવેલાં કીર્તિમુખો, હંસ અને માનવીના શિલ્પો ઘણા કલાસભર હોવાનો અંદાજો આ ભગ્ન મૂર્તિઓને જોતાં આવે છે. હાલે, તદ્દન ઘસાઈ ગયેલી શિલ્પસમૃદ્ધિ પરથી તેના નવસર્જનની શોભા, સજાવટ અને ભવ્યતાની માત્ર ભાવભરી કલ્પના જ કરવાની રહે છે.

કચ્છની ભૂમિ એ ભુજંગની ભૂમિ છે. એની યથાર્થતા સિદ્ધ કરતું કોઠારા જૈન મંદિરની છત પર આવેલું નાગદમનનું વિશાળ ગોળાકાર શિલ્પ કચ્છ અને જૈન સંસ્કૃતિ અભિન્ન હોવાનું સૂચવી જાય છે.

સુથરી-કોઠારાના મંદિરનું કાષ્ઠકામ બેનમૂન છે.

**● કચ્છની જૈન-મહાજન સંસ્કૃતિશ્રી**

પ્રાચીન સમયમાં જૈન મુનિવરો પગપાળા વિહાર કરતા કચ્છની દિશા તરફ જઈ રહ્યા હતા. ત્યારે કોઈએ તેમને અણગમાથી પૂછ્યું કે, કચ્છ જેવા દુર્ગમ પ્રદેશમાં

જવા માટે તમે આટલી જહેમત શા માટે ઉઠાવો છો ?

ત્યારે એક મુનિ ભગવંતે પ્રત્યુત્તર દીધો કે,

नराः तुरंगाः जल वायु रम्या, गिरा मधुरी शिरपंच वक्राः ।

न विद्यते कच्छविहीन देहो, ततो गमिष्यामि हि कच्छ दंशे ।।

(અર્થાત્ : જે ભૂમિના પુરુષો અને અશ્વો ઉત્તમ કોટિનાં છે. હવા-પાણી સ્વાસ્થ્યકારક છે. જ્યાંની વાણી મધુર છે, પાઘડીનો પેચ પણ વાંકો છે એવી લોકસંસ્કૃતિ કચ્છ સિવાય બીજે કયાંય નથી. માટે અમે કચ્છ જઈએ છીએ.)

આ નાનકડી કંડિકામાં કચ્છના જૈન મહાજનની સંસ્કૃતિનું કેટલું સુપેરે વર્ણન કરવામાં આવ્યું છે ! આજે પણ કચ્છના ગામડાઓમાં ઝીણી છાંટ વાળી પાઘડી પહેરેલા જૈન આગેવાનો મહાજન સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ત્યારે જૈન-મહાજનની સુસંસ્કૃત લોકસમૃદ્ધિ અને રંગોની સમૃદ્ધિની છોળ ઉડાડતું લગ્નગીત કચ્છની જૈન સંસ્કૃતિશ્રીના બળકર પ્રતીકરૂપ બની રહે છે.

બળદના શિંગડા ઘી-તેલથી ચમકાવેલાં હોય, ગળામાં રુમઝુમ ઝાલર વાગતી હોય, બળદની પેઠે ઓઢાડેલ હીર ભરેલા કપડાના છેડા પણ ઘૂઘરીવાળા હોય, ત્યારે ગાડામાં બેઠેલ જાનડીઓને ઓર ચાનક ચઢે છે. અબડાસાના વણિકોમાં વરને સંબોધીને ગવાતા આ ગીતમાં સમગ્ર કચ્છની જૈન સંસ્કૃતિનું પ્રતિબિંબ પડે છે :

"હથીય જે રે હલડે સેં આયો રે,
ઘુઘરીયારી વેલ સે આયો રે,
સોરો કીઆ શાહ જે આંગણ આયો રે,
સસ કઈ જે રે પોંખણ આયો રે,
બાઈ ધીઅલબાઈ જે રે કાજે આયો રે..."

●

# આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજ અને
# આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ

**પ્રવક્તા : ભરત'કુમાર' પ્રાણલાલ ઠાકર**

જ્યાં આધુનિક શિક્ષણજ્ઞાન અને જૈન તત્ત્વજ્ઞાનનો સુભગ સમન્વય સધાયો છે. એવી માંડવી તાલુકાની બે ભગિની સંસ્થાઓ આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ(નાગલપર) અને કલ્યાણ-ગૌતમ-નીતિ જૈન તત્ત્વજ્ઞાન શ્રાવિકા વિદ્યાપીઠ (મેરાઉ)ની તવારીખી ઝલક અને ઝાંખી...

આચાર્યશ્રી ગુણસાગરસૂરીશ્વરજીના પ્રબળ પુરુષાર્થનું પ્રતિબિંબ પાડતી, પ્રેરણાનો પમરાટ, પ્રસરાવતી અને તેમના પ્રભાવક પરિણામનું પ્રતીક બનેલી કચ્છી જૈન સમાજની એક અનેરી સંસ્થાના અતીતમાં ડોકિયું....

જૈન શાસનના પ્રભાવક અને અચલગચ્છ (વિધિપક્ષ)ના પ્રવર્તક આર્યરક્ષિત-સૂરીશ્વરજી મહારાજ સાહેબના આચાર્યપદની ચાલુ વર્ષે નવમી શતાબ્દી (સંવત ૧૧૫૯-૨૦૫૯)નો પુનિત પ્રસંગ ઉજવાયો. તે નિમિત્તે મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ) દ્વારા ૧૭મો જૈન સાહિત્ય સમારોહ મોટા લાયજાની ભૂમિ પર યોજાઈ રહ્યો છે. ત્યારે મેં મારા પ્રસ્તુત નિબંધના વિષયમાં પણ આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજને કેન્દ્રમાં રાખ્યા છે. તેમાં આ તપસ્વી મુનિનું પ્રેરક જીવન-ચરિત્ર અને એમના નામ સાથે કચ્છમાં સંકળાયેલી સંસ્થા 'આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ' (નાગલપર) તથા ભગિની સંસ્થા 'કલ્યાણ-ગૌતમ-નીતિ જૈન તત્ત્વજ્ઞાન શ્રાવિકા વિદ્યાપીઠ' (મેરાઉ)ના અતીતની ઝાંખી કરાવી છે.

### જૈન સંસ્કૃતિનો પ્રભાવ

જૈનદર્શન, આગમ, સાહિત્ય, ઈતિહાસ અને તેના તત્ત્વજ્ઞાન માટે જિનશાસન ભારત ઉપરાંત વિશ્વભરમાં પ્રસિદ્ધ છે, જેનું પરિશીલન-અધ્યયન કરીને અનેક જૈનેતર વિદ્વાનો પણ આશ્ચર્યચકિત બની રહ્યા છે. પશ્ચિમ ભારતના ગુજરાત રાજ્યમાં પોતાની આગવી રહેણી-કરણી, ખમીરતા અને અનેક ગૌરવોથી ઓપતો કચ્છ પ્રદેશ આવેલો છે. તેમાં વસતી વિવિધ જાતિઓ વચ્ચે 'જૈનો' પોતાની વિશિષ્ટ જીવનપદ્ધતિથી અલગ તરી આવે છે. આ જૈનોએ પ્રત્યેક શહેરમાં અને ગામડે-ગામડે પોતાની ધાર્મિક અને આધ્યાત્મિક ભાવની પૂર્તિ માટે દેવવિમાન જેવાં ભવ્ય જિનાલયો, ઉપાશ્રયો, દહેરાસરો, સ્થાનકો અને જ્ઞાનભંડારોનું નિર્માણ કર્યું છે.

'જ્ઞાન'ને આપવામાં આવેલી અનેક ઉપમાઓમાં એક ઉપમા નદીની-સરિતાની પણ છે. યાદ કરો, આપણી વિદ્યાર્થી અવસ્થામાં આપણે શાળાની ભીંત ઉપર કયાંક

વાંચેલું પેલુ સુંદર સુવાકય-"શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાનગંગા જ્યાં વહે !" આ વિદ્યાપીઠની બાબતમાં પણ ભૌગોલિક પરિસ્થિતિ નજરે આ બંને વસ્તુઓ (જ્ઞાન અને ગંગા)નું જાણે નાગલપર ગામમાં સાયુજ્ય સધાયું હોય તેમ ગામ અને વિદ્યાપીઠ વચ્ચે નાનકડી એવી જ્ઞાન અને સંસ્કારરૂપી સરિતા આવેલી છે !

આ સંસ્થાઓનો ઈતિહાસ મેળવીએ તે પહેલાં તેને જેમનું નામ અપાયું છે એવા મુનિશ્રીના પ્રેરણાસ્પદ જીવન-ચરિત્રમાં ડોકિયું કરીએ.

## ઊગતા સૂર્યનું તેજસ્વી કિરણ

મહાવીરના પટ્ટધર શ્રી સુધર્માસ્વામી ગણધર ભગવંતની પરંપરામાં થયેલા ૪૭મા પટ્ટધર, ભારતવર્ષની અજોડ વિભૂતિ, પરમત્યાગી, વિધિપક્ષ (અચલ) ગચ્છ પ્રવર્તક અને મહાન જૈન શાસન પ્રભાવક એવા પૂજ્ય દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજ સાહેબની સ્મૃતિમાં નાગલપર ખાતેની છાત્ર વિદ્યાપીઠનું નામાભિધાન થયું છે.

આબુ મહાતીર્થની નજીક દંતાણી નગરમાં પ્રાગ્વાટ જ્ઞાતિના શ્રેષ્ઠિ દ્રોણ મંત્રી અને એમના પત્ની દેદીને બે સંતાનો વયજા અને સોલ્હા હતા. તેમના બાળ વયજા (વિજયકુમાર) એ જ આર્યરક્ષિતસૂરિના નામે વંદનીય બન્યા. વયજાના જન્મ પૂર્વે ગર્ભાધાનની રાત્રિએ માતા દેદીએ 'ઊગતા સૂર્યના તેજસ્વી કિરણો'નું સ્વપ્ન જોયેલું. એમનો જન્મ વિક્રમ સંવત ૧૧૩૬, શ્રાવણ સુદ-૯ અને શનિવારે થયેલો.

'તમારા બાળક દ્વારા વિધિમાર્ગનું પ્રવર્તન થશે' એવી શાસનદેવીની ભવિષ્યવાણી અનુસાર દ્રોણ અને દેદીએ પોતાના બાળકને સંવત ૧૧૪૨માં તેમનાથી આગળના ૪૬મા પટ્ટધરશ્રી જયસિંહસૂરિને સમર્પિત કરી દીધો છે. છ વર્ષની વયે સંવત ૧૧૪૨માં વયજાકુમારને દીક્ષા અપાઈ અને તેઓ સંસારી મટીને મુનિશ્રી વિજયચંદ્ર અણગાર (ઉપાધ્યાય) બન્યા. દીક્ષિત થયા પછી ગુરુની નિશ્રામાં તેઓ અનેકાદિ વિદ્યામાં નિપુણ બન્યા અને સંવત ૧૧૫૯માં ૨૩ વર્ષની વયે તેમને આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા.

## પાવાગઢ તીર્થે ઉગ્ર તપ

ત્યારબાદ તેમના જીવનમાં વિરાટ પરિવર્તન આણનાર ઘટના બની ગઈ. સાધુથી કાચું અર્થાત્ સચિત્ત પાણી વપરાય નહિ તો સાધુઓ કાચા પાણીનાં માટલાં શા માટે રાખે છે એનું સંતોષકારક સમાધાન ન મળતાં શ્રમણજીવનમાં પ્રવેશેલી શિથિલતાને દૂર કરવા તેઓ ઉત્કંઠિત બન્યા અને કેટલાક ક્રિયાપાત્ર મુનિઓ સાથે અલગ વિહાર કરવા નીકળી પડયા.

વિહારો દરમ્યાન શુદ્ધ આહારપાણી પ્રાપ્ત થતા નહોતા અને ગૃહસ્થો પણ શુદ્ધ આહારપાણી કેમ વહોરાવાય તેનાથી અનભિજ્ઞ હતા. તેથી તેઓ અસૂઝતા આહારપાણી

વહોરતા નહિ અને સમતાપૂર્વક તપોવૃદ્ધિ કરતા. વિહાર કરતાં તેઓ પાવાગઢ તીર્થ આવ્યા અને અહિં યશોધન નામના શ્રાવકના હાથે અન્નજળ વહોર્યા બાદ ઉગ્ર તપનું પારણું કર્યું.

તેમના તપોબળથી શાસનદેવી શ્રી ચક્રેશ્વરીદેવી અને ગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલીદેવી પ્રસન્ન થયા અને વરદાન આપ્યા. આમ પાવાગઢ તીર્થ પર શ્રી વિજયચંદ્રજી અને યશોધનનું મિલન થયું અને આ તીર્થ પર જ ગચ્છની આ ઐતિહાસિક ઘટના બની તેથી તેમજ આ તીર્થ શ્રી આર્યરક્ષિતસૂરિની તપોભૂમિ હોવાથી પાવાગઢ તીર્થનું સ્થાન આ ગચ્છના ઈતિહાસમાં અપ્રતિમ રહ્યું છે.

### સૂરિપદ અને ગચ્છની ઘોષણા

ત્યારપછી શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયને તથા તેમના ગુરુ શ્રી જયસિંહસૂરિને પણ યશોધને બહુમાનપૂર્વક પોતાના ભાલેજ નગરે નિમંત્રીને બોલાવ્યા હતા ત્યારે ભાલેજમાં સંવત ૧૧૬૯માં ગુરુવર્ય શ્રી જયસિંહસૂરીએ પોતાના શિષ્ય વિજયચંદ્રજીને સૂરિપદ આપીને 'શ્રી આર્યરક્ષિતસૂરિ' એવું નામ આપ્યું.

આર્યરક્ષિતજીના ઉપદેશથી યશોધને ભાલેજમાં આદિનાથ પ્રભુનું ભવ્ય અને વિશાળ જિનાલય બંધાવ્યું. આર્યરક્ષિતજીના ઉપદેશથી યશોધને જ્યારે તેની પ્રતિષ્ઠાવિધિ કરવી શરૂ કરી ત્યારે 'શ્રાવક પ્રતિષ્ઠા કરે ?' એવા મિથ્યાભિમાનમાં અનેક પાંખડીઓએ વિરોધ અને વિઘ્નો ઊભા કર્યાં, પણ તે બધા નિષ્ફળ ગયાં.

શ્રી ચક્રેશ્વરીદેવીના વચનથી શ્રી આર્યરક્ષિતસૂરિ વિધિ પક્ષના 'તિલક' એટલે કે 'નાયક' બન્યા. આ રીતે ભાલેજ નગરમાં અનેક સંઘો અને વિરાટ માનવમેદનીની ઉપસ્થિતિમાં 'વિધિપક્ષ ગચ્છ'ની સ્થાપના અને ઉદ્દઘોષણા થઈ. યશોધન પણ વિધિપક્ષ (અચલ) ગચ્છના પ્રથમ શ્રાવક તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

### વિધિમાર્ગનું પ્રવર્તન

એ પછી પોતાનાં શ્રાવકો સહિત અનેક આચાર્યોએ અને સુવિહિત ગચ્છોએ વિધિપક્ષ ગચ્છનો આદરપૂર્વક સ્વીકાર કરીને આર્યરક્ષિતસૂરિના સમુદાયમાં ભળી ગયા અને વિધિપક્ષ અચલગચ્છના અનુયાયી બન્યા.

આર્યરક્ષિતસૂરિજીના ત્યાગમય જીવનની પ્રશંસા સાંભળી રાજા સિદ્ધરાજ જયસિંહે તેમને પાટણ બોલાવી તેમનું ઘણું જ સન્માન કર્યું. પુત્ર કામેષ્ટિ યજ્ઞ વખતે યજ્ઞશાળામાં એક ગાય મૃત્યુ પામતાં આર્યરક્ષિતસૂરિજીએ 'પરકાયા પ્રવેશિની વિદ્યા' થી ગાયને મંડપમાંથી જીવતી કરીને યજ્ઞને પૂર્ણ કરાવ્યો હતો.

શ્રી આર્યરક્ષિતસૂરિજીએ વિધિમાર્ગનું પ્રવર્તન પોતાની વિદ્યા અને તપના બળથી ચારે તરફ કરીને ગચ્છનો ખૂબ વિસ્તાર કર્યો. તેમ છતાં ગચ્છના પાયાને સુદઢ

કરવાનો યશ તેમના યશસ્વી અને સમર્થ પટ્ટધર શ્રી જયસિંહસૂરિને ફાળે જાય છે. (શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજીના ગુરુ શ્રી જયસિહસૂરિ ૪૬માં પટ્ટધર હતા, જ્યારે એ જ નામના તેમના શિષ્ય શ્રી જયસિંહસૂરિ ૪૮મા પટ્ટધર હતા.)

**ઉગ્ર વિહાર અને દેવલોકગમન**

આર્યરક્ષિતજીના સમગ્ર સાધુ-સાધ્વીશ્રીઓનો પરિવાર સાડાત્રણ હજાર ઉપરાંત છે. તેમના ઉપદેશથી અનેક સ્થળોએ જિનમંદિરો બંધાયેલા. તેમાં એક જ દિવસે તેમણે આપણા કચ્છના ભદ્રેશ્વર વગેરે સહિત ચૌદ સ્થળોનાં દૂર-દૂરનાં જિનમંદિરોમાં પોતાનાં ચૌદ રૂપો કરીને પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિતિ નિશ્રા આપી હતી. અચલગચ્છના પ્રવર્તક રૂપે આર્યરક્ષિતે ગુજરાત, સિંધ, મારવાડ, માળવા, ઉત્તર અને દક્ષિણ ભારતનાં અનેક પ્રદેશોમાં ઉગ્ર વિહારો કરીને જિનશાસનની ઉન્નતિના કાર્યમાં પોતાનો મહત્ત્વનો ફાળો નોંધાવ્યો હતો.

તેઓએ સ્થાપેલ વિધિપક્ષ ગચ્છ તેઓના ગયા બાદ લગભગ નવેક સૈકાઓ પસાર થવા છતાં આજે પણ પોતાનું સ્વતંત્ર અને વિશાળ અસ્તિત્વ ટકાવી શકયો છે. તેઓ સંવત ૧૨૩૬માં સો વર્ષની વયે બનાસકાંઠાના બેણપ નગરમાં સમાધિપૂર્વક દેવલોક પામ્યા. તેમની વિદાયથી ભારતવર્ષે એક યુગપુરુષ અને જિનશાસને પોતાનો એક આધારસ્તંભ ગુમાવ્યો હતો.

નવસો વર્ષના એક લાંબા ઈતિહાસ પછી આપણા કચ્છની જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠને આવા યશસ્વી અને તપસ્વી મુનિશ્રીનું નામ આપીને કચ્છી જૈન સંઘે તેમની સ્મૃતિને ચિરસ્મરણીય કરી દીધી છે. હવે આપણે એમનું નામકરણ પામેલી સંસ્થાની તવારીખની ઝલક મેળવીએ.

**વિદ્યાપીઠની પ્રેરણા અને શ્રીગણેશ**

આજની આધુનિકતાના ફૂંકાતા પવનમાં પાશ્ચાત્ય સંસ્કારોનું પ્રભુત્વ વધવા લાગ્યું ત્યારે અચલગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર-સૂરીશ્વરજી મહારાજ સાહેબ સંવત ૨૦૧૪માં મુંબઈ ખાતેના ચાતુર્માસ દરમ્યાન પોતાનાં પ્રવચનોમાં કહેતા, 'અધઃપતન કરાવનાર ભૌતિકવાદના પ્રબળ પ્રવાહમાં લોકમાનસ તણાઈ જશે તો ધર્મ જેવી વસ્તુ રહેશે નહિ.'

આની સામે સારું શિક્ષણ આપવા, જાગૃતિ લાવવા તેમજ ધર્મ, અહિંસા અને આર્ય સંસ્કૃતિની જ્યોતને જલતી રાખવા 'જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ' જેવી કોઈ મહાન સંસ્થા સ્થાપવાનો વિકલ્પ પણ એમણે રજૂ કર્યો. તેઓશ્રી કચ્છ પધાર્યા ત્યારે કચ્છમાં પણ ગામડે-ગામડે વિચરી આવી સંસ્થાની અગત્ય સમજાવતા રહ્યા.

અંતે તેઓશ્રીની સતત પ્રેરણા, માર્ગદર્શન અને અજોડ પુરુષાર્થના પરિણામે ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના મેરાઉ મુકામે ત્યાંના સંઘે તેમના હસ્તકનું ૧૬ ડબલ રૂમો સહિતનું વિશાળ મકાન ભેટ આપતાં સંવત ૨૦૧૭ના દ્વિતીય જેઠ સુદ ત્રીજ (તારીખ ૧૬મી જૂન, ૧૯૬૧) અને શુક્રવારે જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી, જેની સાથે આર્યરક્ષિતસૂરીશ્વરજીનું નામ જોડવામાં આવ્યું.

સંસ્થાના પ્રેરક આચાર્ય ગુણસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં જેમના નામે આજે પણ ભુજમાં આર્ટસ અને સાયન્સ કૉલેજ ઊભી છે તે રામજી રવજી લાલનના અતિથિવિશેષ પદે અને કચ્છના જાણીતા આગેવાન શ્રેષ્ઠિ ભવાનજી અરજણ ખીમજીના શુભહસ્તે સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

### ઉદ્દેશ્ય અને અભ્યાસક્રમ

શરૂમાં સંસ્થા પાસે અતિ અલ્પ ભંડોળ હતું. પહેલા વર્ષે અગિયાર વિદ્યાર્થીઓને દાખલ કરવાના નિર્ણય સામે તેર વિદ્યાર્થીઓને દાખલ કરાયા હતા. તે સમયે ધાર્મિક અને સંસ્કૃતનું શિક્ષણ પૂ. આચાર્યશ્રી સ્વયમ્ આપતા. તે પછી તો દર વર્ષે સમાજમાં વિદ્યાપીઠની મહત્તા વધારે સમજાતી ગઈ. વડીલોને પણ આ વિદ્યાપીઠ દ્વારા પોતાનાં બાળકોને સંસ્કારિત બનાવવાની ભાવના થવા લાગી. ૧૯૮૨-૮૩માં વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં ૮૦ થી ૮૫ સુધી પહોંચી ગઈ હતી.

સંસ્થાના ઉદ્દેશ્યો એ હતા કે જૈન તત્ત્વજ્ઞો, ધર્મચુસ્તો, પંડિતો અને લેખકો-વિદ્વાનો, સાક્ષરો તૈયાર કરવા જેથી અભ્યાસક્રમ પણ તેને અનુરૂપ રાખવામાં આવેલ. વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓને જૈન ધાર્મિક અભ્યાસ ઉપરાંત બહારની વિવિધ સંસ્થાઓ સંચાલિત શિક્ષણ વિષયક, સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજીની વિવિધ પરીક્ષાઓમાં બેસવા તૈયાર કરવામાં આવે છે. ઉપરાંત, વિદ્યાર્થી જે ધોરણમાં ભણતો હોય તેનાં વિવિધ વિષયોનો અત્રે પણ અભ્યાસ કરાવાય છે.

### નિયમો અને સગવડો

અત્રે ધોરણ ૫ થી ૧૨ (અને જરૂરિયાત મુજબ કૉલેજ) સુધીના માત્ર જૈન વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. વ્યાવહારિક શિક્ષણ માટે નજીકની સરકાર માન્ય હાઈસ્કૂલ (કે કૉલેજ)માં દાખલ કરાવવામાં આવે છે. સવાર-સાંજના સમયે સંસ્થાના છાત્રોને ધાર્મિક શિક્ષણ શીખવવામાં આવે છે. ઉપરાંત, જૈન ધર્મને લગતા નિયમોનું પરિપાલન આવશ્યક હોય છે.

આ સંસ્થામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને રહેવા અને જમવા, અભ્યાસમાં પાઠ્યપુસ્તકો, અધ્યાપન વગેરે જેવી સર્વ જરૂરી સગવડો વિનામૂલ્યે આપવામાં આવે છે ! છાત્રને પ્રવેશ સમયે માત્ર પચીસ રૂપિયા અમાનત તરીકે આપવાના હોય છે, જે અભ્યાસના અંતે છાત્રને પરત મળે છે.

જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને વિદ્યાર્થી-જીવનમાં જ ચરિતાર્થ કરાવવા પ્રયાસ કરતી આ સંસ્થામાં રહી અભ્યાસ કરનાર છાત્ર ખરેખર જૈન તત્ત્વજ્ઞાનનો પ્રખર જ્ઞાતા, સમર્થ તત્ત્વચિંતક, ચારિત્ર્યવાન તેમજ આર્ય સંસ્કૃતિનો પાલક અને રક્ષક બની જાય છે. અભ્યાસ પૂર્ણ થતાં ઇચ્છુક વિદ્યાર્થીઓને અહિં અગાઉ 'શાસ્ત્રી'નો વિશેષ અભ્યાસ કરાવવામાં આવતો (જે હાલે બંધ છે). જે સ્થળે સાધુ-સાધ્વીજીઓના ચાતુર્માસ નથી હોતા ત્યાં વ્યાખ્યાન-પ્રતિક્રમણ અને પર્વના થતી ધાર્મિક આરાધના કરાવવા આ વિદ્યાપીઠના શાસ્ત્રી થયેલા છાત્રો ત્યાંના જૈન સંઘના નિમંત્રણથી પહોંચી જતા અને સુંદર આરાધના ભણાવતા !

**આદ્ય વિદ્યાર્થીઓ તરીકે મુનિ ભગવંતો**

અચલગચ્છનાં ઘણાં મુનિ ભગવંતો પણ પોતાની વિદ્યાર્થી અવસ્થામાં મુમુક્ષુ છાત્રો તરીકે આ વિદ્યાપીઠમાં રહી અભ્યાસ કરી ચૂકયા છે એ ગૌરવપૂર્ણ બીના છે ! સર્વશ્રી કલાપ્રભસાગરજી, સૂર્યોદયસાગરજી, હરિભદ્રસાગરજી, સર્વોદયસાગરજી આ સંસ્થાના આદ્ય વિદ્યાર્થીઓ પૈકીનાં છાત્રો તરીકે રહી ચૂકયા છે.

તેમાં સાહિત્યરત્ન મુનિશ્રી કલાપ્રભસાગરજી આ સંસ્થાના અજોડ સિતારા ગણાય. તેઓ આ વિદ્યાપીઠમાં સંવત ૨૦૨૧થી ૨૦૨૫ એમ પાંચ વર્ષ દરમ્યાન છાત્ર તરીકે જ્ઞાનાભ્યાસ પ્રાપ્ત કરેલ અને પછીથી (સંવત ૨૦૨૬માં) મુનિજીવન સ્વીકારેલ. સને ૧૯૮૩માં 'આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિ ગ્રંથ' જેવા ૧૨૦૦ પાનાંના ઐતિહાસિક અને સમૃદ્ધ સ્મૃતિ ગ્રંથરત્નનું સંપાદન કરનાર આ વિદ્વદ્વર્યે ૪૦ ઉપરાંત પુસ્તકો લખ્યાં છે.

અન્ય મુનિરાજો તેમજ આસપાસનાં ગામોના લગભગ ૬૦૦થી વધુ ઇચ્છુકોએ પણ વિવિધ પરીક્ષાઓ માટેના આ સંસ્થાના કેન્દ્ર મારફતે પરીક્ષાઓ આપી સફળતા મેળવી છે.

**નાગલપર ખાતે સ્થળાંતર**

મેરાઉમાં જગ્યાની સંકડાશના કારણે આ સંસ્થાને બાજુના નાગલપર(ઢીંઢ) ગામે ખસેડવામાં આવી. નાગલપર ગામના નદી કિનારે મૂળ ભાટિયા માલિક સદ્ગૃહસ્થ ગુલાબસિંહ ચત્રભુજની વાડી સંસ્થાએ ખરીદીને તેમાં તારીખ ૧૦મી જૂન ૧૯૭૪થી વિદ્યાપીઠનું મુખ્ય કાર્યક્ષેત્ર શરૂ થયું.

લગભગ ત્રણ એકર ઉપરાંત જમીનવાળું આ સ્થાન મેરાઉ કરતાં ઘણું મોટું છે. સળંગ હારમાં ૪૫ ખંડો છે અને સામે મોટી વાડી છે, જેમાં દાડમ, નાળિયેર, બદામ, આંબા, કેળાં, ચીકુ, જામફળ વગેરેનાં અનેક વૃક્ષો લહેરાય છે. વાડીની મધ્યમાં બે માળનો વિશાળ બંગલો છે, જેમાં જ્ઞાનભંડાર, ઉપાશ્રય આદિની વ્યવસ્થા છે. નિત્ય દર્શન માટે અહિં શ્રેયાંસનાથ દાદાનું સુશોભિત જિનાલય પણ છે.

૧૯૭૪માં નાગલપરમાં વિદ્યાપીઠનું ઉદ્ઘાટન થતાં પૂ. આચાર્યશ્રીએ સંસ્થાના અગ્રણીઓની વિનંતીથી સમુદાય સમેત પ્રથમ ચાતુર્માસ કરીને અહિંની જમીનને પવિત્ર અને દિવ્ય બનાવી છે. આમ મેરાઉમાં ૧૯૬૧માં સ્થપાયેલી અને હાલે નાગલપર ખાતે કાર્યરત એવી આ સંસ્થા ૨૦૦૧માં પોતાની સ્થાપનાની ચતુર્દશાબ્દી ઉજવી હાલે ૪૩માં વર્ષમાં આગેકૂચ કરી રહી છે.

**શ્રાવિકા વિદ્યાપીઠની સ્થાપના**

આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠનાં બારેક વર્ષોની ફળશ્રુતિ બાદ બહેનો માટે પણ આવી કોઈક અલગ સંસ્થા સ્થાપવાની દિશામાં પ્રયત્નો શરૂ થયા અને અંતે અનેક ગામોની ઉદારતાપૂર્વકની ઓફરોમાંથી આ કન્યા વિદ્યાપીઠ પણ મેરાઉ ગામમાં જ સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો, જ્યાં અગાઉ છાત્ર વિદ્યાપીઠ શરૂ થયેલી.

તદનુસાર, તારીખ ૧૨મી જૂન, ૧૯૭૪ના રોજ બિદડાના શ્રી કલ્યાણજી માવજી પટેલના પ્રમુખસ્થાને, શ્રી ચાંપશી પદમશી શાહ અને માંડવીના મેયર શ્રી મુલચંદ કરમશી શાહના અતિથિવિશેષપદે તથા શ્રી રવજી ખીમજી છેડાના શુભહસ્તે તેનું ઉદ્ઘાટન થયેલું. પૂજ્ય મુનિવરો કલ્યાણસાગરસૂરીશ્વરજી, ગૌતમસાગરસૂરીશ્વરજી અને નીતિસાગરજી જેવા ત્રણ પ્રતિભાવંત સંતપુરુષોના ઋણાર્થે એમનાં નામો પરથી મેરાઉ ખાતેની આ નવી શરૂ થયેલી કન્યા વિદ્યાપીઠનું નામ "શ્રી કલ્યાણ-ગૌતમ-નીતિ જૈન તત્ત્વજ્ઞાન શ્રાવિકા વિદ્યાપીઠ" એવું રાખવામાં આવ્યું. અહિંનો વિસ્તાર લગભગ દોઢેક એકર જેટલો છે.

પહેલા વર્ષે ૩૪ બાળાઓ દાખલ થયેલી. છાત્ર વિદ્યાપીઠની જેમ કન્યા વિદ્યાપીઠ શરૂ થતાં સમાજમાં બાળાઓ માટે ધાર્મિક શિક્ષણની જે ઉણપ વર્તાતી હતી તે દૂર થઈ. આ શ્રાવિકા વિદ્યાપીઠમાં પાંચ ધોરણ પસાર કરેલ કોઈપણ જૈન જ્ઞાતિની બાળા પ્રવેશ પામી સુંદર જીવન જીવવાનાં સંસ્કારો મેળવે છે.

**વિવિધ કલા કારીગીરીની તાલીમ**

નાગલપર ખાતેની છાત્ર વિદ્યાપીઠમાં ધાર્મિક શિક્ષણ સાથે વિદ્યાર્થીઓને નજીકની હાઈસ્કૂલમાં માધ્યમિક શાળાકીય શિક્ષણ પણ અપાય છે; જ્યારે મેરાઉ ખાતેની

શ્રાવિકા વિદ્યાપીઠમાં માત્ર ધાર્મિક શિક્ષણ અને વિવિધ કલાકારીગીરીની તાલીમ અપાય છે, જેમાં સીવણ, ફેબ્રિકસ, ગૂંથણ, ભરતકામ, પેઈન્ટિંગ, સંગીત, કોમ્પ્યુટર, એકાઉન્ટ, અંગ્રેજીના વર્ગો વગેરેનો સમાવેશ થાય છે.

નાગલપરની જેમ અહિં નિત્યદર્શન માટે શાંતિનાથજીનું સુંદર જિનાલય છે. ૧૯૭૪માં સ્થપાયેલી આ પેટા સંસ્થાઓ ૧૯૯૯માં પોતાની સ્થાપનાની રજત જયંતિ પુરી કરી હાલે ૩૦મા વર્ષમાં આગેકૂચ કરી રહી છે.

બંને સંસ્થાઓમાં અત્યાર સુધી અઢી હજાર જેટલા વિદ્યાર્થીઓ ભણી ગયા છે. અત્યારે મોટા ભાગનો જૈન સમુદાય કચ્છ બહાર વસવાટ કરતો હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી રહી છે. હાલે નાગલપર ખાતે ૩૦ બાળકો અને મેરાઉ ખાતે ૩૫ બાળાઓ અભ્યાસ કરે છે, જ્યાં અનુક્રમે તલકશીભાઈ ધનજી વીરા ગૃહપતિ અને પ્રેમિલાબહેન હીરાચંદ શાહ ગૃહમાતા તરીકે સેવા આપી રહ્યા છે.

**ઉપસંહાર અને સમાપન**

આ બંને વિદ્યાપીઠોનો માસિક ખર્ચ અંદાજે ૭૦થી ૭૫ હજાર રૂપિયા જેટલો રહે છે. ડૉ. હીરાલાલભાઈ શિવજી શાહ અહિંની સંસ્થામાં માનદ્ તબીબ તરીકે સેવા આપે છે. વધુમાં નાગલપર ખાતે ઉમરશી લધાભાઈ ગંગર ટ્રસ્ટ (હસ્તે નવીનભાઈ ગંગર) સંચાલિત સાર્વજનિક દવાખાનામાં પણ વિદ્યાપીઠોનાં છાત્રોને સારવાર અપાય છે.

છેલ્લે, આ બંને સંસ્થાઓનાં ગામોનું અરસપરસનું અંતર જોઈએ તો માંડવી તાલુકા મથક માંડવીથી નાગલપર ત્રણ કિલોમીટર, માંડવીથી મેરાઉ આઠ કિલોમીટર અને મેરાઉથી નાગલપર અગિયાર કિલોમીટરે છે.

**મુખ્ય સંદર્ભ નોંધ**


૧. મુનિશ્રી કલાપ્રભસાગરજી રચિત 'આર્ય-કલ્યાણ-ગૌમત સ્મૃતિ ગ્રંથ' (૧૯૮૩)

૨. આ નિબંધના લેખકે ૧૯૯૦માં સંસ્થાની લીધેલી જાત મુલાકાત વખતે કરેલી નોંધો

૩. સપ્ટેમ્બર, ૨૦૦૩માં ટેલિફોન-સંપર્ક દ્વારા મેળવેલી તાજી માહિતી.



૪૦/બી, 'શિવમ્', વૃન્દાવનનગર,
વૈશાલી સિનેમા રોડ,
અંજાર (જિ. કચ્છ) ૩૭૦ ૧૧૦.


●

# સાધર્મિક ભક્તિ

પ્રો. તારાબહેન ર. શાહ

પર્યુષણ પર્વ એ જૈન પર્વોમાં મુખ્ય અને મહત્ત્વનું પર્વ હોવાથી પર્વશિરોમણિ ગણાય છે. આ પર્વને અનુલક્ષીને શ્રાવકોએ આચરવા જેવાં જે કેટલાંક મહત્ત્વનાં કર્તવ્યો પૂર્વચાર્યોએ બતાવ્યાં છે તેમાં સાધર્મિક ભક્તિ કે સાધર્મિક વાત્સલ્યનું સ્થાન મહત્ત્વનું છે. સાધર્મિક ભક્તિ એટલે સાધર્મિક પ્રત્યે બહુમાન. પરમાત્મા પ્રત્યેના ભક્તિ અને આદર પર તે આધારિત છે. પરમાત્મા પ્રત્યેની ભક્તિ જેટલી વધારે ઊંચી એટલી સાધર્મિકોની ભક્તિ વધારે દૃઢ અને ભાવપૂર્વકની હોય છે.

નવકાર યંત્રમાં પંચ પરમેષ્ઠિને એટલે કે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના પદને આપણે નમસ્કાર કરીએ છીએ. 'નમોતિથસ્સ'માં આપણે તીર્થને નમસ્કાર કરીએ છીએ. તીર્થમાં ચતુર્વિધ સંઘ સમાઈ જાય છે. ચતુર્વિધ સંઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. વિશાળ અર્થમાં જોઈએ તો આ ચારેની ભક્તિ એટલે સાધર્મિક ભક્તિ. પરંતુ શ્રાવક-શ્રાવિકાની ભક્તિના અર્થમાં તે વધુ પ્રચલિત છે. આવી ભક્તિ એ ધર્મની પ્રાપ્તિ માટેનો ઉત્તમ, સરળ અને સુલભ માર્ગ છે. 'સાધર્મિક' શબ્દના જુદા જુદા અર્થ કરવામાં આવે છે. સાધર્મિક એટલે સમાન ધર્મ-વાળી વ્યક્તિ. સાધર્મિક એટલે ધર્મમાં જે સહાય કરે તે. સાધર્મિક એટલે જે ધર્મસહિત છે તે. સાધર્મિક એટલે જે ધર્મ સમજે છે અને આચરે છે તે. આવી વ્યક્તિઓની ભક્તિ કરવી, તેમને સહાય કરવી તે સાધર્મિક ભક્તિ. આપણા પૂર્વાચાર્યોએ બહુ વિચારપૂર્વક આ શબ્દ પ્રયોજ્યો છે. જે ધર્મ સમજે છે અને આચરે છે પણ તેમને કંઈક સહાયની જરૂર રહે છે તેવા લોકોની ભક્તિ કરવી જોઈએ. ભક્તિ કરીને આપવાનું તો છે કોઈકને કોઈક પ્રકારનું દાન. પણ જ્યારે આપણે 'દાન' શબ્દ વાપરીએ ત્યારે પરિસ્થિતિનો કંઈક જુદી રીતે વિચાર થાય છે. દાનની પ્રવૃત્તિમાં એક આપનાર છે અને એક લેનાર છે. દાન આપનારનો હાથ ઉપર રહે છે અને દાન લેનારનો હાથ નીચે રહે છે. દાન દેનાર જો સાવધ ન રહે તો એનામાં કોઈવાર અહંકારનો, અભિમાનનો ભાવ આવે; વળી લેનાર પ્રત્યે તુચ્છકારના ભાવ આવે. બીજી બાજુ લેનારાનાં મનમાં લાચારીનો દીનતાનો ભાવ આવે. તેથી ભક્તિ શબ્દ મહત્ત્વનો છે. દેનાર ભક્તિના ભાવથી આપે તો તેનામાં ઉત્સાહ, ઉલ્લાસ અને નમ્રતા પ્રગટે અને વિનય કેળવાય. નમ્રતા વિના ભક્તિ સંભવે નહિ. દાન દેતી વખતે દેનારનો હાથ ઉપર રહે અને લેનાર વ્યક્તિ પ્રત્યે મહેરબાની થઈ રહી છે તેવાં ભાવ પણ આવે. પરંતુ સાધર્મિક ભક્તિ કરતી વખતે દેનાર અને લેનાર બન્નેના હાથ જોડાયેલા એટલે

કે નમસ્કારની મુદ્રામાં હોય છે. તેમાં નથી હોતો અહંકારનો ભાવ કે નથી હોતો પરોપકાર કરવાનો ભાવ. લેનારનાં પક્ષે નથી હોતો લઘુતાનો ભાવ. ત્યાં હોય છે માત્ર કર્તવ્ય બજાવ્યાનો આનંદ અને સંતોષ, કારણ કે બન્ને એકબીજાને પોતાના સ્વજનો માને છે; ભગવાનના ભક્તો સમજે છે. આદર્શ સ્થિતિ તો એ છે કે સમાજમાં દરેક વ્યક્તિ અનેક પ્રકારે સુખી હોય, સંતોષી હોય. એમ હોય તો દ્રવ્યથી આવી સાધર્મિક ભક્તિ કરવાની જરૂર જ ન પડે. પરંતુ એવી પરિસ્થિતિનું નિર્માણ થવું તે અતિ મુશ્કેલ છે. જગતની ઘટમાળ એવી છે કે સમાજે અનેક પ્રકારનાં દાન કે ભક્તિ સતત કરાવાનાં રહે જ છે.

પૂર્વાચાર્યોએ દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના આચારધર્મ પર બહુ ભાર મૂકયો છે. ભક્તિભાવથી કરેલું દાન તે ઉત્તમ દાન છે. આચારધર્મમાં દાનને પહેલું સ્થાન છે. માણસ બીજું કંઈ ન કરી શકે, પણ દાન જરૂર કરી શકે. ભલે તે નાનું હોય. દાન કરે એટલે પોતાનું કંઈક ત્યાગે છે. ત્યાગથી શીલ પવિત્ર થાય છે. ત્યાગ કરે એટલે પોતાની માલિકી વસ્તુમાંથી કંઈક ઓછું કરે છે. એટલે ઓછો ભોગવટો થાય તો તપ થાય છે. ત્યાગથી ઉત્તમ પ્રકારનો ભાવ કેળવાય છે. આમ, સાધર્મિક ભક્તિથી દાન, શીલ, તપ અને ભાવ એ ચારે પ્રકારના આચારનું પાલન થાય છે.

'સાધર્મિક ભક્તિ'ની સાથે 'સાધર્મિક વાત્સલ્ય' અથવા 'સ્વામીવાત્સલ્ય' 'સાધર્મિક વત્સલતા' શબ્દ પણ વપરાય છે. વાત્સલ્ય અથવા વત્સલતા એટલે વડીલોના પોતાનાં સંતાનો કે નાનેરાંઓ પ્રત્યેનો પ્રેમભાવ, વહાલનો ભાવ. જરૂરિયાતવાળી કોઈપણ વ્યક્તિ પ્રત્યે તુચ્છકારના ભાવને બદલે વાત્સલ્યનો ભાવ દર્શાવવાથી સ્વાર્થ કે સંકુચિતતાનો દુર્ભાવ જતો રહે છે અને ઉદારતાનો અને કરૂણાનો ભાવ પ્રગટે છે. એ દૃષ્ટિએ 'વાત્સલ્ય' શબ્દ પણ ઉચિત રીતે પ્રયોજાયો છે.

સાધર્મિક ભક્તિ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે કરી શકાય. અન્ન, વસ્ત્ર, આશ્રય, ઔષધ, શિક્ષણ માટેની જોગવાઈ વગેરે આપીને મદદ કરવી તે દ્રવ્યભક્તિ છે. કોઈપણ જાતની આપત્તિમાં દ્રવ્યના, ચીજવસ્તુઓના માધ્યમ દ્વારા મદદ આપવી તે દ્રવ્યભક્તિ છે. ભાવથી પણ ભક્તિ કરી શકાય છે. બીજાની દ્રવ્યભક્તિની અનુમોદના કરી શકાય છે. વળી દુઃખમાં કે આપત્તિમાં આશ્વાસન, મૂંઝવતા પ્રશ્નો ઉકેલવા માટે સાચી સલાહ, સારાં કામ માટે શાબાશી કે અનુમોદના કરવી, આનંદોદ્ગાર દ્વારા પ્રોત્સાહન આપવું, આબરુનું રક્ષણ કરવું, કોઈની સુખાકારી માટે પ્રાર્થના કરવી, કોઈના ઉત્તમ ચારિત્ર્ય માટે સારો અભિપ્રાય આપવો, વડીલને વંદન કરવાં, તેમના પ્રત્યે વિનય દર્શાવવો વગેરે કાર્યો દ્વારા ભાવથી સાધર્મિક ભક્તિ કરી શકાય છે.

સાધર્મિક ભક્તિ દ્રવ્યથી કરતી વખતે પણ તેમાં હૃદયનો શુભ ભાવ તો ભળવો જ જોઈએ. પુણિયા શ્રાવક રૂની પુણી કાંતી પોતાની જરૂર પૂરતું રોજ કમાઈ લેતા. પણ જ્યારે સાધર્મિકને જમાડવાની તક મળે ત્યારે પોતે ઉત્તમ ભાવ સેવી ઉપવાસ કરી પોતાના ભાગનું અન્ન બીજાને ભાવપૂર્વક જમાડીને ભક્તિ કરતા. તેથી શાસ્ત્રકારોએ તેમની સાધર્મિક ભક્તિની ખૂબ પ્રશંસા કરી છે.

આ ભાવને ધ્યાનમાં રાખીને જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે સાધર્મિકોની ભક્તિ તેમને આદર સન્માન આપીને અંતરના ખૂબ ઉલ્લાસ સાથે કરવી જોઈએ. ભક્તિ કરતી વખતે કેટલું આપીએ છીએ તેનું મહત્ત્વ તો છે જ, પરંતુ કેવા ભાવથી આપીએ છીએ તેનું વિશેષ મહત્ત્વ છે. પોતાની નિર્ધનાવસ્થા હોય છતાં આપેલું નાનું દાન અથવા શુભભાવથી કરેલી સાધર્મિક ભક્તિ મહાન ફળ આપનારી નીવડે છે.

સાધર્મિક ભક્તિ કરનાર અને જેની કરવામાં આવી છે તે વ્યક્તિ એમ બન્ને પક્ષે અનેક લાભ થાય છે. જેની ભક્તિ કરવામાં આવે છે તેની આધિ, વ્યાધિ અને ઉપાધિ હળવી થાય છે. મુખ્ય લાભ તો એ છે કે દાન દેનારની ઉદારતા અને વત્સલતા જોઈને લેનારની ધર્મમાં અને સત્કાર્યમાં શ્રદ્ધા જન્મે છે. એને અનેક સંકટો વચ્ચે જીવન જીવવાનું બળ મળે છે. પરમાત્માની ભક્તિ તરફ તે વળે છે, અભિમુખ થાય છે. આવી ભક્તિથી ધર્મપાલનમાં જો શિથિલતા હોય તો તે દૂર થઈ જાય છે. પોતાના ભાવને સ્થિર થવામાં ભક્તિ મદદરૂપ થાય છે. કોઈ વાર કોઈ સંયમશીલ અને સુપાત્ર આત્માની ભક્તિ કરી હોય તો તેની પુરુષાર્થની ભાવના વધારે દૃઢ થાય છે. યુવાન વયે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર પેથડ મંત્રીને બ્રહ્મચર્યના વ્રતધારી કોઈ એક શ્રાવકે શાલ ભેટ આપી તેમનું બહુમાન કર્યું હતું. પેથડ મંત્રી રોજ એ શાલનાં દર્શન કરતાં અને ભાવના ભાવતા કે પોતે લીધેલા બ્રહ્મચર્યવ્રતના પાલનમાં પોતાની ભાવના પણ દૃઢ રહે. આ દૃષ્ટાંત પરથી એમ પણ સમજી શકાય કે ભક્તિ કરનારે પોતાના ચારિત્ર્યને બને તેટલું ઉજ્જવળ રાખવા પ્રયત્ન કરવો. જેથી તેણે કરેલી ભક્તિની ઉમદા અસર અનેક જણ ઝીલી શકે.

સાધર્મિક ભક્તિનું મોટું ફળ મનુષ્ય જન્મની સફળતા છે. માનવજીવનની વિશેષતા એ છે કે તેમાં તે મન, વચન અને કાયાથી ભક્તિ કરી શકાય છે. સાધર્મિક ભક્તિથી ત્યાગ, પ્રેમ, કરુણા, ઉદારતા, ક્ષમા વગેરે અનેક પ્રકારના સદ્ગુણો ખીલે છે. પરિણામે ભક્તિ કરનારનું ચારિત્ર્યઘડતર થાય છે. માનવકલ્યાણનાં શુભ કાર્યો કરવા માટે, જરૂર પડે સહન કરવાની, જોખમો ખેડવાની શક્તિ તેનામાં પ્રગટ થાય છે. સાધર્મિક ભક્તિથી સાચી, સારી સમજણ શક્તિ ખીલે છે; સમકિત નિર્મળ થાય છે.

એક વાર ભક્તિનો ભાવ હૃદયમાં દૃઢ થયો તો ભક્તિ કરવી અઘરી નથી લાગતી. સાધર્મિક ભક્તિ જો સમજપૂર્વક, યોજનાપૂર્વક, દીર્ઘદૃષ્ટિથી અને ઉદારતાથી કરવામાં આવે તો એના લાભ અનેક છે. તેનાથી સમાજમાં કેટલેક અંશે દરિદ્રતા ઓછી થાય, માનસિક દુઃખો ઘટે, ભક્તિ કરનારને પરિગ્રહ પરિમાણ એટલે કે મર્યાદિત પરિગ્રહ રાખવાના ભાવ થાય, અભિમાન ઓગળે અને ઉદારતા વધે. ગાંધીજીની ટ્રસ્ટીશીપની ભાવના સાધર્મિક ભક્તિથી ચરિતાર્થ થાય છે, સમાજમાં આર્થિક અસમાનતા ઓછી થાય છે. સમાજમાં સંપ, સહકાર, ભ્રાતૃભાવ વધે છે અને શાંતિ સ્થપાય છે.

જૈન ધર્મ અહિંસાની ભાવનાને વરેલો છે. સાધર્મિક ભક્તિ કરુણા અને અહિંસાના ભાવ પર આધારિત છે. આ ભાવનાના પ્રેરક અનેક દૃષ્ટાંતો મળે છે. જૈનશાસનના જ્યોતિર્ધર હેમચંદ્રાચાર્ય એક વાર એક ગરીબ શ્રાવકના ઘરે વહોરવા પધાર્યા હતા. ત્યાં શ્રાવકની ગરીબી જોઈને એમને ખૂબ દુઃખ થયું. તેમણે રાજા કુમારપાળને કહ્યું કે તમે અહિંસાને પોષક એવી 'અમારિઘોષણા' તો કરાવી છે, પરંતુ એટલાથી અહિંસા ધર્મનું પરિપૂર્ણ પાલન થાય નહિ. કોઈને મારવું નહિ એટલું બસ નથી, પરંતુ કોઈને જીવાડવું અથવા તો જીવવા માટે મદદ કરવી એમાં અહિંસાની ભાવનાનું પરિપૂર્ણ પાલન થાય છે. રાજા કુમારપાળે પોતાના ગુરુવર્ય શ્રી હેમચંદ્રાચાર્યના વચનોનો તરત અમલ કર્યો. માણસ જો પોતાની સંપત્તિ ઓછી કરે તો બીજાને તે મદદ કરી શકે. તેથી કુમારપાળ મહારાજાએ પરિગ્રહ પરિમાણ વ્રત ધારણ કર્યું. રાજ્ય ભંડાર ગરીબો માટે ખુલ્લો મૂકયો. પોતાના રાજ્યમાં કોઈ ભૂખ્યું ન રહે. દરેકને જરૂરિયાત પૂરતું મળી રહે તેવો પ્રબંધ કર્યો.

કુમારપાળ મહારાજાનો બીજો પણ એક પ્રસંગ નોંધાયેલો છે. એક વાર હેમચંદ્રાચાર્યને એક શ્રાવકે ખરબચડું અને જાડું વસ્ત્ર વહોરાવ્યું. રાજા કુમારપાળને તે જોઈને શરમ આવી. પોતાના ગુરુ મહારાજ આવું વસ્ત્ર પહેરે ? તપાસ કરતાં ખબર પડી કે વસ્ત્ર વહોરાવનાર વ્યક્તિ અત્યંત ગરીબ છે. પોતાનો સાધર્મિક ભાઈ આવો ગરીબ કેમ રહે ? એટલા માટે કુમારપાળે પોતે જીવ્યા ત્યાં સુધી દરેક વર્ષે એક કરોડ સોનામહોર સાધર્મિક ભક્તિ માટે વાપરી હતી.

સાધર્મિક ભક્તિનો મહિમા સમાજની દરેક વ્યક્તિ હૃદયપૂર્વક, સૂક્ષ્મ રીતે સમજે એ જરૂરી છે. તે માટે એક સુંદર દૃષ્ટાંત છે. એક નગરમાં એક શ્રીમંત શેઠે ઉપાશ્રયમાં સામાયિક માટે બેસતાં પહેલાં પોતાનો કોટ, પાઘડી અને સોનાનો હાર ખીંટીએ ટીંગાડયાં. થોડી વાર પછી એક ગરીબ શ્રાવક ત્યાં આવ્યો. વિષમ આર્થિક પરિસ્થિતિથી

તે ખૂબ મુંઝાઈ ગયો હતો. તેણે સોનાનો હાર ખીંટીએ લટકતો જોયો. ચોરીને તે ઘરે લઈ ગયો. શ્રાવક સ્વભાવે સજ્જન હતો. તેથી ઘરે ગયા પછી તેને ખૂબ પશ્ચાત્તાપ થયો. તેની પત્ની સમજુ અને શાણી હતી. તેને શેઠની ઉદારતામાં વિશ્વાસ હતો. તેણે પોતાના પતિને હારના માલિક શેઠને ત્યાં જ હાર ગીરવે મૂકી પૈસા લેવા મોકલ્યો. શેઠે પોતાના હારને ઓળખ્યો. શ્રાવકની દયનીય સ્થિતિનો ખ્યાલ કરી, હાર ગીરવે લઈ તેને નાણાં ધીર્યા. સદ્ભાગ્યે એ નાણાંથી શ્રાવક સારું કમાયો. અહીં નાણાં આપનાર અને લેનાર બન્નેના ભાવ ઉત્તમ હતા. દેણું ભરવા જેટલાં નાણાં મળતાં જ શ્રાવક શેઠને તે રકમ આપવા ગયો. શેઠે પોતાને ત્યાં ગીરવે મૂકેલો હાર તેને પાછો આપવા માંડયો ત્યારે શ્રાવકે આંખમાં આંસુ સાથે કહ્યું, 'શેઠ વિપરીત સંજોગોને કારણે મેં તમારો હાર ચોર્યો હતો. એ હાર તમારો જ છે માટે તમે રાખો.'

શેઠે જવાબ આપ્યો, 'ભાઈ, એ વખતે હું સામાયિકમાં હતો. હું સાધુસમાન વ્રતવાળો હતો. મેં હાર ઉતારીને ખીંટીએ મૂકયો હતો. એ વખતે હાર પરની માલીકી મારી નહોતી. તેથી આ હાર તમે જ લઈ જાઓ.' બન્ને વચ્ચે મીઠી રકઝક ચાલી. અંતે એ હારને ધર્મના કામમાં વાપરવાનું બન્નેએ નક્કી કર્યું. એ દિવસોમાં ઉપાશ્રયમાં સાધુ ભગવંત બિરાજમાન હતા. ઉપાશ્રયમાં રાજા પણ પધારેલા. એ સમયે શેઠે અને શ્રાવકે પોતાની ભૂલનું પ્રાયશ્ચિત આપવા ગુરુમહારાજને વિનંતી કરી, બનેલા બનાવની ચર્ચા થઈ. દરેકે પોતાના જીવનનું અવલોકન કરી પોતપોતાની ત્રૂટી શોધી કાઢી. હારના માલિક શેઠે કહ્યું કે મેં મારા સાધર્મિક ભાઈને સીધી મદદ ન કરી તેથી તેને ચોરી કરવાનો વખત આવ્યો. સાધુ મહારાજે કહ્યું, 'મેં' ઉપદેશ આપતાં સાધર્મિક ભક્તિની પ્રેરણા આપી હોત તો આ પરિસ્થિતિ ન સર્જાત. રાજાએ કહ્યું, 'મેં મારા રાજ્યની પ્રજાની પૂરી દેખભાળ ન કરી માટે ચોરીનો પ્રસંગ ઉપસ્થિત થયો.' આમ, દરેકે પોતાની ફરજનો વિચાર કર્યો. દરેક જાણ જો આમ સ્વની સાથે પરકલ્યાણનો વિચાર કરે તો સમાજમાં ભૌતિક અને આધ્યાત્મિક દુઃખ ઓછું કરવામાં તે સહાયભૂત થઈ શકે.

સાધર્મિક ભક્તિ માટે શેઠ જગડુશાનું નામ બહુ જાણીતું છે. ભક્તિ કરનારે નમ્ર રહેવું જોઈએ, લેનારની આબરુ સચવાય અને તેને જરૂરિયાત પ્રમાણે મદદ મળે એનો મહિમા સમજાવતો શેઠ જગડુશાનો સુંદર પ્રસંગ છે. ભયંકર દુષ્કાળની સ્થિતિમાં જગડુશાએ પોતે એકલાએ ત્રણ વર્ષ સુધી દાનશાળા ચલાવી હતી. પરિસ્થિતિ એટલી કપરી હતી કે ભલભલા આબરૂદારને પણ દાન લેવા આવવું પડે.. કેટલીકવાર જગડુશા પોતે દાન આપવા બેસતા. લેનારની આબરૂ સચવાય, તેને સંકોચ ન થાય તે માટે જગડુશા દાન આપતી વખતે વચ્ચે પડદો નાંખતા. પડદાની બીજી બાજુથી લેનારનો

ફક્ત હાથ અંદર આવે અને દાન લઈ લે. દાનની આવી અનોખી રીત જાણી તે જાતે જોવા માટે રાજા વિશળદેવ પોતે વેશપરિવર્તન કરી દાન લેવા આવ્યા. તેમણે પડદામાંથી હાથ લાંબો કર્યો. જગડુશા તે હાથની રેખા જોઈ ચમકયા. આ તો કોઈ રાજવીનો હાથ લાગે છે. રાજાને તો વધારે જરૂર હોય. તેથી કંઈક વધારે આપવું જોઈએ. પાત્ર પ્રમાણે વસ્તુ અપાય. જગડુશાએ તરત પોતાની પાસેનું એક મૂલ્યવાન રત્ન એ હાથમાં મૂકી દીધું. રત્ન જોઈ રાજાને નવાઈ લાગી. તેમણે પડદાની પાછળથી જ પૂછયું, આપે મને આ રત્ન શા માટે આપ્યું ? જગડુશાએ નમ્રતાપૂર્વક કહ્યું, 'લેનારના ભાગ્ય પ્રમાણે, એમની પાત્રતા પ્રમાણે અને જરૂરિયાત પ્રમાણે મેં આપ્યું છે. રાજા વિશળ દેવ આ ઉત્તર સાંભળીને પોતાના પ્રજાજન શેઠ જગડુશાની ઉદારતા, ભક્તિ, સમજ અને દૃષ્ટિ જોઈને આનંદ અને આશ્ચર્ય પામ્યા. તરત પોતે પડદા પાછળથી પ્રગટ થઈ જગડુશા માટે અહોભાવ વ્યક્ત કર્યો. પોતાના રાજ્યમાં આવું નરરત્ન છે તેનું તેમણે ગૌરવ અનુભવ્યું.

દરિદ્રતાના અનર્થો ઘણા હોય છે, જે ઠેર ઠેર જોવા મળે છે. આ અનર્થોમાંથી ઉગરવાનો મહત્ત્વનો એક માર્ગ છે ઉદારતાપૂર્વકની સાધર્મિકભક્તિ. આ ભક્તિ એટલે માત્ર થોડા વખત માટે ચાલે તેવી આર્થિક સહાય નહિ, પરંતુ સાધર્મિક ભાઈબહેન સ્વાવલંબી બની શકે, જાત મહેનતથી જરૂર જેટલું કમાઈ શકે, જીવનભર સ્વમાનથી અને સંતોષથી જીવી શકે તેવી આયોજનપૂર્વકની સહાય વધુ સારું ફળ આપી શકે. સહાય લેનારની પણ ફરજ કે કર્તવ્ય રહે છે કે તેણે સહાય આપનારનું કલ્યાણ ઈચ્છવું, પોતાનાથી બની શકે તેટલી બીજાને મદદ કરવી. મહત્ત્વનું તો એ છે કે તેઓએ એવો પુરુષાર્થ કરવો કે ફરી સહાય લેવાનો પોતાને વખત જ ન આવે..

સાધર્મિક ભક્તિ એટલે ગરીબોને મદદ કરવી એટલો સંકુચિત અર્થ કરવાની જરૂર નથી. ગરીબોને મદદ કરવી એ તો જરૂરી છે જ. પરંતુ રાજ્યસત્તા સારી હોય, સમાજવ્યવસ્થા સુદૃઢ હોય, આર્થિક આયોજન સદ્ધર હોય, પ્રજા જાગ્રત, મહેનતુ અને ઉદાર હોય તો લોકોને આર્થિક મુશ્કેલીઓ રહે નહિ. તમામ નાગરિકો અન્ન, વસ્ત્ર, આવાસ, શિક્ષણ, ઔષધોપચાર વગેરેની બાબતમાં સ્વાવલંબી બની શકે. તેવે વખતે દ્રવ્યના પ્રકારની સાધર્મિક ભક્તિનો અવકાશ ઓછો રહે, તો પણ માનસિક મુશ્કેલીઓમાં બીજાને સહાયરૂપ બનવા માટેની તથા સત્કાર્યોની અનુમોદના કરવાના પ્રકારની ભાવથી સાધર્મિક ભક્તિ કરવાનો અવકાશ તો હંમેશા રહેવાનો જ. એટલે જ ભગવાન મહાવીરે અને આપણા પૂર્વાચાર્યોએ સાધર્મિક ભક્તિને શ્રાવકાચારનું એક અનિવાર્ય અંગ તરીકે ગણાવ્યું છે.

●

# જૈન તત્ત્વજ્ઞાન વિભાગ

## જન્મ મરણનું વિજ્ઞાન
## જીવોની ઉત્પત્તિ–કર્માધીન સ્થિતિ

**ડૉ. કવિન શાહ**

**ભૂમિકા :**

ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીએ પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીને ત્રિપદીનું વિશિષ્ટ કોટિનું જ્ઞાન પ્રદાન કર્યું. તે ઉપરથી ગણધર ભગવંતે બાર અંગરૂપ આગમનું સર્જન કર્યું.

श्री वर्द्धमानात् त्रिपदीमवाप्य मुहूर्त मात्रेत्र कृतानि येन, अंगानि पूर्वाणि चतुर्दशाऽपि च, गौतमोयच्छतु वांछितं मे ॥२॥ गौतमाष्टक त्रिपदी उप्पन्नेइ, विणमेइ, धुवेइ - આ ત્રણ પદ છે, પદાર્થો ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને શાશ્વત રહે છે. વિશ્વના પદાર્થોનું સ્વરૂપ સમજવા માટે આ ત્રણ પદ મહત્ત્વનો ભાગ ભજવે છે. કેટલાક પદાર્થો એવા પણ છે કે જે શાશ્વત છે. કાળાંતરે પણ નાશ થતો નથી. આત્મા એવો એક પદાર્થ છે કે જેનો નાશ થતો નથી. તે સંદર્ભમાં જન્મ મરણનો અતિ ગંભીર ગૂઢ અને રહસ્યમય પ્રશ્ન સમજવો આવશ્યક છે. જન્મ મરણ સાથે આત્માને નિકટનો સંબંધ છે.

જૈન દર્શનમાં આત્માને શાશ્વત માનવામાં આવે છે. અનેકવિધ કર્મોથી લેવાયેલો આત્મા શુભાશુભ કર્મપ્રમાણે ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે છે. જન્મ એટલે ઉત્પત્તિ. મરણ એટલે નષ્ટ થવું, નાશ પામવું. આત્મા શાશ્વત છે એમ સ્વીકારીએ એટલે કર્માનુસાર જીવ શરીર ધારણ કરે છે અને તેનો કાળક્રમે નાશ થાય છે. મરણ એ શરીરનો નાશ દર્શાવે છે. આત્મા મરણ પછી અન્ય શરીર કર્માનુસાર ધારણ કરે છે. જન્મ અને પુનર્જન્મની વચ્ચે મૃત્યુ સ્થાન ધરાવે છે. આત્માએ જ્યાં સુધી આઠ કર્મનો સર્વથા ક્ષયો કર્યો નથી ત્યાં સુધી જન્મ-મરણનું દ્વન્દ્વ વળગ્યું છે એ નિશ્ચિત છે.

જન્મ-મરણનું શાસ્ત્રીય જ્ઞાન વૈજ્ઞાનિક રીતે વિચારવા જેવું છે. તેમાં સૌપ્રથમ આત્મતત્ત્વ શાશ્વત છે એમ સ્વીકારીને કર્મવાદ પ્રમાણે આત્મા કર્માધીન શરીર ધારણ કરે છે અને જે તે યોનિમાં જન્મ્યા પછી જેટલો આયુષ્યનો બંધ પડ્યો હોય તેટલું

આયુષ્ય ભોગવે છે. આ શાસ્ત્રીય હકીકતનો વિસ્તારપૂર્વક અભ્યાસ એ જન્મ મરણના વિજ્ઞાનનો વિષય છે.

**● કર્મવાદમાં આઠ કર્મ છે :**

इदं माणावरण-वेअ मोहाउ नाम गोआणि,

विग्धं च पणनवदु अट्ठवीस चउतिसय दुपणविहं ।।३।। (કર્મગ્રંથ)

કર્મના આઠ પ્રકાર છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. તેના ઉત્તરભેદ અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્ઠાવીશ, ચાર, એકસો ત્રણ, બે અને પાંચ મળી કુલ એકસો અઠ્ઠાવન ભેદ થાય છે. આઠ કર્મમાં પાંચમું આયુષ્યકર્મ છે. આ કર્મ જીવને સંસારમાં જકડી રાખે છે. તેના ક્ષયથી જીવને અક્ષય પદ મળે છે. આયુષ્ય કર્મના ચાર પ્રકાર છે.

सुरनर तिरि निरियाऊ हडिसरिस नाम कम्म चित्तिसमं,

बायाल ति नवइविह, तिउत्तरसयं स सत्तट्ठा ।।२३।। (કર્મગ્રંથ)

દેવાયુ, નરકાયુ, તિરિવાયુ (તિર્યંચ) અને નરકાયુ એમ ચાર ગતિ પ્રમાણે આયુષ્યકર્મ ચાર પ્રકારનું છે. આ કર્મ બેડી (બંધન) સમાન છે. કોઈ વ્યક્તિને જેટલો વખત જેલ ભોગવવાની નક્કી થઈ હોય એટલો વખત બંદીખાનામાં રહેવું પડે છે. દેવોનું આયુષ્ય લાંબુ અને સુખ પણ ઘણું છતાં તેઓ તેને જેલ સમજે છે અને છૂટવા મથે છે. કોઈ માણસ રોગની પીડાથી ગમે તેટલો રીબાતો હોય પણ આયુષ્ય કાળ પૂર્ણ થયા વિના મરતો નથી. આયુષ્ય પ્રદેશો દળથી પૂરેપૂરા ભોગવાય છે. સ્થિતિ ઓછી થઈ શકે છે. સોપક્રમી આયુષ્ય સાત પ્રકારે તૂટે છે. જ્યારે નિરૂપક્રમની આયુષ્ય પૂર્ણ રીતે ભોગવાય છે. આત્મા શુભાશુભ કર્મ પ્રમાણે જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે ગતિમાં આયુષ્ય પૂર્ણ કરે છે અને પુનર્જન્મ થાય છે. એક ગતિનું આયુષ્ય પૂર્ણ થાય છે તે માટે કાળધર્મ શબ્દ અને વ્યવહારમાં મૃત્યુ, મરણ, દેવલોક પામ્યા, સ્વર્ગવાસ થયો, કૈલાસધામ સીધાયા. અરિહંત શરણ થયા જેવા શબ્દપ્રયોગો થાય છે જે 'મરણ' ના પર્યાયવાચી છે. જૈનધર્મમાં 'કાળધર્મ' કાળ એટલે સમય. આયુષ્ય સમય સાથે સંબંધ ધરાવે છે એટલે સમય પૂર્ણ થયો. સમય પોતાનો ધર્મ બજાવે છે. એટલે તે મરણનો સંદર્ભ દર્શાવે છે. કાળધર્મ એટલે આયુષ્ય પૂર્ણ થયાનો સંદર્ભ સમજવો. મૃત્ય પછી નવું શરીર ધારણ કરવું તે જન્મ એટલે જન્મ અને મરણની ઘટમાળ આત્માને અનાદિકાળથી વળગી છે તેનો નાશ કરવા માટે એકમાત્ર માનવ જન્મ જ સાર્થક છે. જન્મમરણના ચક્રમાં આત્મા કેન્દ્રસ્થાન છે.

**કર્મવાદની દૃષ્ટિએ** 'આયુષ્યબંધ' એ પારિભાષિક શબ્દ સમજવા જેવો છે. નવાં કર્મો ગ્રહણ કરવાની પ્રક્રિયા એટલે કર્મબંધ. કર્મનો ઉદય એટલે શુભાશુભ કર્મનું ફળ ભોગવવાનો કાળ. ઉદયમાં આવેલા કર્મને ખેંચીને ઉદયમાં લાવવા તે ઉદીરણા. આત્માનું મૂળભૂત આઠ ગુણોમાં અક્ષય સ્થિતિ ફરી જન્મ-મરણની જંજાળમાં ફસાવાનું હોતું નથી. સંસારી જીવો ક્ષય સ્થિતિવાળા છે. કારણ કે એમને આયુષ્ય કર્મના આવરણથી જન્મમરણ કરવાં પડે છે. જન્મ, જીવન અને મરણ આ ત્રિવિધ ક્રમ નિશ્ચિત છે.

જન્મનો સમય, ગર્ભકાળ સાડા નવ મહિનાનો છે (મનુષ્ય) પછી થોડા સમયમાં જન્મ થાય છે. પણ ગર્ભાવાસનું અસહ્ય દુઃખની શી વાત કરવી ? એ જ રીતે મરણ પણ સુધારવાની બાજી આપણી પાસે જ છે.

ઉપરોક્ત ભૂમિકાને આધારે જન્મ-મરણના પ્રકાર અને ગતિ વિશેની વિશેષ માહિતી નીચે પ્રમાણે છે.

● યોનિ એ જીવની ઉત્પત્તિનું સ્થાન છે અને એવી ૮૪ લાખ જીવાયોનિ છે. સાત લાખ પૃથ્વીકાય સૂત્રમાં આ વિશેની ગણતરી પ્રાપ્ત થાય છે.

તત્ત્વાર્થ સૂત્રમાં જણાવ્યું છે કે, "સમૂર્ચ્છિમ ગર્ભોપાતા જન્મ"

સમૂર્ચ્છિમ, ગર્ભજ અને ઉપપાત એમ ત્રણ પ્રકારે જન્મ થાય છે.

જીવવિચાર પ્રકરણમાંથી આ વિશે નીચેની માહિતી ઉપલબ્ધ થાય છે.

सव्वेजल थल खपरा समुच्छिमा गभ्भया दुहा हुंति
कम्मा कम्मगभूमि अंतरदीवा मणुस्साय ।। २३ ।।

(જીવવિચાર)

દરેક જલચર, સ્થલચર અને ખેચર જીવો બે પ્રકારે સમૂર્ચ્છિમ અને ગર્ભજ હોય છે. કર્મભૂમિ અકર્મભૂમિ અને અંતરદ્વીપમાં જન્મેલા મનુષ્યો છે. માતા-પિતા (નર-માદા)ના સંયોગથી ઉત્પન્ન થઈ પોષણ પામી અમુકકાળે જન્મ થાય તે ગર્ભજ કહેવાય છે અને તે વિના તે ગર્ભજ જીવોના શરીરના તત્ત્વોના કે બીજા કેટલાક બાહ્ય સંયોગો મળે તેમાં જીવો ઉત્પન્ન થાય છે. તે સમૂર્ચ્છિમ જન્મ કહેવાય છે. એકેન્દ્રિય અને બેઈન્દ્રિયજીવો પોતાની ઉત્પત્તિને લાયક સંજોગો મળી જાય એટલે લગભગ પોતાની સ્વજાતિના આસપાસ ઉત્પન્ન થાય છે. તે ઈન્દ્રિય જીવો સ્વજાતિ જીવોના મળ-વિષ્ટા વગેરેમાં ઉત્પન્ન થાય છે. ચાર ઈન્દ્રિયવાળા જીવો જીવોની લાળ-મળ વગેરેમાંથી ઉત્પન્ન થાય છે. પંચેન્દ્રિય જળચરોમાં માછલાં વગેરે સમુર્ચ્છિમ અને

ગર્ભજ એમ બે પ્રકારના હોય છે. ભુજપરિસર્પ અને ઉરઃપરિસર્પ પણ બે પ્રકારના હોય છે. મનુષ્યો પંચેન્દ્રિયના અશુચિ સ્થાનમાં સમુર્છિમ મનુષ્યો હોય છે. પક્ષીઓમાં સમુર્છિમ પ્રાણીઓ સૂડા વગેરે સ્વજાતિના મૃત કલેવરોમાંથી ઉત્પન્ન થાય છે. ગર્ભજ પક્ષીઓ ઈંડામાંથી જન્મે છે તે અંડજ ગર્ભજ કહેવાય છે. મનુષ્યો, બળદ વગેરે જરાયુ-ઓરમાં વીંટાઈને જન્મે છે. તે જરાયુ જ ગર્ભ કહેવાય છે. કેટલાક પશુઓ જરાયુ કે ઈંડા વિના સીધા બચ્ચારૂપે જન્મે છે. હાથી વગેરે પોત જ ગર્ભજ કહેવાય છે.

આ રીતે સમુર્છિમ અને ગર્ભજ જીવો ઉત્પનન થાય છે.

ઉપપાત જન્મ વિશે નીચે મુજબ વિગતો છે. દેવ અને નરકના જીવો ઉપપાત જન્મવાળા હોય છે. દેવલોકમાં ફૂલ જેવી શય્યા ઉપર શુભ પુદ્‌ગલોના સમૂહથી યૌવનપણે જન્મ થાય છે.

નરકના જીવો અશુભ પુદ્‌ગલોરૂપ કુંભપાકમાંથી ઉત્પન્ન થાય છે.

આ રીતે વિવિધ પ્રકારે જીવોની ઉત્પત્તિ જાણવી. જન્મ વિશેની શાસ્ત્રીય માહિતી પ્રાપ્ત કર્યા પછી મરણ વિશેની કેટલીક મહત્ત્વની વિગતો જાણવી જરૂરી છે.

● આત્મા નિશ્ચિત આયુષ્ય પૂર્ણપણે ભોગવીને શુભાશુભ કર્મ-આયુષ્ય બંધ જે ગતિનો કર્યો હોય તે ગતિમાં જાય છે. મરણ એ આત્માનું નથી. શરીરનું છે. આત્મા શરીરનો ત્યાગ કરે છે તેને મરણ કહેવાય છે. પણ આત્મા શરીરનો ત્યાગ કરીને અન્ય ગતિમાં ઉત્પન્ન થાય છે. માણસ સુખમય કે દુઃખમય કે બન્નેના મિશ્રણવાળી સ્થિતિમાં જીવે છે તેમ મરણ-અંતિમ સ્થિતિના સંદર્ભમાં તેના પ્રકાર વિશે શાસ્ત્રીય વિગતો પ્રાપ્ત થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાંથી નીચે પ્રમાણે મરણ વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. આ અંગે પાંચમું અધ્યયન મહત્ત્વનું છે.

અકામ મરણ, બાળક, મૂર્ખ, વગેરેનું મરણ ઇચ્છાપૂર્વકનું નથી. તેઓ અનિચ્છાએ મરે છે તેથી તે અકામ મરણ કહેવાય છે.

સકામ મરણ તેને પંડિત મરણ કહેવામાં આવે છે. તે એક જ વાર થાય છે. ચારિત્રધારી મુનિઓને સાત-આઠ વાર થાય છે.

અકામ મરણ ઈન્દ્રિયસુખની લાલસાવાળા અને ક્રૂર વિષયી જીવો વારંવાર અકામ મરણ પામે છે. શક્તિ વિના મનથી દુષ્કર્મો કરી ફરી ફરીને મરે છે. જે જીવો કામભોગમાં રચ્યાપચ્યા રહે છે. તે જીવો મરીને નરકમાં જાય છે. આ જીવો કામભોગમાં માને છે. પરલોકમાં માનતા નથી. વળી કામભોગ તો પ્રત્યક્ષ સુખ છે તે છોડીને ભવાંતરમાં સુખ મળશે એવા પરોક્ષ સુખમાં માનતા નથી. આ જીવો હિંસક સ્વભાવ-વાળા, અજ્ઞાની અને મૃષાવાદી હોય છે. પિશુનતા, શઠતા, માયાવી, માંસ-મદિરા

ભક્ષક વગેરેને માને છે અને જીવન જીવે છે. કાયા અને વચન વડે ગર્વિષ્ટ, ધન અને સ્ત્રી વિશે આસક્ત રાગ અને દ્વેષ વડે અશુભ કર્મ સંચય કરનાર જીવો અકામ મરણ પામે છે. આ જીવો ધર્મનો માર્ગ છોડીને અધર્મનો માર્ગ વિચરે છે અંતે મૃત્યુ પામી અપાર શોક કરે છે.

પંડિત મરણ - ધર્મ શિક્ષા પામેલા દેશવિરતિ ઘર ગૃહસ્થો પણ ધર્મ કરી ઔદારિક શરીરથી મુક્ત થાય છે. એટલે કે દેવ થાય છે. તેવા ગૃહસ્થને પંડિત મરણ નહિ પણ બાળ પંડિત મરણ થાય છે. જન્મ તો એક જ રીતે માતાની કુક્ષિથી થાય છે. પણ મરણ તો અનેક રીતે થાય છે. મરણની સર્વોત્તમ રીત સમાધિ મરણ છે. અકસ્માત અગ્નિપ્રવેશ, દરિયામાં ઝંપલાવવું, વિષપાન, રોગગ્રસ્ત દશા, આપઘાત, કૂતરાની જેમ રસ્તા પર રખડતા મરવું વગેરેથી મૃત્યુ થાય તે સમાધિ મરણ નથી. સમાધિ મરણ જીવનની સફળતાનું સૂચન કરે છે. દશવૈકાલિક સૂત્રમાં જણાવ્યા પ્રમાણે

खस्स धम्मे सचा मणा ।

જેનું ધર્મમાં સદા મન રંગાયેલું છે એવો આત્મા જીવનના અંત સમયે પણ ચિત્તની સ્થિરતા રાખીને ધર્મમાં જ નિમગ્ન રહે છે. દેહાસક્તિ કે ભૌતિક પદાર્થો, પત્ની-પુત્ર-પરિવાર કે સંપત્તિ વગેરેની તૃષ્ણા કે મમતા હોતી નથી. માત્ર ધર્મ એ જ શરણ છે. એવી અંતરંગ ભાવનાથી મન રંગાયેલું રહે છે. બહિરાત્માના પોષણ માંટે જીવનનો બહુકાળ નિગર્મન કર્યા પછી અંત સમયે અંતરાત્મા અને ધર્મ કયાં યાદ આવે ? સમાધિ એ તો જીવનભરની જાગૃત સાધના છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રની રમણતામાં ઓતપ્રોત થયેલો આત્મા સહજ રીતે સમાધિ સાધ્ય કરી શકે છે. બાકી તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને કારણે આત્મા મરીને નરકગતિમાં ધકેલાઈ જાય છે. મન અતિ ચંચળ છે. તેમાં અનેક વસ્તુનો સંગ્રહ થયો છે એવા મનને સ્થિ કરવા માટે ધમનું શરણ એક અમોઘ શાસ્ત્ર છે. અંત સમયે જેવી મતિ તેવી ગતિ થાય છે. સર્વ જીવો પ્રત્યે ક્ષમાપનાનો ભાવ, મિચ્છામિ દુક્કડં અને ચાર શરણ સ્વીકારીને તેમાં મનને સ્થિર કરવાથી મરણ સુધરે છે.

ભાગવતીસૂત્રમાં પણ મરણ વિશેનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. (શતક-૧૩, ઉદ્દેશક-૭) આ આગમ સૂત્ર અનુસર મરણના પાંચ પ્રકાર છે.

૧ આવીચિક મરણ, ૨. અવધિ મરણ, ૩. આત્યન્તિક મરણ, ૪. બાળ મરણ, ૫. પંડિત મરણ.

અગમનિગમનું જ્ઞાન પર્ષદાને સૂક્ષ્મ રીતે થાય છે. તે માટે ગૌતમ સ્વામીના પૂછવાથી ભગવંતે કહ્યું છે કે જેમ તળાવમાં કે સમુદ્રમાં પહેલું મોજું ઉત્પન્ન થાય છે.

અને પાછળથી નાશ પામે છે. તેવી રીતે જે જીવાત્માએ આયુષ્ય કર્મના જેટલા પ્રમાણમાં દલીકો બાંધ્યા હોય છે તે પોતાની સ્થિતિ પ્રમાણે પ્રતિ સમય ઉદયમાં આવતા જાય છે અને બીજા સમયે ઉદયમાં આવનારા દલિકો સાથે પહેલાના દલિકો નાશ પામે છે. તે મૃત્યુનું નામ આવીચિક મરણ કહેવાય છે. ઉદાહરણરૂપે વિચારીએ તો ગત ભવમાં મનુષ્ય ગતિનું આયુષ્ય કર્મ બાંધીને અને તે ભવ પૂર્ણ કરીને જે સમયે માતાની કુક્ષિમાં આવે છે ત્યારથી મનુષ્ય ભવના આયુષ્ય કર્મનું વેદન ચાલુ થાય છે. નિષેક અવસ્થાની મર્યાદામાં પ્રવેશ પામેલા તે કર્મ દલિકો પ્રતિસમય વેદાતા જાય છે અને નિર્જરાતા જઈને નાશ પામે છે. પ્રત્યક્ષ દેખાતા સંસારના સ્વરૂપનો નિર્ણય કોઈક સમયે વ્યવહાર પદ્ધતિએ કરાતો હોય છે. જ્યારે બીજા સમયે નિશ્ચય પદ્ધતિએ કરાતો હોય છે. બન્ને દૃષ્ટિ પોતપોતાના સ્થાનમાં પ્રધાન છે. તેમ છતાં પણ નિશ્ચયદૃષ્ટિનો અપલાપ કરીને કેવળ વ્યવહાર દૃષ્ટિથી જ કરેલા નિર્ણયથી જીવનમાં ઘણા પ્રકારે અજ્ઞાન રહેવા પામશે. મતિજ્ઞાનનો સાચો ઉપયોગ તો વ્યવહાર અને નિશ્ચયનય સાથે રાખીને વિચારવામાં રહેલા છે. યદિ પ્રથમ સમયથી આયુષ્યકર્મ દલિકાનો ક્ષય સ્વીકારવામાં આવે તો મૃત્યુ સમયમાં એકસામટા દલિકાનો ક્ષય પણ શી રીતે થશે ? અને બાલ્યકાળ, યુવાવસ્થા, તરૂણકાળ અને વૃદ્ધાવસ્થાની પ્રાપ્તિ પણ સુલભ શી રીતે બનશે ?

માટે ચાલતું હોય તે ચાલ્યું. વેદાતું હોય તે વેદાયું મરતું હોય તે મરાયું અને નિર્જરાતું હોય તે નિર્જરાયું. સારાંશ એ કે પ્રતિસમય માણસનું મરણ થઈ રહ્યું છે. એમ સમજીને જીવ માત્રે અજ્ઞાન, મોહ, માયા, આદિના કુસંસ્કારોને છોડીને વૈરાગ્યવાસિત થઈને રહેવું જેથી આવતા ભવને માટે સદ્ગતિનું આયુષ્ય સરળતાથી બંધાય.

અવધિમરણ - અવધિ એટલે સમય મર્યાદા. જેટલા સમયનું આયુષ્ય ઉપાર્જિત કર્યું હોય તે કર્મોને કારણે જ્ઞાન-અજ્ઞાન, સુખદુઃખ, સંયોગ-વિયોગ, પાપ-પુણ્ય આદિથી પૂર્ણ કરીને વર્તમાન આયુષ્યના અંતિમ પરમાણું નાશ પામે છે. એટલે કે અવધિપૂર્ણ થતાં મૃત્યુ થાય છે.

આત્યાન્તિક મરણ - નરકાદિ આયુષ્ય કર્મ દલિકાને ભોગવીને જીવ મરે છે અને મરીને એ જ આયુષ્યકર્મ દલિકોને ભોગવ્યા વિના તેનું જે આગામી મરણ થશે તે આત્યાન્તિક મરણ છે.

બાળમરણ, ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવ્યા પ્રમાણે અકામ મરણ એ બાળ મરણ કહેવાય છે.

પંડિત મરણના બે પ્રકાર છે. ૧. પાદપોગમ મરણ ૨. ભક્ત પ્રત્યાખ્યાન મરણ.

સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિ વિષય-કષાયને અત્યંત પાતળા કરવા માટે, ફરીથી સંસાર વૃદ્ધિ ન થાય તે માટે મરણાંતિક સંલેખનાપૂર્વક પોતાના શરીરને ઝાડની જેમ સર્વથા નિશ્ચલ બનાવે છે. મન, વચન અને કાયાના હલનચલનને જ્ઞાનપૂર્વક અવરોધી લે છે. આવી સ્થિતિમાં મૃત્યુ પામતો સાધક પાદપોગમ મરણનો અધિકારી કહેવાય છે.

જ્યારે પોતાના અદમ્ય પુરૂષાર્થ વડે આત્માની શક્તિઓનો વિકાસ સાધતો સાધક ચાર પ્રકારના આહારનો અને આહાર જન્મ વિષય કષાયોનો ત્યાગ કરીને મરણ પામે તે ભક્ત પ્રત્યાખ્યાન મરણ કહેવાય છે.

૧. દ્રવ્ય આવીચિક મરણ, ૨. ક્ષેત્ર-આવીચિક મરણ, ૩. કાળ આવીચિક મરણ, ૪. ભાવ આવીચિક મરણ, ૫. ભવ આવીચિક મરણ.

નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવનું દ્રવ્ય આવીચિક મરણ છે. નરક ગતિમાં રહેલા નારકે જે રૂપે આયુષ્યકર્મ બાંધ્યું હોય (જેમ કે મજબૂત વધારે રસવાળું, વધારે સ્થિતિવાળું બાંધ્યું હોય) તે કર્મ નરકભૂમિમાં જવાના સમયથી પ્રતિસમય ભોગવાતું રહે છે અને ભોગવાયેલું કર્મ આત્મપ્રદેશથી છૂટું પડે છે. એ જ પ્રમાણે તિર્યંચ, મનુષ્ય અને દેવની સ્થિતિ જાણવી.

ક્ષેત્રાવીચિક મરણ પણ ઉપર પ્રમાણે પાંચ ભેદે અને પ્રત્યેકના ચાર ચાર ભેદે જાણવું, કેમ કે નરક ગતિના ક્ષેત્રમાં ભોગવવા યોગ્ય આયુષ્ય દલિકો નરક ક્ષેત્રમાં ભોગવવાના હોય છે. કાળાવીચિક મરણ નરકગતિમાં ગયા પછીના કાળમાં આયુષ્ય દલિકો ભોગવવાના હોય છે.

(ભગવતી સૂત્ર સાર ભા. ૩ પા. ૨૧૧)

**આયુષ્યનો બંધ**

ક્ષણે ક્ષણે સાત કર્મોનો બંધ થાય છે. જ્યારે જીવનમાં એક જ વાર આયુષ્ય કર્મનો બંધ થાય છે.

કરી શકો ધર્મ કરણી સદા, તો કરો એહ ઉપદેશ રે,
સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે.
જુજુઆ પર્વ ષટના કહ્યાં ફળ ઘણાં આગમે જોય રે,
વચન અનુસાર આરાધતા સર્વથા સિદ્ધિ ફળ હોય રે.
જીવને આયુ પરભવ તણો, તિથિ દિને બંધ હોય પ્રાયઃ રે.
તે ભણી એહ આરાધતાં, પ્રાણીઆ સદ્ગતિ જાય રે.

ધર્મવાસિત પશુ પંખિયાં, એહ તીર્થંકરે ઉપવાસ રે,
વ્રતધારી જીવ પોસહ કરે, જેહનો ધર્મ અભ્યાસ રે.

ધર્મશાસ્ત્રમાં ૨-૫-૮-૧૧-૧૪ વગેરેને પર્વ તિથિ કહેવામાં આવે છે. દર ત્રીજા દિવસે એક પર્વ તિથિ આવે છે તે મુજબ ૨-૫-૮-૧૧-૧૪ પર્વ તિથિ છે. આયુષ્યનો બંધ આ તિથિએ પડે છે એટલે આ તિથિની ઉત્તમ રીતે આરાધના કરવી જોઈએ. સામાયિક, પૌષધ, તપશ્ચર્યા, દાન, પુણ્ય, સ્વાધ્યાય આદિ કર્તવ્યો કરીને આરાધના કરવી જોઈએ. આરંભ-સમારંભ અને પાપની પ્રવૃત્તિઓનો તિથિએ ત્યાગ કરવો જોઈએ.

સામાયિકમાં રહેલો આત્મા ૨૪૫૪૦૮ પલ્યોપમનું દેવગતનિું આયુષ્ય બાંધે છે. લોગસ્સના કાઉસ્સગમાં આયુષ્યનો બંધ પડે તો ૧૯૬૩૨૬૭ પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય બંધાય છે. જેનું મરણ ઉજ્જવળ તેનો આવતો ભવ સુધરી ગયો. મરણ સમયે જૈવી મતિ હોય છે તેવી ગતિ થાય છે. અંત સમયે નવકાર મંત્રનું સ્મરણ અને શ્રવણ પણ ગતિ સુધારી શકે છે. એટલે જ નવકારમંત્રનો મહિમા દર્શાવતાં કવિ કહે છે કે જીવતાં સમરો, મરતાં સમરો, સમરો સૌ સંગાથ.

મરણજ્ઞાન : મરણ અત્યંત રહસ્યમય અને અગમ્ય ઘટના છે તેના વિશે ઘણું ચિંતન થયું છે. મરણનું જ્ઞાન જ્યોતિષશાસ્ત્ર, સ્વરવિદ્યા અને વૈદકશાસ્ત્ર દ્વારા જાણી શકાય છે. કેટલાક આરાધક આત્માઓ પણ પોતાના મરણને જાણી શકે છે. કળિકાળ સર્વજ્ઞ આ.શ્રી હેમચંદ્રસૂરીજીએ યોગશાસ્ત્ર ગ્રંથના પાંચમા પ્રકાશમાં કેટલીક માહિતી આપી છે તે અત્રે પ્રગટ કરવામાં આવે છે.

પ્રશ્ન જ્યોતિષ દ્વારા પ્રશ્નનો તાત્કાલિક ઉત્તર મળે છે. આયુષ્ય સંબંધી પ્રશ્ન પૂછાય ત્યારે કુંડળીમાં ૪-૭-૧૦મા સ્થાનમાં ક્રૂર ગ્રહો હોય તથા ચંદ્રમા ૬/૮માં સ્થાનમાં હોય ત્યારે મૃત્યુ થાય છે.

ચંદ્રલગ્નમાં ૧૨મે શનિ, નવમે મંગળ આઠમે સૂરેય અને ગુરુ બળવાન ન હોય તો મરણ થાય છે. ૬ અથવા ૩માં સૂર્ય હોય ચંદ્રમા ૧૦મે હોય તો ત્રીજા દિવસે મૃત્યુ થાય છે.

સાતમે ધન રાશિ, આઠમે મિથુનરાશિમાં ગ્રહો હોય તો વ્યાધિ થાય પછી મરણ થાય.

જ્યોતિષ શાસ્ત્રની રીતે મરણજ્ઞાન આ રીતે થાય છે.

સ્વરવિદ્યાને આધારે આયુષ્યજ્ઞાનની વિગતો નીચે પ્રમાણે છે.

જો એક અહોરાત્રિ સૂર્યનાડી ચાલે તો ત્રણ વર્ષે મરણ થાય છે. બે અહોરાત્રિ ચાલે તો બે વર્ષ અને ત્રણ અહોરાત્રિ ચાલે તો ૧ વર્ષે મરણ થાય છે.

એક મહિના સુધી સૂર્ય નાડી ચાલે તો એક અહોરાત્રિમાં મરણ થાય છે. જો તેટલો સમય ચંદ્ર નાડી ચાલે તો ધનનો નાશ થાય છે.

ઈંડા, પિંગલા અને સુષુમ્ણા ત્રણ નાડી સાથે ચાલે તો બે પહોર પછી મરણ થાય છે.

છ દિવસ સૂર્ય નાડી ચાલે તો ૧૦૫૬ દિવસ જીવે.

સાત દિવસ એક સરખી નાડી ચાલે તો ૧૦૦૮ દિવસ જીવે.

એક જ નાડી નવ દિવસમાં ચાલે તો ૮૪૦ દિવસ જીવે.

જે માણસને છીંક, વિષ્ટા, વીર્યસ્ત્રવ અને મૂત્ર એક સાથે થાય તો તે માણસ એક વર્ષમાં તે જ સ્થિતિમાં મરણ પામે છે.

● આયુષ્ય કાળ અંગે વિચારીએ તો સૌથી ઓછું આયુષ્ય નિગોદના જીવોનું છે. તેઓ એકપણ કાયમાં સાડાસાત વાર જન્મમરણ કરે છે. એમને પણ આયુષ્યનો બંધ પડે છે. નિગોદનો ભવ ક્ષુલ્લક છે. આવો એક ભવ ૨૫૬ આવલિકાનો હોય છે. તેની ગણતરી જોઈએ તો એક અંતરમુહૂર્ત બરાબર બેઘડી એટલે ૪૮ મિનિટ એટલે ૧૬૭૭૨૧૬ આવલિકા થાય તેમાં નિગોદના જીવ ૬૫૫૩૬ ક્ષુલ્લકભવો કરે છે. હવે અને નરકગતિમાં હજારો વર્ષ સાગરોપમ અને પલ્યોપમનું આયુષ્ય સ્થિતિ હોય છે. મનુષ્ય ગતિમાં ૧૦૦ અને કોઈ આત્મા તેથી અધિક આયુષ્ય ભોગવે છે.

આયુષ્ય તીવ્ર અને સંકિષ્ટ અધ્યવસાયમાં બંધાય છે. અંતરમુહૂર્ત કાળ પ્રમાણ સુધી જીવ જેવા શુભાશુભ અધ્યવસાયમાં હોય તે કાર્મણ વર્ગણાને ખેંચી લે છે. કાર્મણ વર્ગણાને આયુષ્યના દળિયારૂપ સ્થિતિ કરી આયુષ્ય કર્મ બંધાય છે. આયુષ્ય કર્મ પુદ્ગલો દળિયા તે દ્રવ્ય આયુષ્ય અને દ્રવ્ય આયુષ્યની સહાયથી જીવ જેટલો કાળ જીવે તે કાળ આયુષ્ય છે. દ્રવ્ય આયુષ્ય પૂર્ણ થયા પછી મરણ થાય છે. અકસ્માત, આપઘાત વગેરેથી મરનાર વ્યક્તિનું મૃત્યુ થાય ત્યાર પહેલાં બધા જ આયુષ્યના પુદ્ગલો ખેંચીને વાપરી લે છે. પછી મૃત્યુ થાય છે. એક ભવનું જે તે નિશ્ચિત આયુષ્ય તે જ ભવમાં ભોગવાય છે. એક ભવનું આયુષ્ય બીજા ભવમાં સાથે આવતું નથી. એક ભવમાં એકવાર આયુષ્ય બંધાય અને તે જ ભવમાં ભોગવાઈને પૂર્ણ થાય છે.

આયુષ્યના બે પ્રકાર છે. (આયુષ્ય બંધની રીતે)

સોપક્રમી અને અને નિરૂપક્રમી.

સોપક્રમી આયુષ્ય શસ્ત્ર, અગ્નિ, જળ, વિષ આદિના આઘાતથી તૂટી જાય છે. આ આયુષ્યને અપવર્તનીય આયુષ્ય પણ કહેવાય છે.

અનપવર્તનીય આયુષ્ય સોપક્રમી અને નિરૂપક્રમી બે પ્રકારનું છે.

જે આયુષ્યનો ભોગકાળ બંધ કાળની સ્થિતિની મર્યાદાથી ઓછો કાળ હોય તે અપવર્તનીય આયુષ્ય છે. એટલે કે શસ્ત્ર, અગ્નિ, જળ આદિથી આયુષ્ય તૂટે છે.

જો આયુષ્યનો બંધ તીવ્ર પડયો હોય તો શસ્ત્રાદિ નિમિત્તોથી આયુષ્ય તૂટી જતું નથી. એટલે કે નિશ્ચિત આયુષ્ય ભોગવ્યા બાદ મૃત્યુ થાય છે. દેવો અને નારકો અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા હોય છે. તિર્યંચો, મનુષ્યો, યુગલિકો ચક્વર્તી બળ દેવ, વાસુદેવ અને ગણધર વગેરેનું આયુષ્ય નિરૂપક્રમી હોય છે.

સોપક્રમી આયુષ્યના સાત ભય :

(૧) અધ્યવસાય, રોગજન્ય, સ્નેહજન્ય, ભયજન્ય વગેરે.

(૨) નિમિત્ત-શસ્ત્ર, અગ્નિ, જળ, વિષ વગેરે.

(૩) આહાર- અતિ આહાર, અનશન, વિષ આહાર.

(૪) વેદન-રોગ શૂળની વેદનાથી.

(૫) સ્પર્શ - સર્પ, વીંછીનાં ડંખ અને શ્વાસોશ્વાસથી.

(૬) શ્વાસ રોકવાથી ઘણા શ્વાસોશ્વાસથી.

(૭) પરાઘાત-નદી, સમુદ્ર, કૂવો વગેરેમાં ઝંપલાવવું.

શ્વાસોશ્વાસ એ જીવન છે. શ્વાસ બંધ થવો એ મૃત્યુ છે. જૈન દર્શનમાં જીવના ૧૦ પ્રાણમાં શ્વાસોશ્વાસને સ્થાન છે. પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ-મન-વચન-કાયા શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ ૧૦ પ્રાણ જીવના હોય છે. હસ્તરેખા ને આધારે આયુષ્યની આગાહી થઈ શકે છે. મણિબંધથી અને હથેલીના સાંધાથી પિતાની ગોત્ર રેખા ચાલે છે અને ધન-દાન તથા આયુષ્ય રેખા ચાલે છે. એ ત્રણ રેખા તર્જની અને અંગુઠાની વચ્ચે જાય છે. જેમની આ ત્રણ રેખાઓ સંપૂર્ણ તથા દોષરહિત હોય તેઓ ધન અને આયુષ્ય સંપૂર્ણપણે મેળવે છે. આયુષ્યની રેખાથી જેટલી આંગળીઓ ઓળંગાય તે એક આંગળી બરાબર ૨૫ વર્ષ જાણવાં. ૧, ૨, ૪, ૫, ૬, ૭મા ગુણસ્થાનકે આયુષ્ય બંધાય છ. આગળના ગુણસ્થાનકોમાં પરિણામ સ્થિરતા તથા શુદ્ધિ છે. જેથી ત્યાં આયુષ્ય બાંધવા માટે અવકાશ નથી. આયુષ્ય ચાર ગુણ સ્થાનકથી છઠ્ઠા ગુણ સ્થાનકે સાધુઓ, મુનિઓ, મુનિપણાના ભાવમાં વર્તતા હોય તો દેવગતિનું આયુષ્ય બંધાય છે અને વિરાધક હોય તો મનુષ્ય ગતિનું આયુષ્ય બંધાય છે.

● ચાર ગતિના આયુષ્ય બંધની વિગતો નીચે મુજબ છે.

જે જીવો મહાપાપી હોય છે. જેણે ઘણાં પાપ કર્યાં હોય છે. તેઓ મરીને પાપકર્મોના ફળ ભોગવવાને માટે નરકગતિમાં જાય છે. ત્યાં અનેક પ્રકારની મહાભયંકર

વેદનાઓ ભોગવે છે. મહાઆરંભ-સમારંભ, મહા પરિગ્રહ, તીવ્ર કષાય, રૌદ્ર ધ્યાનના પરિણામ, પંચેન્દ્રિય જીવોનો વધ-હિંસા. સાત વ્યસન સેવન, અત્યંત વિષય-કષાયયુક્ત, મિથ્યાત્વી, વ્રતધારક, રાત્રિભોજન, ગુણીજનોની નિંદા વગેરે કર્મો કરનારા જીવો નરકગતિમાં ઉત્પન્ન થાય છે.

તિર્યંચગતિમાં ઉત્પનન થનારા જીવો માયાવી, કપટી, છલ કરનારા, વિશ્વાસઘાત કરનાર, ગૂઢ હૃદયવાળા શઠ, મૂર્ખ સ્વભાવ, શલ્યરહિત, બુદ્ધિવાળા બીજાને ઠગનારા, શીયળ વિનાના, મિથ્યાત્વનો ઉપદેશ આપનારા, ખોટા તોલ-માપ વડે વેપાર કરનારા, દુષ્ટ કર્મોની વાતો અને પ્રશંસા કરનારા, ભેળસેળ કરી વેચનારા, ખોટી સાક્ષી પૂરનારા, ચોરી કરનારા, સતત આર્તધ્યાન કરનારા, અતિઆહાર કરનારા, નીલ અને કાપોત લેશ્યવાળા જીવો તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે.

મનુષ્યગતિ અતિ અલ્પ આરંભ-સમારંભ, સરળ સ્વભાવી, કષાયો પાતળા હોય, દાનાદિ પુણ્યકાર્ય કરનારા, ક્ષમાભાવવાળા, કોમળ અને દયાના પરિણામવાળ ા પરમાત્માની પૂજા ભક્તિ કરનારા, ધર્મ ધ્યાન કરનારા, ન્યાયપ્રિય, ન્યાય-નીતિથી જીવન ધન અને વ્યવહાર ચલાવનારા, જયણા પાળનારા, સાધુસાધ્વીની ભક્તિ કરનારા, ગુણાનુરાગી, નિંદા નહિ કરનારા, પરોપકારની ભાવનાવાળા જીવો મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે.

ઉપરોક્ત નિમિત્તોથી જે તે ગતિનું આયુષ્ય બંધાય છે.

જન્મમરણ અને આયુષ્યકર્મની વિવિધ માહિતી મેળવ્યા પછી એક મહત્ત્વની માહિતીએ છે કે આયુષ્યપૂર્ણ કર્યા પછી જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં કઈ રીતે ઉત્પન્ન થાય છે તે પ્રશ્નનો જવાબ નીચે પ્રમાણે છે.

● એક ભવનું આયુષ્ય પૂર્ણ કર્યા પછી અન્ય ભવમાં જીવ બે રીતે ઉત્પન્ન થાય છે.

૧. ઈલિકાગતિ. ઈયળ જેમ પોતાનું આગળનું શરીર ફેંકીને પછી પાછળના શરીરને સંકોચીને ઇષ્ટ સ્થાનમાં જાય છે. તેવી રીતે જીવાત્મા પણ આત્મપ્રદેશોને દીર્ઘ દડાકાર કરીને ઉત્પત્તિ સ્થાનમાં જાય છે. તે વખતે મરણ સ્થાન અને ઉત્પત્તિ સ્થાન એ બન્ને સ્થાનમાં અને અન્તરાલમાં આત્મપ્રદેશની દીર્ઘક્ષેણિ લંબાયેલી હોય છે. ત્યારબાદ મરણસ્થાનમાં આત્મ પ્રદેશોને સંહરી લઈ સર્વ આત્મપ્રદેશો ઉત્પત્તિ સ્થાનમાં ખેંચી લે છે. તેને ઇલિકા ગતિ કહેવાય છે.

કન્દુક ગતિ : જેમ દડો સર્વાંશે ઉછળીને અન્ય સ્થાનમાં જઈ પહોંચે છે. તેમ આત્મા પણ સર્વ આત્મપ્રદેશો પીડિત થવાથી દડાની માફક અથવા તોપના ગોળાની જેમ ઉત્પત્તિ સ્થાનમાં પહોંચી જાય છે. તેને કન્દુક ગતિ કહેવાય છે. સંસારી જીવોને ઈલિકા અને કન્દુકગતિ હોય છે. સિદ્ધના જીવો મોક્ષમાં જતાં માત્ર કન્દુકગતિ હોય છે.

જીવાત્મા અન્ય સ્થળે ઉત્પન્ન થાય તે માટે ઋજુગતિ અને વક્રગતિ એવો પણ ક્રમ રહેલો છે.

ઊર્ધ્વલોકમાંથી અધોલોકમાં, અને અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં, પૂર્વથી પશ્ચિમમાં અને પશ્ચિમમાંથી પૂર્વમાં એમ સીધી દિશામાં જીવ જે એક સમયમાં ઉત્પન્ન થાય છે તે ઋજુગતિ કહેવાય છે. દિશાઓથી વિદિશાઓ ૨-૩-૪ સમય સુધીમાં એક ભવમાંથી બીજા ભવમાં જીવ ઉત્પન્ન થાય તેને વક્રગતિ કહેવાય છે.

આ રીતે જીવાત્મા એક ભવમાંથી બીજા ભવમાં ઉત્પન્ન થાય છે.

જન્મ-મરણ અંગેની વિવિધ માહિતી જાણીને જીવાત્માઓ સમાધિ મરણ મેળવવાનો પુરૂષાર્થ આદરવો જોઈએ અને અશુભ કર્મથી શકય તેટલા દૂર રહીને ધર્મધ્યાનમાં મનને કેન્દ્રિત કરવું જોઈએ. શુભ ભાવના ભાવતાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને જીરણ શેઠ જેવા સદ્ગતિને પામ્યા. એ દૃષ્ટાંતનો પણ વિચાર કરવા જેવો છે. કર્મવાદના અટલ નિશ્ચય સિદ્ધાંતો સમજે તેને માટે તો પાપ નહિ તીવ્ર ભાવે કરે જેહને નવિ ભવ રાગરે, ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા રાગ રે... ચેતન જ્ઞાન અજુવાળીએ. જેવી જીવનની સ્થિતિ હોય છે.

જમડા પ્રાણ લે છે એવી લૌકિક માન્યતા છોડીને આયુષ્ય કર્મની સ્થિતિ મર્યાદા પૂર્ણ થઈ એ જ વિચાર કેન્દ્રસ્થાને રાખવો જોઈએ. જૈન દર્શનનો કર્મવાદને આત્મસાત્ કરવામાં આવે તો જીવન અને મરણના રહસ્યને પામીને આત્મા પરમાત્માના માર્ગે પુરૂષાર્થ કરવા પ્રેરાય તેમાં કોઈ આશ્ચર્ય નથી. કર્માધીન સ્થિતિનો સ્વીકાર અને બાહ્ય નિમિત્તોને દોષ ન દેતાં સ્વકર્મની જ બલિહારી છે એમ માનીને સમતાપૂર્વક કર્મવિપાકમાં રહેવું એવી જ્ઞાની પુરૂષોની વાણીને અંતરમાં અંકિત કરવી જોઈએ.

આ વિષે કઠિન છે પણ દુર્બોધ નથી એમ જાણીને શાસ્ત્ર આધારભૂત ગ્રંથોની સૂચી આપવામાં આવી છે. તેનો અભસ કરવાથી વધુ સ્પષ્ટતા થશે અને શંકા-સમાધાન થશે. ગુરુ સાથે વાર્તાલાપ કરવાથી સત્સંગથી પણ આ ગૂઢ-રહસ્મય વિષયનું આત્મોપોગી જ્ઞાન ઉપલબ્ધ થશે તે સર્વવિદિત છે.

જયજિનેન્દ્ર


સંદર્ભ પુસ્તક સૂચી (વિશેષ વાંચન)

• ઉત્તરાધ્યયન સૂત્ર-ભાષાંતર • કર્મગ્રંથ વિવેચન • ભગવતીસૂત્ર સાર ભાષાંતર ભાગ ૧ થી ૪ • તત્ત્વાર્થ સૂત્ર • ગૌતમપૃચ્છા • જીવવિચાર પ્રકરણ • કર્મ તણી ગતિ ન્યારી • યોગ શાસ્ત્ર ભાષાંતર વિવેચન • આગમ દીપ પયન્નાસૂત્ર ૨૪ થી ૩૯.


•

# નરસિંહ મહેતાની કવિતા–ગુણસ્થાનકની અવસ્થા

**ડૉ. હંસા શાહ**

ભારતીય દર્શનોની મુખ્ય ત્રણ શાખા ગણા : વૈદિક, નૌદ્ધ અને જૈન. પહેલી શાખા બ્રાહ્મણપંથની અને બીજી બે શાખાઓ શ્રમણપંથની. બ્રાહ્મણ પંથનું મુખ્ય સાહિત્ય મુખ્યપણે સંસ્કૃતભાષાનું ગૌરવ વધારે છે. જ્યારે શ્રમણપંથનું સાહિત્ય મુખ્યપણે પાલી અને પ્રાકૃતભાષાનું ગૌરવ વધારે છે. બંને પંથની ભાષા સિવાયની ભિન્નતા અને અન્ય કારણથી આધ્યાત્મિક ઉત્ક્રાંતિના ક્રમના વિચારોની ભાષામાં, પરિભાષામાં અને પ્રતિપાદન પદ્ધતિમાં ભેદ દેખાશે જે સ્વાભાવિક છે. છતાં સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરનારને તેમાં વિચારોનું ઐકય સમજાયા સિવાય રહેશે નહિ.

વૈદિક સાહિત્યમાં યોગદર્શન ઉપરનું વ્યાસભાષ્ય અને યોગવસિષ્ઠ એ બે ગ્રંથોમાં આધ્યાત્મિક વિકાસ ક્રમ વ્યવસ્થિત રીતે સાંગોપાંગ આલેખાયેલો છે. જ્યારે ઉપનિષદ્ અને બીજા ગ્રંથોમાં તેટલો પૂર્ણ નથી. યોગદર્શનમાં મહર્ષિ પતંજલિએ મોક્ષના સાધનરૂપે યોગનું વર્ણન કરેલું છે. યોગ એટલે આધ્યાત્મિક વિકાસક્રમની ભૂમિકાઓ. જે ભૂમિકામાં યોગનો આરંભ થઈ યોગ ક્રમશઃ પુષ્ટ થતાં થતાં જે ભૂમિકામાં પૂર્ણ કલાએ પહોંચે છે. ત્યાં સુધીની ચિત્તની ભૂમિકાઓ આધ્યાત્મિક વિકાસ ક્રમમાં આવી જાય છે.

ભાષ્યકાર મહર્ષિ વ્યાસે ચિત્તની પાંચ ભૂમિકાઓ બતાવી છે :

(૧) **ક્ષિપ્ત** : આ ભૂમિકામાં રજોગુણની બહુલતાથી અનેક વિષયોમાં પ્રેરાતું ચિત્ત અત્યંત અસ્થિર હોય છે.

(૨) **મૂઢ** : આ ભૂમિકામાં તમોગુણની પ્રાબ્યલતા હોવાથી નિદ્રાવૃત્તિવાળું ચિત્ત બની રહે છે તે મૂઢ અવસ્થા.

(૩) **વિક્ષિપ્ત** : ચિત્તમાં અસ્થિરતા હોવા છતાં કયારેક પ્રશસ્ત વિષયોમાં સ્થિરતા અનુભવે તે વિક્ષિપ્ત.

(૪) **એકાગ્ર** : ચિત્ત જ્યારે એકતાન-સ્થિર બની જાય. તે એકાગ્ર

(૫) **નિરૂદ્ધ** : ચિત્તમાં જ્યારે તમામ વૃત્તિઓનો નિરોધ અને માત્ર સંસ્કારો જ બાકી રહ્યા હો તે નિરૂદ્ધ.

આ પાંચમાં પહેલી બે એટલે કે ક્ષિપા અને મૂઢ ભૂમિકાઓ અવિકસિત છે. ત્રીજી વિક્ષિપ્ત ભૂમિકાએ વિકાસ અને અવિકાસનું સંમેલન છે. જેમાં વિકાસ કરતાં અવિકાસનું બળ વધારે હો છે. ચોથી એકાગ્ર ભૂમિકામાં વિકાસનું બળ વધે છે અને તે સવિશેષ વધતાં પાંચમી નિરૂદ્ધ ભૂમિકામાં પૂર્ણ કક્ષાએ પહોંચે છે. એટલે કે પહેલી

ત્રણ ભૂમિકામાં અવિકાસકાળની અને છેલ્લી બે ભૂમિકાઓ વિકાસક્રમની અથવા આધ્યાત્મિક ઉત્ક્રાંતિના ક્રમની છે. આ પાંચ ભૂમિકાઓ બાદની સ્થિતિ તે મોક્ષકાળ.

યોગવસિષ્ઠમાં ચેતનની સ્થિતિના સંક્ષેપથી બે ભાગ કરવામાં આવે છે. અજ્ઞાનમય અને જ્ઞાનમય.

અજ્ઞાનમય સ્થિતિ એટલે અવિકાસ કાળ અને જ્ઞાનમય સ્થિતિ એટલે વિકાસ-કાળ. વિકાસકાળ પછી મોક્ષકાળ આવે છે. પણ અજ્ઞાનમય સ્થિતિના સાત વિભાગ પાડવામાં આવ્યા છે. જે સાત અજ્ઞાન-ભૂકિા કહેવાય છે.

**સાત-અજ્ઞાન ભૂમિકા :**

(૧) **બીજ જાગ્રત :** જેમાં અહંત્વ-મમત્વ બુદ્ધિની જાગૃતિ નથી હોતી. તે વનસ્પતિ જેવા ક્ષુદ્ર નિકાયમાં માની શકાય.

(૨) **જાગ્રત :** આ ભૂમિકામાં અહંત્વ-મમત્વ અલ્પાંશે જાગે છે. જેવા કે કીટ, પતંગ, પશુ, પક્ષી વ.

(૩) **મહાજાગ્રત :** આ ભૂમિકામાં અહંત્વ-મમત્વ બુદ્ધિ વિશેષ હોય છે જેવા કે મનુષ્યમાં, દેવમાં વ.

(૪) **જાગ્રત સ્વપ્ન :** આ ભૂમિકામાં જાગ્રત અવસ્થાના મનોરાજ્ય-ભ્રમનો સમાવેશ થાય છે; જેમ કે એકને બદલે બે ચંદ્ર દેખાવા, છીપમાં રૂપાનું ભાન, ઝાંઝવામાં પાણીની બુદ્ધિ વ.

(૫) **સ્વપ્ન :** નિદ્રામાં આવેલા સ્વપ્નનું જાગ્યા બાદ ભાન થાય.

(૬) સ્વપ્નજાગ્રત : આ ભૂમિકામાં વર્ષોનાં વર્ષો સુધી સ્વપ્ન ચાલુ રહે છે, શરીરપાત થાય છતાં સ્વપ્ન ચાલુ જ રહે છે.

(૭) **સુષુપ્તક :** ગાઢ નિદ્રાની ભૂમિકા-જડ જેવી સ્થિતિ જેમાં કર્મો માત્ર વાસના રૂપે રહેલાં હોય.

ત્રીજીથી સાતમી સુધીની પાંચ ભૂમિકાઓ સ્પષ્ટપણે મનુષ્ય નિકાયમાં અનુભવાય છે.

જ્ઞાનમય સ્થિતિના પણ સાત વિભાગ પાડવામાં આવ્યા છે.

**સાત જ્ઞાન ભૂમિકા :**

(૧) **શુભેચ્છા :** શાસ્ત્ર અને સજ્જન દ્વારા કાંઈક આત્મવલોકન કરીશ એવી વૈરાગ્યપૂર્વક ઇચ્છા.

(૨) **વિચારણા :** આ (શાસ્ત્ર અને સજ્જન) બંનેના સંસર્ગદ્વારા વૈરાગ્યભાસને લીધે સદાચારમાં પ્રવૃત્તિ થવી તે વિચારણા.

(૩) **તનુમાનસા :** શુભેચ્છા અને વિચારણા દ્વારા ઈંદ્રિયોના વિષયમાં આસક્તિ ઘટે તે તનુમાનસા.

(૪) **સત્ત્વાપત્તિ :** ત્રણ ભૂમિકાના અભ્યાસથી ચિમાં વિરતિ થવાથી સત્ય અને શુદ્ધ એવા આત્મામાં જે સ્થિતિ થવા પામે તે સત્ત્વાપત્તિ.

(૫) **અસંસક્તિ :** પૂર્વની ચાર ભૂમિકાના અભ્યાસથી અને સમાધિના અસંગરૂપ પરિપાકથી ચિત્તમાં નિરતિશય આત્માનંદની પુષ્ટિ થાય છે.

(૬) **પદાર્થભાવની :** આ દશામાં બાહ્ય અને અભ્યંતર બધા પદાર્થોની ભાવના છૂટી જાય છે અને દેહ બીજાના પ્રયત્ને ચાલે છે.

(૭) **તુર્યગા :** છ ભૂમિકાઓના અભ્યાસને લીધે ભેદભાવનું ભાન બિલકુલ શમી જઈ એક માત્ર સ્વભાવ નિષ્ઠા પ્રાપ્ત થાય છે તે તુર્યગા. આ અવસ્થા જીવનમુક્તમાં હોય છે. વિદેહમુક્તિ ત્યારબાદ તુર્યાતીત અવસ્થા છે.

બૌદ્ધ સાહિત્યના વિટક ગ્રંથોમાં આધ્યાત્મિક વિકાસક્રમનું વર્ણન વ્યક્તિની છ અવસ્થામાં કરવામાં આવ્યું છે.

**આધ્યાત્મિક વિકાસ ક્રમની છ અવસ્થાઓ :**

(૧) **અંધુપુથુજ્જન :** આધ્યાત્મિક અવિકાસનો કાળ.

(૨) **કલ્યાણપુથુજ્જન :** અલ્પાંશે વિકાસનું સ્ફુરણ.

(૩) **સોતાપન્ન :** નિર્વાણમાર્ગને પ્રાપ્ત થયેલાના ચાર પ્રકાર છે. ત્રણ સંયોજનાનો ક્ષય કર્યો હોય તે સોતાપન્ન.

(૪) **સકદાગામી :** જેણે પ્રાણનો ક્ષય અને બેનું શૈથિલ્ય કર્યું હોય.

(૫) **ઔપપાતિક :** જેણે પાંચનો ક્ષય કર્યો હોય તે.

(૬) **અરહા :** જેણે દશે સંયોજનાનો ક્ષય કર્યો હોય તે અરણ.

એટલે કે ત્રીજીથી છટ્ઠી સુધી ચારે સ્થિતિઓમાં ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસ વધતો જ જાય છે.

જૈન આગમોમાં આત્મિક સ્થિતિના ચૌદ વિભાગો કરવામાં આવ્યા છે. જેને ગુણસ્થાનના નામે ઓળખવામાં આવે છે. ગુણ એટલે આત્માની ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ શક્તિઓ. સ્થાન એટલે તે શક્તિઓની શુદ્ધત્તાની અવસ્થાઓ. આત્માના સહજગુણો વિવિધ આવરણોથી સંસારદશામાં પડેલા છે. આવરણોની

વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું વિશેષ તેટલી ગુણોની શુદ્ધિ વિશેષ. ગુણસ્થાનની કલ્પના મુખ્ય રૂપે મોહનીય કર્મની વિરલતા અને ક્ષયના આધારે કરવામાં આવી છે. મોહનીય કર્મની મુખ્ય બે શક્તિઓ. પહેલી શક્તિનું કાર્ય આત્માના સમ્યક્ત્વ ગુણને આવૃત્ત કરવાનું. જેથી કરી આત્મામાં તાત્ત્વિક રૂચિ કે સત્યદર્શન થવા પામતું નથી. બીજી શક્તિનું કાર્ય આત્માના ચારિત્રગુણને આવૃત્ત કરવાનું. જેથી આત્મામાં તાત્ત્વિક રૂચિ કે સત્યદર્શન થયા છતાં પણ તે પ્રમાણે પ્રવૃત્તિ કરી સ્વરૂપલાભ પ્રાપ્ત કરી શકાતો નથી. આમ પહેલી શક્તિનું નામ દર્શનમોહનીય અને બીજી શક્તિનું નામ ચારિત્રમોહનીય.

દર્શનમોહનીયની શક્તિ પ્રબળ છે અને કહેવાય છે કે જ્યાં સુધી તેની શક્તિ પ્રબળ અને જ્યાં સુધી તેનો ક્ષય ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનીયનું બળ ઘટતું નથી. દર્શનમોહનીયનું બળ ઘટ્યું એટલે ચરિત્રમોહનીય ક્રમે ક્રમે નિર્બળ થઈ છેલ્લે ક્ષીણ થાય છે. આમ સમસ્ત કર્મોમાં પ્રધાન અને બળવાન મોહનીય જ છે. આ જ કારણથી ગુણ સ્થાનની કલ્પના મોહનીયકર્મના તરતમભાવને આધારે કરવામાં આવી છે.

**ચૌદે ગુણસ્થાનક :**

(૧) **મિથ્યાદૃષ્ટિ :** આ અવસ્થામાં દર્શનમોહનીયની પ્રબળતાને લીધે સમ્યક્ત્વ ગુણ આવૃત્ત થયેલો હોવા છતાં આત્માની તત્ત્વરુચિ પ્રગટી શકતી જ નથી. તેથી તેની દૃષ્ટિ સત્ય વિરૂદ્ધ હોય છે.

(૨) **સાસ્વાદન :** અગિયારમા ગુણસ્થાનથી પતિત થઈ પ્રથમ ગુણસ્થાનમાં આવતાં વચ્ચે બહુ જ થોડા વખત સુધી આ અવસ્થા પ્રાપ્ત થઈ પછી પહેલા ગુણસ્થાનમાં પ્રવેશ થાય છે. તેમાં પતોન્મુખ આત્માને તત્ત્વરુચિનો સ્વલ્પ પણ આસ્વાદ ઓય છે. આ ગુણસ્થાનક પતોન્મુખ આત્માને જ હોય છે.

(૩) **સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ :** આ સ્થિતિમાં આત્મા સંશયમાં જ રહેતો હોય છે. આ અવસ્થામાં દર્શનમોહનીયનું વિષ પહેલાં જેટલું તીવ્ર રહેતું નથી પણ તે હોય છે ખરું.

(૪) **અવિરત સમ્યક્‌દૃષ્ટિ :** આ અવસ્થામાં દર્શનમોહનીયનું બળ શમી જાય છે અને આત્મા અસંગ્ધિપણે સત્યદર્શન કરી શકે છે. આ અવિરત એટલા માટે જ છે. પણ ચારિત્રમોહનીયની સત્તા વિશેષ હોવાથી વિરતિ (ત્યાગવૃત્તિ) ઉદય પામતી નથી.

(૫) **દેશવિરતિ (વિરતાવિરત) :** આ અવસ્થામાં સત્યદર્શન ઉપરાંત અલ્પાંશે પણ ત્યાગવૃત્તિનો ઉદય થાય છે. આમા ચારિત્રમોહનીયની સત્તા અવશ્ય ઘટેલી હોય છે અને તેની કમીના પ્રમાણમાં ત્યાગવૃત્તિ હોય છે.

(૬) **પ્રમત્ત સંયત :** આ અવસ્થામાં પ્રમાદનો જરાય સંભવ નથી.

(૮) **અપૂર્વકરણ (નિવૃત્તિબાદર) :** આવસ્થામાં પહેલાં કયારેય પણ નહિ અનુભવેલ આત્મશુદ્ધિનો અનુભવ થાય છે અને અપૂર્વ વીર્યોલ્લાસ આત્મિકસામર્થ્ય પ્રકટે છે. તેનું બીજું નામ નિવૃત્તિબાદર છે.

(૯) **અનિવૃત્તિબાદર :** આ અવસ્થામાં ચારિત્રમોહનીય કર્મના શેષ રહેલ અંશોને શમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ ચાલતું જ હોય છે.

(૧૦) **સૂક્ષ્મ સંપરાય :** આ અવસ્થામાં મોહનીયનો અંશ લોભરૂપે જ ઉદયમાન હોય છે અને તે પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં.

(૧૧) **ઉપશાંતમોહ :** આ અવસ્થામાં સૂક્ષ્મલોભ શુદ્ધાં શમી જાય છે અને દર્શનમોહનીયનો સર્વથા ક્ષય સંભવે ખરો, પણ ચારિત્રમોહનીય તેવો ક્ષય નથી હોતો, માત્ર તેની સર્વાંશે ઉપશાંતિ હોય છે. આને લીધે જ મોહનો ફરી ઉદ્રેગ થતાં આ ગુણસ્થાનથી અવશ્ય પતન થાય છે અને પ્રથમ ગુણસ્થાન સુધી ઉતરી જવું પડે છે.

(૧૨) **ક્ષીણ મોહ :** આ અવસ્થામાં દર્શન અને ચારિત્ર મોહનીયનો સર્વથા ક્ષય થઈ જાય છે. આ સ્થિતિથી પતન સંભવતું નથી.

(૧૩) **સયોગ કેવલી :** આ અવસ્થામાં મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગ દશા પ્રગટવા સાથે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે. તે અવસ્થાને સયોગ ગુણસ્થાન કહે છે. આ અવસ્થામાં શારીરિક, માનસિક અને વાચિક વ્યાપાર હોય છે એથી આને જીવનમુક્તિ કહી શકાય.

(૧૪) **અયોગકેવલી :** આ અવસ્થામાં શારીરિક, માનસિક અને વાચિક પ્રવૃત્તિનો પણ અભાવ થઈ જાય છે તે અયોગ ગુણસ્થાન. આ ગુણસ્થાન છેલ્લું છે તેથી શરીરપાત થતાં જ તેની સમાપ્તિ થાય છે અને ત્યારબાદ ગુણસ્થાનાતીત વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે.

એટલે કે ટૂંકમાં કહીએ તો પ્રથમ ગુણસ્થાન એ અવિકાસકાળ છે બીજા અને ત્રીજા એ બે ગુણસ્થાનમાં વિકાસનું સહજ સ્ફુરણ હોય છે પણ તેમાં પ્રબળતા અવિકાસની જ હોય છે. ચોથાથી વિકાસ ક્રમશઃ વધતાં વધતાં તે છેવટે ચૌદમાં ગુણસ્થાને પૂર્ણ કલાએ પહોંચે છે અને ત્યારબાદ મોક્ષ પ્રાપ્ત થાય છે.

આ ગુણસ્થાનકની વાત મારે આપને ..... પરાભક્તિ કોટીથી પણ મુઠી ઊંચેરા એવા અજૈન કવિની કવિતાની કરવાની છે. જેનું નામ છે નરસિંહ મહેતા અને તેમની કવિતા છે, 'જળકમળ છાંડી જા ને બાળા....'

**નરસિંહ મહેતા :**

આ કૃષ્ણની બાળલીલા પદના કર્તા માત્ર ભારતના જ નહિ પણ જગતના ઉત્તમ સંતકવિઓની હરોળમાં બેસે એવા છે. તેમને આદ્ય કવિનો યશ અપાવનાર એની 'કાળ સાપેક્ષતા નહીં પણ એની કવન સાપેક્ષતા' છે.

મધ્યકાલીન ગુજરાતમાં સાંપ્રદાયિક વૈષ્ણવધર્મની અને ભક્તિની વેધક અને વ્યાપક અસર પડી હોવા છતાં ય પૂર્વથી પ્રારંભાયેલા બિનસાંપ્રદાયિક વૈષ્ણવધર્મની અસર ભૂંસાઈ નહોતી. નરસિંહ આ બિનસાંપ્રદાયિક ભક્તિમાર્ગની જ નીપજ છે. નરસિંહે જેમ આધ્યાત્મિક પદોમાં ભક્તિનું અને ભક્તિના મહિમાનું ગાન કર્યું છે તેમ અતિ અલ્પ પદોમાં જ્ઞાનની વાત પણ કરી છે. તેઓ એક ઉર્મિશીલ કવિ હતા. જીવનના ઉત્તરકાળે જ્ઞાનાનુભવ થયો તેમાં તેમના સમકાલીન જ્ઞાનમાર્ગી કવિ કબીર અને નામદેવની અસરે ભાગ ભજવ્યો તેમ જૈન ધર્મે પણ ભાગ ભજવ્યો હોય તેમ માનવાને કોઈ કારણ મળતું નથી. તેમના ભક્તિપદોમાં અત્રતત્ર વેદાદિનો ઉલ્લેખ આવે છે. કારણ તેમના પદોમાં સગુણ અને નિર્ગુણની પ્રતીતિના સ્પષ્ટ અણસારા મળી રહે છે પણ તેમણે વેદવેદાન્તનો વ્યવસ્થિત અભ્યાસ કર્યો હશે એવી કોઈ પ્રતીતિ આપણને મળતી નથી. જો આ વાતને આપણે બાજુએ રાખીએ તો એટલું તો કહી શકીએ કે તેમની ખૂબી આ જ્ઞાનને અનુભવની કક્ષાએ ઢાળવાની એની કવનશક્તિમાં છે. તેમનાં વાત્સલ્યરસના પદમાં બાળકૃષ્ણ જેમાં નાયક હોય તેવી ત્રણ જાતની રચનાઓ મળે છે.

(૧) શ્રીકૃષ્ણ જન્મપદની

(૨) શ્રીકૃષ્ણજન્મ વધાઈનાં પદની

(૩) બાળલીલા પદની

આમ જોઈએ તો કૃષ્ણજન્મના પદમાં બાળકૃષ્ણ નાયક છે એ વાત સાચી, પણ ભૂમિ પર વધી પડેલા અસુરોનો ભાર ઉતારવા પ્રભુ કૃષ્ણરૂપે જન્મ્યા છે. અસુરોનો ભાર હળવો કરવાની, શરૂઆત પુતનાથી માંડી શકટાસૂર, બકાસૂર, અધાસૂર, કેશીનો સંહાર અને અંતે મથુરાના રાજા મામા કંસના સંહારની વાત આવે છે. ત્યાં સુધીની આ બાળકૃષ્ણની પરાક્રમલીલા ... છે. સંક્ષેપમાં કહીએ તો અસુરોના વધના પ્રસંગોનું વર્ણન આપણને મળી રહે છે.

શ્રી કૃષ્ણજન્મ વધાઈનાં પદમાં કૃષ્ણજન્મથી પરિવાર અને ગોપ સંસારમાં વ્યાપેલા આનંદનું વર્ણન મળી રહે છે. ચીલાચાલુ ઢબે પુત્રજન્મના પ્રસંગની આનંદ અભિવ્યક્તિ કરવામાં આવી છે.

'બાળલીલા' પદોમાં નરસિંહે બાળ સહજ ક્રીડા, હઠ, તોફાનમસ્તી આદિના સ્વભાવ ચિત્રો રચી વાત્સલ્યરસની નિષ્પત્તિ માટેની સયુક્તિક ભૂમિકા પૂરી પાડી છે. પણ આ સમગ્ર 'બાળલીલા'ના શિરમોર જેવું પદ જે અતિ પ્રસિદ્ધ છે તે છે 'જળ કમળ છાંડી જા રે બાળા ! સ્વામી, અમારો જાગશે' આ આખું કાવ્ય નાગણ અને કૃષ્ણના સંવાદાત્મક રીતિમાં ઢાળવામાં આવ્યું છે. આ કાવ્યમાં બાળકૃષ્ણની અપ્રતિમ શક્તિનો મહિમા ગાવામાં આવ્યો છે.

પહેલાના જમાનામાં આજે જોવામાં આવે છે તેવી સંશોધનવૃત્તિ કોઈપણ પંથમાં ભાગ્યે જ ઉદય પામેલી જોવામાં આવે છે. હરેક સંપ્રદાય પોતપોતાની પરંપરાગત માન્યતાને મોટે ભાગે શંકા ઊઠાવ્યા સિવાય જ માની લેતો. બીજા સંપ્રદાયની અસર કેટલી અને કેવી પડે છે તેની ઐતિહાસિક શોધમાં તે ન પડતા. વર્તમાન યુગની ભૌગોલિક તેમજ ઐતિહાસિક દૃષ્ટિને આપણે જોઈએ તો એટલું તો કહી શકીએ કે નરસિંહનો જન્મ તાલધ્વજ-તળાજા ગામમાં ઈ.સ. ૧૪૧૦માં થયો હતો. તેમનો સ્વર્ગવાસ ઈ.સ. ૧૪૮૦માં થયો હશે એવું મનાય છે. એમના જન્મ અને નિધન બંનેનાં વર્ષો આમ કેવળ તર્કમિશ્રિત જ છે. આ તળાજા ગામ એ ભાવનગર અને જૈનોનું પ્રખ્યાત તીર્થ પાલીતાણાની બાજુમાં જ આવેલું છે. આપણે સૌ માનીએ તેમ જ અનુભવીએ જ છીએ કે એક ધર્મની અસર બીજા ધર્મ ઉપર પડે જ છે. નરસિંહનો જન્મ, બાળપણ અને તરુણ અવસ્થાનો કાળ તો આ ગામમાં જ વીત્યો હતો. માનસશાસ્ત્રની દૃષ્ટિએ પણ આ વાત સાચી ઠરે છે કે બાળપણમાં પડેલા સંસ્કારો જ મૂળ ગણાય છે અને તેનાથી જ વ્યક્તિનું વ્યક્તિત્વ ઘડાય છે. આ વાતને લક્ષમાં રાખી આ કવિતાને કવિનું રૂપક માની તેના કલ્પનાચિત્રમાંથી નીકળતા ભાવને જૈન સંપ્રદાયની અસર સમજી તેમના આ 'બાળલીલા પદો'ના અર્થને તે દૃષ્ટિએ તારવીએ.

**બાળલીલા પદ કવિતાનું સામાન્ય સ્વરૂપ :**

આ કવિતાનો મુખ્ય હેતુ બાળકૃષ્ણની અપ્રતિમ શક્તિના મહિમાનો છે અને તે પણ પ્રસંગલેખનથી વાર્તા રસ જાળવીને, તેમણે કૃષ્ણની બાળલીલા દ્વારા માનવીય માધુર્યને ને પરમાત્માના મહિમાને સફળતાથી પ્રકટ કરી બતાવ્યાં છે. પ્રસ્તુત વિવેચન એટલા આધારે કરી શકાય તેમ છે કે સામાન્ય માનવ માટે આધ્યાત્મિક દૃષ્ટિ એટલે દેહ ઉપરથી મમતાનું મુક્ત થવું અને તે માટે મોહનીય કર્મનો વિચ્છેદ કરવો. તે માટે અનેક સંઘર્ષોનો સામનો કરવો પડે તેનું વર્ણન આ કવિતામાં છે. નરસિંહની દૃષ્ટિમાં ચૌદે ગુણસ્થાનકની સીડીએ ચઢવાની કલ્પના ભલે ન હોય પણ તેમના પદનો ભાવ

પૂરેપૂરો સમજવા માટે રૂઢ શ્રદ્ધાળુ અને પરીક્ષક શ્રદ્ધાળુ બંને માટે આધ્યાત્મિક ક્રમની કલ્પના એક સરખી જ ઉપયોગી છે. ઊંડો વિચાર કરતાં કૃષ્ણ જે અસુરોને મારવાની જ વાત કરતો તે પ્રસ્તુત પદમાં તેને છોડી મૂકે છે. નિશ્ચય દૃષ્ટિએ વિચાર કરતાં અસુરને પણ છોડી મૂકવાની કલ્પના છેવટે ધાર્મિક કે કર્મવીર પુરૂષને આધ્યાત્મિક જીવન જીવવામાં સહાયક બને જ છે. આ વાતને કોઈપણ રદિયો નહીં આપે.

એ પણ સંભવિત છે કે નરસિંહ જેવા આધ્યાત્મિક કક્ષાના પુરુષે આ આધ્યાત્મિક કલ્પના સામાન્ય મનુષ્યને પણ ગ્રાહ્ય બને તે જ માટે બાળકૃષ્ણને રૂપક બનાવ્યા છે. તેઓ સાધારણ સમજવાળી જનતાને એ જાણ કરવા માંગતા હોય કે કર્મસત્તા હટાવવા 'વાસુદેવ' જેવા બળવાન પુરુષને પણ અત્યંત સંઘર્ષ કરવો પડે છે. જતે દિવસે આ રૂપક તેમના અતિ અલ્પ જ્ઞાનના પદોમાંનું એક બની રહ્યું હોય. જ્ઞાનના ગૂઢ વિષયને પોતાની પરિપકવ કવનશક્તિના બળે સુગ્રાહ્ય અને રસાઢય બનાવીને આપણી સમક્ષ ધર્યું છે. શ્રદ્ધાળુ તેમજ પરીક્ષક બંને પ્રકારના ધાર્મિક તત્ત્વજ્ઞોને એક સરખી રીતે સમજાય એવો ભાવ આ પદોમાંથી તારવવો એ અહીં મુખ્ય ઉદ્દેશ છે.

નરસિંહની ભક્તિ અને શ્રદ્ધાતત્ત્વની મહત્તા બતાવનારું આ પદ સુર-અસુરના સંવાદરૂપ આલેખ્યું છે. આમ આખું પદ અષ્ટકર્મના ઝગડામાંથી આત્માને છોડાવવા માટેનો અથાગ પ્રયાસ, અથવા તો અસુર પર સૂરના વિજયનો પડઘો પાડવાની વાત કહી છે. જેને જૈન પરિભાષામાં આત્મિક સ્થિતિના ચૌદે ગુણસ્થાનક ચઢવાની સીડી કહે છે. કવિના ભક્તિ પ્રધાન ઉદ્‌ગારોમાં ભક્તિને અનુરૂપ એવા કોમળ છતાં પણ નમ્રભાવે આવી રહેલ સંઘર્ષો કેવા હોય તેનો ચિતાર ખડો કર્યો છે. બીજી બાજુ દીનભાવે લાઘવ થઈ આવી રહેલા સંઘર્ષને ટાળવાનું સૂચન 'સ્ત્રી સ્વભાવના કવિ' નાગણના મુખે કરાવે છે. જૈન દૃષ્ટિએ મોહનીય કર્મની પ્રબળતાનું સૂચન કરે છે. સાથે એ પણ જણાવે છે કે આવા કર્મને ટાળવા માટે શૌર્ય અને પરાક્રમની જરૂરત પડે છે. આને વ્યક્ત કરતાં ઉદ્દીપક શબ્દોને પણ સ્થાન આપ્યું છે. આમ મોહનીયના અનુતાપવાળા ઉદ્‌ગારોમાં એક બાજુ નમ્ર અને દીનપણું વ્યક્ત કરે એવા પદોની પસંદગી કરી છે. જ્યારે બીજી બાજુ જૈન તેમજ વૈષ્ણવ પૂર્વાચાર્યોએ વાપર્યા હોય એવા પદોની પસંદગી પણ સરળ અને સચોટ ભાષામાં કરી છે. એની હલક એવી છે કે જો ગાનાર યોગ્ય રીતે ગાય તો એમાંથી કવિના હૃદયમાં પ્રગટેલ અનુતાપ યુક્ત ભક્તિભાવ તેમ જ વિવેક સાથે અદ્‌ભુત રસની લ્હાણ થયા વગર રહે નહિ. એટલું જ નહિ પણ અર્થના ઊંડાણ ન સમજનાર શ્રોતાઓના મનમાં પણ આ ભાવો જ અંકિત

થાય, એવી સરળ આ કાવ્યની રચના છે. દરેક પદને અંતે આવતો અનુપ્રાસ પ્રશ્ન અને જવાબની આતુરતામાં ઉમેરો કરે છે.

### પહેલું પદ

'જળ કમળ છાંડી જારે બાળા ! સ્વામી અમારો જાગશે;

જાગશે, તને મારશે, મને બાળ હત્યા લાગશે.' (૧)

નરસિંહના ભક્તિ કાવ્યોમાં માતૃપિતૃનંદન બાળકૃષ્ણની પરાક્રમ લીલાનું કદાચ આ છેલ્લું પદ હોઈ શકે. તેમની બાળ પરાક્રમ લીલાનો અંત કંસના વધ સાથે ઐતિહાસિક રીતે સમાપ્ત થાય છે. તે વાત આપણને આ શબ્દોમાંથી મળી રહે છે. 'મથુરા નગરીમાં જુગટુ રમતાં, નાગનું શીશ હું હારિયો.' કંસ એ મથુરાનો રાજા હતો અને 'જુગટું એટલે બે વચ્ચે લડતાં જીવન-મરણનો ખેલ.'

સામાન્ય રીતે આ સંવાદ આપણે આગળ જોઈ ગયા તેમ નાગણ અને કૃષ્ણ વચ્ચેનો છે. કૃષ્ણની દૃષ્ટિએ જોઈએ તો તેણે 'હઠ રૂપી અસુરનો નાશ કર્યો પણ એ કરતાં તેમને 'અહં રૂપી નાગના શીશનું જ્ઞાન પછી થયું, તેઓ તે હારી ગયા છે તેથી જ તે લેવા અહીંયા આવ્યા છે તે વાત સ્પષ્ટ સ્વીકારવી જ રહી.

કવિની દૃષ્ટિએ જોઈએ તો તેમનામાં આધ્યાત્મ શું છે તેનું થોડું જ્ઞાન છે કે જળ રૂપી સંસારમાં અષ્ટકર્મ રૂપ કમળને જો અજ્ઞાની એવો બાળ પકડશે તો અહંરૂપી શક્તિશાળી નાગ જાગી ઊઠી બાળની હત્યા કરશે તેથી કરીને વિનંતી કરે છે કે તે જળ કમળને તું છોડી દે, પકડીશ નહીં, કારણ અહં એવો રાક્ષસ.... બાળ હત્યા કરશે તો મારા આધ્યાત્મજ્ઞાનનો નાશ થશે અને ધર્મરૂપી એવા મારા મનને પાપનું કલંક લાગશે.

જૈન દૃષ્ટિએ વિચારીએ તો સમ્યક્ત્વની પ્રતિબંધક એવી પહેલી શક્તિ દર્શનમોહનીય છે અને ચારિત્રની પ્રતિબંધક એવી બીજી શક્તિ ચારિત્રમોહનીયની છે. જેથી આત્મામાં તાત્ત્વિક રૂચી કે સત્યદર્શન થવા છતાં પણ તદનુસાર પ્રવૃત્તિ કરી સ્વરૂપ લાભ પ્રાપ્ત કરી શકાતું નથી. તેથી જ કવિ જ્યારે સંસારરૂપી જળમાં રહેતાં અષ્ટકર્મ રૂપી કમળની પાંદડીથી વીંટળાયેલા હોવા છતાં કમળની દાંડી પકડી આત્માના ગુણસ્થાન પર ચઢવાનો પ્રયત્ન કરવા જાય છે કે તરત જ ગભરાઈ પ્રેમભક્તિમાં સરી પડી બોલી ઊઠે છે કે આત્મામાં પર્યાયરૂપે પડેલો 'અહમ્' નામનો સ્વામી જાગી બાળને મારશે તો હત્યાનું પાપ લાગશે. તેથી હે બાળ ! તું એ દાંડી પકડીશ નહીં. આમ હૃદયમાં સમ્યક્ત્વની ભાવના હોવા છતાં દર્શન અને ચારિત્ર મોહનીયનું બળ પ્રબળ છે. એ જ વાત આ પહેલા પદમાં સૂચિત થાય છે.

નરસિંહની નવધા ભક્તિથી નિરાળી દસમી પ્રેમભક્તિ દ્વારા અભિવ્યક્ત થયેલા આધ્યાત્મિક જ્ઞાનને પણ અનુભવની કસોટીએ ચઢાવનારની એમની કવનશક્તિનું આ ઉમદા કાવ્ય છે.

## બીજું પદ

કહે રે, બાળક ! તું મારગ ભૂલ્યો ? કે તારા વેરીએ વળાવિયો ?
નિશ્ચે તારો કાળ જ ખૂટ્યો, અહીંયા તે શીદ આવિયો ? (૨)

પ્રેમભક્તિમાં મસ્ત નરસિંહ સ્ત્રીભાવ અનુભવે છે અને તે અનુસાર શંકાકુશંકાની પ્રશ્નોત્તરી ખડી કરી દે છે.

જૈન દૃષ્ટિએ જોઈએ તો હીંચકે હીંચતા માણસની જેમ આત્મા દોલાયમાન થાય છે તેથી તેની સ્થિતિ સંશયી બની જાય છે. જીવનતત્ત્વના આધ્યાત્મિક વિકાસક્રમમાં વિવેકથી પારમાર્થિક અને વૈભાવિક એ બે તત્ત્વોનો ભેદ જાણી, બંધ તત્ત્વ એટલે કે તેમને હિંસાના માર્ગે નથી જવું તેનું ભાન થાય છે. આમ કવિ આધ્યાત્મિક માર્ગના પથિક હોવાથી પ્રેમભક્તિના બંધથી બંધાયેલો તેમનો જીવ ખળભળી ઊઠે છે અને વહેમોનો ઢગ ખડો કરી દે છે. તેઓ સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ નામના ત્રીજા પગથિયા પર ચઢેલા જણાય છે.

## ત્રીજું પદ

'નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હું હારિયો.' (૩)

કવિ અહીં જાણે છે, માને છે અને કહે છે તે તદ્દન સાચું જ છે. તેથી બીજાને દોષ ન દેતાં બધો જ દોષ પોતે વહોરી લે છે, જે તદ્દન સાચી હકીકત છે. બીજી રીતે જોઈએ તો કંસને માર્યા પછી સામાજિક કાર્ય કર્યાનો આનંદ હશે પણ મનમો તુમુલ યુદ્ધ ખેલ્યા પછી 'અહંકારે' તેમાં પ્રવેશ કર્યો હશે. એ અહંકાર જે નાગ જેવો કટ્ટર શત્રુ છે. કહેવાય છે કે નાગ-નાગણની જોડલીમાંથી જો એકલી નાગણને મારી નાંખવામાં આવે તો એકલો પડેલો નાગ ગમે તેમ કરી તેનું આ વેર લેવા ગમે ત્યારે અને ગમે ત્યાં આવે જ. તેવી જ રીતે અહંથી ભરેલા મનને જો દાબી દેવામાં આવે તો ગમે ત્યારે અને ગમે ત્યો એ માથું ઊંચું કર્યા વગર રહે નહિ, તેથી જ જો તેનુ 'શીશ' કાપી લેવામાં આવે એટલે કે 'અહમ્'ને જડમૂળમાંથી જ ઉખેડી નાંખવામાં આવે તો ભવિષ્યમાં તે હિંમતથી માથું ઊંચું કરી શકશે એવી સંભાવના રહે જ નહિ, તેથી જ કહે છે કે નાગનું શીશ કાપી લઈ જવા જ હું અહીંયા આવ્યો છું.

ગુણસ્થાનકની દૃષ્ટિએ વિચારીએ તો ચોથી અવિરત સમ્યક્‌દૃષ્ટિએ દર્શનમોહનીયનું બળ તદ્દન ક્ષીણ થઈ અસંદિગ્ધપણે સમ્યક્‌દર્શન થાય છે. અહીંયા કવિના કથનનો ભાવ અને તેની ભૂમિકા સમ્યક્‌દર્શનની છે એમ માની લેવું જોઈએ. સમ્યક્‌દર્શન એટલે આધ્યાત્મિક વિવેક. આ અવસ્થાને અવિરત સમ્યક્‌દૃષ્ટિ એટલા માટે કહેવામાં આવે છે કે તેમાં ચારિત્રમોહનીયની સત્તા વિશેષ હોવાથી વિરતિ (ત્યાગવૃત્તિ) ઉદય પામતી નથી. આમ નાગનું શીશ કાપી લેવાની વાત છે પણ નાગને છોડવાની વાત નથી.

### ચોથું ને પાંચમું પદ

'રંગ રૂડો, રૂપે પૂરો, દિસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જન્મયા, તેમાં તું અળખામણો.' (૪)
'મારી માતાએ બેઉ જન્મ્યા, તેમાં હું નટવર નાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો.' (૫)

કવિ અહીં ઊંડી વેદના દ્વારા પૂછી બેસે છે કે ભલે, તે એમ કહ્યું કે હું મારી મેળાએ જ અહીંયા આવ્યો છું પણ તારું રૂપ, તારો શારીરિક દેખાવ, તારી આકર્ષણ શક્તિ એટલી બળવાન છે કે કોઈપણ તારા તરફ આકર્ષાયા વગર રહી ન શકે. એટલું જ નહિં પણ કવિના સ્ત્રી સ્વભાવથી જેમ એક માતા બીજી માતાના બાળ પ્રત્યેના વાત્સલ્યને સમજી શકે તેમ રાગથી પૂછી બેસે છે કે તારી માતાનો તું અળખામણો છોકરો લાગે છે તેથી જ તને અહીંયા આવવાની રજા આપી છે ?

રાગ, દ્વેષ અને અજ્ઞાનનો દોષ આસ્રવ છે અને તે દોષથી થનાર લેપ તે બંધ છે. પણ અહીંયા કવિ આત્મા નીરિક્ષણપૂર્વક ઊંડી વેદનાથી સત્તાવાહી સૂરમાં કહે છે કે 'જગાડ તારા નાગને' જાણે કે બંધના લેપ માટે હું પોતે જ જવાબદાર છું બીજું કોઈ નહીં. 'જગાડ' શબ્દમાં કવિનો અદ્‌ભૂત રસ નિષ્પન્ન થાય છે.

### છઠ્ઠું-સાતમું પદ

'લાખ સવાનો હાર આપું, આપું તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરિયો.' (૬)
'શું કરું નાગણ ! હાર તારો, શું કરું તારો દોરિયો;
શાને કાજે, નાગણ તારે, ઘરમાં કરવી ચોરિયો.' (૭)

દામ્પત્ય જીવનના બે જ પાત્રો હોય છે સ્ત્રી અને પુરુષ અને દુન્યવી દૃષ્ટિએ સ્ત્રી મમતાની મૂર્તિ છે. પોતાના પ્રિયતમને બચાવવા તેણીને પ્રિય એવા સોનાના દાગીના

પણ તેના પતિથી છાના આપવા તત્પર થઈ જાય છે. એ ખાત્રી સાથે કે આ વાત કયારેય પોતાના પતિને કહેશે નહીં ને ચોરી છુપીથી તે પ્રિય વસ્તુ ત્યાગવા તૈયાર થશે. આ ભાવ કવિના સ્ત્રી સ્વભાવનું પ્રતિક છે.

કવિને બીજી દૃષ્ટિએથી જોઈએ તો પોતાના પતનમાં બીજા કોઈનો દોષ ન હોય, બીજા કોઈની જવાબદારી કે નિયતિ કામ કરી રહી ન હોય તો એ દોષથી બચવાનો આધાર પણ બીજા ઉપર રાખી ન શકાય. આ ભાવના મૂળે આત્મોદ્ધાર તરફ લઈ જવાની છે તે કવિને બરાબર સમજાય છે. સામાજિક દૃષ્ટિએ જોઈએ તો કવિએ સમાજમાં થતાં આવા વ્યવહારનું ચિત્ર ખડું કર્યું છે. માનવીય મનની આ દરિદ્રતા છે કે તેને પોષવા માટે માત્ર 'ધન' તે પછી કોઈપણ સ્વરૂપમાં તેને લલચાવવામાં આવે તો લલચાઈને તે સ્વીકારી તો લે છે પણ પછી તે ઊંડી ખાઈમાં ગરકાવ થઈ જાય છે. પણ કવિમાં એક સાચી આધ્યાત્મિકતા છે તેથી જ તેને છાજે તે રીતે તેનો 'ના'માં જવાબ આપી ઉપરથી શિખામણના બોલ બોલે છે કે મારે ખાતર તારે શું કરવા ઘરમાં ચોરી કરવી પડે ?

આધ્યાત્મિક ક્રમની આ અવસ્થામાં સત્યદર્શન ઉપરાંત અલ્પાંશે ત્યાગવૃત્તિનો ઉદય થાય છે એટલું જ નહિ, ચારિત્ર મોહનીય કર્મના શેષ રહેલા અંશોને શમાવવાનું તો કામ ચાલતું જ હોય છે. તેથી જ તેને અનિવૃત્તિબાદર ગુણસ્થાન કહેવાય છે. અહીં મોહનીયનો અંશ લોભરૂપે ઉદયમાન થાય છે પણ બહુ પ્રમાણમાં તેથી જ જો લાખ સવાનો હાર અને દોરિયો (ચાકર) લોભથી સ્વીકારે તો પતનના માર્ગને જ ધસમસતો રાખવામાં સહાયરૂપ થવાય. તેથી જ કહ્યું છે કે આત્માને પતનના રસ્તે ધકેલવાનું એક માત્ર સાધન તે 'ધનલાલસા જ છે. આ વાત કવિને બરાબર સમજાય છે તેથી જ તે લેવાની ના પાડે છે. ગુણસ્થાનકની આ દસમી અવસ્થાને સૂક્ષ્મસંપરાય કહેવાય છે.

## આઠમું ને નવમું પદ

'ચરણ ચાંપી, મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
ઊઠો ને બળવંત, કોઈ બારણે બાળક આવિયો.' (૮)
'બેઉ બળિયા, બાથે વળગ્યા, કૃષ્ણે કાળી નાગ નાથિયો;
સહસ્ત્ર ફેણો ફૂંફવે જેમ, ગગન ગાજે હાથિયો.' (૯)

શામ, દામ આપીને પણ પોતાના પતિ-દેવનો પીછો ન છોડનાર માણસથી કંટાળી જઈ, અનાયાસે જ પત્ની પતિને પોરશ ચઢાવવા 'બળવંત' શબ્દનો ઉપયોગ કરી જગાડવાની કોશિશ કરે છે. તેને જગાડી બનેલી બીના વર્ણવે છે. તેણીના મનમાં

અતુટ વિશ્વાસ છે કે આવનાર ... બાળક જેવા સામે મારો પતિ તો કયાંય બળવંત છે. જરૂર એ બાળકને હરાવશે જ. તેથી જ ફફડતે હૈયે તેણી જન્મ-મરણના ખેલ જોવા આતુરતાથી બેસે છે.

આધ્યાત્મિક દષ્ટિએ વ્યક્તિનો ને સામાજિક દષ્ટિએ સમષ્ટિનો ઉદ્ધાર કરવો હોય, તેમજ વ્યવહાર દષ્ટિએ જીવનમાં હરેક ક્ષેત્રમાં નામના મેળવવી હોય તો નિર્ભયપણું દાખવવું જ રહ્યું. સામાન્ય જીવન જીવનાર માનવીનું કાર્ય તેમ જ જીવ એ બંને લોકોને દેખાડવા કાજે જ હોય, પણ પોતાની જાતનો દોષને કે અવગુણને નીરખે, નિર્ભય ને સત્યવાદી માણસ તેને હોડમાં મૂકે છે તે જ આધ્યાત્મિક વિકાસના પગથિયા ચડી શકે છે. નરસિંહ આમ જ સૂક્ષ્મ નીરક્ષક ને વિચારક હોવાથી મનમાં અથડાતાં સૂર-અસૂરની વચ્ચે તીવ્ર ધમસાણ મચાવે છે. કહેવાય છે કે બંનેમાં શારીરિક અને માનસિક શક્તિ એક જ હોય છે. બંનેના જીવનના એકેએક પ્રદેશમાં સ્થિરતાનું મહત્ત્વ હોય છે, શારીરિક સ્થિરતા તે તે ક્ષેત્રમાં બુદ્ધિની સ્થિરતા વગેરે. ફરક માત્ર તેઓના ભાવમાં જ હોય છે. સૂરના ભાવમાં સમ્યક્‌દર્શન હોય છે જ્યારે અસૂરના ભાવમાં મિથ્યાદર્શન હોય છે.

બેઉ બળિયા એકબીજાને બાથ ભરી લડે છે ત્યારે 'વર્ષાઋતુમાં થતા 'હાથિયા' નક્ષત્રની ઉપમા આપી કવિ સમજાવે છે કે બે કાળા ડિબાંગ વાદળો એકબીજા સાથે અથડાય ત્યારે જેવો ભયંકર અને લોકોને ગભરાવે તેવો અવાજ થાય છે, તેવી જ ભયંકર લડાઈ બંને વચ્ચે ચાલી રહી છે. તેમાં પોતાના બળ માટે અલ્પાંશે પણ અહંકાર બુદ્ધિ જાગે તો તે પતનની ખાઈમાં ધકેલાઈ જાય છે.

ઉપશાંત મોહનીયની અવસ્થામાં સૂક્ષ્મ લોભ સુદ્ધાં શમી જાય છે અને દર્શનમોહનીયનો સર્વથા ક્ષય સંભવે ખરો પણ ચારિત્રમોહનીયનો તેવો ક્ષય નથી હોતો, માત્ર તેની સર્વાંશે ઉપશાંતિ હોય છે. આને લીધે જ મોહનો ફરી ઉદ્વેગ થતાં જ આ ગુણસ્થાનથી પતન થાય છે અને તેને પ્રથમ ગુણસ્થાન સુધી જવું પડે છે. આ અગિયારમું ગુણસ્થાન છે.

## દશમું, અગિયારમું ને બારમું પદ

'નાગણ સહુ વિલાપ કરે છે. નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લઈ જશે, પછે નાગનું શીશ કાપશે.' (૧૦)
બેઉ કર જોડી વીનવે : સ્વામી ! મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને.' (૧૧)

થાળ ભરી રાગ મોતીએ શ્રીકૃષ્ણને રે વધાવીયા,

નરસૈયાના નાથ પાસેથી નાગણે નાગ છોડાવિયા.' (૧૨)

નરસિંહ મહેતા જાણે છે કે જ્યારે પુરુષાર્થ ગતિ પામે છે ત્યારે તે સિદ્ધિ માટે પૂર્ણ આશાવંત બને છે. એટલું જ નહિ તે સિદ્ધિ પામી ચૂક્યા જ હોય છે. તેમની અહિંયા એ વાત સ્પષ્ટ છે કે સંસારની માયામાં અટવાયેલા અને અહમ્‌થી પોષાયેલા અબુધ જીવો નશ્વરદેહમાં આસક્ત રહે છે, રાત, દિવસ ધનદોલતમાં આસક્ત રહી, ઐહિક લાલચ ને ભયથી પ્રેરાઈ પ્રાર્થના, સ્તુતિ ને સેવા કરે છે. આવું મન જ્યારે તેમને મિથ્યામાયામાં ડુબાડી મૃત્યુ સુધી લાવે છે. ત્યારે તેમને સત્યદર્શન થાય છે, પણ ગભરાઈ તેઓ બળિયા (પ્રભુ) પાસે જઈ તેમની આસક્તિ કહી, પોતાની પાસેના ધન-ખજાનાને અર્પણ કરી, પોતાના રક્ષણ માટેની આજીજી કરે છે તેથી જ કવિ બોલી ઊઠે છે કે 'અમે અપરાધી કાંઈ ન સમજ્યા....'

આ અવસ્થામાં દર્શન મોહનીયનો ને ચારિત્રમોહનીયનો સર્વથા ક્ષય થયેલો જોવામાં આવે છે. તે ક્ષીણ મોહનીયનું બારમું ગુણસ્થાનક છે. આ સ્થિતિથી પતન સંભવતું જ નથી.

આ જ સ્થિતિથી કવિ 'બાળકૃષ્ણ'ના રૂપક દ્વારા ભક્તિનાો મહિમા કરે છે. તેથી જ 'થાળ ભરી શગ મોતી એ કે કનકથાલ ભરી મોતીએ વધાવીએ' એમ લખે છે. છતાં બ્રહ્મજ્ઞાન પામ્યા પછી તેનામાં ભક્તિનો પ્રાદુર્ભાવ થાય છે, એ જ્ઞાન પ્રજ્ઞામાં પરિણમે છે. બ્રહ્મભાવ પામેલાં ને પ્રસન્ન ચિત્તવાળો જીવાત્મા નથી કંઈ શોક કરતો કે નથી કંઈ ઇચ્છતો, સર્વ પ્રાણીઓમાં સમાન બુદ્ધિવાળો એ પરાભક્તિને પામે છે.

આમ ઉપસંહાર કરતા કવિ બે બાબતો કહે છે. એક તો બહિર્મુખ જીવને અંતર્મુખ થવા જણાવે છે અને બીજું, મનુષ્ય જો અહંકાર મુક્ત ન થઈ શકે તો એના વર્તનમાં સાધુતા આવતી નથી. તે માટે ક્ષીણમોહનીય અવસ્થા સુધી પહોંચવું જરૂરી બને છે જેથી જીવનું પતન સંભવતું જ નથી.

•

# બંધન અને મુક્તિ

**રશ્મિભાઈ ઝવેરી**

સૂત્રકૃતાંગનું પ્રથમ અધ્યયન છે "સમય." (समए) એમાં સ્વસમય (જૈન મત) અને પર સમય (અન્ય મતો)ના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પ્રથમ અધ્યયનનો પહેલો ઉદ્દેશક છે - બંધન અને મુક્તિનું વિવેચન, જે આ લેખનો વિષય છે.

"बुज्झेज्ज । तिउट्टेज्जा,
बंधणं परिजाणिया
किमाह बंधणं वीरे ?
किं वा जाणं तिउट्टइ ?"

સુધર્માસ્વામીએ જમ્બુસ્વામીને કહ્યું - બોધિ - સંબોધિને પ્રાપ્ત કરો. બંધનને જાણો અને પછી તોડો.

જમ્બુસ્વામી પૂછે છે :

મહાવીરે બંધન કોને કહ્યું છે ?
કયું તત્ત્વ જાણવાથી બંધન તૂટે ?

આ ગાથામાં સર્વપ્રથમ સંબોધિ પ્રાપ્ત કરવાનો ઉપદેશ છે. સંબોધિ એટલે સમ્યક્-બોધ, આત્મ સ્વરૂપનો બોધ, હું - મારો આત્મા - શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર, અવિનાશી, અનંત જ્ઞાન-દર્શન-શક્તિ અને આનંદ સંપન્ન છે. પણ કર્મશરીર સાથેના સંબંધથી એ અનંતકાળથી સંસારમાં રઝળે છે. માટે કર્મબંધન હોય છે - તોડવા યોગ્ય છે - આ જ્ઞાનનું નામ સંબોધિ અથવા સમ્યક્ જ્ઞાન.

સંબોધિની મહત્તા અને દુર્લભતા દર્શાવવા સૂત્રકૃતાંગ સૂત્રના બીજા અધ્યયનની પ્રથમ ગાથા માર્મિક છે.

"संबुज्झह किण्ण बुज्झह !
संबोही खलु पेच्च दुल्लहा"

ઋષભનાથ ભગવાન પોતાના પુત્રોને ઉદ્દેશીને કહે છે, 'સંબોધિ પ્રાપ્ત કરો. બોધિએ શા માટે પ્રાપ્ત નથી કરતા ? જે વર્તમાનમાં સંબોધિને પ્રાપ્ત નથી કરતા એમને ભવિષ્યમાં (પછીના જન્મમાં) પણ એ સુલભ નહીં થાય.

આનો ભાવાર્થ છે કે જાગવું દુર્લભ છે. જે વર્તમાનકાળમાં જાગૃત નથી થતો - સમયની રાહ જુએ છે એ કોઈ દિવસ જાગી નથી શકતો, સંબુદ્ધ નથી થઈ શકતો.

સંબોધિનો બીજો અર્થ છે સાચી દૃષ્ટિ-સમ્યક્ દૃષ્ટિ. કારણ સમ્યક્ દૃષ્ટિ વગર તો જ્ઞાન પણ 'અજ્ઞાન' કહેવાય છે. માટે જ સમ્યક્ દૃષ્ટિનું મહત્ત્વ મહાવીરના દર્શનમાં સૌથી વધુ મહત્ત્વનું છે. મોક્ષમાર્ગનું કર્મબંધનમાંથી મુક્તિનું પ્રથમ ચરણ છે. સમ્યક્દર્શન-યથાર્થ તત્ત્વશ્રદ્ધાને સમ્યક્દૃષ્ટિ કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો નિર્ગ્રંથે સાક્ષાત જોયેલા અને કહેલા તત્ત્વોનું અને દર્શનનું યથાર્થ જાણવું, જિનવચનમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી એમણે પ્રરૂપેલ માર્ગને મુક્તિનો માર્ગ જાણવો, એનું નામ સમ્યક્દૃષ્ટિ.

પણ મહાવીરનું દર્શન ફક્ત "શ્રદ્ધાથી જાણો" એટલે કે સમ્યક્દૃષ્ટિ અને સમ્યક્ જ્ઞાનથી અટકી નથી જતું. એક તરફ એમણે કહ્યું કે 'પઢમં નાણં તઓ દયા' પણ એમનો માર્ગ તો છે "ज्ञान क्रियाभ्यां मोक्षः" જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી એ માર્ગ પર આચરણ કરો. એટલે જ સમ્યક્ ચારિત્ર પર એટલું જ બળ આપવામાં આવ્યું છે. માટે જ સૂત્રમાં કહ્યું છે કે આત્માને જાણો - એના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરો. પછી એ શુદ્ધ સ્વરૂપને વિકૃત કરનાર કર્મબંધનને તોડો. એમ સમ્યક્ દર્શન સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની ત્રિવેણીમાં મહાવીરનું આખું દર્શન સમાય છે. વેદાન્ત સાંખ્ય આદિ ફક્ત જ્ઞાનથી મોક્ષ માને છે અને મીમાંસા આદિ દર્શન એકાન્ત કર્મ (ક્રિયાથી) મુક્ત માને છે. જ્યારે જૈનદર્શન માને છે કે પ્રથમ "જ્ઞ" પરિજ્ઞાથી આત્મા અને બંધનને જાણો અને પછી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી એ બંધનને તોડો.

હવે જમ્બુસ્વામીનો પ્રશ્ન છે કે વીર ભગવાને બંધન કોને કહ્યું ? તેનો જવાબ પછીની બીજી ગાથામાં આવે છે. આ ગાથામાં ચેતન-અચેતન બધા પદાર્થોમાં તનિક પણ પરિગ્રહ-બુદ્ધિ (મમત્વ) રાખે તેને બંધન કહ્યું છે. ત્રીજી ગાથામાં હિંસા કરે, કરાવે અને અનુમોદે એને બંધન બતાવ્યું છે. આમ બંધનના બે મુખ્ય કારણ છે - પરિગ્રહ અને હિંસા આ બંને વડે આત્મા કર્મબંધનથી બંધાય છે. "बध्यते परतन्त्री क्रियते आत्माऽनेनेति बन्धनम्" જેના દ્વારા આત્મા પરતંત્ર થઈ જાય છે તેનું નામ બંધન. આ "કર્મ બંધ" જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. આત્મપ્રદેશ સાથે કર્મવર્ગણના પુદ્ગલો "ક્ષીરનીરવત્" એકમેક થઈ જાય છે એને કર્મબંધ કહેવાય છે.

**પરિગ્રહ :**

કર્મ બંધનના બે મુખ્ય હેતુ છે. આરંભ અને પરિગ્રહ. આમ જુઓ તો રાગ-દ્વેષ, મોહ, કષાય વગેરે પણ કર્મ-બંધના હેતુ છે. પરંતુ એ પણ આરંભ-પરિગ્રહ વગર નથી થતાં, માટે જ મુખ્ય હેતુ તો આરંભ-પરિગ્રહ જ છે. આ બંનેમાં પણ પરિગ્રહ વધુ મોટુ કારણ છે કેમકે આરંભ પણ પરિગ્રહ માટે જ કરવામાં આવે છે.

પરિગ્રહ એટલે મૂર્ચ્છા-મમત્વ "મારા પણુ"ની ભાવના જિનવાણી છે.

'न सा परिग्गहो वृत्तो

नायपुत्तेण ताईणा

मुच्छा परिग्गहो वुत्तो

इ इ वुत्तो महेसिणा'

જીવ-અજીવ, ચેતન-અચેતન, પદાર્થ માત્ર પરિગ્રહ નથી પણ એ પદાર્થમાં મમત્વબુદ્ધિ રાખવી એને ભગવાને પરિગ્રહ કહ્યું.

પરિગ્રહના બે ભેદ છે. (૧) બાહ્ય અને (૨) આભ્યંતર. બીજા શ્લોકમાં બાહ્ય પરિગ્રહના બે ભેદ બતાવ્યા છે. ચેતન-અચેતન. ચેતન એટલે મનુષ્ય સંબંધી મમત્વ, માતા-પિતા, પત્ની, તુત્ર આદિ સ્વજનો અને અન્યજનો પરનું મમત્વ. તેવી જ રીતે પશુ-પક્ષી, વૃક્ષ-ધાન્ય આદિ સજીવ વસ્તુઓ પરનો રાગ-મોહ એ પણ 'ચેતન પરિગ્રહ'ના ભેદમાં ગણાય છે. અચેતન પરિગ્રહ એટલે પૈસા, ધન, સોનું, ચાંદી, જમીન, મકાન, કપડા વગેરે બધી જ ભૌતિક-પૌદગલિક ચીજો પરનું મમત્વ. આ બધા પર થોડી પણ આસક્તિ-મોહ આવે તો એ પરિગ્રહ બની જાય છે. ભગવાને કહ્યું, માણસ પદાર્થની આગળ-પાછળ પરિક્રમા કરે છે. આ એક મોટો ભય છે, કારણ કે પદાર્થ સાથે "આ મારું છે" એ મનોવૃત્તિને ગાઢ બનાવી રહ્યો છે. આ જ દુઃખનું મૂળ છે -શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે,

"પરવસ્તુમાં નહીં મુંઝવો

એની દયા મુજને રહી" - ટૂંકમાં મહાવીરનો ધર્મ છે પરભવમાંથી સ્વભાવમાં આવવું. આ પદાર્થ પરનો મોહ જ્યારે લોભમાં પરિણમે છે. ત્યારે મનુષ્ય વિવેકબુદ્ધિ ભૂલી જાય છે, અમાનવીય ચિંતન અને પાશવિક વૃત્તિ-પ્રવૃત્તિ કરવા લાગે છે. વેરઝેર વધારે છે અને ગાઢ બંધનમાં બંધાય છે. માટે જ ત્રીજી ગાથામાં કહ્યું છે પરિગ્રહી માણસ પ્રાણીઓની હિંસા કરે છે-કરાવે છે અને અનુમોદે છે. વેરને વધારીને દુઃખથી, બંધનથી મુક્ત થઈ શકતો નથી.

સૌથી વધુ બંધનકારકતા છે આભ્યંતર પરિગ્રહ. એના ૧૪ પ્રકાર છે એમાં કષાય, નોકષાય, મિથ્યાત્વ, યશ યા પ્રતિષ્ઠા લિપ્સા વગેરે આવે છે. ટૂંકમાં આત્માના જેટલા પણ વિકારી પરિણામો છે. વિકૃત ભાવો છે. એ બધા આભ્યંતર પરિગ્રહ છે. એનો બાહ્ય પરિગ્રહ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

આમ સજીવ સગા-સંબંધી, નિર્જીવ-ધનદોલત અને સૌથી વધુ પોતાનું શરીર-આ બધા પર મમત્વ છોડવાથી જ બંધન તૂટે છે. પરિગ્રહ જ સૌથી મોટું બંધન છે. એની પાછળ બીજા બધાં કારણો આવી જાય છે. અસત્ય ચોરી, છળ-કપટ, વાસના, લાલસા, આ બધું બાહ્ય અને આભ્યાંતર પરિગ્રહનાં જ રૂપ છે.

બીજી ગાથામાં કહ્યું છે કે પરિગ્રહી મનુષ્ય દુ:ખથી પણ મુક્ત નથી થઈ શકતો અને બંધનથી પણ મુક્ત નથી થઈ શકતો. એને અપ્રાપ્ત પરિગ્રહની તીવ્ર આકાંક્ષા હોય છે. જે પરિગ્રહ નષ્ટ થઈ ગયું એને માટે તીવ્ર સંતાપ હોય છે. અને જે એની પાસે છે એના સંરક્ષણ માટે એ હંમેશ બેચેન હોય છે. પરિગ્રહના ઉપભોગથી કયારેય પણ તૃપ્તિ નથી થતી, પ્રત્યુત્ અતૃપ્તિ વધે છે. આ બધાં દુ:ખના મૂળ છે. અહીં "બંધ"ના અર્થમાં "દુ:ખ" શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

(૨) બંધનનું બીજું મુખ્ય કારણ છે હિંસા. હિંસા એટલે ફક્ત કોઈ પ્રાણીને મારી નાખવું એટલું જ નથી. જૈનદર્શનમાં એને માટે 'પ્રાણાતિપાત" શબ્દ વપરાયો છે. ૧૦ પ્રકારના પ્રાણોમાંથી (૫ ઈન્દ્રિય બલ - ૩ યોગ બલ - શ્વાસોશ્વાસ ને આયુષ્ય) કોઈપણ એક કે વધુ પ્રાણની ઘાતને પ્રાણાતિપાત કહેવાય. જૈન દર્શનમાં હિંસાનું જેટલું સૂક્ષ્મ વર્ણન છે એટલું અન્ય દર્શનમાં નથી. મન-વચન-કર્મથી કોઈને જરા જેટલી પણ શારીરિક કે માનસિક પીડા પહોંચાડવી એને હિંસા કહેવાય છે. હિંસા કરવી, કરાવવી યા કોઈ હિંસા કરતુ હોય એની અનુમોદના કરવી, આ બધાં હિંસાના જ પ્રકાર છે.

બીજી દૃષ્ટિએ જુઓ તો હિંસા પણ પરિગ્રહ માટે જ થતી હોય છે. જ્યાં પરિગ્રહ છે ત્યાં હિંસા નિશ્ચિત છે જ. બંને વચ્ચે ગાઢ સંબંધ છે. હિંસા અને પરિગ્રહ-બંનેનું મૂળ રાગ-દ્વેષ છે. માટે રાગ અને દ્વેષને પણ બંધનના કારણ માનવામાં આવે છે. રાગ અને દ્વેષ પણ પરિગ્રહ અને હિંસાથી ઉત્તેજિત થાય છે. હિંસાનું મુખ્ય કારણ છે પરિગ્રહ. આધુનિક અર્થશાસ્ત્રની ધારણાઓ હિંસાને પ્રોત્સાહિત કરે એવી છે. અર્થશાસ્ત્ર (ઈકોનોમીકસ) કહે છે - "પદાર્થ પ્રત્યે રાગ મોહ ઉત્પન્ન કરો -કરાવો અને પદાર્થનો વધુ ને વધુ ઉપયોગ કરો-ઉપભોગ કરો." આ વૃત્તિએ આજે દુનિયાભરમાં ઉપભોક્તાવૃત્તિ (કન્ઝયુમરીઝમ) ફેલાવી દીધી છે. જ્યારે **મહાવીર કહે છે "પદાર્થ પરથી રાગ-મોહ ઓછો કરો - પદાર્થ પ્રત્યે વિરાગ ઉત્પન્ન કરો."** અસંગ્રહનો જે સિદ્ધાંત આપ્યો તે જનસંખ્યા પર આધારિત નહતો. એમણે તો માનવીય મનોવૃત્તિ અને સંગ્રહના પરિણામોને ધ્યાનમાં રાખી, અપરિગ્રહ, અસંગ્રહ અથવા ઇચ્છા-સંયમના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું હતું.

હિંસા તો પરિણામ છે એનું મૂળ છે - પરિગ્રહ. **પરિગ્રહની-સંગ્રહની - મમત્વની** સમસ્યાનું સમાધાન કરશો તો હિંસાની સમસ્યાનું સમાધાન આપોઆપ થઈ જશે. પણ હિંસારૂપી વૃક્ષના પાન કે ફળફુલ પર પ્રહાર કરવાથી કંઈ નહીં વળે. એના મૂળ પર પ્રહાર કરવો જોઈએ. **જેટલું 'મારાપણું' ઓછું, એટલી હિંસા ઓછી.** જેટલું મારાપણું વધુ, એટલી હિંસા વધુ આ છે અહિંસાનું મહાભાષ્ય. "અહિંસા પરમો ધર્મઃ" ને બદલે આજનું સૂત્ર હોવું જોઈએ "અપરિગ્રહ પરમો ધર્મઃ". આ ઉભય કારણો જ આત્માને બંધનમાં નાખે છે. દુઃખની પરંપરા સર્જે છે. અનન્ત જન્મો સુધી સંસારમાં રખડાવે છે. પરસ્પર મોહ, વેર, ઝેર બાંધી, મોહમાં મૂર્છિત થઈ કોઈ દિવસ દુઃખથી મુક્ત નથી થતો.

હવે મૂળ વાત પર આવીએ. આ બંધનને જાણ્યા પછી એને **તોડવું કેમ ?** તો પાંચમી ગાથામાં એનો ઉપાય બતાવતાં કહે છે કે **'અશરણ'** અને **'અનિત્ય'** આ બે ભાવના જો સમજાય જાય, તોજ મનુષ્ય કર્મબંધન તોડી શકે છે.

(૧) **અશરણ :** આ સંસારમાં કોઈ કોઈનું શરણ-પ્રાણ નથી. મનુષ્યને જ્યારે આ વાતની પ્રતીતિ થઈ જાય છે કે સંસારના જે મોટા દુઃખ - જન્મ, જરા, રોગ અને મૃત્યુમાંથી, અન્ય કોઈપણ એને બચાવી શકે તેમ નથી, ત્યારે જ અરિહંત, સિદ્ધ અને પોતાના નિર્મલ આત્માનું શરણ શોધશે ને પામશે. ઉ. વિનયવિજયજી કહે છે.

"शरण मेम मनुसर चतुरंगम्

परिहर ममता संगम् ।।"

અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનભાસિક ધર્મ - એ ચાર જ શરણાં સાચાં છે. મોહ-મમતા ત્યાગી, એમની શરણમાં જવાથી જ બંધન તૂટે છે. ઉપરના ચાર દુઃખોમાંથી ભાઈ-બહેન, માતા પિતા, પત્ની પુત્ર પુત્રી-સગાસંબંધી, દેશના કે વિદેશના હોંશિયારમાં હોંશિયાર ડૉકટરો, ગમે તેટલો પૈસો, સત્તા, બળ, કીર્તિ - આમાંથી કોઈપણ માણસને આ ચાર દુઃખમાંથી બચાવી શક્વા શક્તિમાન નથી. આ જાણી મનુષ્યે બાહ્ય પદાર્થ (ચેતન-અચેતન) ઉપરથી મોહ-પરિગ્રહ છોડી, ભગવાને બતાવેલો સંવર-નિર્જર રૂપ ધર્મી સ્વીકારી, કર્મના બંધનને તોડવા જોઈએ.

(૨) **અનિત્ય ભાવના : "જીવન મૃત્યુની તરફ દોડી રહ્યું છે."** આયુષ્યનો કોઈ ભરોસો નથી. આ દુનિયામાં બધું જ ક્ષણિક છે અનિત્ય છે." આ સત્યને જે જાણી લે છે તે કર્મ બંધનને તોડી નાખે છે. બધા જ પદાર્થની અનિત્યતા સમજાય જાય, ત્યારે જ

એના પરથી મોહ મમત્વ છૂટે અને ત્યારે જ બંધન તૂટે. જો બધું જ અનિત્ય છે તો નિત્ય શું છે ? ઉ. વિનયવિજયજી કહે છે.

"नित्यमेकं चिदानंदमय मात्मनो

रूपमभिरूप्य सुखमनुभवेयम् ।

કેવળ એક તારો આત્મા જ ચિદાનંદમય, જ્ઞાન, દર્શન, ચારિત્રમય અવિનાશી અને નિત્ય છે. એ નિર્મળ, શુદ્ધ, અવિકારી આત્માના સ્વરૂપને પામવા, બંધનમાંથી મુક્તિ મેળવવા ભવબીજનો આત્યંતિક નાશ કરવા, પરિગ્રહ અને હિંસાનો માર્ગ છોડી, ત્યાગ અને સમતાનો માર્ગ અપનાવવો જોઈએ.

નિષ્કર્ષ એ છે કે કર્મબંધનનો પરોક્ષ હેતુ છે રાગ અને દ્વેષ અને પ્રત્યક્ષ કારણ છે. પરિગ્રહ અને હિંસા. પશસ્ત ચિંતન દ્વારા, સંવરનિર્જરા દ્વારા, સંયમ અને તપ દ્વારા, આ બંધનને તોડી શકાય છે. પરિગ્રહ અને હિંસાની મૂર્છા છોડી શકાય છે.

આજના પરિપેક્ષમાં બે મુખ્ય કારણો માની શકાય છે બંધનના - સંગ્રહ અને સંઘર્ષ. અર્જન સાથે વિસર્જનની ભાવના રહે અને સંગ્રહવૃત્તિ ઓછી થાય તો જ બધી જાતના સંઘર્ષો-વિગ્રહો ટળે. ક્રૂરતાનું - હિંસાનું - વેરનું મોટું કારણ છે સંગ્રહ - બેસુમાર સંગ્રહ. ભગવાન મહાવીરના અર્થશાસ્ત્રનો સાર સૂત્ર...ની પ્રથમ ગાથામાં આવી જાય છે.

•

# જૈનદર્શનમાં અહિંસા

**પ્રવિણભાઈ સી. શાહ**

અમેરિકાના વર્લ્ડટ્રેડ સેન્ટરના વિનાશની ઘટના જે નાઈન ઈલેવન (૯/૧૧) અગ્યારમી સપ્ટેમ્બર તરીકે અમેરિકા ઓળખે છે તેનાથી અમેરિકા તથા વિશ્વના દેશોની આંખ ઉઘાડી કરી નાંખી કે આંતકવાદ ત્રાસવાદ હિંસાવાદ જગતને કોઈપણ રીતે ઉપયોગી લાભકારક નથી. તેનાથી હવે વિશ્વમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું છે.

વિશ્વના દેશોની ઈકોનોમી અર્થતંત્ર ઉપર ભારે અસર પડી છે, પ્લેનમાં મુસાફરી કરનારાઓની સીકયોરીટી ચેકીંગ મુસાફરોને હેરાન-પરેશાન કરે છે. સીકયોરીટીનું ખર્ચ, સુરક્ષાની સુવિધાઓ, પ્રજાના જાન-માલની સલામતિ વગેરે પાછળ હજારો કરોડો ડોલરનું રોકાણ કરવું પડે છે. આમ વિશ્વની મહાસત્તાઓ હિંસાથી ગભરાય છે.

જ્યારે બીજી બાજુ ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ અહિંસાની ચળવળથી બ્રિટિશ રાજને હાંકી કાઢી ભારતને સ્વતંત્રતા અપાવી છે અને અહિંસાની જબરજસ્ત તાકાતનું દર્શન કરાવ્યું છે.

આમ હિંસાથી થતી હોનારત અને અહિંસાથી બંધાતી સર્જનની ઇમારતના ખેલ દુનિયાએ જોયા અને હવે પ્રભુ મહાવીરના અજોડ અહિંસાવાદનું પુનઃ પરિશીલન કરવાની આજના કાળે વિશેષ જરૂરિયાત ઊભી થઈ છે.

જૈન દર્શનમાં સાધુસાધ્વીજી ભગવંતોને પાળવાના પાંચ મહાવ્રતમાં પ્રથમ વ્રત "પ્રાણાતિપાત વિરમણ વ્રત"નો ઉલ્લેખ આપેલો છે. "પ્રાણાતિપાત" શબ્દ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે.

પ્રાણાતિપાત એટલે પ્રાણનો અતિપાત, પ્રાણનો ઘાત, પ્રાણનો નાશ અર્થાત જીવહિંસા, અઢાર પાપસ્થાનકમાં આ સૌથી પહેલું પાપ ગણાય છે.

સજીવ આત્માના જીવનને ધબકતું, ચેતનવંતુ જીવતું રાખવા માટેની શક્તિને "પ્રાણ" કહે છે. દશ પ્રકારની શક્તિ દશ પ્રકારના પ્રાણથી જીવન સજીવન રહે છે.

**પાંચ ઈન્દ્રિય :**

(૧) સ્પર્શેન્દ્રિય

(૨) રસનેન્દ્રિય

(૩) ઘ્રાણેન્દ્રિય

(૪) ચક્ષુન્દ્રિય

(૫) શ્રોતેન્દ્રિય

**ત્રણ યોગ બળ :**

(૬) મનોબળ

(૭) વચનબળ

(૮) કાયબળ

(૯) શ્વાસોશ્વાસ

(૧૦) આયુષ્ય

આ દશમાંથી એક કે વધારે પ્રાણની હયાતિમાં જીવન ચેતનવંતુ જીવીત રહે છે. આયુષ્ય એટલે અહિં જીવન ધબકતું-સજીવન રહેવાની સમય મર્યાદા, શરીરમાં પ્રાણ ટકી રહે તેટલા સમયની મર્યાદા-આ મર્યાદા પૂરી થાય એટલે શરીરમાંથી જીવ છૂટો પડી જાય શરીર જડ બને જેને મૃત્યુ કહેવાય છે.

આટલા વિવેચનથી જૈનદર્શનકારો અહિંસાનું સ્પષ્ટ રીતે વર્ણન કરતાં જણાવે છે કે જૈન સાધુ સાધ્વીજી ભગવંતો પ્રથમ મહાવ્રતના પાલનમાં ષટ્કાય જીવોનાં તમામ પ્રાણોની સર્વાંગ રીતે રક્ષા કરવાનું જીવનભરનું વ્રત ઉચ્ચારે છે તેથી તે મહાવ્રત કહેવાય છે. સંસારમાં રહેલા શ્રાવક-શ્રાવિકા આ જ વ્રતને સ્થૂળ સ્વરૂપમાં પાલન કરતાં હોવાથી તેમના પાલન “સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત”ને અણુવ્રત કહેવાય છે. અર્થાત ઉપર પ્રમાણે વર્ણવેલા જીવોના ૧૦ પ્રાણની રક્ષાને અહિંસા કહેવાય છે, જીવદયા કહેવાય છે. આમ જૈન દર્શન મહાવ્રત-અણુવ્રત દ્વારા જૈન અનુયાયીઓને અહિંસા વ્રતનું આચરણ અથવા જીવદયા પાળવાનો ધર્મ બતાવે છે. અહિં સંપૂર્ણ રીતે સર્વ જીવોની અહિંસા પાળનાર સાધુ ભગવંતોની જીવદયા વીસ વસાની ગણાય છે. જ્યારે સ્થૂળ રીતે જીવદયા પાળનાર શ્રાવકની જીવદયા સવા વસાની ગણાય છે. કારણ કે શ્રાવકને જીવન ટકાવી રાખવા કેટલાક સૂક્ષ્મ જીવોની હિંસા અનિવાર્ય હોવાથી સાધુ ભગવંતોની જેમ સંપૂર્ણ જીવદયા પાળી શકતા નથી.

મુનિ મહારાજ ત્રસ અને સ્થાવર એમ બંને પ્રકારના જીવોની દયા પાળે, એટલે તેમને વીસ વસાની દયા પાળનાર કહેવાય છે. શ્રાવક માત્ર ત્રસ જીવોની દયા પાળી શકે. એટલે રહ્યાં દશ વસા, ત્રસ જીવોની દયા પણ નિરપરાધી ત્રસ જીવોને જ બચાવી શકે. એટલે અપેક્ષા વિના હણવાની બુદ્ધિએ ન મારવા, તેથી રહ્યાં પાંચ વસા, નિરપરાધી જીવો પણ આરંભ સમારંભથી હણાય છે. એટલે રહ્યાં અઢી વસા, પોતાના

સ્વજન સંબંધી અગર પશુ વગેરેના રોગની દવા કરવી પડે તેમાં જીવ હણાય, એટલે રહ્યો સવા વસો. આમ શ્રાવકો સવા વસાની દયા પાળી શકે.

અહિંસાના ઊંડાણપૂર્વકના વિસ્તૃત વિવેચનમાં જૈન દર્શનકારો અહિંસાના વિવિધ પ્રકારો દર્શાવે છે. અને અહિંસાનું આવું વર્ણન અન્યત્ર જોવા મળતું નથી આના કારણે વિશ્વમાં જૈન દર્શનનો અહિંસાવાદ અને એકાંતવાદ અનેક વિદ્વાનોએ વખાણ્યો છે.

જૈન દર્શનકારોએ "ઇરિયાવહિ" સૂત્રમાં જીવોની હિંસા કઈ કઈ રીતે થાય છે તે બતાવ્યું છે. જેથી એકાદ પ્રાણને પણ તકલીફ થાય તો જીવહિંસાનો દોષ લાગે છે.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયવાળા જીવોને નીચેની રીતે હિંસાના દોષમાં પડી શકાય.

(૧) અભિહયા : જીવોને લાતે માર્યા હોય અથવા ઠોકરો મારી હોય અથવા હાલતા ચાલતા ધૂળ ઉડાડી ઢાંકયા હોય.

(૨) લેસિયા : ભૂમિ સાથે ઘસ્યા હોય, ભીસ્યા હોય.

(૩) સંઘટ્ટિયા : એકબીજાને ખેંચી ખેંચીને ભેગા કર્યા હોય, અંદરોઅંદર સંકડાવ્યા હોય.

(૪) સંઘાઈયા : પરસ્પર અથડાવ્યા હોય, શરીરે સ્પર્શ કર્યો હોય.

(૫) પરિયાવિયા : કોઈ સાધનોથી કષ્ટ ઉપજાવ્યું હોય.

(૬) કિલામિયા : એને ખેદ થાય - દુઃખ થાય એવી રમત કરી હેરાન કર્યા હોય.

(૭) ઉદ્દવિયા : મરતા સુધી ત્રાસ પમાડ્યો હોય, મડદાલ જેવા અધમૂઆ કર્યા હોય પણ મારી નાખે નહિ, બીવડાવ્યા હોય.

(૮) ઠાણાનો ઠાણં સંકામિયા : એક સ્થાનેથી ઉંચકી બીજે અણગમતા સ્થાને મૂકયા હોય, સ્થાનાંતર કર્યા હોય.

(૯) જીવિયાઓ વવરોવિયા : છેવટે મારી નાંખ્યા હોય, હણી નાંખ્યા હોય.

આમ, ૯ પ્રકારે જીવોને હિંસા કરવાથી જીવહિંસાનું પ્રણાતિપાતનું પાપ લાગે છે. માટે જિનના અનુયાયીઓ ઉઠતાં-બેસતાં, હાલતાં-ચાલતાં, હરતાં-ફરતાં વસ્તુને મૂકવા લેવા જતાં આ રીતે જીવહિંસા ન થાય તેની કાળજી રાખે છે. અને જાણે-અંજાણે હિંસા થઈ જતાં તેનું પ્રાયશ્ચિત કરે છે - "ઇરિયાવહિ"ની વિધિ કરે છે.

"અતિચાર સૂત્રમાં" અહિંસાના પાલનમાં પ્રથમ વ્રતમાં પાંચ સંભવિત દોષોની વાત શાસ્ત્રમાં કહી છે.

(૧) વધ : જીવોનો વધ કરે - લાકડી, ચાબુક આદીથી મારે

(૨) બંધ : જીવોને બાંધી રાખે, તેનાં અંગો બાંધી રાખે

(૩) છેદ : જીવોના અંગોના છેદ કરે

(૪) અતિભાર : જીવોના શરીર ઉપર અસહ્ય ભાર લાદે.

(૫) અન્ન પાણીનો વિયોગ : જીવોને અન્નપાણી, ખાવા-પીવાની ચીજો મોડી આપે, ઓછી આપે, ભૂખ્યા-તરસ્યા રાખે, અહિંસા વ્રતના આ પાંચ અતિચારો જૈન શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

જૈન દર્શનમાં જ્ઞાની ભગવંતોએ હિંસાના ત્રણ ભેદો કહેલા છે.

(૧) સ્વરૂપ હિંસા, (૨) હેતુ હિંસા, (૩) અનુબંધ હિંસા

**(૧) સ્વરૂપ હિંસાનું વર્ણન :**

જ્ઞાની ભગવંતોએ જે જે અનુષ્ઠાનો આત્મકલ્યાણ માટે કરવાના કહેલા છે તે તે અનુષ્ઠાનોનું પાલન કરતાં કરતાં જે હિંસાઓ થાય છે તે હિંસાઓ અનિવાર્ય રૂપે હિંસા ગણાય છે જેમ કે ભગવાનની ભક્તિમાં કાચા પાણીનો ઉપયોગ કરવો, ફુલનો ઉપયોગ કરવો, ધૂપનો ઉપયોગ કરવો, દીપકનો ઉપયોગ કરવો તે ક્રિયાઓ કરતાં જે જે જીવોની હિંસા થાય છે તે અનિવાર્ય હિંસા ગણાય છે.

સંસારમાં ગૃહસ્થપણામાં રહેલા જીવોને પોતાનું જીવન જીવતાં અને પોતાના કુટુંબને જીવન જીવાડતાં જીવનમાં જે જે હિંસાઓ થાય છે એ હિંસાની પ્રવૃત્તિઓથી છોડાવવા માટે ભગવાનની ભક્તિ કરવાનું વિધાન છે આથી ભગવાનની ભક્તિમાં જે કાંઈ હિંસા થાય છે એ હિંસાની પ્રવૃત્તિને છોડાવનારી હોવાથી તથા કર્મક્ષય કરનારી હોવાથી એ હિંસા અનિવાર્ય રૂપે ગણાય છે માટે ભગવાનની ભક્તિ માટે હિંસા કરવામાં આવે છે તે જયણાપૂર્વક અને ઉપયોગપૂર્વક કરવામાં આવે તો તે સ્વરૂપ હિંસા કહેવાય છે. કારણ કે તેમાં હિંસા કરવાનો ભાવ હોતો નથી જેમ ડૉકટર દરદીને જીવાડવા શરીરના અંગો ઉપર છરીથી છેદ કરી ઓપરેશન કરે તે હિંસા ન ગણાય પણ ખૂની કોઈના ગળે છરી મૂકી મારવાનો પ્રયત્ન કરે તો તે ઘોર હિંસાનું પાપ કહેવાય. બંને છરી મૂકે છતાં ભાવ આશય જુદા છે. જૈન શાસન અહિંસા પ્રધાન છે, અહિંસાને માનનારું છે આથી અહિંસાનું જીવન જીવવાનો પ્રયત્ન કરતાં કરતાં જે કોઈ જીવોની હિંસા થાય તેને હિંસા ગણાતું નથી કારણ કે હિંસા એને જ કહેવાય છે કે અનુકૂળ પદાર્થોના રાગને માટે અને પ્રતિકૂળ પદાર્થોના દ્વેષને માટે એટલે કે પાંચે ઈન્દ્રિયોને અનુકૂળ વિષયોને વિષે ઈન્દ્રિયો જોડતા અને પ્રતિકૂળ વિષયોને વિષે ઈન્દ્રિયોને

પાછી ખેંચતા તથા તેમાં જે કષાયો પેદા થાય તે કષાયોની સફળતા માટે જે કાંઈ હિંસા જીવનમાં થાય એને જૈન શાસન હિંસા કહે છે. પણ આત્મિક ગુણો પેદા કરવાના હેતુથી, અહિંસાના સંપૂર્ણ પાલન કરવાના હેતુથી જીવન જીવતાં જે કાંઈ જીવોની હિંસા થાય તેમાં જયણા રહેલી હોવાથી તેને હિંસા ગણવામાં આવતી નથી એટલા માટે શ્રી જિનેશ્વર પરમાત્માની ભક્તિમાં દેખીતી રીતે હિંસા હોવા છતાં ધ્યેય ન હોવાથી એને હિંસા ગણાતી નથી માટે સ્વરૂપ હિંસા કહેવાય છે.

**(૨) હેતુ હિંસાનું વર્ણન :**

સાધર્મિક ભક્તિ માટે જયણાપૂર્વક છકાય જીવોની હિંસા કરવામાં આવે તે હેતુ હિંસા કહેવાય છે. પોતાની શક્તિ મુજબ સાધર્મિક ભક્તિમાં પચાસ ચીજો બનાવે પણ જયણાપૂર્વક બનાવવામાં આવે તો હેતુ હિંસા બને છે પણ અનુબંધ હિંસા થતી નથી. જ્યારે કુટુંબને ઉદ્દેશીને સ્નેહી, સંબંધીને ઉદ્દેશીને, મિત્ર વર્ગને ઉદ્દેશીને જે જે ચીજો બનાવવામાં આવે તો તે હેતુ હિંસા ગણાતી નથી. એવી જ રીતે સાધર્મિક ભક્તિ માટે જયણા વગર જે કાંઈ બનાવવામાં આવે તો પણ તે હેતુ હિંસા ગણાતી નથી. હેતુ હિંસાથી બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસબંધ સ્વરૂપ હિંસા કરતાં વધારે હોય છે. પણ શુભ પ્રકૃતિઓનો રસ પુણ્યનુબંધી પુણ્યનો હોય છે જે પ્રથમ હિંસા કરતાં અલ્પ બંધ હોય છે.

પોતાના ગણાતા કુટુંબને મમત્વબુદ્ધિ અને રાગ રાખ્યા વગર સાધર્મિક તરીકે માનીને વાત્સલ્ય ગુણ પેદા કરીને પાલન કરવામાં જે કાંઈ હિંસાની પ્રવૃત્તિ જીવનમાં કરે તે હેતુ હિંસા રૂપે ગણાય છે.

**(૩) અનુબંધ હિંસા :**

વિષય અને કષાય માટે એટલે કે અનુકૂળ પદાર્થોના રાગને અને મેળવવા આદિની પ્રવૃત્તિ કરતાં પ્રતિકૂળ પદાર્થોના દ્વેષના કારણે આવેલી પ્રતિકૂળતાઓને દૂર કરવાના હેતુથી પ્રવૃત્તિ કરતા જે કાંઈ હિંસા જીવનમાં થાય તે વિષય રૂપ હિંસા કહેવાય છે. એવી જ રીતે અનુકૂળ પદાર્થોને સાચવવા આદિ માટે અને પ્રતિકૂળ તાઓને દૂર કરવાના હેતુથી ક્રોધાદિ કષાયોનો ઉપયોગ કરાય તે કષાયજન્ય હિંસા કહેવાય છે, એ રીતે જીવનમાં કરતી (થતી) હિંસા તે અનુબંધ હિંસા કહેવાય છે. આ હિંસાથી અશુભ પ્રવૃત્તિઓ તીવ્ર રસે અને શુભ પ્રકૃતિઓ અલ્પ રસે બંધાય છે. નિર્જરા થાય તો અકામ નિર્જરા કહેવાય.

જ્ઞાની ભગવંતો કહે છે કે જીવોને હિંસા કરવાથી જેટલું પાપ લાગે છે એના કરતાં હિંસાના પરિણામથી જીવોને પાપ તીવ્રરૂપે બંધાય છે. જેટલા ટાઈમ પહેલાથી હિંસા કરવાનું નક્કી કરેલું હોય ત્યારથી હિંસાનું પાપ ચાલુ થાય છે. કેટલીકવાર જેની હિંસા કરવાનું વિચાર્યુ હોય અને એ જીવ પુણ્યશાળી હોય તો તે જીવની હિંસા થઈ શકતી નથી પણ જ્યારથી હિંસાનો પરિણામ ચાલુ કર્યો ત્યાંથી હિંસાનું પાપ ચાલુ થઈ જાય છે તે પરિણામમાં જેવી તીવ્રતા તે પ્રમાણે તેને હિંસાના અનુબંધ જોરદાર રૂપે બંધાય જાય છે. અને ભવભ્રમણ વધતુ જાય છે આને અનુબંધ હિંસા કહેવાય છે. હિંસાના પરિણામના સાતત્યથી સંખ્યાતા-અસંખ્યાતા અથવા અનંત ભવ સુધી અનુબંધ રૂપે પાપબંધ ચાલુ ને ચાલુ રહે છે.

આથી પોતાના ગણાતા કુટુંબી સગા, સ્નેહી, સંબંધીઓ માટે જે કાંઈ જીવનમાં હિંસા થાય અને કર્તવ્ય તથા ફરજ માનીને રાગાદિપૂર્વક તે હિંસા કરવામાં આવે તેને અનુબંધ હિંસા કહેવામાં આવે છે.

જ્ઞાની ભગવંતોએ બીજી રીતે હિંસાના ત્રણ પ્રકારો (ભેદો) કહેલા છે.

(૧) સમરંભ (સંરંભ) હિંસા, (૨) સમારંભ હિંસા, (૩) આરંભ હિંસા

**(૧) સમરંભ (સંરંભ) હિંસા :**

જે હિંસાની પ્રવૃત્તિ કરવાની હોય તે હિંસાના વિચાર કરી કરીને પ્લાનીંગ નક્કી કરવા એટલે મનમાં ને મનમાં તે હિંસાના વિચારો કરીને પ્લાન નક્કી કરવા તે. આ પ્લાનીંગ જીવન જીવવામાં ઉપયોગી થતી હિંસાનું અને કર્તવ્ય રૂપે કરવા લાયક હિંસાનું પાપ લાગ્યા જ કરે છે. કેટલીક વાર પ્લાન નક્કી થયેલો હોય તે પ્રવૃત્તિ રૂપે ચાલુ ન પણ થાય છતાં પ્લાનથી પાપ લાગ્યા જ કરે એવી જ રીતે કેટલીકવાર બીજા જરૂરી હિંસાનું પાપ પણ લાગ્યા જ કરે છે એટલે કે આ હિંસા શાસ્ત્ર પરિભાષાથી બે રીતે થઈ શકે છે. (૧) અર્થકારી હિંસા અને (૨) અનર્થકારી હિંસા. તેમાં અર્થકારી હિંસા કરતા અનર્થકારી હિંસાનું પાપ વધારે લાગ્યા કરે છે કે જે બીન જરૂરી હિંસા અને અનર્થદંડ રૂપે કહેવાય છે.

આજે મનુષ્ય જન્મ પામ્યા છીએ તેમાં નાનપણથી એવી રીતે કેળવાયેલા છીએ કે જે પ્રવૃત્તિ ન પણ કરીએ એમ પણ બને. તો પણ હિંસાનું પાપ લાગે છે.

**(૨) સમારંભ હિંસા :**

જે હિંસા કરવાની પ્રવૃત્તિનો પ્લાન નક્કી કરેલ હોય તે પ્લાન મુજબ હિંસા કરવા જવાની તૈયારી કરવી એટલે કે પ્લાન ઉપાડવાની શરૂઆત કરીને જ્યાં સુધી એ

હિંસાની પ્રવૃત્તિની શરૂઆત ન કરે ત્યાં સુધી સમારંભનું પાપ લાગે છે. આરંભ કરતાં સમારંભનો કાળ લાંબો હોય છે. સંરંભ અને સમારંભ જેટલું પાપ બંધાય છે એટલે કે જેટલા કર્મોનો બંધ થાય છે એટલું પાપ અથવા એટલા કર્મો આરંભથી બંધાતા નથી.

આથી જ્ઞાની ભગવંતો કહે છે કે પ્લાન નક્કી કર્યા વગર, વિચારણાઓ કર્યા વગર જે કાળે જે કરવા યોગ્ય હોય એની આચારણા કર્યા કરવી આ રીતે કરવામાં આવે તો સંરંભ અને સમારંભનું પાપ લાગતું નથી.

**કાલે કાલે સમાચરેત્ ?**

**(૩) આરંભ હિંસા :**

જે હિંસાની પ્રવૃત્તિ કરવાની હોય તે હિંસાની પ્રવૃત્તિની શરૂઆત કરે તે આરંભ હિંસા કહેવાય છે. તે આરંભની પ્રવૃત્તિ શરૂ કર્યા પછી જ્યાં સુધી એ પ્રવૃત્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી આરંભની ક્રિયા ચાલુને ચાલુ જ રહે છે. તે આરંભ ક્રિયાનું પાપ લાગે છે અર્થાત્ એ પ્રવૃત્તિ સુધી આરંભનું પાપ ચાલ્યા જ કરે છે.

જ્ઞાની ભગવંતોએ હિંસાના ચાર પ્રકાર જણાવેલ છે તે આ પ્રમાણે :

(૧) હિંસ્ય, (૨) હિંસક, (૩) હિંસા અને, (૪) હિંસાનું ફળ

**(૧) હિંસ્ય :**

જેની હિંસા કરવામાં આવે તેને હિંસ્ય કહેવાય છે.

સ્વહિંસ્ય : એટલે પોતાના દ્રવ્યપ્રાણો અને ભાવપ્રાણોનો નાશ કરવો તે.

પરહિંસ્ય : એટલે પોતાના સિવાય બીજા જીવોના દ્રવ્યપ્રાણો અને ભાવપ્રાણોનો નાશ કરવો તે.

(૨) **હિંસક :** હિંસા કરવાવાળો જીવ

(૩) **હિંસા :** બીજા જીવોને પીડા આપવી તે. એ જીવ એના કોઈ પણ પ્રાણોથી કેમ વધારે પીડાને પામે એવી વિચારણા કરીને કષ્ટ આપવું અને છેલ્લે એનો ઘાત કરવો એવી ક્રિયાને હિંસા કહેવાય છે.

(૪) **હિંસાનું ફળ :** નરકગતિ અથવા નિગોદાદિ દુર્ગતિમાં જવું તે એટલે કે નિગોદાદિનું કર્મ બાંધવું અને એ કર્મને ભોગવવું.

સંસારમાં રહેલા જીવોને હિંસા કરવાની વિચારણાવાળા જીવને આ ચારેચાર પરિણામો એક સાથે જ રહેલા હોય છે.

સુખની ભાવના એટલે હિંસાની શરૂઆત કહેવાય છે.

ચોવીશ કલાકમાંથી એક પણ સમય એવો છે કે સુખ ઈચ્છા વગર ગાળતા હોઈએ ? ના. સુખની ઈચ્છાનો પરિણામ ચોવીશે કલાક ચાલુ જ રહે છે. આ જ પ્રાણાતિપાત કહેવાય છે.

આથી જ પુરૂષાર્થ કરીને અહિંસક વિચારો પેદા કરવા તેના પ્લાનો બનાવવાના એની પ્રવૃત્તિ કરવાની એ સાવંદ્ય પ્રવૃત્તિ કહેવાતી નથી પણ નિરવંદ્ય પ્રવૃત્તિ કહેવાય છે. તો જ વ્રત ગમે, વ્રતની પ્રવૃત્તિ કરવાની ભાવના જાગે.

આ રીતે પ્રાણાતિપાત અવ્રતને જાણીને, સમજીને ઓળખશક્તિ મુજબ અવ્રતથી છૂટવાનો પ્રયત્ન કરતાં રહી મન-વચન-કાયાથી આ અવ્રતનો ત્યાગ કરવો-કરવા રૂપે કરાવવારૂપે અને અનુમોદવા રૂપે સંપૂર્ણ ત્યાગ કરવો એ પહેલું સંપૂર્ણ પ્રાણાતિપાત વિરમણ વ્રતનું પાલન કહેવાય છે. આ રીતે આ મહાવ્રત પાલન છઠા ગુણ સ્થાનકમાં રહેલા મહાત્માઓ સારી રીતે કરી રહેલા છે અને પોતાના આત્માનું કલ્યાણ સાધી રહેલા છે. આ રીતે પાલન કરનારા બની આત્મકલ્યાણ કરનારા બનીએ એવો ભાવ રાખી ધર્મની આરાધના કરતાં કરતાં આરાધક ભાવમાં સ્થિર બનીએ તો જ કલ્યાણ થાય. શ્રાવકનું લક્ષ્ય પણ અણુવ્રતના પાલનમાંથી મહાવ્રતના પાલન તરફ પ્રગતિ કરવાનું હોય તો જૈન શાસનની - મનુષ્યભવની સાર્થકતા સાધે છે.

**જય હો અહિંસાધર્મનો**

**અહિંસા પરમોધર્મ**

●

# કાયોત્સર્ગ

**છાયા શાહ**
અમદાવાદ

ટેલિફોન કંપનીના એક કર્મચારીને એવું સંશોધન કરવાનું મન થયું કે આખા દિવસ દરમ્યાન સૌથી વધુ બોલાતો શબ્દ કયો ? સંશોધન ના અંતે તેને શોધી કાઢ્યું કે આખા દિવસમાં સૌથી વધારે વાર બોલાતો શબ્દ છે “હું”. આ હું ને સવાલ પૂછીએ કે હું એટલે કોણ ? તો તુરત જવાબ મળે કે હું એટલે રશ્મીબેન, મનહરભાઈ વગેરે... અનંતકાળના દેહાધ્યાસના સંસ્કારને લીધે જીવાત્મા. હું એટલે દેહ, આ મૂઢ વિચારધારા ધરાવે છે ને તેથી તે દેહને સાચવે છે, સંભાળે છે, શણગારે છે. અને આમ કરતાં કરતાં દેહને મળેલી સમયની અવધિ પૂરી થાય છે ને દેહ નિશ્ચેતન વેતન થવા માંડે છે ત્યારે છેલ્લી ક્ષણે જીવાત્માને દેહની ક્ષણભંગુરતાનો સાક્ષાત્કાર થાય છે. જીવાત્મા દેહને વિનંતી કરીને કહે છે “અબ ચલો સંગ હમારે કાયા, તો યે બહોત યતન કર રાખી... અબ ચલો સંગ હમારે” અને ત્યારે કાયા ફટ દઈને જવાબ આપે છે. “મૈં ન ચલુંગી તો રે સંગ ચેતન - જીવ સુણોયા રીત અનાદિ”ને પછી કાયા નિશ્ચેતન થઈ ઢળી પડે છે. ને જીવાત્મા પોતાના કર્મ પ્રમાણે વિવિધ ગતિઓમાં ભટકવા ચાલ્યો જાય છે.

પરંતુ કેટલાક આત્માઓને દેહની આ ક્ષણભંગુરતાનો ખ્યાલ જીવનના પ્રભાને આવી જાય છે ને તેથી તે અધ્યાત્મિક જગતને શરણે જાય છે. દરેક આધ્યાત્મિક જગત પછી તે ગીતા હોય, ઉપનિષદ હોય કે બૌધ્ધદર્શન હોય, દરેક એક અવાજે કહે છે કે અધ્યાત્મિક ચઢાણનું, પહેલું સોપાન છે ‘દેહાધ્યાસનો ત્યાગ’. હું એટલે દેહ એ મૂઢ તાનો ત્યાગ બધા દર્શનો દેહાધ્યાસનો ત્યાગ કરવાના પ્રયત્નો શીખવાડે છે. જૈનદર્શને પણ આ દેહાધ્યાસનો ત્યાગ કરી આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવાનો એક અમોઘ ઉપાય આપ્યો છે જેનું નામ “કાયોત્સર્ગ”.

શાસ્ત્રોમાં કાયોત્સર્ગના વિવિધ સ્વરૂપો બનાવ્યા છે. પહેલું સ્વરૂપ તેના શબ્દમાં જ છે. કાયા + ઉત્સર્ગ = કાયોત્સર્ગ કાયા એટલે જે અસ્થિની બનેલી છે. અથવા કાયા એટલે चीयतेऽन्न । दिमिरिति कायः જે અન્ન આદિથી વૃદ્ધિ પામે છે તે. ઉત્સર્ગ એટલે ત્યાગ અર્થાત્ કાયાનો ત્યાગ. આ કાયાનો ત્યાં સ્થૂલ રીતે નથી કરવાનો પણ.

त्यागो देह ममत्वस्य અર્થાત કાયા પરના મમત્વનો ત્યાગ, કાયા પરના માલિકીપણાનો ત્યાગ, કાયાના લાલન પાલનનો ત્યાગ, કાયોત્સર્ગ કરનાર વ્યક્તિ

એટલો નિશ્ચિત સમય માટે કાયાનો મમત્વનો, દેહાધ્યાસનો ત્યાગ કરે છે. કાયાથી થતા વાણી આદિ વ્યવહારોનો ત્યાગ કરે છે. ગમે તેવા પરિષહો આવે તો પણ તે કાયાની સંભાળ લેતો નથી, રાજગૃહી નગરીમાં મેતારજમુનિ માસખમણના પારણે વહોરવા નીકળ્યા છે. ફરતાં ફરતાં મુનિ એક સોનીને ત્યાં વહોરવા પધાર્યા. સોની રાજા માટે સોનાના જવલા ઘડતો હતો. મુનિને જોઈ હર્ષિત થઈ ગયો ને ઊભો થઈ વહોરાવવાની સામગ્રી લેવા અંદર ગયો. આ દરમ્યાન ઝાડ પર બેઠેલા બે કૌંચપક્ષી આવીને આ જવલા ચણી ગયા. મુનિએ આ દશ્ય જોયું ને તેઓ પરિસ્થિતિ પામી ગયા. વિચાર્યું કે સોની જવલા વિષે તેમને પૂછશે ને તેઓ જો કૌંચપક્ષીનું નામ આપશે તો સોની તેને મારી નાખશે તેથી થોડે દૂર જઈ કાઉસગ્ગ ધ્યાને ઉભા રહ્યા. સોની બહાર આવ્યો ને જવલા ન જોતા મુનિને તેના વિષે પૂછ્યું, મુનિને કાઉસગ્ગમાં વાણીનો વ્યાપાર બંધ હતો. મુનિ કંઈપણ બોલ્યા નહીં. ક્રોધે ભરાયેલા સોનીએ મુનિને પાઠ ભણાવવા મુનિના માથે ચામડાની વાધર બાંધી જેમ જેમ સૂર્યનો તાપ વધતો જાય તેમ તેમ વાધર તપતી જાય અને મુનિના મસ્તકની નસોને ખેંચતી જાય. 'ફટ ફટ ફૂટે હાડકાજી ને તડ તડ તૂટે ચામ, સોની પરિષહ કીધોજી પણ મુનિ રાખ્યો મન ઠામ. શરીને યાતના થાય છે પણ મુનિ રાખ્યો મન ઠામ. મુનિ વિચારે છે મેં તો કાયાનો ત્યાગ કર્યો છે. જે વેદના થાય છે તે કાયાને છે. મને કોઈ નથી વેદના સહન ન થતાં કાયા નિષ્પ્રાણ બને છે. પણ મુનિના આત્માનું કલ્યાણ થાય છે. આ કાયોત્સર્ગનું પહેલું સ્વરૂપ એ છે કે એ તેટલા સમય માટે દેહાધ્યાસનો ત્યાગ કરાવે છે. "હું એટલે દેહ" એ મૂઢ માન્યતામાંથી બહાર લાવે છે.

કાયોત્સર્ગનું બીજું સ્વરૂપ એ છે કે તે છ આવશ્યકોમાંનું એક આવશ્યક છે. આવશ્યક એટલે "અવશ્ય કરવા યોગ્ય ક્રિયાઓ' ૨૪ તીર્થપતિ ઋષભદેવથી માંડી પરમાત્મા મહાવીર સુધી પોતાના સાધુઓને આ છ આવશ્યક વારંવાર કરવાની આશા આપે છે. 'છવ્વીહ આર્વસિયમ્મી, ઉજ્જુતો હોઈ પંઈ દિસસં' "હે સાધુ, તું પ્રતિદિન છ આવશ્યકોમાં ઉદ્યુત રહેજે" જેમ શારીરિક વ્યાયામ શરીરને મજબૂત કરે છે તેમ આ છ આવશ્યકોનો વ્યાયામ અધ્યવસાયોન વધુ ને વધુ શુદ્ધ કરે છે. કાઉસગ્ગ પણ આવશ્યક છે તેથી તેનામાં છ આવશ્યકોના સામાન્ય ગુણો તે છે જ પરંતુ તેનામાં કેટલાંક વિશિષ્ટ ગુણો પણ છે. કાયોત્સર્ગ એ એક એવું આવશ્યક છે કે જે ૩ કરણ દ્વારા વિશિષ્ટ પ્રકારની આત્મવિશુદ્ધિ કરાવે છે. પહેલું કરણ છે. પ્રાયજ્વત કરણ જમ એક વ્યક્તિ બેટરી વડે આખા રૂમના ખૂણેખૂણા ને જોઈ લે તેમ કાયોત્સર્ગમાં રહેલ વ્યક્તિ પોતાની અંદર રહેલા દરેકેદરેક પાપોને શોધી કાઢીને તેને બહાર લાવે છે ને તેનું પ્રાયશ્ચિત્ત કરે છે. બીજું કારણ છે વિશુદ્ધિ કરણ. કાયોત્સર્ગમાં રહેલ વ્યક્તિ

વિશિષ્ટ પ્રયત્નો વડે, અતિભાર કેમ લાગે છે ? કેમ હજુ શુદ્ધ ક્રિયા નથી થઈ ? આવા વિચારો કરી શુદ્ધિકરણ કરે છે અને છેલ્લું વિશલ્વી કરણ જેમ ગૂમડું થયું હોય અને ઉપરથી લૂછીએ તો તે પાછું થાય છે પણ મૂળથી જ પાક કાઢીએ ત્યારે જ તે મટે છે. આ જ રીતે કાયોત્સર્ગમાં રહેલ વ્યક્તિ પોતાની અંદર રહેલા મિથ્યાત્વ વગેરે શલ્યોને મૂળથી કાઢી નાખે છે. આમ ત્રણે કારણો વડે કાયોત્સર્ગ વિશિષ્ટ આત્મશુદ્ધિ કરાવે છે તેથી આ કાર્યોત્સર્ગ નામના પાંચમાં આવશ્યક ને પંચમગતિ અપાવનાર કહેલું છે.

કાયોત્સર્ગનું ત્રીજું સ્વરૂપ બતાવતા શાસ્ત્રોમાં લખ્યું કે કાયોત્સર્ગ બાર તપમાંનું એક તપ છે. 'कर्मणाम् तापतात तप:' અર્થાત કર્મોને તપાવે તે તપ છે. તપ આત્મા પર લાગેલા અનંતા કર્મોરૂપી પર્વતને હણવા માટે વજ્ર સમાન છે. ઈન્દ્રિયોરૂપી સર્પને વશ કરવા ગારૂડી સમાન છે અને વિઘ્નોરૂપી અંધકારને નાશ કરવા સૂર્ય સમાન છે. કાયોત્સર્ગ એક તપ છે તેથી આ બધા ગુણો તો સામાન્ય રીતે તેનામાં છે જ. પરંતુ તે એક વિશિષ્ટ તપ છે. એક તો તે અભ્યંતર તપ છે બાહ્યતપ ભૂમિકા તૈયાર કરે છે. પરંતુ મોક્ષ સાથે જોડાણ તો અભ્યંતર તપ જ કરી આપે છે. ધ્યાન કરતા પણ કાયોત્સર્ગ વિશિષ્ટ છે. કારણ કે ધ્યાનમાં મન અને વચનનું જોડાણ છે. જ્યારે કાયોત્સર્ગમાં મન-વચન-કાયા ત્રિયોગનું એકત્વ સર્જાય છે. તેથી જ કાયોત્સર્ગપૂર્વકના ધ્યાનનું વિશિષ્ટ મહત્ત્વ છે. તીર્થંકર ભગવંતો પણ નિર્વાણ પામે છે. અને કાયોત્સર્ગમુદ્રામાં જ પામે છે. પાલીતાણાનાં ગિરિરાજ પર પદમાવતી દેવીના સ્થાનમાં ૨૦ તીર્થંકર ભગવાન જે મુદ્રામાં નિર્વાણ પામ્યા હતા તે કાયોત્સર્ગની મુદ્રાઓ કંડારેલી છે. આમ કાયોત્સર્ગ એ એક વિશિષ્ટ પ્રકારનું તપ છે. જે ખૂબ જે ત્વરિત રીતે આત્મશુદ્ધિ કરાવે છે.

પાતાંજલિના અષ્ટાંગયોગમાં પાંચમાં યોગ પ્રત્યાહાર સાથે કાયોત્સર્ગને સરખાવી શકાય. પ્રત્યાહારમાં બધી જ ઈન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળવાની હોય છે. યોગની આઠ દૃષ્ટિમાં પાંચમી સ્થિર દૃષ્ટિ સાથે પણ કાયોત્સર્ગની સ્થિતિને સરખાવી શકાય.

કાયોત્સર્ગનું સ્વરૂપ જાણ્યું પણ તે શાસ્ત્રોમાં બતાવેલ યથાર્થ પ્રક્રિયા પ્રમાણે થાય તો જ તેનું ફળ પ્રાપ્ત થાય. શાસ્ત્રમાં કાઉસગ્ગની યથાર્થ પ્રક્રિયા બતાવતા કહ્યું કે કાયોત્સર્ગ કરનાર વ્યક્તિએ ટટ્ટાર ઊભા રહી બંને પંજા વચ્ચે આગળથી ચાર અંગુલ જેટલું અને પાછળથી તેનાથી કંઈક ઓછું અંતર રાખી બન્ને ભૂજાને ઢીંચણ સાથ સીધી રાખી આંખને નાસિકાના અગ્રભાગ પર સ્થિર કરવી અને પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર થવું આને ઉત્થિત આસન કહેવાય છે. જેનામાં ઊભા રહેવાનું સામર્થ્ય ન હોય તે વ્યક્તિ પદમાસન કે વીરાસનમાં બેસી કરોડરજ્જુ ટટ્ટાર રાખી બન્ને હાથ ઢીંચણ પર રાખી આંખોને નાસિકાના અગ્રભાગ પર સ્થિર કરી પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર થઈ જાય. આને આસિત આસન કહેવાય અને જેનામાં બેસવાની પણ શક્તિ ન હોય તે

દંડાસન કે શવાસનમાં સીધા સૂઈ જઈ આંખોને નાસિકાના અગ્રભાગ પર સ્થિર કરી પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર થઈ જાય આને શાયીત આસન કહેવાય. કાયોત્સર્ગ દરમ્યાન શરીરના નૈસર્ગિક વ્યાપારો જેવા કે છીંક, ઉચ્છવાસ, શ્વાસ, ઓડકાર, વાયુવિસર્જન, ચક્કર આવવા, પિત્તમૂર્છા વગેરે કુલ સોળ આગારોને લીધે અતિચાર લાગતા નથી.

આ કાયોત્સર્ગની યથાર્થ દ્રવ્યક્રિયા થઈ પરંતુ ખરી યથાર્થક્રિયા તો ભાવક્રિયા છે. કાયોત્સર્ગ દરમ્યાન મન પ્રશસ્તધ્યાનમાં સ્થિર હોવું જોઈએ. પોતે જે પ્રશસ્ત વિષયનું ધ્યાન ધરવાનું નક્કી કર્યું હોય એ જ વિષયમાં વિચારાધારા હોવી જોઈએ. સમણ સૂત્રમાં કહ્યું કે જેમ વાયુથી પ્રદિપ્ત થયેલો અગ્નિ ક્ષણમાં જ મોટા લાકડાના ભારાને બાળી નાખે છે, તેમ અનેકભવોથી સંચિત કરેલા કર્મોને, પ્રશસ્તવિષયનું ધ્યાન તુરત જ નષ્ટ કરે છે. તત્ત્વાર્થ સૂત્રમાં પણ કહ્યું આપણી વિચારધારા ને વિશિષ્ટ પ્રયત્નો વડે અનેકવિષય-ગામીની મટાવી એક વિષયગામીની બનાવવી જોઈએ. આવા ધ્યાનપૂર્વકનો કાયોત્સર્ગ જ આત્મશુદ્ધિ કરાવે છે નહીં તો વિચલિત મનપૂર્વકનો કાયોત્સર્ગ કયારેક દુર્ગતિનું કારણ પણ બને છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ કાઉસગ્ગ ધ્યાને ઊભા રહ્યા છે. એક પગ ઉંચો રાખી સૂર્યની  આતાપના લેવા પૂર્વકનો કાયોત્સર્ગ કરી રહ્યા છે. ત્યાંથી તેમનો દુર્મુખ નામનો એક સિપાહી પસાર થાય છે ને રાજર્ષિ જોઈને બોલે છે કે, આ અહીં ઊભા છે અને તેમનો પુત્ર ત્યાં રણમેદાનમાં ભયંકર પરાજય પામી રહ્યો છે. શબ્દો કાને પડ્યા ને રાજર્ષિનું મન વિચલિત થયું. સીધુ રણમેદાનમાં પહોંચી ગયું. એક પછી એક શસ્ત્રો, તલવાર, ભાલા, ખંજર વગેરેનો માનસિક રીતે શત્રુઓ પર પ્રહાર કરવા માંડ્યા. બરોબર આ ક્ષણે શ્રેણિક મહારાજાએ પ્રભુ મહાવીરને પ્રશ્ન પૂછ્યો, "પ્રભુ, આ સમયે પ્રસન્નચંદ્ર રાજર્ષિ મૃત્યુ પામે તો કયાં જાય ?" પરમાત્માએ જવાબ આપ્યો. સાતમી નરકે જાય. એક પછી એક બધાં જ શસ્ત્રો મારતા મારતા ખૂટી પડ્યા ત્યારે માથા પરના મુગટનો પ્રહાર કરવા રાજર્ષિએ માથે હાથ મૂક્યો ને ત્યાં મુંડનવાળું મસ્તક હાથ લાગ્યું ને રાજર્ષિ ચમક્યા. "આ મેં શું વિચાર્યું ? મેં તો બધાનો ત્યાગ કર્યો છે. મારે કોઈ પુત્ર નથી કોઈ રાજ્ય નથી ને આમ વિચલિત થયેલા મનને પાછું સ્થિર કરી દીધું ને કાઉસગ્ગના વિષયમાં સ્થિર કરી દીધું. બીજી જ ક્ષણે શ્રેણિક મહારાજાએ પ્રભુને ફરી પ્રશ્ન પૂછ્યો, "હે પ્રભુ હવે પ્રસન્નચંદ્ર રાજર્ષિ આ ક્ષણે મૃત્યુ પામે તો કયાં જાય ? પ્રભુએ કહ્યું તે સર્વાર્થ-સિદ્ધ વિમાનમાં જાય. આમ કાયોત્સર્ગમાં મનની સ્થિરતાનું ઘણું મહત્ત્વ છે.

નારી, પશુ, ચોર વગેરે ઉપદ્રવોથી રહિત જગ્યા શોધી યોગ્ય આસનમાં સ્થિર થઈ પ્રશસ્ત ધ્યાનમાં મનની સ્થિરતા કરવી એ કાયોત્સર્ગની યથાર્થ શાસ્ત્રીય પ્રક્રિયા છે. કાયોત્સર્ગ વિવિધ પ્રકારના હોય છે.

ચેષ્ટા કાયોત્સર્ગ સામાન્ય રીતે દોષની વિશુદ્ધિ માટે કરવામાં આવે છે. આહાર, શોચ, નિદ્રા વગેરે ક્રિયાઓમાં લાગેલા દોષની વિશુદ્ધિ માટે તથા દિવસ, રાત્રિ, ચાતુર્માસ કે સંવત્સરને અંતે ચેષ્ટા કાઉસગ્ગ કરવામાં આવે છે.

અભિભવ કાયોત્સર્ગ આત્મચિંતન માટે, આત્મિક શક્તિ ખીલવવા માટે, ઉપસર્ગો કે પરિષહોને જીતવા માટે સાધક જંગલ, ગૂફા કે સ્મશાનભૂમિમાં જઈ અભિભવ કાયોત્સર્ગ કરે છે. તે ઓછામાં ઓછો અંતરમુહૂર્તનો ને વધુમાં વધુ એક વર્ષનો હોય છે.

આ ઉપરાંત શુભકાર્યમાં બાધા, અંતરાય ન આવે તે માટે કાઉસગ્ગ કરવામાં આવે છે. ક્રોધ, માન, માયાને લોભના ઉપશમ માટે, દુઃખક્ષય, કર્મક્ષય માટે, સૂરિમંત્રની આરાધના માટે, ક્ષેત્રદેવના, ભુવનદેવતા ને શાસનદેવતાની આરાધના માટે પ્રાયશ્ચિત માટે છીંક, અપશુકન વગેરેના નિવારણ માટે પ્રતિક્રમણ, ચૈત્યવંદન, સામાયિક વગેરે માટે કાઉસગ્ગ કરવાનું વિધાન જોવા મળે છે.

કાયોત્સર્ગથી નીચેના લાભ થાય છે.

કાયોત્સર્ગથી શરીરની જડતા નાશ પામે છે. પ્રમાદને શરીરરૂપી ઘર બહુ ગમે છે. પહેલા તે મહેમાન બનીને આવે છે ને પછી હંમેશ માટે રોકાઈ જાય છે. આ પ્રમાદ શરીરને જડ બનાવે છે. નિષ્ક્રિય બનાવે છે. કાયોત્સર્ગમાં વારંવાર અને લાંબા સમય સુધી આસનમાં સ્થિર રહેવાનું હોવાથી આ પ્રમાદને શરીરમાંથી બહાર નીકળવું પડે છે અને શરીર આપોઆપ સક્રિય બને છે.

કાયોત્સર્ગથી પરિષહો સહન કરવાની શરીરની ક્ષમતા વધે છે. કાયાની મમતાનો, કાયાની માલિકીપણાનો ત્યાગ કરવાનો હોવાથી વારંવાર કાયોત્સર્ગ દરમ્યાન એવી આદત પડી જાય છે કે શરીર પ્રત્યેની માયા ઓછી થતી જાય છે પછી શરીરને શણગારવું, એની આળપંપાળ કરવી તેનું લાલન-પાલન કરવું આ બધી વૃત્તિઓમાંથી મુક્તિ મળે છે. નાના-મોટા પરિષહોથી પછી મન વિક્ષેપ નથી પામતું.

કાયોત્સર્ગમાં મન એક વિષયમાં સ્થિર થાય છે. આવી રૂધિરાભિસરણની ક્રિયા બહુ જ સ્વાભાવિક બની જાય છે. તેથી શરીરની તણાવસ્થિતિ લોહીનું ઊંચુ-નીચું દબાણ આ બધુ જ દૂર થાય છે ને શરીર સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. રોગોથી મુક્તિ મળે છે.

કાયોત્સર્ગ એ એક યોગપ્રક્રિયા છે. લોગસ્સ સૂત્રનો જ્યારે કાયોત્સર્ગ કરવામાં આવે છે. ત્યારે એક તો આ સૂત્ર ગણધરરચિત માનવામાં આવે છે તેથી તે પવિત્ર છે વળી આમાં ચોવીશ તીર્થપતિનું નામસ્મરણ છે. દરેક સાત તીર્થંકરના નામ પછી "જિર્ણ" શબ્દ આવે છે. અહીં એક ચક્ર પૂરું થાય છે. ૨૧ જીન સુધી ૩ ચક્ર પૂરા થાય

છે ને ૨૪ જિન સુધી ૩ા ચક્ર પૂરા થાય છે. આપણા મૂલાધાર ચક્ર પાસે કુંડલિની શક્તિ છે જે ૩ા ચક્રની બનેલી છે. લોગસ્સ સૂત્ર જો બરોબર ૨૫ શ્વાસોશ્વાસ પ્રમાણ ગણવામાં આવે તો આ કુંડલિની શક્તિ જાગૃત કરી શકાય છે.

કાયોત્સર્ગ કરવાના વારંવારના અનુભવો પછી ધીમે ધીમે મૃત્યુનો ભય દૂર થઈ જાય છે. આ અભ્યાસ ધીમે ધીમે એ પ્રતીત કરાવતો જાય છે કે આ કાયા મારી નથી. કાયોત્સર્ગ દરમ્યાન એના મમત્વ ત્યાગ કરવાનો વારંવાર અભ્યાસ થતો ગયો હોય છે. તેથી જ્યારે મૃત્યુ સમયે સ્થૂલ રીતે કાયાનો ત્યાગ કરનાર સમય આવે છે ત્યારે જીવને જરા પણ ભય, દુઃખ કે શોક થતા નથી. એને મન તો મૃત્યુ એક મહોત્સવ બની જાય છે.

ઉત્તરાધ્યયનસૂત્રના ૨૩માં અધ્યયનમાં ગુરૂ ગૌતમસ્વામી પ્રભુ મહાવીરને કાયોત્સર્ગનું પ્રયોજન પૂછે છે ત્યારે પ્રભુ મહાવીરે કહ્યું કાયોત્સર્ગથી ભૂત અને વર્તમાનકાળના અતિચારોની શુદ્ધિ થાય છે. જેમ મજૂર પોતાના માથેથી બોજો ઉતારી નાખ્યા પછી હળવો થાય છે તેમ જીવ કાયોત્સર્ગથી કર્મના ભારને ઉતારી હળવો થાય છે. કાયોત્સર્ગથી પ્રશસ્ત અધ્યવસાયોમાં વર્તતો જીવ સુખપૂર્વક વિચરે છે.

જૈન માન્યતા અનુસાર કાયોત્સર્ગના શ્વાસોશ્વાસથી દેવતાનું આયુષ્ય બંધાય છે. જીવની પોતાની કક્ષા અને કાયોત્સર્ગના પ્રકાર ઉપર પણ એનો ઘણો આધાર રહે છે. ભવ્ય જીવો કાયોત્સર્ગના એક શ્વાસોશ્વાસથી ૨,૪૫,૪૦૮ પલ્યોપમ જેટલું દેવગતિનું આયુષ્ય બાંધે છે. એક લોગસ્સના પચીસ શ્વાસોશ્વાસમાં ૬૧, ૩૪, ૨૧૦ પલ્યોપમ જેટલું દેવગતિનું આયુષ્ય બાંધે છે. એક લોગસ્સના પચીસ શ્વાસોશ્વાસમાં ૬૧, ૩૪, ૨૧૦ પલ્યોપમનું આયુષ્ય બંધાય છે.

જિનાગમોનો અક્ષરદેહ વિશાળ છે. તેમાં કાયોત્સર્ગનું સૂક્ષ્મ સ્વલપ પ્રતિપાદિત કરેલું છે. મારી અલ્પજ્ઞતાને લીબે બધુ જ લખવું અશકય છે. પરંતુ બધું જ સંક્ષિપ્તમાં સમજાવવું હોય તો કાયોત્સર્ગ વિશે એમ કહી શકાય કે,

કાયોત્સર્ગ એ ચેતનાનું ઉડ્ડયન છે.

કાયોત્સર્ગ આરાધના અને ઉપાસનાનો શ્રેષ્ઠ માર્ગ છે.

કાયોત્સર્ગ ત્યાગ અને તિતિક્ષાનો મહાન રાહ છે.

કાયોત્સર્ગ ઉત્કૃષ્ટ વૃત્તિઓને જગાવવાનું સાધન છે.

•

# બાર ભાવના

**ઉષા શાહ**
૭૦૨, દિવ્યલોક,
મુંબઈ જૈન યુવક સંઘ

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ શાંત-સુધારસમાં પ્રારંભમાં જ જિનવાણીની સ્તુતિ કરી છે તે સમુચિત છે. ભવ-વનમાં-સ્ફૂર્તિ, આપનાર જિનવાણી છે. કર્મથી ગ્રસિત થયેલા જીવ ને સાચો રસ્તો બતાવે છે.

આવી અપૂર્વ જિનવાણી અને ભગવાનની પ્રતિમા એ બે જ આ વિષમકાળમાં આપણને આધારરૂપ છે. જેનાથી મનને શાંતિ મળે છે. સમતા મળે છે, સમાધિ મળે છે અને જીવનની અંતિમ ક્ષણો મહોત્સવ બને છે.

શ્રીમદે પણ આ જિનવાણીની સ્તુતિ કરતાં કહ્યું છે કે, "અનંત-અનંત, ભાવભેદથી ભરેલી, અનંત અનંત નય નિક્ષેપ વ્યાખ્યાનવાણી.

સકલ જગત હિતકારીણી, તારિણી ભવાતીત મોહ, મોહક્ષચારિણી પ્રમાણી છે. તેની નિજમતિ જાણી છે, જિનેશ્વરની વાણી જેણે જાણી તેણે જ જાણી છે."

જેને જિનવાણી જાણી છે તે તો પામે છે, પરંતુ જેઓ નથી સમજ્યાં, તેને શાંતરસની અનુભૂતિ નથી થતી અને નિરાકુળતા આવતી નથી. વિદ્વાનો, પંડિતો અને વિદુષોને પણ શાંતરસની પ્રાપ્તિ કઠિન થાય છે. તેઓને શાંત થવા માટે પણ પવિત્ર ભાવનાઓનો સહારો લેવો પડે છે. તો ફક્ત અજ્ઞાનીઓએ જ નહિ, પરંતુ જ્ઞાની સહિત દરેકે આ પવિત્ર ભાવનાઓને અને મોહથી ઉત્પન્ન થતી વ્યાકુળતાને શાંત કરવાની છે.

આ વ્યાકુળતા જ ફરિયાદ કરવા પ્રેરે છે. તેમાંથી વિવાદ અને વિખવાદ સર્જાય છે અને વિષાદનું નિર્માણ થાય છે. કવિએ કહ્યું છે કે "યાદનું મૂળ ફરિયાદ છે, તેનું થડ વિવાદ છે, એની શાખા વિખવાદ છે એને ફળ વિષાદનાં જ લાગે."

આ વિષાદથી મુક્ત થવું હોય, તો પ્રભુ પાસે માગો તો સુખ-શાંતિ નહીં માગતાં, પરંતુ શાંતિ-સુખ માંગો, કેમ કે શાંતિમાં સુખ છે, સુખમાં શાંતિ હોય, યા ન પણ હોય. જ્યાં સુધી વ્યક્તિની દૃષ્ટિ ન બદલાય, ત્યાં સુધી શાંતિ મળે નહિ. સંસારમાં વિષમતાઓ આવવાની જ. બધી સુવિધાઓ ઇચ્છા પ્રમાણે ન મળે. વિશ્વમાં બધું અનુકૂળ ન પણ મળે, પરંતુ આ અશાંતિને શાંતિમાં ફેરવવા માટે જડ જગતને અને મૂળ જગતને

મૂલવવાની જરૂર છે. તે માટે જૈનદર્શનમાં બારભાવનાઓનું ચિંતન કરીને, હૃદયમાં ધારણ કરી એને "ભાવના-યોગ" ગણાવ્યો છે.

આ સંસારને અને સંસારનાં સ્વરૂપને ઓળખાવ્યા વગર તેને છોડવો કઠિન છે. માટે આપણા સંબંધો, આપણા કર્મબંધનો અને આપણું શરીર કેવુ છે અને તે કઈ રીતે, કયા કયા માર્ગે કેવાં કેવાં કર્મો ગ્રહે છે અને આત્મા સાથે લાગેલાં કર્મો કેમ દૂર કરી શકાય અને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કેટલી મુશ્કેલ છે. આમા સંસારનું સ્વરૂપ કેવા આકારનું છે અને બોધિની પ્રાપ્તિ કેટલી મુશ્કેલ છે, તે સમજીને વારંવાર વિચારવું અને પછી જીવન ધ્યેય મુકરર કરવું. આ શુભ ભાવનાને અંતરમાં ઉતારીએ તો વાસનાઓ તૂટે છે. જ્યારે જ્યારે ક્રોધ ઈત્યાદિ કષાયોનો ઉદય થાય છે. ત્યારે આ શુભભાવનાઓનો આશ્રય કરવાથી આપણા કષાયો શાંત થાય છે. શાંત, ઉપશાંત, પ્રશાંત ને સમ થયેલ વ્યક્તિ જ શાંતરસને વેદે છે.

આ શાંત રસને ન વેદવાનાં કારણોને-મનમાં, બેરોગ છે. ચંચળતા અને મલિનતા આ બન્નેને સાફ કરવાં માટે ૧૨ જાતનાં સાબુ અને ૪ જાતનાં પાણી-વિનયવિજયજીએ બતાવ્યાં છે. એ બાર સાબુ તે બાર વૈરાગ્ય ભાવના અને ૪ પાણી તે ૪ મૈત્રી આદિ ગુણો છે.

આ ભાવનાઓનું ઉત્પત્તિસ્થાન અંતઃકરણ છે, ચિત્ત છે, એટલા માટે અંતઃકરણ શુદ્ધ, મૃદુ અને સુશોભિત રહેવું આવશ્યક છે. ચિત્તમાં આર્ત અને રૌદ્ર વિચારો ન આવવા જોઈએ, પરંતુ જ્યાં સુધી માનવ ધન પાછળ, યશ પાછળ, પ્રતિષ્ઠા પાછળ, સ્વર્ગ પાછળ દોડતો રહે છે. ત્યાં સુધી તે આર્ત-રૌદ્ર વિચારોથી મુક્ત નહિ રહી શકે. આ મુક્તિ ચિત્તમાં એક પણ ભાવનાનું ચિંતન ચાલતું રહેશે તો જઈ શકાશે. તો ચાલો આ બાર ભાવનાઓ જે વિનયવિજયજી મહારાજ સાહેબે કઈ કહી છે તેનાં નામ જાણીએ, અને તેનું ચિંતન કરીએ.

(૧) અનિત્ય ભાવના (૨) અશરણ ભાવના (૩) સંસાર ભાવના (૪) એકત્વ ભાવના (૫) અન્યત્વ ભાવના (૬) અશુચિ ભાવના (૭) આશ્રવ ભાવના (૮) સંવર ભાવના (૯) કર્મનિર્જરા ભાવના (૧૦) ધર્મસૂકૃત ભાવના (૧૧) લોકસ્વરૂપ ભાવના (૧૨) બોધિદુર્લભ ભાવના.

**અનિત્ય ભાવના :**

विद्युत लक्ष्मी प्रभुत्ता पतंग,
આયુષ્ય તે તો જળનાં તરંગ;

પુરંદરી ચાપ અનંગ રંગ,

સુચચિયે ત્યાં ક્ષણનો પ્રસંગ...શ્રીમદ્

**વિશેષાર્થ :** લક્ષ્મી વિજળી જેવી છે, વિજળીનો ઝબકારો જેમ થઈને ઓલવાઈ જાય છે, તેમ લક્ષ્મી આવીને ચાલી જાય છે, અધિકાર પતંગનાં રંગ જેવો છે, પતંગનો રંગ જેમ ચાર દિવસની ચટકી છે તેમ અધિકાર માત્ર થોડો કાળ ગયે હાથમાંથી જતો રહે છે.

આયુષ્ય પાણીનાં મોજાં જેવું છે. પાણીનો હિલોળો આવ્યો કે ગયો, એમ જન્મ પામ્યાં અને એમાં રહ્યાં કે ન રહ્યાં. ત્યાં એ દેહ છોડી બીજાં દેહને ધારણ કરવો પડે છે. કામભોગ આકાશમાં ઉત્પન્ન થતાં ઈંદ્રનાં ધનુષ જેવાં ક્ષણિક છે. ટૂંકમાં આ બધી વસ્તુઓનો સંબંધ ક્ષણભરનો છે, એમાં પ્રેમબંધનની સાંકળીએ બંધાઈને શું રાચવું ? જીવનું મૂળ મૌલિક સ્વરૂપ નિત્ય છે એ આવાં અનિત્યમાં શા માટે રાચે-માચે ?

સંસારની અંદર જીવતો આત્મા વસ્તુ, વ્યક્તિ, સંયોગ, પ્રસંગ અને પરિસ્થિતિ એ પાંચથી ઘેરાયેલો છે. આ પાંચે વસ્તુ અનિત્ય છે. પૈસો, વૈભવ, પરિવાર, સ્નેહ એ બધું મેળવ્યું છે. એ ભલે મળ્યું અને ભોગવવું પડે તો ભોગવો. પણ એ છોડીને જવાનું છે એ લક્ષમાં રાખીને ભોગવાય તો ભોગના ભોગ નહીં બનાય, પણ યોગી બનીને ભોગવાશે. કહ્યું છે કે, "त्येन त्यक्तेन भुंजिता" આ જ સૂત્રનું ચિંતન અનિત્ય ભાવના ભાવનામાં મદદરૂપ થાય છે.

આ અનિત્યતા સાધારણતા છ પ્રકારે છે. (૧) શરીરની (૨) આયુષ્યની (૩) જીવનની (૪) સંપત્તિની (૫) વૈષયિક સુખોની (૬) સંબંધોની.

**શરીરની અનિત્યતા :** રાગનું, મમત્વનું, આસક્તિનું મુખ્ય કેન્દ્ર શરીર છે. કોઈનું મૃત્યુ જોતાં, આ શરીર પાણીનાં પરપોટાં જેવું છે. એ વિચાર કેમ નથી આવતો ?

સવારે પુષ્પ ખીલે છે સાંજે કરમાય છે.

સવારે સ્નાન કરીએ છીએ સાંજે ગંદુ થઈ જાય છે.

સવારનું પ્રિય ભોજન સાંજે અપ્રિય લાગે છે.

આ બધાં દ્રવ્યાત્મક પરિવર્તનો થાય છે. તેવી જ રીતે ભાવાત્મક પરિવર્તનો થાય છે. જેમ રૂપ, રસ, ગંધ આદિ બદલાતાં રહે છે. તેમ રાગ-દ્વેષ અને મોહાદિ ભાવો પણ બદલાય છે. શાશ્વત સાથે કરેલો પ્રેમ તૂટતો નથી. શરીરની અવસ્થા બદલાય છે અને અવસ્થાનાં અનુરૂપ ભાવોનું અને શરીરની ક્રિયાનું પરિવર્તન થાય છે.

**આયુષ્ય અને જીવનની અનિત્યતા :**

આયુષ્ય ચંચળ છે, અસ્થિર છે, એટલા માટે શરીર અસ્થિર છે, અનિત્ય છે અને તેને કારણ આપણું જીવન અસ્થિર, ચંચળ અને વિનાશી છે. તેથી તેની જોડે લગાવ નથી રાખવાનો તથા તેનું અભિમાન પણ નથી કરવાનું. અનિત્યતાનું દૃષ્ટાંત આપતાં કવિ જયસોમે ગાયું છે કે :

કિહાં લગે ધુઆં, ધવલહરા રહેજી
જબ પરપોટા જો, આવુળું અથિર, તિમ મનુષ્યનું જી,
ગર્વ ન કરશો કોઈ,
જે ક્ષણમાં ખેરું હોય - અતુલબલ સુખર,
જિનવર જીસ્થાજી,
ચક્રી હરિબલ જોડી, ન રહ્યાં અણે જુગ
કોઈ ધિર થઈજી,
સુરનર ભૂપતિ કોડી, ધવલતાને હરનાર.

**સંપત્તિની અનિત્યતા :** જેવી રીતે નદીનો પ્રવાહ વહેતો રહે છે, સ્થાન બદલતો રહે છે, એવી રીતે સંપત્તિ પણ ફરતી રહે છે. ટકે તો ત્રણ પેઢી અને બહુ બહુ તો સાત પેઢી.

માલવપતિ મુંજ યુદ્ધમાં હારે છે અને રાજા તૈલપે એને ભિક્ષાપાત્ર હાથમાં પકડાવ્યું.

રાજા રામનું રાજ્યાભિષેકનું મુહૂર્ત કાઢ્યું હતું.વસિષ્ઠ જેવાં મહર્ષિએ, પરંતુ ચાલી જવું પડ્યું વનમાં.

**ઈંદ્રિયની વિષયસુખની અનિત્યતા :**

રાત દિવસ સુધી વિષયસુખ ભોગવવાં છતાં ઈંદ્રિય તૃપ્ત નથી થતી. જેવી રીતે અગ્નિમાં ઘી અને મધુની આહુતિ નાખવાથી અગ્નિ શાંત થવાને બદલે વિશેષ પ્રજવલિત થાય છે. તો ઈંદ્રિયોને સંયમિત કરવી જ રહી.

**સંબંધોની અનિત્યતા :** સંસારમાં જો કોઈ વ્યાપક બંધન હોય તો તે સંબંધોનું છે. પરંતુ મૃત્યુ આવતાં બધાં સંબંધો પુરા થઈ જાય છે. સ્વજનોની અતિ આસક્તિ માણસને કયારેક ને કયારેક પાગલ બનાવે છે. અનિત્ય ભાવનાનું ચિંતન દુ:ખમાં સ્વસ્થતા અપાવે છે. સંસારમાં સૌથી વધુ દીર્ઘકાલીન પરાકાષ્ઠાનું સુખ અનુત્તર દેવલોકમાં હોય છે. ૩૩ સાગરોપમ કાળનું છે. સૌથી વધુ દુ:ખ સાતમી તમા-તમા

પ્રભા નામની નરકમાં છે તે પણ ૩૩ સાગરોપમનાં કાળનું છે. પરંતુ તેનો પણ કાળ ક્રમે અંત આવી જાય છે.

બધું જ અનિત્ય ક્ષણિક અને ક્ષણભંગુર છે તો નિત્ય શું છે ? શાશ્વત શું છે ? આનંદમય શું છે ?

ફક્ત એક ચિદાનંદ આત્મા.

શરીરની અંદર રહેલ પરમ વિશુદ્ધ આત્મા અનંત સુખમય છે. જ્ઞાનામૃતથી ભર્યાભર્યા વાદળ જેવો છે. અનંત શક્તિશાળી છે, નિર્વિકાર છે, નિરાહાર છે, સર્વ પ્રકારનાં સંગ-અસંગ વગરનો છે. પરમાનંદરૂપ છે.

**અશરણ ભાવના :**

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,<br>
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,<br>
અનાથ એકાંત સનાથ થાશે,<br>
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.. શ્રીમદ્.

સર્વજ્ઞ જિનેશ્વર દેવે નિઃસ્પૃહતાથી બાંધેલો ધર્મ ઉત્તમ શરણરૂપ જાણીને, મન, વચન અને કાયાના પ્રભાવ વડે હે ચેતન ! તેને તું આરાધ, આરાધ. તું કેવળ અનાથરૂપ છો તે સનાથ થઈશ. એના વિના ભવાટવી-ભ્રમણમાં તારી બાંય સાહનાર નથી.

અનાથમુનિની કથા બધાં જાણે છે. ખૂબ જ શ્રીમંત ઘરનો પુત્ર. એક અસહ્ય દર્દ આવ્યું. રોગ થયો. ઘણાં ઉપાયો કર્યાં. રોગ ન મટ્યો. છેવટે તેણે ભગવાનનું શરણું લીધું. રોગ સારો થયો. દીક્ષા લીધી. જંગલમાં સાધના કરતાં હતાં. શ્રેણીક રાજાની નજર પડી. ઘણાં સમજાવ્યાં પરંતુ અનાથ મુનિ ન માન્યાં. પોતાની વાત કરી અને આથી શ્રેણીકને પણ પોતાની ભૂલ સમજાઈ.

ઉપાધ્યાય વિનયવિજયજી કહે છે, પોતાના અતુલ પરાક્રમથી સમગ્ર પૃથ્વી ઉપર વિજય પામનાર સમ્રાટ ચક્રવર્તી અને પોતાની અજેય શક્તિથી ઉન્મત્ત અને સદૈવ આનંદિત રહેનાર દેવ-દેવેન્દ્ર પણ યમરાજાનું તેડું આવે છે ત્યારે અસહાય બને છે. અશરણ બને છે.

અનંત જન્મોથી સંચિત વાસનાઓ જીવને દુઃખી કરે છે. ખાસ કરીને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ તેનાં પર વિજય મેળવવાનો ઉપદેશ જ્ઞાની ભગવંત આપે છે.

રોગોથી બચાવનાર, શત્રુથી બચાવનાર, આપત્તિથી બચાવનાર મળી જાય છે. આ સંસારમાં, પણ મૃત્યુથી બચાવનાર કોઈ નથી, એ સમજાશે. ત્યારે મૃત્યુ સમક્ષની અશરણતા સમજાશે. વૃદ્ધાવસ્થાને પણ કોઈ રોકી નથી શકતું.

● જે જીવાત્મા અરિહંત પરમાત્માની, સિદ્ધિ ભગવંતની, સાધુ પુરૂષોની અને કેવળીપ્રણીત ધર્મની અવજ્ઞા કરે છે. તેમના પ્રતયે શ્રદ્ધાવાન નથી હોતો. તે અનાથ - અશરણ છે.

● જે જીવાત્મા ક્રોધ, માન, માયા, લોભ કરતો રહે છે તે અનાથ છે. અશરણ છે.

● જે જીવાત્મા હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહમાં લીન રહે છે તેને પાપ નથી માનતો. તે અનાથ-અશરણ છે.

● જે જીવાત્મા મન-વચન-કાયાનાં અશુભ યોગોને નથી માનતો તે અનાથ-અશરણ છે.

● જે જીવાત્મા રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવમાં રહે છે તે અનાથ-અશરણ છે.

● જે જીવાત્મા જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના અને ચારિત્ર વિરાધના કરતો રહે છે તે અનાથ-અશરણ છે.

● જે જીવાત્મા પાંચ ઈન્દ્રિયોનાં વિષયોમાં લુબ્ધ છે તે અનાથ-અશરણ છે.

આ શરણમાં ભાવનાનું ચિંતન કરીને, અરિહંત, સિદ્ધ અને ધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા પ્રકટ થતાં અને શરણાગતિનો દિવ્ય ભાવ પ્રકટ થતાં મનુષ્ય નિર્ભય બને છે. ગમે તેવાં વિઘ્નો આવે, આપત્તિ આવે તો પણ **નિર્ભય** બને છે. **અભય** બને છે.

બીજો પ્રતિભાવ આવે છે. **અદ્વેષ**નો. એને દુઃખ આપનાર આત્મા પ્રત્યે દ્વેષ નથી થતો. **કરૂણા** ઉત્પન્ન થાય છે. **માધ્યસ્થ** ભાવ રહે છે. ત્રીજો ભાવ છે **અખેદ**નો. પરમાર્થ-પરોપકાર-ધર્મકાર્ય કરતાં થાકતો નથી. નિરાશ નથી થતો. અશરણ ભાવના આપણને આપણી શક્તિની મર્યાદાનું ભાન કરાવે છે.

આપણે આપણાં દુઃખનો ભાર-અશાંતિનો ભાર પરમતત્ત્વને સોંપી દઈએ, તો નિશ્ચિંત થવાય. પરંતુ જ્યાં સુધી મમતા છૂટશે નહીં ત્યાં સુધી અશરણ સ્વીકારશે નહિ.

**સંસારભાવના :**

આ અનિત્યતા અને અશરણની ભાવના કયાં ચાલી રહી છે ? સંસાર એટલે શું ? જ્યાં સતત સરકતા રહેવું પડે તેનું નામ સંસાર. એક ગતિમાંથી બીજી ગતિમાં,

એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં, એક ભાવમાંથી બીજાં ભાવમાં સતત સરકતાં રહીએ, તેનું નામ સંસાર.

ઉપાધ્યાયનું શાંત સુધારસની ૩જી ભાવનામાં કહે છે કે આ આખો સંસાર આપણાં લોભ ઉપર નભેલો છે. લોભને થોભ નથી. નવી નવી અપેક્ષાઓ, તૃષ્ણાઓ આંતર-બાહ્ય સંસારનો સંઘર્ષ ઉભો કરે છે. લોભ કે લોભનો અંત દેખાતો નથી. લોભ દાવાનળ જેવો છે. ભોગની આગમાં જ્યાં સુધી લાકડાં નાંખવાનાં બંધ નહિં થાય ત્યાં સુધી શાંતિ નહીં મળે. ઉપાધ્યાય યશોવિજયજી કહે છે કે કલેશથી ઘેરાયેલું મન એ સંસાર છે.

જેનું મન સુધર્યું, તેનું જીવન સુધર્યું;
જેનાં ભાવ સુધર્યા - તેના ભવ સુધર્યા.

આ દુઃખપૂર્ણ સંસારનું પરિભ્રમણ મટાડવું હોય તો પાપત્યાગનો પુરૂષાર્થ કરવો પડશે. પ્રભુને હ્દયમાં ધારણ કરવો પડશે. આ મનુષ્યભવમાં જ આ શકય છે. જિનેશ્વર ભગવંતોએ ૧૮ પ્રકારનાં પાપ બતાવ્યાં છે.

(૧) હિંસા, (૨) મૃષાવાદ (૩) ચોરી, (૪) મૈથુન (૫) પરિગ્રહ (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભ, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ (૧૩) અભ્યાખ્યાન (૧૪) પૈશુન્ય, (૧૫) રતિ-અરતિ, (૧૬) પર-પરિવાદ, (૧૭) માયા-મૃષાવાદ, (૧૮) મિથ્યાત્વશલ્ય.

સંસાર પરિભ્રમણમાં કારણભૂત તત્ત્વો આ અઢાર પાપો છે એનું ચિંતન કરીને એને ત્યાગ કરવો જરૂરી છે. માનસિક પરિવર્તન જરૂરી છે. ચેતનાને જાગૃત કરવાની છે.

જો જાગત હૈ, વો પાવત હૈ,
જો સોવત હૈ, વો ખોવત હૈ.

પરમતત્ત્વ જોડે માનસિક અંતર કાપી નાખો, કુદરત એનું ભૌગોલિક અંતર કાપી નાંખશે. શ્રીમદે કહ્યું છે,

અનંત સૌખ્ય નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા,
અનંત દુઃખ નામ સૌખ્ય, પ્રેમ ત્યાં વિચિત્રતા,
ઉઘાડ ન્યાય-નેત્રને નિહાળ રે ! નિહાળતું
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળતું.

જેમાં એકાંત અને અનંત સુખમાં તરંગ ઉછળે છે તેવાં શીલ, જ્ઞાનને માત્ર નામના દુઃખથી કંટાળીને તેની સાથે મિત્રતા નથી રહી અને કેવળ અનંત દુઃખમય એવાં જે સંસારનાં નામ માત્ર સુખ છે તેમાં તારો પરિપૂર્ણ પ્રેમ છે. કેવી વિચિત્રતા અહો ચેતન ! હવે તું તારાં ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ, નિહાળ. નિવૃત્તિને, વૈરાગ્યને શીઘ્ર ધારણ કર.

**એકત્વ ભાવના અને અન્યત્વ ભાવના :**

આ બન્ને ભાવનાઓ સાથે લેવાનું કારણ એ છે કે બન્ને ભાવનાઓ એક જ વાતની બે બાજુ છે. તો વિનયવિજયજી મહારાજસાહેબ ૪ થી ભાવનાનો મંગલ પ્રારંભ કરતાં કહે છે. 'આ આત્મા એક જ છે, આ જ પ્રભુ છે, આ જ ભગવાન છે જ્ઞાનદર્શનનાં તરંગોમાં મસ્ત છે. તેના સિવાય જે કંઈ છે તે સર્વ મમત્વ છે. મમત્વ વ્યાકુળતા વધારનાર છે. તો આત્માનું વર્ણન કરતાં ઉપાધ્યાયજી કહે છે.

આત્મા એકલો છે - એકત્વ સ્વરૂપને પ્રાપ્ત કરનારને કોઈ બાહ્ય આવરણ ન હોવું જોઈએ. જો આત્મવિચાર કરવાનો છે તો એક કામ અવશ્ય કરવું પડશે. પુદ્ગલભાવ કે જે પરભાવ છે. એ પુદ્ગલભાવોનાં આવરણને ચીરી નાખવા પડશે. પુદ્ગલભાવોનાં આવરણોને નષ્ટ કરવા માટે, પુદ્ગલભાવોની અનર્થકારિતા અને ભયંકરતા સમજવી પડશે. એકત્વ અને અન્યત્વનું ચિંતન કરવું પડશે.

આપણો આત્મા અનંતકાલ સુધી નિગોદમાં જન્મ-મરણ કરતો રહ્યો. નિગોદમાં માત્ર સ્પર્શેન્દ્રિય છે. ત્યાં અનંત દુઃખ સહન કર્યાં. અજ્ઞાનતા હોવાને લીધે 'અકામ નિર્જરા થઈ. સૂક્ષ્મથી બાદરમાં જીવ ગયો. વનસ્પતિકાયમાં પણ અકામ નિર્જરા કરવી પડે. તડકો હોય કે બરફ પડતો હોય - બધું સહન કરવું પડે. નિગોદથી પૃથ્વીકાય, અપકાય, વાયુકાય, તેઉકાય-બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી આપણો જીવયાત્રા કરે છે. પુદ્ગલરાગને કારણે, વિષયાસક્તિને કારણ જીવ નરકગતિમાં ઉત્પન્ન થાય છે. ત્યાંના અસહ્ય દુઃખો પણ સહેવા પડે છે. ત્યાં પણ અકામ નિર્જરા થાય છે. આત્માએ પુદ્ગલનાં નામ અને રૂપ ધારણ કરી લીધાં છે. પોતાનો મૂળ સ્વભાવ-મૂળ સ્વરૂપ ભૂલી ગયો છે. તેથી જ્ઞાન અને દર્શનથી રાગ-દ્વેષ કરે છે. આત્માનો મૂળ સ્વભાવ છે. ફક્ત જોવું અને જાણવું. પરંતુ શ્રીમદ્ કહ્યું છે તેમ આપણે જાણતા નથી. હું કોણ છું - કયાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? કોના સંબંધે વળગણાં છે - રાખું કે પરિહરું ? એકત્ત્વ ભાવનાનું ચિંતન આપણને સમજાવે છે. હું આત્મા છું, એકલો છું. દેહ અને આત્મા જુદાં છે. એ વાત સ્વીકારશો તો જ દેહત્ત્વ ટળશે, સુવર્ણની તેજસ્વિતા પાછી લાવવા

તેને માટીથી જુદું પાડવું જ પડશે. સમત્વ પ્રાપ્ત કરવું પડશે. એ જ એકત્વ ભાવના છે.

એકત્વ તથા અન્યત્વ ભાવના શીખવાડે છે કે બાહ્ય બંધનોથી પાછાં વળો, અંતરમાં ઠરો.

સ્વમાં વસ, પરથી ખસ, આટલું બસ.

સ્વમાં વસ - એકત્વ.

પરથી ખસ - અન્યત્વ.

મરૂદેવી માતાને કેવળજ્ઞાન આ અન્યત્વ ભાવનાથી થયું.

**અશુચિ ભાવના :**

એકત્ત્વ અને અન્યત્વ ભાવનામાં હું કોણ છું એ સમજાય નહિ, ત્યાં સુધી દેહાત્મબુદ્ધિ ટળે નહિ. સૌથી વધુ આકર્ષણ જીવને આ દેહમાં છે તો આ દેહનું સ્વરૂપ શું છે ? તે સમજવું જોઈએ. તો જ એનાં પ્રત્યેનું આકર્ષણ ઓછું થાય છે. આપણું બાહ્યદર્શન બહુ અપૂર્ણ અને Superficial હોય છે. પરંતુ દરેકને ઊંડાણથી જોવાં પ્રયત્ન કરશો તો તેને માટેની દૃષ્ટિનો ફરક પડશે.

દૃશ્ય એક જ છે. યુવાન સ્ત્રીનું મુડદું પડ્યું છે. તેને જોનાર એક સોની છે, એક ચોર છે. એક યુવાન છે. એક શિયાળ છે. એક સંન્યાસી છે. ટોળામાં ઉભેલાં સહુને દુઃખ છે. સોની એના આભૂષણોની ડીઝાઈન જુએ છે. ચોર ઘરેણામાંથી મળી શકત એ પૈસાનો વિચાર કરે છે. યુવાન આ સ્ત્રીને યુવતીના યૌવનને ભોગવવાનો વિચાર કરે છે. શિયાળ તેના દેહને ખાવાનો વિચાર કરે છે. જ્યારે સંન્યાસીને યુવાન યુવતીનાં મુડદાંને જોઈને થાય છે કે અરે ! યુવાની ક્ષણભંગુર છે. આયુષ્ય કયારે છૂટી જશે, પછી જલ્દીથી સાધના કરી લેવાનો વિચાર આવે છે, તેને વૈરાગ્ય આવે છે. આમ દૃશ્ય એક છે, પરંતુ બધાંની દૃષ્ટિ જુદી જુદી છે તો સમજવાનું છે કે જે દેહમાં આપણે આસક્ત થયાં છીએ તેનું સ્વરૂપ શું છે ?

વિનયવિજયજી મહારાજ કહે છે કે આ દેહ-ગંદા માટલામાં ભરેલાં દારૂ જેવો છે, આ માટલાંને ગંગાજળથી પણ કોઈ ધુએ તો સાફ થઈ શકશે ? તેમ આ દેહ જેની ઉત્પત્તિ શુક્રશોણિતથી થાય છે, તેની અપવિત્રતા કોઈ મિટાવી શકશે ? પ્રથમ તો શરીરની ઉત્પત્તિ જ, અપવિત્ર રીતે થયેલી છે. પછી આ જીવ માતાનાં ઉદરમાં નવ માસ રહે છે. એ ઉદર પણ અશુચિથી ભરપુર છે.

આ શરીરનો અપવિત્ર ભાવ વારંવાર વિચારવો અને શરીરની ઉત્પત્તિ, તેનો ઉછેર અને વસ્તુ ખરાબ કરવાની તેની શક્તિ વિચારતાં આ શરીર માત્ર ધર્મસાધન હોવાથી તેનાથી કામ લેવું. પરંતુ તેની માયા ન કરવી.

નવતત્ત્વ ગ્રંથના ટીકાકાર આ અશુચિ-ભાવનાનું સ્વરૂપ જણાવતાં લખે છે કે 'રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય, પરૂં તથા આંતરડાં ઈત્યાદિ અપવિત્ર વસ્તુઓથી શરીર ભરેલું છે અને તેનાં નવ દ્વારો સદા ઘરની ખાળની પેઠે વહેતાં રહે છે.

જૈનધર્મ એ શીખવાડે છે કે દુર્ગંધ મારતાં આ પાણીથી દ્વેષ ન કરવો. પરંતુ દેહની અંદર રહેલ આત્માને ઓળખો. જ્યારે આપણી દૃષ્ટિ બદલાશે ત્યારે આત્માનું સૌંદર્ય આ દેહ દ્વારા જ પ્રગટ થશે. આ સૌન્દર્ય મેળવવાં માટે સાધના કરવી પડશે.

આ શરીરમાં પણ એક સાર પડેલું છે. માનવદેહનો સદોપયોગથી મોક્ષ પણ પ્રાપ્ત કરી શકાય. નરમાંથી નારાયણ થઈ શકાય છે, એ આપણે આશ્રય, સંવર અને નિર્જરા ભાવનાનું ચિંતન કરીએ તો મોક્ષ મળી શકશે.

**આશ્રવભાવના - સંવરભાવના અને નિર્જરાભાવના :**

પહેલી ત્રણ ભાવનાઓથી આપણે જગતનાં સ્વરૂપને સમજ્યાં, બીજી બે ભાવનાઓ દ્વારા જાતને ઓળખવાનો પ્રયત્ન કર્યો. અશુચિ ભાવનાના ચિંતન દ્વારા શરીરની અપવિત્રતાનો ખ્યાલ આવે છે.

આશ્રવ, સંવર અને નિર્જરા ભાવનાનાં ચિંતન દ્વારા આત્માને દેહનો સંબંધ કોણ કરે છે ? કર્મનો બંધ કેવી રીતે થાય છે અને કર્મબંધને રોકવા શું કરવું જોઈએ અને ભોગવવા જ પડે તો ભોગવીને કે ભોગવ્યા વિના તેની નિર્જરા કેમ થાય છે તે સમજવાનું છે.

વિશ્વમાં બે પદાર્થો કામ કરે છે. જડ અને ચૈતન્ય.

ચૈતન્યનું શુદ્ધ તત્ત્વ - સિદ્ધપુરૂષો.

જડનું શુદ્ધ તત્ત્વ - પુદ્‌ગલ તત્ત્વ.

જડનું શુદ્ધ તત્ત્વ જેને ચૈતન્ય
તત્ત્વની કોઈ અસર નથી - ધર્મ, અધર્મ અને આકાશ.

જડ-ચેતનનું સંમિશ્રણ - જીવાત્મા.

આ સંસારમાં વિવિધતાઓ છે. ખૂબ વિચિત્રતાઓ છે અને અનેક જાતની

વિષમતાઓ ખૂબ સતત ચાલી રહી છે. આ પાછળ કયું તત્ત્વ ચાલી રહ્યું છે ? આ તત્ત્વને જૈન ભાષામાં કર્મ કહ્યું છે.

કર્મ એટલે વ્યાપક રીતે પથરાયેલ પુદ્‌ગલની રજકણો અને તેને કાર્મણ વર્ગણા કહે છે. આ પુદ્‌ગલનાં અણુ-પરમાણુઓની જબરદસ્ત શક્તિઓ છે. આ કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલોનો જ્યારે આત્મા જોડે સંયોગ થાય છે ત્યારે આ વિવિધતા, વિચિત્રતા અને વિષમતાઓ થાય છે.

આપણે જે ત્રણ ભાવનાઓનો વિચાર કરવાના છીએ તેને આધાર. આ કાર્મણવર્ગણનાં આવનજાવન પર અને આત્મા સાથેનાં સંયોગ-વિયોગ પર છે.

**આશ્રવ** - કાર્મણ વર્ગણાઓનો સંયોગ આત્મા જોડે થાય અને તેને લીધે કર્મબંધાય. તેને શાસ્ત્રમાં આશ્રવ કહ્યું છે. આ કર્મબંધ થતાં અટકાવવાનાં ઉપાયોને-સાધનાને શાસ્ત્રમાં **સંવર** કહ્યું છે.

**નિર્જરા :** આત્મા ઉપર લાગેલી કાર્મણ વર્ગણાઓને ખંખેરી નાખવા માટે થતી પ્રવૃત્તિને નિર્જરા કહ્યું છે.

તો આ કર્મબંધ શું છે ?

જ્યારે આપણો આત્મા મનથી વિચારે છે, વચનનો ઉપયોગ કરે છે અને કાયાથી કાર્ય કરે છે. ત્યારે એક ચુંબકીય શક્તિ ઉત્પન્ન થાય છે. જે આજુબાજુ ફેલાયેલાં પુદ્‌ગલ પરમાણુઓને ખેંચે છે અને આત્મા પર લાગે છે. તેનું નામ કર્મબંધ.

તળાવનાં નાળાઓ **આશ્રવ** છે. તળાવ ભરાઈ જાય અને દરવાજા બંધ કરીએ તે **સંવર** છે. ભરાઈ ગયેલાં કચરાને નિકાલ કરવાની પ્રવૃત્તિ - એ છે **નિર્જરા.**

**આશ્રવનાં કારણો :-**

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન, વચન, કાયાનં યોગ.

મિથ્યાત્વ - એ આશ્રવ છે.

અવિરતિ - આશ્રવ

કષાય-ક્રોધમાન, માયા-લોભ - આશ્રવ

મન-વચન-કાયાનાં યોગ - આશ્રવ

સમ્યક્‌ત્વ - સંવર છે. વિરતિ સંવર છે.

ક્ષમા-નમ્રતા અને સરળતા અને સંતોષ સંવર છે.

મનગુપ્તિ-વચન ગુપ્તિ અને કાય ગુપ્તિ સંવર છે.

નિર્જરા બે પ્રકારની છે.

(૧) સકામ ને (૨) અકામ.

ઈચ્છાપૂર્વક કર્મ ખેરવી નાખવાની ક્રિયા એ સકામ નિર્જરા અનિચ્છાથી અને અસહાયતાથી નિગોદથી નરક સુધી ભોગવવા પડતાં કર્મો - એ અકામ નિર્જરા.

ઈચ્છાઓને શાંત કરવી એ નિર્જરાનો શ્રેષ્ઠ ઉપાય છે. સકામ નિર્જરા-બાર જાતનાં તપ કરવાથી થાય છે.

સંસારમાં વિષયલોભમાં જે તૃપ્તિનો આભાસ થાય છે તે તો કલ્પના માત્ર જ છે. વાસ્તવિક સંતોષ તો મિથ્યાજ્ઞાન રહિત આત્માને થાય છે. આત્માનુભવનો પરમસંતોષ પ્રાપ્ત કરવાં ત્રણ ઉપાય છે.

(૧) ગુરૂચરણનું શરણ, (૨) જિનવચનનું શ્રવણ, (૩) સમ્યક્ત્વનું ગ્રહણ.

આ શરણ, શ્રવણ અને ગ્રહણમાં જેટલો પુરૂષાર્થ કરીશું, તેટલો જ આત્મસંતોષ પ્રાપ્ત કરીશું. આત્મતત્ત્વ પ્રત્યે પ્રીતિભાવ ઉત્પન્ન થશે. અનુત્તર ધર્મશ્રદ્ધા જાગૃત થશે. આરંભ-સમારંભનો ત્યાગ થશે. સંસારમાર્ગનો વિચ્છેદ થતો રહેશે અને પૂર્ણાનંદ-સંતોષ પ્રતિ પ્રયાણ થશે.

**ધર્મ-મહિમા ભાવના :**

પરમ ઉપકારી ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ દશમી ભાવનામાં કહે છે કે કર્મનું વિશદ્ તત્ત્વજ્ઞાન આપણી સમક્ષ રજું થયું. એક ધર્મસત્તા જ આ કર્મસત્તાને મહાત્ કરી શકે એમ છે.

સર્વ જીવોનાં આત્મહિત માટે, આત્મ કલ્યાણ માટે પરમ કૃપાનિધિ જિનેશ્વરોએ યથાર્થ ધર્મ બતાવ્યો છે.

દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનાં ભાવધર્મ જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપ્યો છે.

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા એ ચાર વૃત્તિઓનું ઉન્મૂલન કરનાર આ ચાર પ્રકારનો ધર્મ છે.

દાન ધર્મની આરાધનાથી પરિગ્રહ પર ઘા.
તપ ધર્મની પાલનાથી આહાર સંજ્ઞા પર ઘા.
ભાવ ધર્મની આરાધનાથી ભાવ સંજ્ઞા પર ઘા.
શીલ ધર્મની આરાધનાથી ભોગ સંજ્ઞા પર ઘા.

સતત જન્મોજન્મથી વૃત્તિઓ ઘર કરીને પડેલી છે. તેથી તેના પર ઘા કરવા માટે ધર્મ પણ સતત આપણાં મનમાં રમ્યાં કરે. આ બધો ક્રિયાત્મક ધર્મ, ગુણાત્મક ધર્મ પામવા માટે છે. ક્રિયાત્મક ધર્મ પગથિયાં છે ગુણાત્મક ધર્મ શિખર છે.

સામાયિક કરતાં કરતાં વિચાર આવવો જોઈએ કે મારો ભય તૂટ્યો ખરો ? સમભાવ આવ્યો ખરો ? પરિણતીનો ધર્મ છે. પણ પરિણતી થતી નથી. તેથી રખડીએ છે. દવાનાં પડીકાંનાં કાગળ ખાધાં અને દવા ફેંકી દીધી.

ધર્મનાં ત્રણ પ્રકાર બતાવ્યાં છે. ધર્મ ત્રણ દૃષ્ટિથી થઈ શકે.

(૧) રિદ્ધિની ઇચ્છાથી (૨) સિદ્ધિની ઇચ્છાથી (૩) શુદ્ધિની ઇચ્છાથી.

બાહ્ય જીવનનો વૈભવ-સંપત્તિ મેળવવા ધર્મ કરે છે, તેથી પુણ્ય બંધાય. એ પુણ્યનાં પ્રતાપે **રિદ્ધિ** મળવાની પરંતુ અનુબંધ નહીં થાય.

કોઈક જીવાત્મા ધર્મ-સિદ્ધિ મેળવવાં કરતાં હોય છે. કોઈ ચમત્કાર થઈ જાય. કોઇ સિદ્ધિ મળી જાય.

**શુદ્ધિ**ની કામનાથી કરેલ ધર્મ-સાધના હૃદયને શુદ્ધ બનાવે છે. અંતરનાં મેલ ધોઈ આપે છે. સાધનાની સફળતા અહંકારને ગાળવામાં હોય છે. કર્મની ચિંતા છોડીને ધર્મનાં સ્વરૂપનું ચિંતન કરવાથી આપણાં કર્મો તૂટશે.

ભગવાન મહાવીરે ધર્મની સર્વાંગી વ્યાખ્યા આપી.

"વસ્તુનો સ્વભાવ એ ધર્મ"

શીતળતા એ પાણીનો સ્વભાવ છે, પરંતુ અગ્નિમાં સેવનમાં પાણી પોતાનો સ્વભાવ છોડીને ઉષ્ણ બને છે, તેમ આત્માનો મૂળ સ્વભાવ સત્-ચિત્-આનંદ છે. પરંતુ પુદ્ગલમાં સંયોગમાં આત્મામાં વિકૃતિ આવે છે.

આનંદઘનજીએ સંભવનાથનાં સ્તવનમાં કહ્યું કે પાયામાં શું નાંખવાનું છે.

**સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય-અદ્વેષ-અખેદ.**

આ ત્રણ ગુણો પરમાત્માને પામવા માટે કેળવવા જોઈએ.

**અભય :** જેને મૃત્યુનો ભય ન હોય, જેને જીવનનો મોહ ન હોય તે જ સાચો ધર્માત્મા, કારણ કે તેનામાં સત્-સ્વરૂપની અનુભૂતિ છે, પરિણામની ચંચળતા ન હોય તેને અભય કહ્યો.

**અદ્વેષ :** પ્રેમનો અભાવ, આકર્ષણનો અભાવ તેનું નામ દ્વેષ. બીજો જીવ મારું સ્વરૂપ છે એવો ભાવ આવશે ત્યારે મૈત્રી આવશે.

**અખેદ :** જ્યારે રાગ-દ્વેષનાં તરંગો ઓછાં થશે. ત્યારે ખેદ ઓછો થશે. ખેદ શું છે ? પ્રવૃત્તિ કરતાં કરતાં થાક લાગે તેનું નામ ખેદ. પરમાત્માની ચેતના જોડે તમારી ચેતના જોડી દો. પરમાત્માને સમર્પણ કરો.

**લોકસ્થિતિ સ્વરૂપ ભાવના :**

આ વિશ્વની વ્યવસ્થા કેવી છે ?

આ વિશ્વને ચૌદ રાજલોકની દુનિયા કહી છે. તેમાં આપણી આ તિર્યગ્ પૃથ્વીની નીચે સાત નારકી અને વચ્ચે ભુવનપતિ, વ્યંતર અને વાણવ્યંતરનાં સ્થાનકો આવે છે. એની પહોળાઈ વધારેમાં વધારે સાત રજ્જુપ્રમાણ સાતમી નરકે થાય છે અને એ રીતે આ વિશ્વ સાત રજ્જુપ્રમાણની નીચું અને સાત રજ્જુપ્રમાણ પહોળું છે. આ અધોલોક છે.

**તિર્યગ્લોક :** આપણો મનુષ્યલોક આ તિર્યગ્લોકમાં આવે અને તેનાં પ્રમાણમાં ઉર્ધ્વલોક અને અધોલોક ઉપર નીચે ગણાય.

**ઉર્ધ્વલોક :** ઉપરનાં ભાગમાં બીજં સાત રાજલોક આવ્યાં છે.

તિર્યગ્ લોકની અપેક્ષાએ સાત રજ્જુ ઊંચો છે. ઊંચો ને નીચો શબ્દ સાપેક્ષ છે. મનુષ્ય લોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનનો પણ આમાં સમાવેશ થાય છે.

આ બધું બતાવવાનું કારણ એ જ છે કે એવું એક પણ સ્થાન નથી. જ્યાં આ જીવ જન્મ્યો કે મર્યો ન હોય અને આવાં અનંત ફેરા થયાં ન હોય. પણ એ થાક્યો નથી, ઉચ્ચ કક્ષાનાં દેવોનાં અનુભવ કર્યાં છે. નારકીનાં દુઃખો સહન કર્યાં છે. મનુષ્યનાં ભોગો અને દુઃખો સહન કર્યાં છે - તિર્યંચ ગતિનાં મૂક દુઃખો સહન કર્યાં છે.

આ લોકસ્થિતિની ભાવના આપણો અહંકાર તોડે છે. આસક્તિ છૂટે છે. થોડાંક પ્રશંસાના ફૂલોથી આપણે અહંકારમાં આવી જઈએ છીએ, ત્યારે આ વિરાટ વિશ્વનું ચિંતન કરવાનું છે. આ વિરાટ દુનિયામાં અનંત અનંત જીવો છે તેમાંથી આપણને કેટલાં ઓળખે છે ? તેમાંથી આપણને પ્રેમ કેટલાં કરે છે ?

લાખો યોજન લાંબો પહોળો આ મધ્યલોક, તેમાં ૧ લાખ યોજનનો જંબુદ્વીપ, તેમાં ભરતક્ષેત્ર, તેમાં આ દુનિયા કેટલી ? દુનિયામાં હિંદુસ્તાન કેટલું ? હિંદુસ્તાનમાં મહારાષ્ટ્ર કેટલું ? મહારાષ્ટ્રમાં મુંબઈ કેટલું ? મુંબઈમાં વાલકેશ્વર વિસ્તાર કેટલો ? એમાં એક નાના મકાનમાં આપણું સ્થાન કેટલું. આ વિશ્વનાં નકશામાં આપણાં માટે એક સોયનાં ટપકાં જેટલું પણ સ્થાન નથી તો તેનો ગૌરવ કેટલું ?

**બોધિદુર્લભ-ભાવના :**

દરેક વ્યક્તિ જ્યાં સુધી સંસારમાં જીવન જીવે છે. તેમાં એક ઇચ્છા વધુને વધુ સુખ મળવાની છે, શાંતિ મળવાની છે. આ બારમી ભાવનામાં વિનયવિજયજી બતાવે છે કે ચાર વસ્તુ મળવી દુર્લભ છે.

(૧) મનુષ્યપણું (૨) શુદ્ધ શ્રધા, (૩) સંયમ અને (૪) વિરતિ-પ્રથમ મનુષ્યપણું મળવું મુશ્કેલ છે. સૂક્ષ્મ-બાદર, નિગોદમાં અનંત કાળ ગયો. વ્યવહાર રાશિમાં આવ્યાં પછી પણ નિગોદ-સૂક્ષ્મ-બાદરમાં ઘણો કાળ ગયો. ત્યાંથી નીકળીને બેઇંદ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધી અસંખ્ય સમય ગયો. આ પંચેન્દ્રિય અને સંજ્ઞીપણું મેળવતાં જન્મ-મરણ સતત કરવાં પડ્યાં. આમ ચૌદરાજલોકમાં અસંખ્ય ભવભ્રમણ કરીએ છીએ. પરંતુ આ બોધિરત્નની પ્રાપ્તિ નથી થતી. તે પ્રાપ્ત કરવી દુર્લભ છે.

સંસારમાં ભવભ્રમણ કરતાં અનંત પુદ્‌ગલ પરાવર્તન વ્યતીત થયાં. એમાં આ મનુષ્યભવ-સારું ફળ, મગજની સારી સ્થિતિ અને ધર્મને અનુકૂળ કરી આપે તેવાં સદ્‌ગુરૂનો યોગ મળવા ખરેખર દુર્લભ છે. આવી ભાવના ભાવતાં ભાવતાં તદનુસાર શ્રદ્ધા થવી અને એ મુજબ સાધના કરવી. એ દુર્લભ છે.

આ બધું થયા પછી પણ વિરતિનો સંયમનો ભાવ આવવો મુશ્કેલ છે.

બોધિતત્ત્વ બહારથી આવતું નથી. એ આત્માનો ગુણ છે. આત્મામાંથી આવે છે. દર્શન મોહનીયનાં ઉપશમ-ક્ષયવિશમ-ક્ષયથી પ્રકટ થાય છે.

● બોધિનો અર્થ છે સમ્યગ્‌-દર્શન-સમક્તિ. એ શ્રદ્ધારૂપ છે. એ બે પ્રકારની હોય છે.

(૧) તત્ત્વાર્થ પર શ્રદ્ધા, (૨) સુદેવ, સગુરૂ, સદ્‌ધર્મ ઉપર શ્રદ્ધા. બોધિપ્રાપ્તિનાં પાંચ લક્ષણો કહ્યાં છે.

ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકેય.

**ઉપશમ :** બીજાંના અપરાધ પ્રત્યે ક્રોધ ન કરવો.

**સંવેગ :** દેવ અને મનુષ્યનાં ઉત્કૃષ્ટ સુખોનો મોહ નહિ અને મોક્ષસુખની ઈચ્છા.

**નિર્વેદ :** નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોનાં સાંસારિક સુખોથી વિરક્તિ.

**અનુકંપા :** દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવા માટે નિષ્પક્ષ ઈચ્છા.

**આસ્તિકય :** જિનકથિત તત્ત્વોનો નિરાંકાંક્ષ ભાવથી સ્વીકાર.

બારમી ભાવનામાં કહ્યું છે કે આંતરશત્રુઓ કોણ છે તે ઓળખો :

(૧) બાવીશ પ્રકારનાં પરિષહો ઓળખીને તેને ખલાસ કરો.

(૨) ઈન્દ્રિયનાં વિષયોને જીતો.

(૩) ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવનો નાશ કરો.

તમારાં કષાય દુશ્મનને હઠાવવા ત્રણ માર્ગો છે.

કષાયને હઠાવવા-ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ ગુણને કેળવવાં પડે.

કષાયને હઠાવવા - ક્રોધ, માન, માયા લોભની ઉત્પત્તિ સ્થાનને જાણો.

કષાયને હઠાવવા - પ્રસંગો, અનુકૂળતા, પ્રતિકૂળતાને દૂર કરવાં પ્રયત્ન કરો.

આમ ક્રમે ક્રમે કષાયો ઉપર વિજય મેળવો.

આપણા શત્રુઓ વિષય, કષાય, વિકથા વગેરેને નિર્મૂળ કરવાં માર્ગ અપનાવો અને આ વિચાર કરતાં જે શીખવે છે તેને **બોધિદુર્લભ** ભાવના કહે છે.

આમ બાર ભાવનાઓ સમજાવતાં વિનયવિજયજી મહારાજ કહે છે કે આ દુનિયા એક રંગભૂમિ છે. જેમાં કેટલાંક આત્માઓ અને કેટલાંક પુદ્‌ગલો સંયોગમાં આવે છે અને અનેક પ્રકારનાં નાટક રચાય છે. દુનિયા નાટકનું સ્ટેજ છે એમાં આપણે આપણી જાતને એક નટથી વધુ મહત્ત્વ નથી આપવાનું. મૃત્યુનો પડદો પડે એટલે એક નવો રંગમંચ ઉભો થાય છે. આ જીવ ઉન્નતિનાં ઉચ્ચ શિખરમાં પણ ટક્યો નથી અને અવનતિને નીચી ખીણોમાંથી બહાર આવ્યો છે. આપણે આપણાં અસ્તિત્વનાં ખ્યાલને ભૂલી જઈને વ્યક્તિત્વનાં ખ્યાલોમાં અટકી નથી જવાનું.

વાસ્તવિકતાનો પ્રતિકાર કરવાને બદલે, શાંતિનો સ્વીકાર, એ ચિંતન જ આપણો ઉધ્ધાર કરશે.

●

# ત્રિપદી

**જશવંતલાલ વ. શાહ**
૫, વિદ્યાવિહાર, ૧૬૯, દેરાસર લેન,
ઘાટકોપર પૂર્વ, મુંબઈ-૪૦૦ ૦૭૭.

શ્રી જૈન દર્શનમાં ત્રિપદીનું મોટું મહત્ત્વ છે; દ્રવ્યનું સ્વરૂપ સમજવા માટેનો એ એક મહાન સિદ્ધાંત છે. ત્રિપદીને માતૃકાપદ પણ કહે છે. ઉપન્નેઈવા, વિગમ્મેઈવા, ધુવેઈવા એ શાસ્ત્રમાંના ત્રણ શબ્દોનો સમૂહ એ ત્રિપદી છે. પૂરા જૈન તત્ત્વજ્ઞાનું મૂળ આ પદમાં છે. સાદી ભાષામાં એને આપણે ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્ય કહીએ છીએ.

તીર્થંકર થનારા સાધક આત્માઓને કેળવજ્ઞાન પ્રગટ થયા પછી દેવો દેશનાની સગવડ માટે બાર પ્રકારની પર્ષદા બેસી શકે એવા ત્રણ ગઢવાળા દિવ્ય સમવસરણની રચના કરે છે. તે કેવળી પરમાત્માને તીર્થંકર નામકર્મનો ઉદય થતાં તેમાં બિરાજીને હિત ઉપદેશ આપે છે. તેમની પરિષહમાં આવેલા અસંખ્ય શ્રોતાજીવોમાંથી ગણધર થનારા એવા ભાવિક જીવો જ્યારે પરમાત્માને ફરી ફરીને પ્રશ્ન પૂછે છે કે, "ભગવંત ! તત્ત્વ શું છે ?" ત્યારે જવાબમાં પરમાત્મા એના એ જ ત્રણ પદો સંભળાવે છે : "ઉપન્નેઈવા, વિગમ્મેઈવા, ધુવેઈયા" અને તેમની પૂર્વની સફળ સાધનાના પરિણામે મેળવેલી બીજરૂચિના મહાન ઉપાદાનના કારણે એ ત્રિપદી સાંભળતાં જ તેમની પૂરી દૃષ્ટિ ખુલી જાય છે, પૂરી દ્વાદશાંગીનું અને ૧૪ પૂર્વનું જ્ઞાન તેમને પ્રગટ થાય છે. આવું મહત્ત્વ છે આ ત્રિપદીનું.

એ રીતે ૧૪ પૂર્વના જ્ઞાનધારી બનેલા શિષ્યોને તીર્થંકર પરમાત્મા પોતાના ગણધરપદે નિયુક્ત કરે છે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચાર તીર્થની વ્યવસ્થા પણ સ્થાપે છે. આમ, તીર્થપ્રવર્તન કરીને શાસનધુરા ગણધરોને સોંપે છે. તીર્થંકરો પોતે શાસન ચલાવતા નથી. આ બધું પરમાત્માના તીર્થંકર નામકર્મના ઉદયે અને પ્રજાના મહાન પુણ્યોદયના પ્રતાપે થાય છે; પરમાત્માને તો કાંઈ પણ કરવાની ઇચ્છા જ હોતી નથી. ગણધરોમાં સર્વ તત્ત્વનું પૂર્ણ જ્ઞાન પ્રગટાવવાની શક્તિ આ ત્રણ પદોમાં છે જે સાંભળનાર અને સંભળાવનાર બંનેના મહાન ઉપાદાનના કારણે સફળ બને છે.

દરેક દ્રવ્ય સત્‌રૂપે છે. ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્યસહિત હોય એ જ સત્ છે. દ્રવ્ય જે સનાતન શાશ્વત્ ટકવાવાળું છે તે સત્ય છે. (તત્ત્વાર્થસૂત્ર). વળી, દરેક દ્રવ્ય ગુણ અને પર્યાયવાળું છે. ઉત્પાદ્ અને વ્યય પરિવર્તનના સૂચક છે. તો ધ્રૌવ્ય સાતત્યનું

સૂચક છે. જીવાત્મા યથાયોગ્ય સાધનાથી આત્મલક્ષે પ્રગતિ કરે તેમાં પણ અશુદ્ધ પર્યાયોનો વ્યય અને શુદ્ધ પર્યાયોનો ઉત્પાદ્ છે; જીવદ્રવ્ય તો ગુણસહિત ધ્રુવ જ રહે છે.

જૈન દર્શનમાં મુખ્યત્વે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચાર દૃષ્ટિથી અને દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક એમ બે નયોથી ઘણી વિચારણા થઈ છે. ચેતન અને જડ બધા દ્રવ્યો સ્વતંત્ર છે. દરેક દ્રવ્યને સ્વાધીન એવા અનંત ગુણો છે; ગુણોનો સમુહ જ દ્રવ્ય છે. દ્રવ્ય અને ગુણ એકમેકના આધારે હોય છે. દ્રવ્યની ખાત્રી તેના ગુણથી થાય અને ઓળખાણ આકારથી એટલે પર્યાયથી થાય છે. પર્યાય દ્રવ્યના આધારે જ હોય છે. તેમ દ્રવ્ય પણ કોઈ પર્યાય વગર હોતા નથી.

દરેક ગુણનું સ્વતંત્ર અલગ અલગ પરિણમન થાય છે. પરિણમનની બનતી અવસ્થાને પર્યાય કહે છે જે અનંત છે, જેનો કોઈ કર્તા નથી. સમયે સમયે બદલાતી પર્યાય દરેક સ્વતંત્ર છે; એકથી બીજી અલગ હોય છે. એ પર્યાયો એટલી સૂક્ષ્મ છે કે એનું અલગ અસ્તિત્વ ફકત કેવળજ્ઞાની-ભગવંતોના જ્ઞાનમાં જ ઝળકે છે; એને અલગ પારખવી આપણા જ્ઞાનનો વિષય નથી.

ઉત્પાદ્ એટલે ઉત્પન્ન થવું, વ્યય એટલે લય પામવો અને ધ્રૌવ્ય એટલે ધ્રુવતા = સ્થિરતા = કાયમ ટકી રહેવું તે. આજ અર્થમાં સૃષ્ટિ, પ્રલય અને સ્થિતિના કર્તા તરીકે અન્ય મતમાં બ્રહ્મા, મહેશ અને વિષ્ણુની માન્યતા થઈ છે. કાયમ એવું ને એવું પોતાના ગુણો સાથે અસ્તિત્વમાં ટકી રહેવું તે ધ્રૌવ્ય છે. દરેક દ્રવ્ય આ રીતે ધ્રુવ છે, સત્ છે, નિત્ય છે. એના ગુણોમાં વધઘટ થાય નહીં, નાશ થાય નહીં, બીજાની એમાં ભેળ- સેળ થાય નહીં; એ નિત્યતા છે, ધ્રૌવ્ય છે. સત્ ન હોય એવું કોઈ દ્રવ્ય જ નથી. પર્યાયનું પણ અનેકાંતપણું છે, ઉત્પાદ્ તે અસ્તિરૂપ પર્યાય છે, તો વ્યય તે નાસ્તિરૂપ પર્યાય છે. પર્યાય દ્રવ્યમાંથી જ ઉત્પન્ન થાય છે અને વ્યય થતાં તેમાં જ સમાય જાય છે.

જીવ એક શરીર છોડી નવું ધારણ કરે છે ત્યારે પણ જીવતો પોતે કાયમ એવો ને એવો જ પોતાના ગુણો સહિત રહે છે એ એની ધ્રુવતા છે. ઉત્પાદ્ એટલે જન્મ, વ્યય એટલે મૃત્યુ અને ધ્રૌવ્ય એટલે જીવ દ્રવ્યરૂપે ટકી રહે છે તે. આકારરૂપ પર્યાયો બદલાય છે. એટલે કે પહેલી પર્યાયનો વ્યય થાય છે, નવી પર્યાયનો ઉત્પાદ્ થાય છે. છતાં ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્ય સાથનું દ્રવ્ય ટકી રહે છે. નિત્યતા વગર વસ્તુ ટકે નહીં અને અનિત્યતા વગર તેમાં પરિણમનરૂપ કાર્ય થાય નહીં. આમ, એક અપેક્ષાએ દ્રવ્ય નિત્ય છે, તો બીજી અપેક્ષાએ અનિત્ય પણ છે; સર્વાંગને પકડતાં જ વસ્તુ સિદ્ધ થાય છે. આજ અનેકાંતદૃષ્ટિ છે.

દ્રવ્ય ધ્રુવ છે. તેમાંના અસ્તિત્વ વિ. લક્ષણો કયારેય નાશ થતા નથી. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આદિ દ્રવ્યો હંમેશાં છજ રહે છે; તે વધઘટ થતા નથી. દ્રવ્યોના જેટલા પ્રદેશ બતાવ્યા છે તે પણ વધઘટ વગર તેટલા જ રહે છે. ધર્માસ્તિકાય. આદિ અજીવ દ્રવ્યોમાં ગમે તેટલા પરિણમતો થતા હોવા છતાં તેમાં મૂર્તત્વ કે ચેતનત્વ આવતા નથી, તે અમૂર્ત અને જડજ રહે છે. એ જ રીતે જીવદ્રવ્યમાં અચેતનતત્ત્વ નથી આવતું; પુદ્‌ગલમાં ચેતનત્વ નથી આવતું. પુદ્‌ગલ એક જ રૂપી છે, જ્યારે બાકીના પાંચેય દ્રવ્યો અરૂપી છે.

દ્રવ્ય દરેક પર્યાયમાં પોતાના ગુણની સ્વસત્તાની એટલે કે સત્‌ની અનુભૂતિ કરે જ છે જેને વર્તના કહે છે. આત્માના બે સ્વરૂપ બતાવ્યા છે. એક દ્રવ્યરૂપ અને બીજું પર્યાયરૂપ. દ્રવ્યરૂપ સ્વરૂપ કાયમ શુદ્ધ જ રહે છે. જ્યારે પર્યાયરૂપ સ્વરૂપમાં સમયે સમયે કર્મના ઉદયે અને વિભાવ પરિણામે મનની અંદરના ભાવો, ઈચ્છાઓ બદલાતા રહે છે; પહેલાના લય પામે છે અને નવા નવા ઉત્પન્ન થાય છે. એજ સમયે દ્રવ્યરૂપ સ્વરૂપ બધા સ્વગુણોસહિત એમનું એમ ટકી રહે છે. આમ, આત્માનું સ્વરૂપ પણ ઉત્પાદ્‌, વ્યય, ધ્રૌવ્યરૂપ છે. આત્મામાં શુદ્ધતા ત્રિકાળ ભરપુર છે, નિશ્ચયથી પરમશુદ્ધ અને સિદ્ધસ્વરૂપ છે, પણ સંસારી જીવને પર્યાયમાં તે સ્વરૂપ હજી પ્રગટ થયેલ નથી. વ્યવહારમાં, પૂર્વ કર્મોના ઉદયે, શરીરના સંયોગથી મોહ, મમત્વનાં, કષાયના, શાતા-અશાતાના વિભાગ-પરિણામો પર્યાયમાં થતાં શુદ્ધતાથી ધ્રુવ એવા આત્માના પ્રદેશોમાં કંપન થાય છે. એ પરિણામોનો ઉત્પાદ્‌ થાય છે. અને યથાસમયે વ્યય પણ થાય છે. આ આખી પ્રક્રિયા પર્યાયમાં થાય છે ત્યારે જીવ દ્રવ્ય પોતે ધ્રુવ રહે છે, એના ગુણોમાં કાંઈ ફેર પડતો નથી, એ એની સ્વદ્રવ્યતા છોડતું નથી. સાધક જીવ-સ્વભાવનું લક્ષ કરતાં પર્યાયમાં વિકારનો વ્યય અને શુદ્ધભાવોનો ઉત્પાદ્‌ ત્રિકાળી શુદ્ધ એવા આત્મદ્રવ્યમાં થાય છે. આમ, આત્મદ્રવ્યનું ધ્રૌવ્યત્વ સિદ્ધ થાય છે.

અવસ્થાઓ એટલે કે પર્યાયો બદલાય છે તે દ્રવ્યની જ છે તેથી દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે. વળી, અસ્થિર એવી એક પર્યાયનો નાશ થઈ નવી પર્યાય ઉત્પન્ન થાય છે ત્યારે દ્રવ્ય તો ધ્રુવ જ રહે છે. તે રીતે તે બન્ને ભિન્ન પણ છે. આ અનેકાંત દૃષ્ટિ છે. બાકી પર્યાય નષ્ટ થતાં દ્રવ્ય નષ્ટ થતું નથી કેમ કે એ નિત્ય ધ્રૌવ્યરૂપ છે. જેમ કે જ્ઞાન આત્માનો જ ગુણ છે, પણ જ્ઞાનની અવસ્થાઓ પર્યાય છે જે બદલાય છે. આત્માના આઠ પ્રકાર બતાવ્યા છે તેમાં ફક્ત એક દ્રવ્યાત્મા જ દ્રવ્યદૃષ્ટિથી છે. બાકીના કષાયાત્મા,

યોગાત્મા વિ. સાતેય પ્રકાર પર્યાય અપેક્ષાથી છે કે જેની પર્યાયોમાં ઉત્પાદ્, વ્યય થયા જ કરે છે.

સામાન્ય રીતે, આપણું લક્ષ પર્યાય એટલે - અવસ્થાઓ ઉપર જ હોય છે, પણ જો લક્ષ શુદ્ધ, દ્રવ્ય પર રહે તો સાચી ધર્મસાધનાની શરૂઆત થાય છે. સમ્યક્દર્શન પણ પર્યાયદૃષ્ટિ મિટાવીને દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ થાય છે. વસ્તુનું ખરું સ્વરૂપ જાણવું એટલે જ તેના ધ્રુવત્વને જાણવું તે છે. સમજુ વ્યક્તિ બીજાના વાંક એટલે કે વિભાવ અવસ્થાને ન જોતાં ગુણની સારપ જે શુદ્ધ સ્વભાવ અવસ્થા છે તેના પર જ ધ્યાન આપે છે. કષાય વિ. વિભાવો બહારથી આવેલા હોઈ લાંબુ ટકતા નથી. પોતાનું હોય તેવા ક્ષમા, મૃદુતા, પ્રેમ, કરૂણા એ સહજ ગુણો જ પોતાનામાં ટકી રહે છે. સહજ સ્વભાવ ધ્રૌવ્યમય છે; વિભાવ પરિણામો ઉત્પાદ્, વ્યયવાળા છે અસ્થિર છે.

સંસારમાં પણ યુદ્ધો, આપત્તિઓ આવે છે, વિનાશ થતો દેખાય છે; નવસર્જન પણ થાય છે. સંસાર પોતે કાયમ રહે છે, કલેવર બદલાતું દેખાય છે. યુદ્ધ થાય છે અને સુલેહ પણ થાય છે. પણ જીવનો સહજ ગુણ, તેની જે સહજ ઝંખના છે તે શાંતિ, પ્રેમ, ક્ષમા, ધીરજ, નમ્રતા છેવટે જીતે છે, સ્થાપિત થાય છે. જગતનું શાશ્વતપણું સિદ્ધ થાય છે.

દરેક વસ્તુના બે રૂપ હોય છે, જેમ કે - એકતા-અનેકતા, નિત્યતા-અનિત્યતા-સ્થાયિત્વ-અસ્થાયિત્વ, સદૃશતા-વિદૃશતા. આ બધામાં પ્રથમ પક્ષ ધ્રૌવ્યસૂચક-ગુણસૂચક છે, જ્યારે બીજો પક્ષ ઉત્પાદ્ અને વ્યય એટલે કે પર્યાય સૂચક છે.

વસ્તુનું એક રૂપ-અવસ્થા નષ્ટ થાય છે. તો બીજી અવસ્થા ઉત્પન્ન થાય છે. આમ, રૂપનાં ઉત્પાદ્ અને વ્યયની વચ્ચે એક પ્રકારની સ્થિરતા પણ રહે છે, આવી જે સ્થિરતા, એકરૂપતા રહે છે તે ધ્રૌવ્ય છે - નિત્યતા છે. દ્રવ્ય એકાંતે નિત્ય કે અનિત્ય નથી; ગુણ અને અન્વયની અપેક્ષાએ નિત્ય છે તો પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. દ્રવ્ય પોતાની સ્વજાતિ છોડયા વગર તેમાં રૂપાંતર થાય છે ત્યારે આગલા રૂપનો વ્યય અને નવા રૂપનો ઉત્પાદ્ થાય છે. પણ મૂળ દ્રવ્ય એમનું એમજ ધ્રુવ રહે છે.

માટીનો ઘડો બને ત્યારે માટીના રૂપનો વ્યય અને ઘડાના રૂપનો ઉત્પાદ્ થાય છે. મૂળ દ્રવ્ય માટી તો રહે જ છે. જોકે, માટીના પરમાણુ બીજી અવસ્થા ગ્રહણ કરી શકે છે, પણ અનાદિ પારિણામિક સ્વભાવના કારણે તે વસ્તુનો સર્વથા નાશ થતો નથી અને એનું ધ્રુવત્વ છે.

દ્રવ્ય બે પ્રકારે છે : જીવ અને અજીવ, અન્ય દર્શનોની માન્યતા ફેર છતાં જૈન દર્શને તો દ્રવ્યને-ઉત્પાદ્ વ્યય, ધ્રૌવ્યના અવિરોધી સમન્વયવાળું જ માન્યું છે. ઉત્પાદ્, વ્યય અનિત્યતાના સૂચક છે તો ધ્રૌવ્ય એ નિત્યતાનું સૂચક છે. નિત્યતાનું લક્ષણ ફક્ત કૂટસ્થનિત્ય નહીં, પણ ઉત્પાદ્ અને વ્યયની વચ્ચે દ્રવ્ય કયારેય પોતાનો સ્વભાવ બદલતું નથી તે તદ્ભાવાવ્યય છે.

દરેક દ્રવ્યમાં ઘણા સામાન્ય ગુણ હોય છે, પણ મુખ્યત્વે (૧) અસ્તિત્વ, (૨) વસ્તુત્વ, (૩) દ્રવ્યત્વ, (૪) પ્રમેયત્વ, (૫) અગુરુલઘુત્વ અને (૬) પ્રદેશત્વ એ છ ગુણો હોય છે. અસ્તિત્વ ગુણથી જ દ્રવ્ય સ્વયંભૂ, અનાદિ અનંત છે, સ્વસત્તામાં છે, સત્ છે. દ્રવ્યત્વ ગુણથી હંમેશા સ્વગુણોનું પરિણમન થયા કરે છે અને તે સદા એક રૂપ ન રહેતાં પર્યાયો બદલાતી રહે છે. આમ, દ્રવ્યની ધ્રુવતા છતાં પર્યાયોના વ્યય, ઉત્પાદ્ થયા કરે છે. કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ કે કોઈ ગુણ બીજા ગુણરૂપ થતા નથી, એકબીજામાં ભળી જતા નથી, એકબીજાનું કાર્ય કરતા નથી. દરેક પૂર્ણપણે સ્વતંત્ર છે. દરેક દ્રવ્યનું સ્વરૂપ ટકીને બદલાતા રહેવાવાળું છે.

સિદ્ધ અને અસિદ્ધ એવા સંસારી જીવોના દ્રવ્ય સરખા જ છે. બંને જીવ ચેતન છે, બંને સરખા જ્ઞાયક છે. બંનેમાં જ્ઞાયકભાવ છે, જ્ઞાન ઉપયોગ છે. બંનેના દ્રવ્ય શુદ્ધ છે. પર્યાયમાં સિદ્ધને પૂર્ણશુદ્ધિ છે, તો સંસારીને અશુદ્ધિ છે. જોકે પર્યાયનો પોતાનો સ્વભાવ તો શુદ્ધ જ છે. વિશ્વના બધા જીવોનું દ્રવ્ય તો અસલમાં સિદ્ધના દ્રવ્ય સરખું જ છે. આ વાત સમજનાર, શ્રદ્ધા કરનાર પોતે સિદ્ધ થઈ જાય છે.

ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ પદની કરામતને જ્ઞાયકભાવ, દૃષ્ટાભાવથી ફક્ત જોયા કરનાર સાધક જીવ સંસાર તરીને પોતે સિદ્ધ થઈ જાય છે. અસ્તુ.

•

# હું ક્યાંથી આવ્યો ? ક્યાં જઈશ ?

**પ્રો. રસિકભાઈ શાહ**
અમલસાડ

માણસ અજાણ્યા નગરમાં પહોંચી જાય ત્યારે એનો પ્રથમ પ્રશ્ન આ દેશ, નગર કયું અને તેમાં હું કઈ જગ્યાએ છું ?

જવાબ આપનાર જો જ્ઞાન વિવેકવાળો હોય તો વળતો પ્રશ્ન કરશે કે તું કોણ છે અને કયા દેશ નગરથી આવે છે ? કયાં જવું છે ?

આ પરિસ્થિતિ માણસ જાતની છે. આપણે ચાર ગતિના ચક્રમાં ફરતા મનુષ્ય ગતિ પામ્યા અને સત્સંગ-સદ્‌ગુરૂના યોગથી સફાળા જાગ્યા એટલે ગૂંચ ઊભી થઈ છે. દરેક માણસને આ ગૂંચ નથી પરંતુ ઓછાવત્તા જ્ઞાની-તાર્કિકને આ પ્રશ્ન થયો.

ચાર રસ્તા ઉપર આવી ચૂકેલ માનવીને એ ક્યાંથી કેવી રીતે આવ્યો અને આ રસ્તાઓ કયાં લઈ જશે તે જાણવાની જીજ્ઞાસા આતુરતા થાય એ સ્વાભાવિક છે અને વળી ભય પણ ખરો. કયાંક ખોટે માર્ગે લૂંટાવાનો-મરણનો પણ ભય ખરો.

મોટા નગરોમાં આવા ચાર રસ્તા પર માર્ગદર્શક પાટિયા તથા નગરના નકશા સાથે એ નગરમાં તમે કયા સ્થળે ઊભા છો તથા અન્ય માહિતી મૂકયા હોય છે.

ચારગતિમાંથી આવી પાંચગતિમાં જવાની શકયતાવાળા આપણા ભવભ્રમણમાં સંજ્ઞી પંચેન્દ્રિય વાંચી સમજી શકે તે હેતુથી યોગશાસ્ત્રમાં એ માર્ગ બતાવેલ છે અને ભાષા ન આવડવી-સમજાવી જેવા વિઘ્નો દૂર કરવા એ સમજી શકાય તેવી ભાષામાં એના અનુવાદ થયા છે. એવી એક પ્રયાસ પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારફત થયો છે. આપણે એ માર્ગદર્શનનો લાભ લઈએ ઇચ્છીત સ્થળનો માર્ગ સંક્ષિપ્તમાં સમજીએ.

જ્યાં ભૂલેચૂકે નથી જ જવું તે નરકગતિનો માર્ગ : (૧) પંચેન્દ્રિય પ્રાણીવધ (૨) બહુ આરંભ (૩) બહુ પરિગ્રહ (૪) નિરનુગ્રહતા (૫) માંસભોજન (૬) સ્થિરવૈરતા (૭) રૌદ્રધ્યાન (૮) મિથ્યાત્વ (૯) અનન્તાનુંબંધી કષાય (૧૦) કૃષ્ણલેશ્યા (૧૧) નીલલેશ્યા (૧૨) કપોતલેશ્યા (૧૩) જૂઠું બોલવું (૧૪) અદત્તાદાન (૧૫) અતિમૈથુન (૧૬) અવશેન્દ્રિયતા.

નરકથી કાંઈક સારો ગણાતો તિર્યંચનો માર્ગ (૧) ઉન્માર્ગ દેશના (૨) સદ્‌માર્ગનો નાશ (૩) ગૂઢ ચિત્તતા (૪) આર્તધ્યાન (૫) સશલ્યતા (૬) માયા (૭) આરંભ (૮) પરિગ્રહ (૯) સાતિચાર શીલવ્રત (૧૦) નીલલેશ્યા (૧૧) કપોતલેશ્યા (૧૨) અપ્રત્યાખ્યાન કષાય.

આ બન્ને માર્ગ જે પસંદ નથી તેમાં એ બંનેનું સરખાપણું ઘણું છે કયાંક ભાવની તીવ્રતા ઓછીવત્તી હશે. જરા તપાસી લઈને પછી બીજા બે માર્ગનો વિચાર કરીએ.

આરંભ-પરિગ્રહ, લેશ્યા-મૈથુન સેવન કષાય બંનેમાં  જ દર્શાવાયા છે. જ્યારે નરક માટે પ્રાણિવધ તથા માંસભોજનનું સરખાપણું છે. નિરનુગ્રહતા એટલે અનુગ્રહનો અભાવ-સંવેદનશીલતા શુન્ય-જૈન ધર્મના પ્રવેશ માટેનું ૧લું આવશ્યક ગેરહાજર.

સ્થિર વૈરતા-ક્ષમાપનાનો જ છેદ, વૈર ફક્ત બાંધવું જ નહીં પણ કાયમી સ્થાયી કરવું. શ્રાવકના જરૂરી કર્તવ્યનો જ છેદ.

મિથ્યાત્વ તીર્થંકરોની દેશનાનો અસ્વીકાર-શંકા-અવિશ્વાસ. આ માર્ગદર્શન પાટિયાનો જ અસ્વીકાર-સ્વચ્છંદતા-અશ્રદ્ધા.

અનન્તાનુંબંધી કષાય-જે ભોગવ્યા વિના અન્ય માર્ગ જ ન રહે તે નિકાચિત કર્મબંધના પરિણામ.

ત્રણ લેશ્યાઓ મનના અધ્યવસાય-મન જ મનુષ્યના બંધ તથા મોક્ષનું કારણ તેની ત્રણ જુદી જુદી અતિ-મધ્યમ-ઓછી ખરાબ સ્થિતિ-જુઠું બોલવું-પાંચ અણુવ્રત પૈકીનું આ ત્રીજું વ્રત-કેટલું કયાં કેવું જૂઠું બોલવું અને તેના પરિણામ કેટલાં ખતરનાક ભયંકર-દૂરગામી આવી શકે તે અંદાજે આ નરકનું કારણ ન હોય તે આશ્ચર્ય.

પ્રથમ નજરે જોતાં પાંચવ્રતો - મનના અધ્યવસાયની જાળવણીનો અભાવ, એ મુખ્ય ગણાય. જાળવણી કેટલી સુક્ષ્મતાથી થાય તે પણ મહત્ત્વનું ગણાય. કારણ કે કષાયની તિવ્રતા-મંદતા કર્મબંધમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દા.ત. દુશ્મન સહજ કુદરતી મોતથી મરે ત્યારે 'હાશ'હળવાશ અનુભવીએ કે અતિશય બિમાર મૃત્યુ પામે ત્યારે 'છૂટયા'ના પ્રત્યાઘાત આપીએ તે મરણને હિંસાને અનુમોદનાનું કારણ બને અને એ જ રીતે દરેક કારણની સૂક્ષ્મતા સમજવી.

અનુગ્રહનો અભાવ-સંવેદનશીલતા-અનુકંપાનો અભાવ-જડતા એ સમ્યગ્-દર્શનમાં મોટી વિધિરૂપ થાય માટે શક્તિ ઉપરાંત કામ લેવું. દયા ન રાખવી, ભોજન પાણીનો આરામનો ખ્યાલ ન રાખવો, એ નિષ્ઠુરતા નરકનું કારણ બને.

અન્ય કારણો સમજવા મુશ્કેલ નથી. ત્યાં હજુ જ્ઞાનીનો અભાવ એટલો નથી માટે તિર્યંચના કારણો સમજીએ.

પ્રથમ અને ખૂબ જ અગત્યનું અને જેમાં પ્રભુ મહાવીર પણ મરિચિના ભવમાં ચૂકી ગયેલા તે ઉન્માર્ગની દેશના. જે રસ્તો કયાં જાય તે ખબર ન હોય અને કોઈને બતાવીએ તો એ કયાંનો કયાં પહોંચે અને જવાના સ્થળે તો પહોંચી જ ન શકે.

તીર્થંકરોની દેશના વિરૂદ્ધ બોલવું એ કેટલું ભયંકર. રાજાની વિરૂદ્ધ બોલનાર મૃત્યુ દંડ પામે તો આ ત્રણ ભુવનના સર્વજ્ઞનાથ. પરિણામ કેટલાગણું ખરાબ થાય, તેવું સન્માર્ગના નાશનું પણ છે. પ્રભુ મહાવીરનું અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે." કેટલું કીંમતી પડયું ? ૩જા ભવથી શરૂ થયેલા મુખ્ય ૨૭ ભવ સુધી આડે આવ્યું. આજે સુધારાવાદી (Non-Orthodox) ગણાવવા આપણે ઘણીવાર "બધા જ ધર્મ સરખા છે" એમ બોલી કયાં જઈશું. ભયંકરતાનો ખ્યાલ આવે છે ?

ગૂઢ ચિત્તતા-ગંભીરતા નહીં - મીંઢાપણું-લૂચ્ચાઈ પોતાના ખ્યાલવૃત્તિ છૂપાવવી, સંતાડવી, અસ્પષ્ટતા કરવી, દોષો નબળાઈ, પાપ છૂપાવવા, તિર્યંચ માટેનું મહત્ત્વનું કારણ છે.

સશલ્યતા-દાંતમાં ભરાયેલી એક નાની ફાંસ, કાંટો, શલ્ય ન નીકળે ત્યાં સુધી બેચેન રાખે તેમ મનુષ્યના ત્રણ શલ્યો ખૂબ જ મહત્ત્વના નુકશાનકારક છે. (૧) માયા-નથી તે બતાવવું અને છે તે છૂપાવવું (૨) મિથ્યાત્વ ધર્મની વાતો- માર્ગદર્શન-આદર્શોનો અસ્વીકાર (૩) નિયાણું-વ્રત કે ધાર્મિક વૃત્તિ પ્રવૃત્તિના ફળની શરત કરવી.

આર્તધ્યાન સમજવું સહજ છે. માયાની વાત થઈ ગઈ છે. આરંભ પરિગ્રહ નરકના કારણોમાં વિચાર્યા છે હવે સાતિચાર શીલવ્રત જોઈએ.

નરકગતિનું અવશેન્દ્રિયતા આમાં સંકળાયેલા છે. કર્મના બંધના ક્રમમાં અતિક્રમ વિચાર આવવો પ્રવૃત્તિમય થવું, વ્યતિક્રમ-પ્રવૃત્તિ શરૂ કરવી તે અતિચાર અને પ્રવૃત્તિ પૂર્ણ કરવી તે અનાચાર. આમ આ અતિચારના ચાર તબક્કામાં પણ પ્રથમ તબક્કો અતિક્રમ જો રોકાય તો આ કારણથી બચી શકાય.

લેશ્યા બાબત વિચારાયું છે એટલે હવે અપ્રત્યાખાન કષાય. ચાર પ્રકારના કષાયો : અન્નતાનુંબંધી, અપ્રત્યાખાનીય, પ્રત્યાખાનીય અને સંજ્વલનમાં ઉતરતા ક્રમમાં આનો બીજો ક્રમ છે. ખૂબ જ ભારે કરતાં સહેજ હલકો આ કષાય છે. છતાં નિકાચિત નથી એટલું આશ્વાસન છે. પરંતુ હળવેથી ગણતા ત્રીજા ભારે ક્રમ છે. એટલે નિષ્કાળજી-બેદરકારી પરવડે નહીં.

જે બન્ને માર્ગ મંજુર ન હતા, અને જે માર્ગ મોક્ષ, સિદ્ધાવસ્થા અત્યારે પ્રાપ્ય નથી. તે વિચારનાર નથી તે સિવાયના બે અનુકૂળ પસંદગીના મનુષ્ય અને દેવગતિના કારણો તપાસીએ. દેવગતિ ભલે લલચાવનાર હશે. પરંતુ શાશ્વત સુખ સિદ્ધ અવસ્થા તો મનુષ્યગતિ સિવાય શકય જ નથી માટે સુજ્ઞ-વિવેકીતો મનુષ્યગતિ જ માંગતા હોય છે. માટે પ્રથમ દેવગતિ વિચાર્યા બાદ મનુષ્યભવની વિચારણા કરીએ. દેવગતિમાં

પણ ઘણી બધી કક્ષા છે. પરંતુ મુખ્યત્વે બે છે. સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ માટે એના ભેદ જાણવા જરૂરી જ નહીં પણ અનિવાર્ય છે નહીં અટવાવાનું બને. જાતે જાપાન પહોંચી ગયે ચીન જેવું થાય. માટે પ્રથમ એ બેના ભેદ જાણ્યા બાદ કારણો સમજીએ.

સમ્યક્દૃષ્ટિ બાલતપ ન કરે. આજ્ઞા મુજબનો તપ કરી સકામ નિર્જરા કરે. દેવલોકમાં સંતોષ જીવે. લોલુપતા નહીં હોય.

મિથ્યા દૃષ્ટિને અસંતોષ ઈર્ષ્યા હોય સકામ નિર્જરા કરે ન પણ કરે. અમુક સ્થાનના આયુષ્યની આરાધના કરે.

દેવગતિમાં સંયમ નથી તેથી સર્વ વિરતિ વિના મોક્ષ ન હોવાથી મનુષ્યભવની ભાવના ભાવે તો જ જૈનત્વ પામ્યા ગણાય. તેથી મનુષ્ય ભવની કિંમત પણ છે. સર્વવિરતિ ન જ પામી શકનાર છેવટે દેશવિરતિમાં તો રહે જ. જેથી સમ્યગ્દર્શન પરિણમે. હવે દેવગતિના કારણો જોઈ લઈએ.

(૧) સરાગ સંયમ (૨) દેશ સંયમ (૩) અકામ નિર્જરા (૪) કલ્યાણ મિત્રનો સંગ (૫) ધર્મશ્રવણ શીલતા (૬) સુપાત્રદાન (૭) તપ (૮) શ્રદ્ધા (૯) રત્નત્રયીની **અવિરાધના** (૧૦) પદ્મ લેશ્યા તથા પીત્તલેશ્યા (૧૧) મૃત્યુ સમયે પરિમાણ (૧૨) બાલતપ (૧૩) અપમૃત્યુ (૧૪) અવ્યક્ત સામાયિકતા.

સંયમ-વિરતિ જોઈ ગયા છીએ. સરાગ સંયમ એટલે આત્મામાં સંયમના પરિણામો હોય. પરંતુ રાગ ઉદયમાં હોય તો સરાગ સંયમ ૧૦મા ગુણ સ્થાનક સુધી રહે અને સારી રીતે પાળતા વીતરાગ સંયમ પામે. માટે મનુષ્યભવની કિંમત સંયમથી જ હોય. તેથી એ ઈચ્છા વિનાનું જૈનત્વ અધૂરું છે. દેશ વિરતિ-સંયમથી સમ્યગ્દર્શન પરિણમે અને દેવગતિનું આયુષ્ય બંધાય. મિથ્યાત્વ તથા અવિરતિ ગઈ હોય રાગનો ભય ખરો. એટલે ફક્ત દીક્ષા ન જ ચાલે. પરંતુ સમ્યક્ત્વ વિના દેશ સંયમ ન મળે. માટે સર્વ વિરતિનું લક્ષ જરૂરી.

મોક્ષનું લક્ષ્ય અને તીર્થંકરની દેશનામાં શ્રદ્ધા-સમ્યગ્દર્શન તે અવિરત છતાં સમ્યગ્દૃષ્ટિ ખરો જ. અને તેથી અગાઉ બંધ ન પડયો હોય તો વૈમાનિકમાં જાય, સમ્યક્દર્શન સામે અવિરતિની લાચારી ખરી. તત્ત્વનું વિશેષજ્ઞાન આ માટે આવશ્યક નથી. માટે સુદેવ, સુગુરૂ, સુધર્મમાં શ્રદ્ધા આદર જરૂરી ખરો, એને મોહ ખરો. પરંતુ તે મોહનો ખેદ પણ ખરો જ.

**સામાન્ય રીતે સાચા જૈન કૂળમાં જન્મેલાને વિરતિ સમ્યક્ત્વના પરિણામ હોવાથી**

**અન્યના મુકાબલે વૈમાનિકનું આયુષ્ય પ્રાયઃ બાંધે જ અને એ જ એનો પુણ્યોદય સમજવો.**

સંસારમાં જલકમલવત્ રહે માટે દરેક **ધર્મક્રિયા મોક્ષ લક્ષી જ હોય.** સંસારી ક્રિયા પ્રત્યે ક્ષોભ હોય. અકામ નિર્જરા એટલે વણમાગ્યે થતો કર્મનો ઉદય અને ક્ષય. જેમ કે માંદગી, અકસ્માત વિગેરે. સમભાવે અકામ નિર્જરા ભોગવતા દેવગતિ પામે નરકમાંથી તરત પાછું નરકમાં ન જવાનું કારણ અકામ નિર્જરા ખરી. સમતાથી ભોગવતા કદાચ દેવગતિની તક ખરી.

કલ્યાણ મિત્રનો સંપર્ક બિન વિવાદાસ્પદ છે. એ ખરાબ કર્મથી બચાવી સારા કર્મમાં જોડે. જરૂર પડે કડકતા દાખવે.

ધર્મશ્રવણ શીલતા મહત્ત્વનું કારણ છે. ધર્મની પ્રવૃત્તિ (દરેક) માટે તત્પરતા મદદરૂપ થાય. કદાચ સદ્-અસદ્ધર્મનો વિવેક ન હોય તો પણ સ્વભાવ તથા ગમાને કારણે દેવગતિ મેળવે. બદ્ઈરાદાને આ લાભ ન મળે. બાકીનાને ધર્મરૂચિ હોય પાપ પ્રવૃત્તિ ગમે નહીં. પાપ ના પ્રસંગ માટે પસ્તાવો તથા મજૂબરી હોય.

પાત્રદાન તો કોઈ વિચારવાનો વિષય નથી. તે જ રીતે તપ અંગે છે. પરંતુ તપમાં સાથે વિવેક, દેવલોક માટે વધુ સહાયરૂપ થાય. વળી કોઈ કારણસર તપ ન કરનાર તપ તપસ્વી પ્રત્યે આદર, વૈયાવચ્ચ, તપની ઈચ્છાથી લાભ મેળવે. અજ્ઞાનતપથી દેવગતિ તો મેળવે. એ લાભ બાલ તપસ્વી, સુતા સુતા તપ કરનાર થોડી અવિધિ, અવગુણના કરનારને પણ મળે. માટે તપ-તપસ્વીના અનાદર ન કરવો. શ્રદ્ધા તથા રત્નત્રયીની અવિરાધના.

સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર્યનો લાભ અને તેથી તેના પર શ્રદ્ધા જોઈ ગયા. એટલે એની આરાધના જ કરાય છતાં પ્રમાદ કે અન્ય કારણે વિરાધના ન કરવી.

અગાઉ ખરાબ લેશ્યા જોઈ ગયા તેના પરિણામ જોયા તેમ સારી લેશ્યા પિત્ત (તેજો)- પદ્મ તથા શુકલ(શુભ) ઉત્તરોત્તર સારી લેશ્યા/અધ્યવસાય પણ દેવગતિમાં સહાયક ખરા જ.

અપમૃત્યુ/કુમરણ- આ મરણ ખોટું જ છે. છતાં સમતા/સારી લેશ્યા જળવાય તો વ્યંતર દેવાધિદેવમાં જન્મ મળે બાલતપ જેવું આ છે. પરંતુ વિવેકી માણસ એના કરતાં મનુષ્યમાં થઈ મોક્ષની ભાવના રાખે. અવ્યક્ત સામાયિક-એનું સ્વરૂપ ન જાણવા છતાં સમભાવ હૈયામાં હોય, જળવાય, વિષય કષાય મંદ હોય. સુત્રો વિગેરેનો ખ્યાલ બરાબર ન હોય છતાં સમભાવથી દેવગતિ પામે.

ભૌતિક સુખની લાલસા ન રાખવી. ઈન્દ્રની આજ્ઞાથી જિનેશ્વરની પર્ષદામાં જઈ સમ્યક્ દર્શન મળે.

જ્યાં હાલ છીએ ત્યાં જ પાછા વધુ સગવડ અને તક સામગ્રી સાથે ફરી મનુષ્ય બની જ્યાંથી જ મોક્ષમાં જવાય તેવું મનુષ્યત્વ મેળવી. સીધા નહીં તો મહાવિદેહમાં થઈને પણ મોક્ષના ભાગીદાર બનીએ. માટે વર્તમાનમાં પ્રાપ્ત અને એટલા જ મહત્ત્વના મનુષ્ય ભવના કારણો તપાસીએ.

(૧) અલ્પપરિગ્રહ (૨) અલ્પ આરંભ (૩) સહજ માર્દવ (૪) સહજ આર્જવ (૫) કાપોત લેશ્યા (૬) પિત્તલેશ્યા (૭) ધર્મધ્યાનુરાગિતા (૮) પ્રત્યાખ્યાન કષાયતા (૯) મધ્યમ પરિણામ (૧૦) સંવિભાવ વિધાયિતા (૧૧) દેવતા પૂજન (૧૨) ગુરૂપૂજન (૧૩) પૂર્વાલાપ (૧૪) પ્રિયાલાપ (૧૫) સુખપ્રાજ્ઞપનિયતા (૧૭) લોકમાત્રામાં મધ્યસ્થતા.

મનુષ્ય ત્થા બીજી ત્રણ ગતિમાં (કદાચ નરક ન હોય) મૃત્યુ-દેહત્યાગનો ભય, દેહાસક્તિને કારણે વિશેષ હોય છે, તેમાં પણ માનવીને પછીની ગતિનો ભય અને વળી સમજદાર માણસોને આ ભય દેહત્યાગ કરતાં પણ વધારે દેખાય છે. આપણે જોઈએ છીએ કે પરીક્ષા માટેની જેણે જોરદાર તૈયારી કરી હોય તેઓ પરીક્ષાથી બીતા નથી પરંતુ તે જલ્દી આવે તેમ ઈચ્છે છે. જ્યારે બાકીના ડરે છે અને ન આવે તેમ ઈચ્છે છે. સારી તૈયારી સાથે આ ભવ પાર કરનાર આવતા ભવ કે પછીના ભવમાં મહાવિદેહ થઈ મોક્ષનું ભાથું બાંધી શકે માટે એ કારણો થોડા વિગતે સમજીએ. અગાઉની ત્રણ ગતિમાં વિચારાયેલા આ કારણોમાં તીવ્રતા મંદતા જેવા થોડા ફેરફારો છે.

પરિગ્રહ અને આરંભ-સમારંભ નરકગતિમાં વિચાર્યા પછી એની અલ્પતા જ શકય રહે છે. સંસારી માટે એનો સંપૂર્ણતયા અશકય જ છે. છતાં એ શકય એટલી ઓછી કરી શકાય. રાચી માચીને ન કરતાં સખેદ મજબૂરીથી કરી કર્મબંધ પણ બને. તેટલા પાતળા/મંદ કરી શકાય. મુસાફરીમાં અલ્પ સામાનની માફક જિંદગીની આ મુસાફરી ઉબ્ધિ ઓછી કરવી. વગર માંગ્યે અકસ્માત મળતા લાભો નિયાણાની ઉપરના સદ્માર્ગે ત્યાગી પુણ્યાનુબંધી પુણ્ય મેળવવું તથા પુણ્યા શ્રાવકનો માર્ગ પકડવો. આનાથી શાંત ચિત્તે ધાર્મિક પ્રવૃત્તિ કરાય. અન્યોની ઈર્ષ્યા, અદેખાઈ, સરકાર કાયદાની ઝંઝટથી બચાય. સાત ક્ષેત્રે દાન અપાય. અન્ય પરિગ્રહ કરનારની દયા આવે. અલ્પ પરિગ્રહીનું દાન પણ પછીની પ્રવૃત્તિની બને છે. વળી આને લીધે નમ્રતા, કોમળતા, વિવેક, વિનય આવતા અષ્ટ પ્રવચન માતાની જાળવણી થાય.

સ્વાભાવિક નમ્રતા તો અલ્પપરિગ્રહ અને આરંભથી પરિણમે જ. એ સહજ (કુદરતી) થઈ જાય. એમાં મહેનત જરા પણ ન પડે. પિતા વડીલો સુદેવ સુગુરૂનો

વિનય કુગુરૂ, કુદેવનું ઔચિત્ય જળવાય. સત્વ આવે અક્કડતા, ઉદ્ધતાઈ, ઉદંડતા, ત્યજવા ઝાડ પર ફળ આવે ડાળી નમે. તાડ ન બનતા આંબો વડ બનાય. દુશ્મનના પણ માન-વિશ્વાસને પાત્ર બનાય. વિ. ચાર વાણી-વર્તન-(ત્રણ વિ.)નો સમન્વય થાય. ભાષા સરળ- હૈયું તેવું હોઠે પણ વિનય અને વિવેકવાળું હોય. જડતા-વક્રતા-છેતરવું માયા-કપટ વિદાય લે.

ત્રણ ખરાબમાંની સૌથી ઓછી ખરાબ કપોત તથા ત્રણ સારી લેશ્યામાંની સૌથી ઓછી સારી પિત્ત(તેજો) લેશ્યા જળવાય. જે દેવ અને નરક તિર્યંચ વચ્ચેના મનુષ્યભવનું કારણ બને.

ધ્યાનના ૪ પ્રકાર પૈકીના બે સારા ધ્યાન પૈકીનું એક ધર્મધ્યાનનો રાગ ખૂબ મહત્ત્વનું કારણ છે. એના બે (નિરાલંબન તથા સાલંબન) પ્રકાર છે. નિરાલંબન ૭મે તથા સાલંબન ૪-૬ ગુણસ્થાનકે પ્રવર્તે છે.

ધર્મ પ્રત્યે ગમો મોહ અનુરાગ, પામવાની જાળવવાની વધારવાની તત્પરતા-રૂચિ, સમયની ફાળવણી, સમય-શક્તિની ફાળવણી અને તેને લીધે સાંસારિક-સામાજિક પ્રત્યે અરૂચિ-નિરસતા એ એનું માપ છે. શ્રાવકના આચાર જાણી તે મુજબ જીવવાની કાળજી મહેનત તત્પરતા રહે.

વિરતિ મનુષ્ય ભવ માટે કારણરૂપ છે. સર્વવિરતિ ન પામતો આત્મા દેશવિરતિ મેળવે છે. સર્વવિરતિ માટે શક્તિ અનુકૂળતા ન હોય તે પ્રત્યાખ્યાન-વિરતિથી દેશ વિરતિમાં આવે. કષાય એટલે કષાય છતાં મંદ તેટલો લાભ, કાબુ રાખવા માટે કમ ખાવું(ઉદીરણા) - ગમ ખાવું (સમતા).

પાપ કે ધર્મની પ્રવૃત્તિમાં ભાવપ્રમાણે પરિણામ હોય માટે ધર્મમાં જોરદાર પરિણામ ન લાવી શકાય અને પાપમાં મંદ પરિણામ ન જળવાતા હોવાથી મધ્યમ પરિણામની આદત પાડવી.

પૂર્વભવોના પરિણામે જે મળ્યું છે તેમાં અન્ય જીવોના પણ ભાગ સ્વીકારવા તથા તેમનો હિસ્સો અગાઉથી જુદો કાઢવો. વાપર્યા પછી વધે તો અને તે નહીં પણ હક્કથી જુદો રાખવો. દાન રૂચિનો આ પ્રકાર છે. આ ગુણ વગરનાથી દેવપૂજા, ગુરૂભક્તિ સારી રીતે થતી નથી. હરિભદ્રસૂરિની વીસ વીંશીકામાં આ પ્રથમ સ્થાને છે. તે પછી પૂજાવીંશીકા આવે છે. અગાઉ આ પદ્ધતિ ખેડૂતો શ્રાવકોમાં હતી. હાલ કયાંક દેખાય છે.

દેવગુરૂ પ્રત્યે પૂજ્યભાવ જાળવવો. વધુ સમજ ન હોય તો કૂળ પ્રથા અનુસરવી. માણસની નમ્રતા સજ્જનતાનું પ્રતિકપૂર્વક લાપ તથા પ્રિયાલાપ. કોઈ જાણીતું બોલાવે

પછી બોલીએ તે અક્કડતા-અદમ્. પણ આપણે સામે ચાલી પ્રથમ બોલાવીએ તે પૂર્વાલાપ, સજ્જનતા તેના પ્રત્યેનો પ્રેમ અહોભાગ, આત્મીયતા થઈ. એમાં નાનામોટા જેવા કોઈ જ ભેદ ન હોય. તે જ પ્રમાણે મીઠાવચન, હેતપ્રેમથી બોલવું તે પ્રિયલાપ. કોયલ અને કાગડાના બોલવા વચ્ચેનો ભેદ સમજવો. એમાં ડંખ, માર્મિકતા, કટાક્ષ, કટુતા, માયા, લોભ, લાલાચ ન હોય.

તે જ રીતે સુખ પ્રાજ્ઞાપનીયતા એટલે જડતાનો અભાવ જરૂરી ખરો જ. નિગ્રંથ તથા અનેકાંતવાદી રહેવું બે-પાંચ માણસોની વાત સમજદાર ભલા હોય તો તે સ્વીકારવી.

શાંત સુધારસમાંની ૧૬મી માધ્યસ્થ ભાવના એ ભાવનાની મુગટ સમાન છે. જિંદગીના પ્રત્યેક તબક્કે મધ્યસ્થતા જાળવવી. કલેશ આપણને ન થાય તેમ જ અન્યોને કરનાર ન બનીએ તે અત્યંત જરૂરી છે. જન્મથી અંતિમ શ્વાસ સુધી સુખી, ધાર્મિક, શાંત જીવવા માટેની આ માસ્ટર ચાવી રામબાણ ઈલાજ છે. બને ત્યાં સુધી 'જ' કાટથી બચેલા રહેવું. ઉચ્ચ કક્ષાની મધ્યસ્થતા દેવગતિનું નિમિત્ત બનવાની ઊંચી શક્તિ ધરાવે છે. આ ભાવનાવાળો જીવ કયારેય દુઃખી થતો નથી અને તેથી નવા કર્મ બાંધવાથી બચેલો રહે છે.

વિષય એટલો ગહન છે કે પુસ્તકો પણ આ સમજાવવામાં અપૂરતા પડે છતાં સમયની મર્યાદા સ્વીકારી યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. બાકી બધું કેવળી ગમ્ય છે.

જિન આજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડમ્ ।

•

# ધ્યાન-યોગ વિભાગ

## મનોનુશાસનમ્

## એક પરિચય

**ગીતા જૈન**
૧૨, હીરાભુવન, કુણાલ જૈન ચોક, વી.પી. રોડ,
મુલુંડ(પ.) મુંબઈ-૪૦૦ ૦૮૦.

વ્યક્તિ વૈચારિક પ્રક્રિયા, સામાજિક આચરણ અને ધાર્મિક અનુશાસનની ત્રિવેણીમાં એવો સાધના રત/લીન રહે છે કે જેથી એ પોતાના વ્યક્તિત્વની સાર્થકતા સાથે પોતાનું ધ્યેય પ્રાપ્ત કરી શકે.

સાધનાને મુખ્યત્વે ત્રણ ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. (૧) ભૌતિક (૨) નૈતિક અને (૩) આધ્યાત્મિક સાધના.

ભૌતિક સાધનામાં શરીર સંરચનાની સાથે એનું સંરક્ષણ પણ આવી જાય. શરીરશુદ્ધિ, શરીરની જરૂરિયાતો અને ઉપભોગની વસ્તુઓની પ્રાપ્તિ માટે કરવામાં આવતા પ્રયાસનો પણ એમાં જ સમાવેશ થાય છે. નૈતિક સાધનાનું ક્ષેત્ર વ્યક્તિથી વિસ્તૃત થઈને સમાજ સુધી ફેલાય છે. સામાજિક જવાબદારી નિભાવવા અને મર્યાદાપાલન માટેના પ્રયોગો જેમ કે નિયમો, વ્રત, મૈત્રી વગેરે ભાવનાઓ નૈતિક સાધનાના પ્રમુખ અંગ છે. આધ્યાત્મિક સાધનામાં વ્યક્તિ શરીર અને સામાજિક મર્યાદાઓથી ઉપર ઉઠી આત્મ સ્વરૂપની પ્રાપ્તિને પોતાનું લક્ષ્ય બનાવે છે. તે આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન વગેરે ક્ષેત્રમાં પ્રવૃત્ત થાય છે.

**આધ્યાત્મિક સાધનાને દરેક ધર્મ અને સંપ્રદાયમાં મહત્ત્વનું સ્થાન છે.**

प्राणायामः प्रत्याहारोः ध्यानं धारणा तर्कः समाधि षडग् इत्युच्यते ।

– मैत्रायणी उपनिषद् ६/१८

અહીં સાધના પદ્ધતિને યોગ નામ આપીને છ અંગો દર્શાવ્યા છે. (૧) પ્રાણાયામ (૨) પ્રત્યાહાર (૩) ધ્યાન (૪) ધારણા (૫) તર્ક (૬) સમાધિ.

**પાતંજલ યોગદર્શનમાં યોગના આઠ અંગો**નો ઉલ્લેખ છે.

यमनियमाऽसन प्राणायामप्रत्याहार धारणा ध्यान समाधयोऽष्टवङ्गानि – २/२९

**અહીં તર્કને સ્થાન નથી આપ્યું અને યમ, નિયમ, આસનને ઉમેરીને અષ્ટાંગ યોગની રચના કરી છે.**

નિરૂત્તરતંત્રમાં કહ્યું છે -

आसनं प्राणसंरोधः प्रत्याहारश्च धारणा ।

ध्यानं समाधिरेतानि योगाङ्गानि वदन्ति षट् ।।

આ મતમાં યમ-નિયમને યોગાંગમાં નથી માન્યા.

જૈન ધર્મની સાધના પદ્ધતિ એટલે મુક્તિ માર્ગ - એના મુખ્ય ત્રણ અંગ છે. (૧) સમ્યક્ દર્શન (૨) સમ્યક્ જ્ઞાન (૩) સમ્યક્ ચારિત્ર.

આ રત્નત્રયીને જૈન યોગ કહી શકાય. પછી તપને ચારિત્રના એક અતિરિક્ત અંગના રૂપે સમ્મિલીત કરીને ચતુષ્પાદ બનાવવામાં આવ્યો. જૈન સાધના વીતરાગતાને પ્રમુખતા આપે છે.

**૧૨મી શતાબ્દીમાં આચાર્ય હેમચંદ્રસૂરીજીએ 'યોગશાસ્ત્ર'**ની રચના કરી. એમાં મોક્ષનું કારણ યોગ વર્ણવતા યોગ અને રત્નત્રયીની એકાત્મકતા પ્રતિપાદિત થઈ છે. યોગને સમર્થન આપતાં એમણે જણાવ્યું છે કે :-

योगः सर्वविवद्वल्ली, विताने परशुः शितः ।

अमूलमन्त्र तन्त्रं च, कार्मणं निर्वृत्तिश्रियः ।।५।। યોગશાસ્ત્ર

દુનિયાની વિવિધ પ્રકારની વિપત્તિઓના સમૂહરૂપ વેલીઓને કાપવા માટે આ યોગ એક તીક્ષ્ણ ધારવાળા કુહાડા સરખો છે અને મોક્ષ લક્ષ્મીનું મૂળ; મંત્ર અને તંત્ર વિનાનું વશીકરણ છે.

भूयांसोऽपि हि पाप्मानः प्रलयं यान्ति योगतः ।

चण्डवाताद् घनघना, घनाघनघटा इव ।।६।। યોગશાસ્ત્ર

જેમ પ્રચંડ પવનથી ઘણી ઘાટી પણ વાદળાની ઘટા વિખરાય જાય છે (નાશ પામે છે), તેમ યોગના પ્રભાવથી ઘણા પાપ હોય તો પણ તેનો પ્રલય (નાશ) થઈ જાય છે.

क्षिणोति योगः पापानि, चिरकालार्ज्जितान्यपि ।

प्रचितानि यथैधांसि, क्षणादेवाशुशु क्षणि ।।७।।

ઘણા વખતથી એકઠાં કરેલ ઇંધણાઓને (લાકડાંઓને) પ્રબળ અગ્નિ એક ક્ષણવારમાં બાળીને ભસ્મ કરી શકે છે, તેમ ઘણા કાળથી આપણા કરેલાં કર્મોનો (પાપોનો) પણ યોગ ક્ષય કરે છે.

મોક્ષનું કારણ યોગ વિષે :

चतुर्वर्गेऽग्रणीर्मोक्षो, योगस्तस्य च कारणम् ।
ज्ञानश्रद्धानचारित्र रूपं रत्नत्रयं च सः ।।१५।। યોગ શાસ્ત્ર

ધર્મ, અથર્શ્ર, કામ અને મોક્ષ આ ચારે વર્ગોમાં મોક્ષ તે જ ઉત્તમ છે. એ મોક્ષનું કારણ યોગ છે. જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર રૂપ ત્રણ રત્નો તે યોગ કહેવાય છે. સ્વાનુભવના આધારે એમણે મનના ચાર રૂપ દર્શાવ્યા છે.

इह विक्षिप्तिं यातायातं श्लिष्टं तथा सुलीनं च ।
चेतश्चतु:प्रकारं तज्ज्ञचमत्कारकारि भवेत् ।। १२-२ ।। યોગશાસ્ત્ર

(૧) વિક્ષિપ્ત (૨) યાતાયાત (૩) શ્લિષ્ટ (૪) સુલીન એમ ચાર પ્રકારવાળું ચિત્ત, તેના જાણકાર માનવોને તે ચમત્કાર કરવાવાળું થાય છે.

**૧૩મી શતાબ્દીમાં પંડિત આશાધરજીની કૃતિ 'અધ્યાત્મ-રહસ્ય' પ્રાપ્ત થાય છે. આમાં આધ્યાત્મિક રહસ્યોની વ્યવસ્થિત જાણકારી પ્રાપ્ત થાય છે.**

**૧૫મી શતાબ્દીમાં 'અધ્યાત્મ કલ્પદ્રુમ'ની રચના મુનિસુન્દરસૂરીજીએ કરી.**

**૧૮મી શતાબ્દીમાં વિનયવિજયજીએ "શાન્ત સુધારસ"ની રચના કરી અને ઉપાધ્યાય યશોવિજયજી તરફથી "અધ્યાત્મોપનિષદ", 'અધ્યાત્મસાર' અને 'યોગાવતાર-દ્વાત્રિંશિકા' જેવા ગ્રંથોની પ્રાપ્તિ થઈ.**

**આચાર્ય આત્મારામજીએ યોગ પર એક વિશિષ્ટ ચિંતન-પરક ગ્રંથ તૈયાર કર્યો - "જૈનાગમો મેં અષ્ટાંગ યોગ."**

**જૈનયોગની પરંપરાને વ્યવસ્થિત રૂપ આચાર્ય હરિભદ્રે આપ્યું - એમણે યોગબિંદુ, યોગદૃષ્ટિ સમુચ્ચય વગેરે યોગિક ગ્રંથોની રચના કરી યોગને નવું રૂપ આપ્યું.** મહર્ષિ પતંજલિ પ્રણિત અષ્ટાંગોની જેમ આઠ દૃષ્ટિઓની ચર્ચા કરી અને તે આ છે :

मित्रा तारा बला दीप्रा स्थिरा कांता प्रभा परा ।
नाभानि योगदृष्टिनां लक्षणं च निबोधता ।।१३।। યોગદૃષ્ટિ સમુચ્ચય

મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા - એમ આ યોગદૃષ્ટિઓના નામ છે.

જૈન અને યોગ પરંપરાના સંયુક્ત પ્રભાવથી એમણે વર્ગીકરણ કર્યું.

अध्यात्मं भावना ध्यानं, समता वृत्तिसंक्षयः ।
मोक्षेण योजनाद्योग, एष श्रेष्ठो यथोत्तरम् ।। યોગબિન્દુ-૩

(૧) અધ્યાત્મ (૨) ભાવના (૩) ધ્યાન (૪) સમતા (૫) વૃત્તિસંક્ષય. આ પાંચ મોક્ષ માર્ગના અંગ છે. કારણ કે મોક્ષમાર્ગમાં જોડે છે. આ અંગો એક એકથી શ્રેષ્ઠ કહેલા છે. મોક્ષમાં સંબંધ કરાવે તેવી જે ક્રિયા હોય તે યોગ કહેવાય છે.

યોગનું મહત્ત્વ દર્શાવતાં એમણે કહ્યું :

योगः कल्पतरुः श्रेष्ठौ, योगश्चितामणिः परः ।

योगः प्रधानं धर्माणां, योगः सिद्धेः स्वयंग्रहः ।।૩૭।। યોગબિન્દુ

યોગ જ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે અને યોગ જ ઉત્કૃષ્ટ ચિંતામણિ છે. યોગ જ સર્વ ધર્મોમાં પ્રધાન છે. તેમજ યોગ અણિમાદિ સર્વ સિદ્ધિઓનું ઘર છે.

तथा च जन्मबीजाग्नि -- र्जरसोऽपि जरा परा ।

दुःखानां राजयक्ष्माऽयं, भृत्योर्भृत्युरुदाहृतः ।।૩૮।। યોગબિન્દુ

વળી આ યોગ જન્મબીજ માટે અગ્નિ સમાન છે. તેમ જ જરા અવસ્થાને માટે જરા-વ્યાધિ સમાન છે. તથા દુઃખનો રાજ્યક્ષ્મા છે અને મૃત્યુનો પણ મૃત્યુ છે.

વિ.સં. ૨૦૧૮માં **આચાર્ય તુલસીએ 'मनोनुशासनम्'ની રચના કરી આમાં જૈન યોગનું નવી શૈલીથી પ્રતિપાદન થયું છે.**

તેરાંપથના નવમા આચાર્ય શ્રી તુલસી તત્ત્વવેતામનીષી, ચિંતક, સાધક, બહુભાષાવિજ્ઞ, શિક્ષાશાસ્ત્રી, આશુકવિ, પ્રકાંડપંડિત અને દાર્શનિક હતા. એમણે જૈન સિદ્ધાંતદીપિકા, ભિક્ષુન્યાયકર્ણિકા, પંચસૂત્રમ્ શિક્ષા ષણ્ણવતિ તથા કર્તવ્ય ષટ્ત્રિંશિકા જેવા સુંદર ગ્રંથોની રચના કરી.

યોગ અને મનને અનુશાસિત કવા માટે આચાર્યશ્રીએ 'મનોનુશાસનમ્'ની રચનામાં દર્શનશાસ્ત્રમાં ઉપયોગમાં લેવાતી સૂત્ર શૈલી અપનાવી છે. આચાર્યશ્રી એ સાધક અને વિદ્વાનો સહજ સ્મરી શકે એવા **૧૮૧ સૂત્રોમાં 'મનોનુશાસનમ્'નું સંસ્કૃતમાં પ્રણયન કર્યું અને એમના પટ્ટધર શિષ્ય મુનિ નથમલે (હાલે આચાર્ય મહાપ્રજ્ઞ) એની વિશદ હિન્દી વ્યાખ્યા કરી. સર્વબોધગમ્ય બનાવી દીધું.**

આચાર્યશ્રીએ ગ્રંથની ભૂમિકામાં મોક્ષમાર્ગ માટે આચાર્ય ઉમાસ્વાતિની રજૂઆત સ્પષ્ટ કરી છે. "જેણે અહંકાર અને વાસનાઓ પર વિજય પ્રાપ્ત કર્યો, મન, વાણી અને શરીરના વિકારોને ધોઈ નાંખ્યા, જેમની આશા નિવૃત્ત થઈ ગઈ, એ સુવિહિત આત્માઓ માટે આ જ મોક્ષ છે."

**'મનોનુશાસનમ્'ના પ્રણયનમાં આ તુલસી મહર્ષિ પતંજલિથી પ્રભાવિત છે. એ પહેલાં જ સૂત્રમાં જણાઈ આવે છે.**

अथ योगाऽनुशासनम् ।।१-१।। પાતંજલદર્શન પ્રકાશ

અહીં યોગનું અનુશાસન પ્રતિપાદન કરવામાં આવે છે.

अथ मनोनुशासनम् ।।१-१।। મનોનુશાસનમ્

આ ગ્રંથમાં મન ને અનુશાસિત કરવાની પદ્ધતિ બતાવવામાં આવી છે એટલે આનું નામ મનોનુશાસનમ્ છે.

योगश्चित्तवृत्तिनिरोध: ।।१-२।। પાતંજલદર્શન પ્રકાશ

ચિત્તની વૃત્તિઓનો નિરોધ તે યોગ.

इन्द्रियसापेक्षं सर्वार्थ ग्राहि त्रैकालिकं संज्ञानं मनः ।।१-२।। મનોનુશાસનમ્

મન સંજ્ઞાનું એક સ્તર છે. એની વ્યાખ્યા ત્રણ વિશેષણોથી કરવામાં આવે છે. (૧) ઈન્દ્રિય-સાપેક્ષ (૨) સર્વાર્થગ્રાહી (૩) ત્રૈકાલિક.

**મનોનુશાસનમ્નો પરિચય :**

**આ ગ્રંથ સાત પ્રકરણોમાં વિભાજિત છે.** પ્રથમ પ્રકરણમાં મન, ઈન્દ્રિય અને આત્મનિરૂપણની સાથે યોગના લક્ષણ, શોધન અને નિરોધની પ્રક્રિયા અને ઉપાયોનું વર્ણન છે. દ્વિતીય પ્રકરણમાં મનના પ્રકાર અને નિરોધના ઉપાય દર્શાવ્યા છે. ત્રીજા પ્રકરણમાં ધ્યાનના લક્ષણ અને એના સહાયક તત્ત્વ, સ્થાન(આસન), પ્રતિસંલીનતા (પ્રત્યાહાર)ની પરિભાષા, સ્વાધ્યાય, ભાવના, વ્યુત્સર્ગની પ્રક્રિયા-પાંચમા પ્રકરણમાં પ્રાણાયામના વિસ્તૃત વિવેચનની સાથે પ્રાપ્ત થતી સિદ્ધિઓનું વર્ણન છે. છઠ્ઠા પ્રકરણમાં મહાવ્રતો (યમ)ની સાથે સંકલ્પનું નિરૂપણ છે અને શ્રમણધર્મના પ્રકારોના રૂપમાં નિયમોનું વર્ણન છે. સાતમા પ્રકરણમાં ભાવના અને ફળની નિષ્પતિનું વિવેચન છે.

આ ગ્રંથના આમુખમાં આ. મહાપ્રજ્ઞ નોંધે છે, "આજે સર્વાધિક અપેક્ષા, મનને અનુશાસિત કરવાની છે. એની પૂર્તિ અર્થે આ તુલસીએ 'મનોનુશાસનમ્'ની રચના કરી છે. આ આકારમાં લઘુ છે. પણ પ્રકારમાં ગુરુ. આમાં યોગશાસ્ત્રની સર્વ સાધારણ દ્વારા અગ્રાહ્ય સુક્ષ્મતાઓ નથી પણ જે છે તે અનુભવયોગ્ય અને બહુજન સાધ્ય છે. આ માનસિક શિથિલતાના યુગમાં મનને પ્રબળ બનાવવાની સાધના-સામગ્રી પ્રસ્તુત કરી આચાર્યશ્રીએ માનવજાતિને બહુ જ ઉપકૃત કરી છે."

**પ્રયોજન :** આચાર્યશ્રી તુલસીએ ગ્રંથની રચના માટેનું પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરતાં લખ્યું છે - **"અણુશાસ્ત્રોના આ યુગમાં માનસિક સંતુલન ખૂબ જ અપેક્ષિત છે. આજે થોડાંક વ્યક્તિઓનું થોડુંક માનસિક અસંતુલન બહુ મોટા અનિષ્ટનું નિમિત્ત બની શકે છે."**

માનસિક સંતુલનના અભાવમાં વ્યક્તિનું જીવન દૂભર બની જાય છે. બધા સંયોગોમાં પણ એક વિચિત્ર ખાલીપણાની અનુભૂતિ થાય છે. અનેક વ્યક્તિ પૂછે છે - શાંતિ કેવી રીતે મળે ? મન સ્થિર કેવી રીતે થાય ? હું એમને યથોચિત સમાધાન આપું છું. આ પ્રશ્ન થોડીક વ્યક્તિઓનો નથી. આ વ્યાપક પ્રશ્ન છે. એટલે એનું સમાધાન પણ વ્યાપક સ્તર પર હોવું જોઈએ. 'મનોનુશાસનમ્'ના નિર્માણનું આ જ પ્રયોજન છે. પ્રાચીન ભાષામાં જે યોગ છે, એની એક રેખા આજની ભાષામાં મનોવિજ્ઞાન છે. માનસિક વિકાસ બંનેમાં અપેક્ષિત છે. મનને કેન્દ્રિત કર્યા વગર એનો વિકાસ નથી થઈ શકતો. **યોગશાસ્ત્ર માનસિક વિકાસને અતીન્દ્રિય જ્ઞાનની ભૂમિકા સુધી લઈ જાય છે. બુદ્ધિ અને મનથી આગળ જે ચેતના છે, તે જ વસ્તુતઃ અધ્યાત્મ છે. ત્યાં પહોંચ્યા પછી જ વ્યક્તિને સહજાનંદની અનુભૂતિ થાય છે. એ સ્થિતિ માનસિક વિકાસ પછી જ પ્રાપ્ત થાય છે.**

મનુષ્યમાં અનંત શક્તિ, અનંત આનંદ અને અનંત ચૈતન્ય હોય છે. પણ મનને અનુશાસિત કરવાનો માર્ગ નથી જાણતો એટલે તે પોતાને કયારેક નિર્બળ, કયારેક દુઃખી અને કયારેક અજ્ઞાની અનુભવ કરે છે. આ અવસ્થાને હું ધનવાનની ગરીબી કહું છું.

આજનો યુગ નવજાગરણનો યુગ છે. બધાનું જાગરણ થઈ રહ્યું છે, ત્યારે મન પણ જાગૃત થવું જોઈએ. બધું જાગી જાય અને મન સૂઈ જાય એ વાંછનીય નથી. વાંછનીય એ છે કે જાગરણથી પૂર્વ મન જાગી જાય.

સહજ અનુશાસિત મન જ જાગૃત મન છે. આજના માનવને એ પ્રક્રિયાની અપેક્ષા છે. એ પ્રક્રિયાનું દિગ્દર્શન 'મનોનુશાસનમ્'માં કરાવવામાં આવ્યું છે.

**ગ્રંથની વિશેષતાઓ**

**આ ગ્રંથની ભાષા સંસ્કૃત એટલે રાખવામાં આવી છે કે સંસ્કૃતમાં થોડામાં જેટલું વધુ કહી શકાય છે, એટલું બીજી ભાષામાં કહેવું કઠિન છે - એવું નિરૂપણ ગ્રંથની ભૂમિકામાં કરેલ છે.**

આ તુલસીએ ગ્રંથને સર્વગ્રાહ્ય બનાવવા માટે સીધી મનથી શરૂઆત કરી છે. મનને પ્રાથમિકતા આપવાને લીધે સર્વપ્રથમ મનની પરિભાષા આપી. અંતર મન અને ઈંદ્રિયોનો સંબંધ નિરૂપણ કરતાં આત્માનું સ્વરૂપ બતાવી મનના સ્વામી આત્મા દ્વારા મનના અનુશાસનની પ્રક્રિયાને યોગ કહ્યું. આ રીતે મનને ઈન્દ્રિય અને આત્માને મધ્યસ્થ માની ઈન્દ્રિયો દ્વારા મનથી પ્રાપ્ત જ્ઞાન શુદ્ધ થાય એ હેતુથી મનના સંસાધન સ્વલપ ઈન્દ્રિયોના શોધનની વાત પ્રથમ પ્રકરણમાં કરી છે. આ પ્રથમ પ્રકરણમાં એઓ અનેક જગ્યાએ પતંજલિથી ભિન્ન દૃષ્ટિકોણ દર્શાવે છે.

યોગદર્શનમાં મનને સંકલ્પ-વિકલ્પાત્મક માનવામાં આવે છે. આ. તુલસીએ પરિભાષા લખ્યું છે -

ઇન્દ્રિયસાપેક્ષં સવાર્થગ્રાહિ ત્રૈકાલિકં સંજ્ઞાનં मनः ।।१-२।।

અહીં મનની સ્થિતિ જ્ઞાનના સંગ્રાહકની છે. એટલે મનના સંગ્રાહકના શોધન અને નિરોધની પ્રક્રિયા આમાં મહત્ત્વની બની ગઈ છે.

યોગની પરિભાષામાં પણ ભિન્નતા છે.

મહર્ષિ પાતંજલિએ કહ્યું છે :-

योगश्चित्तवृत्ति निरोधः ।।१-२।। પાતંજલ યોગદર્શન પ્રકાર

- ચિત્તની વૃત્તિઓનો નિરોધ તે યોગ.

આ. તુલસી કહે છે :-

मनो-वाक्-काय-आनापान-इन्द्रिय-आहाराणां निरोधो योगः ।।१-११।।

બંધન-મુક્તિ માટે મન, વાણી, કાયા, આનાપાન, ઇન્દ્રિય અને આહારના નિરોધને યોગ કહેવામાં આવે છે. આગળ ઉમેર્યું છે.

पूर्वं शोधनं ततो निरोधः ।।१-१५।।

પહેલાં મન આદિનું શોધન થાય છે પછી નિરોધ.

દ્વિતીય પ્રકરણમાં મનના છ ભેદોનું વર્ણન છે.

मूढ़-विक्षिप्त-यातायात-श्लिष्ट-सुलीन-निरुद्धभेदाद् मनः षोढाः ।।२-१।।

મનના છ પ્રકાર હોય છે.

(૧) મૂઢ, (૨) વિક્ષિપ્ત, (૩) યાતાયાત, (૪) શ્લિષ્ટ, (૫) સુલીન, (૬) નિરુદ્ધ.

આ. હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં મનના ચાર પ્રકારોનું વર્ણન કર્યું છે, તેમ પાંચ પ્રકારનો ઉલ્લેખ પણ મળે છે.

क्षिप्तं मूढं विक्षिप्तमेकाग्रं निरूद्धमिति चित्तभूमयः । योगसूत्र, व्यासभाष्य१/२।

મનના છ પ્રકાર આ. તુલસીની પોતાની મૌલિક ઉદ્ભાવના છે.

મહર્ષિ પાતંજલિએ ચિત્તવૃત્તિઓના નિરોધના સાધન અભ્યાસ અને વૈરાગ્ય બતાવ્યા છે.

अभ्यासवैराग्याग्यां तन्निरोधः ।।१-१२- ।। પાતંજલદર્શન પ્રકાશ

અભ્યાસ અને વૈરાગ્ય વડે વૃત્તિઓનો નિરોધ થાય છે.

આ. તુલસી 'મનોનુશાસનમ્'માં ચિત્તવૃત્તિઓના નિરોધના સાધન જ્ઞાન અને વૈરાગ્ય દર્શાવે છે. જ્ઞાન-વૈરાગ્યના સાધનના રૂપમાં શ્રદ્ધાપ્રકર્ષ, શિથિલીકરણ, સંકલ્પ

નિરોધ, ધ્યાન, ગુરુપદેશ અને પ્રયત્નની બહુલતાન નિરૂપણ કર્યું છે. 'મનોનુશાસનમ્' ના બીજા પ્રકરણના સૂત્ર ૧૬થી ૨૧માં આ વાત સરસ રીતે સ્પષ્ટ કરી છે.

१६-ज्ञान-वैराग्याभ्यां तन्निरोधः ।।

१७- श्रद्धाप्रकर्षेण ।।

१८- शिथिलीकरणेन ।।

१९ - संकल्पनिरोधेन ।।

२० - ध्यानेन च ।।

२१ - गुरुपदेश - प्रयत्नबहुल्याभ्यां तदुपलब्धिः ।।

૧૬- આત્મજ્ઞાન અને વૈરાગ્યથી મનનો નિરોધ થાય છે. આત્મજ્ઞાન ચૈતન્યની અન્તર્મુખી પ્રવૃત્તિ છે. જ્યારે આપણા ચૈતન્યનો પ્રવાહ અન્તર્મુખ થાય છે ત્યારે મનની કલ્પનાઓ અને સ્મૃતિઓ નિરૂદ્ધ થઈ જાય છે. એ રીતે તે પદાર્થો અને વૃત્તિઓ પ્રતિ અનાસક્ત થઈ જાય છે, ત્યારે તેની ચંચલતા છૂટી જાય છે.

૧૭-મનના નિરોધનો એક હેતુ શ્રદ્ધાનો પ્રકર્ષ છે. તે ધ્યેય પ્રતિ અત્યંત નિષ્ઠાશીલ અને સમર્પિત થઈને નિરુદ્ધ થઈ જાય છે. આત્મજ્ઞાન, વૈરાગ્ય અને શ્રદ્ધા-પ્રકર્ષ-મનની સ્થિરતાના આ ત્રણે હેતુ આંતરિક છે.

૧૮-કાયાનું શિથિલીકરણ પણ મનના નિરોધનું સાધન છે. કાયાની ચંચલતા મનની ચંચલતા વધારે છે. મનની સ્થિરતા માટે શરીરની સ્થિરતા આવશ્યક છે.

૧૯- સંકલ્પ-નિરોધથી પણ મન નિરૂદ્ધ થાય છે. મન કલ્પનાઓથી ભરેલું રહે છે. ત્યારે ક્રિયાત્મક શક્તિનો વિકાસ નથી થતો. કરણીય કલ્પનાનો મન પર ભાર ન હોય, તે ખાલી રહે ત્યારે એની શક્તિ કેન્દ્રિત હોય છે.

૨૦-મનોનિરોધનું સૌથી પ્રમખુ સાધન છે ધ્યાન. શિથિલીકરણ, સંકલ્પ-નિરોધ અને ધ્યાન-મનની સ્થિરતાના આ ત્રણે હેતુ અભ્યાસાત્મક છે.

૨૧-ગુરુનો ઉપદેશ-સાધનાના રહસ્યોનું પ્રશિક્ષણ અને પ્રયત્નની બહુલતા, વારંવાર અભ્યાસ કરવાથી ઉક્ત સાધનોની ઉપલબ્ધિ થઈ જાય છે.

મનને નિયંત્રિત કરવાની પ્રક્રિયામાં ધ્યાનને વિશેષ મહત્ત્વ આપતાં આચાર્યશ્રીએ ત્રીજા પ્રકરણનો વિષય ધ્યાનની સામગ્રીનો બનાવ્યો છે. ધ્યાનની પરિભાષા મનને આલંબન પર ટકાવી રાખવું અથવા યોગનો (મન, વચન અને શરીરની પ્રવૃત્તિ) નિરોધ કરવો એ જ છે.

एकाग्रे मनः सन्निवेशनं योगनिरोधो वा ध्यानम् ।।३-१-।।

સાધનામાં મન રત/લીન રહે એ માટે ઇન્દ્રિય તપને આધાર બનાવી એકાગ્ર સન્નિવેષની સામગ્રીના રૂપમાં ઉણોદરકિ, રસપરિત્યાગ, ઉપવાસ, સ્થાન-આસન, મૌન, પ્રતિસંલીનતા, સ્વાધ્યાય, ભાવના અને વ્યુત્સર્ગનો સમાવેશ કર્યો છે.

२-ऊनोदरिका - रसपरित्यागोपवास - स्थान - मौन- प्रतिसंलीनता-स्वाध्यायभावना व्युत्पसर्गास्तत् सामग्रयम् ।।

३- अल्पाहार ऊनोदरिका ।।

४ - दुग्धादिरसानां परिहरणं रसपरित्यागः ।।

५-अशनत्याग उपवास : ।।

૩-ઉણોદરિકાનો અર્થ છે - ઓછું ખાવું, પરિમિત ખાવું, આંતરડા પર થોડો પણ ભાર ન નાખવો.

૪- યથોચિત્ત રીતથી દૂધ વગેરે રસોને ત્યજવા રસપરિત્યાગ છે.

૫-યથાશક્તિ, મન આર્ત ન થાય, એવી રીતે અશનનો ત્યાગ કરવો ઉપવાસ છે.

આચાર્યશ્રીએ સ્થાન (આસન)ને પણ ત્રણ ભાગોમાં વિભક્ત કર્યા છે

ऊर्ध्व-निषीदन-शयनभेदात् त्रिधा ।।३-७।।

ઊર્ધ્વ (ઊભા થઈને) નિષીદન (બેસીને) શયન (સૂઈને)ના રૂપમાં યોગવર્ણન આસનોનું વર્ણન કર્યું છે.

ધ્યાનની સમગ્ર સામગ્રીઓની પરિભાષા અને એની ઉપયોગીતા પ્રતિપાદિત કરતાં આ ત્રીજા પ્રકરણમાં જૈનોનો પારિભાષિક શબ્દ પ્રતિસંલીનતાનો ઉલ્લેખ પાતંજલ યોગદર્શનમાં પ્રત્યાહારના ઉલ્લેખ સંદર્ભે થયો છે.

१३ - इन्द्रिय-कषायनिग्रहो विविक्तवासश्च प्रतिसंलीनता ।।

१४- इन्द्रियाणां विषय-प्रचारनिरोधो विषय-प्राप्तेषु अर्थेषु राग-द्वेष-निग्रहश्च इन्द्रिय-प्रतिसंलीनता ।।

१५-क्रोधादीनां उदय-निरोधस्तेषामुदय प्राप्तानां च विफलीकरणं कषाय-प्रतिसंलीनता ।।

१६-एकाग्रथोपघातक - तत्त्व-रहितेषु स्थानेषु निवसनं विविक्तवासः ।।

૧૩-પાંચ ઇન્દ્રિય (સ્પર્શ, રસ, ઘ્રાણ, રક્ષુ અને શ્રવણ), ચાર કષાય (ક્રોધ, માન, માયા અને લોભ)નો નિગ્રહ તથા વિવિક્તવાસ (એકાંતવાસ)નો પ્રતિસંલીનતા (પ્રત્યાહાર) કહેવાય છે. આ પરિભાષામાં પ્રતિસંલીનતાના ત્રણ પ્રકાર ફલિત થાય છે.

(૧) ઈંદ્રિયપ્રતિસંલીનતા (૨) કષાયપ્રતિસંલીનતા (૩) વિવિક્તવાસ

૧૪-ઈન્દ્રિયોના વિષય-પ્રચારને રોકવા (વિષયોને ગ્રહણ ન કરવા) તથા જે વિષય પ્રાપ્ત હોય એની પર રાગ-દ્વેષ ન કરવા ને ઈન્દ્રિય પ્રતિસંલીનતા કહેવાય છે. ૧૫-ક્રોધ, માન, માયા અને લોભને ઉદયમાં ન લાવવા તથા એ ઉદયમાં આવી જાય તો એને વિફલ કરવાને કષાય પ્રતિસંલીનતા કહેવાય છે.

૧૬-એકાગ્રતામાં વિઘ્ન લાવવાવાળા તત્ત્વોથી રહિત સ્થાનને વિવિક્તવાસ કહેવાય છે.

ઈન્દ્રિય નિગ્રહના ઉપાયના રૂપમાં દ્વાદશ (બાર) ભાવના અને બીજી ચાર ભાવનાનો ઉલ્લેખ કર્યો છે.

१९- अनित्य - अशरण-भव- एकत्व - अन्यत्व - अशौच - आस्रव-संवर-निर्जरा-धर्मलोक-संस्थान - बोधिदुर्लभता ।।

२०-मैत्री-प्रमोद-कारुण्य-मध्यस्थताश्च ।

કષાયના વિસર્જન માટે વ્યુત્સર્ગને નિરૂપણ કરવામાં આવે છે.

२२-शरीर, गण, उपधि, भक्तपान कषायाणां विसर्जनं व्युत्सर्ग : ।

શરીર, ગણ, ઉપધિ, ભક્તપાન અને કષાયને વિસર્જન કરવાને વ્યુત્સર્ગ કહેવામાં આવે છે.

દ્વાદશ-ભાવના અને વ્યુત્સર્ગ જૈન ધર્મની આગવી વિશેષતા છે.

ચતુર્થ પ્રકરણમાં ધ્યાતા, ધ્યાન, સ્થળ, ધ્યાનના ભેદ, ધારણા અને પ્રેક્ષાનું વિવેચન કરવામાં આવ્યું છે.

આચાર્ય હેમચંદ્ર પિંડસ્થ ધ્યેયને ધારણાના પાંચ ભેદોથી બતાવે છે.

पार्थिवी स्यादथाग्नेयी, मारुती वारुणी तथा ।

तत्रभूः पञ्चमी चेति, पिण्डस्थे पञ्च धारणाः ।।९।। યોગશાસ્ત્ર

પિંડસ્થ ધ્યેયમાં પાર્થિવી, આગ્નેયી, મારૂતિ, વારૂણી અને તત્ત્વભૂ આ પાંચ ધારણાઓ (કરવાની) છે.

'મનોનુશાસનમ્'માં આચાર્ય તુલસીએ ધારણાના ચાર પ્રકાર દર્શાવ્યા છે:

२५-ध्येये चित्तस्य स्थिरबन्धो धारणा ।।

૨૬-પાર્થિવી-આગ્નેયી-મારુતી-વારુણીતિ ચતુર્ધા ..

ચિત્તને કોઈ એક દેશમાં સન્નિવિષ્ટ કરવાને ધારણા કહેવામાં આવે છે.

ધારણાના ચાર પ્રકાર છે : (૧) પાર્થિવી (૨) આગ્નેયી (૩) મારૂતી (૪) વારૂણી આ જ (ચોથા) પ્રકરણમાં સમાધિનું વિવેચન કર્યું છે.

२७–शुद्ध चैतन्यानुभवः समाधिः ।।

२८–विकल्पशून्यत्वेन चित्तस्य समाधानं वा ।।

२९–संतुलनं वा ।।

૨૭-શુદ્ધ ચૈતન્યના અનુભવને સમાધિ કહેવામાં આવે છે.

૨૮-વિકલ્પશૂન્યતા થયા બાદ ચિત્ત સમાહિત થઈ જાય છે, એને પણ સમાધિ કહે છે.

૨૯-સંતુલનને પણ સમાહિત-સમાધિ કહે છે.

આ જ પ્રકરણમાં લેશ્યાનો ઉલ્લેખ છે.

३३–कृष्णादिद्रव्यसाचिव्यादात्मपरिणामो लेश्या ।।

३४–कृपण–नील–कापोत–तेजः पद्म्–शुक्लाः ।।

૩૩-કૃપણ, નીલાદિ પુદ્ગલ દ્રવ્યોના નિમિત્તથી જે આત્મ-પરિણામ થાય છે એને લેશ્યા કહેવામાં આવે છે.

૩૪-લેશ્યાના છ પ્રકાર છે (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત (૪) તેજસ્ (૫) પદમ્ (૬) શુકલ.

**આચાર્ય હેમચંદ્રએ 'યોગશાસ્ત્ર'માં જેમ વિશિષ્ટ રીતે પ્રાણાયામનું મહત્ત્વ પ્રગટ કર્યું છે તેમ 'મનોનુશાસનમ્'ના પાંચમા પ્રકરણમાં પ્રાણાયામનુ ૨૭ સૂત્રોમાં વિશદ વિવેચન કરી આ. તુલસીએ એનું મહત્વ સ્પષ્ટ કર્યું છે. આ પ્રકરણમાં જે કુશળતાથી આચાર્યશ્રીએ વાયુના પ્રકાર, વાયુના ધ્યાનબીજ, વાયુજનની પ્રક્રિયા, વાયુ વિજયના લાભ, કયા સ્થાન પર નિરોધથી કેવા લાભ થાય છે ? વગેરેનું વિવેચન કર્યું છે તે ખરેખર વિશિષ્ટ છે. પ્રાણાયામ માટે એક સ્વતંત્ર પ્રકરણની રચના એ દર્શાવે છે કે યોગાંગોમાં એનું કેટલું મહત્ત્વ છે ? ચિત્તની સ્થિરતા માટે પ્રાણાયામ અમોઘ સાધન છે એ અહીં સ્પષ્ટ થાય છે.**

ષષ્ઠમ પ્રકરણમાં મહર્ષિ પાતંજલિએ અષ્ટાંગ યોગમાં યમ અંતર્ગત આપેલ પાંચ મહાવ્રતોની મીમાંસા કરવામાં આવી છે.

यमनियमाऽसनप्राणायामप्रत्याहरधारणाध्यान समाधयोऽष्टावङ्गानि ।।२–२९।।
પાતંજલદર્શન પ્રકાશ

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એ આઠ યોગનાં અંગ છે.

अहिंसासत्यमस्तेयाब्रह्मचर्यऽपरिग्रहा यमाः ।।२-३०।। પાતંજલદર્શન પ્રકાશ

અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ યમ છે.

सर्वथा हिंसाऽनुतस्तेयाऽब्रह्मपरिग्रहेभ्यो विरतिर्महाव्रतम् ।।६-१।। મનોનુશાસનમ્

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ - એનો સર્વથા ત્યાગ એ મહાવ્રત છે. સર્વથા ત્યાગવાનો અર્થ છે મનસા, વાચા, કર્મણા, હિંસા વગેરે સ્વયં ન કરવું, બીજાથી કરાવવું નહીં અને અનુમોદન કરવું નહીં.

આચાર્યશ્રીએ મનના નિયમનથી પ્રારંભ કરવામાં આવેલી યાત્રાને ધ્યાનની સામગ્રી, ધ્યાતા, ધ્યાતાના ભેદ, ધારણા, સમાધિ અને પ્રાણાયામ સુધી જ માત્ર નથી લાવ્યા પણ પાંચ મહાવ્રતો અને શ્રમણ ધર્મના નિયમોની સિદ્ધિ સુધી એને વિસ્તારી છે.

१५-क्षमा-मार्दव-आर्जव-शौच-सत्य-संयम-तपस्त्याग-आइिचन्य-ब्रह्मचर्याणि श्रमण धर्मः ।।

શ્રમણ ધર્મ દસ પ્રકારનો છે.

(૧) ક્ષમા (૨) માર્દવ (૩) આર્જવ (૪) શૌચ (૫) સત્ય (૬) સંયમ (૭) તપ (૮) ત્યાગ (૯) આકિંચન (૧૦) બ્રહ્મચર્ય.

આજ પ્રકરણમાં આત્માના વિકાસની અંતિમ સીડી પર ઉદય થતી ભાવનાઓ વર્ણવી છે.

२७-ते च ज्योतिर्मयोऽहं आनन्दभयोऽहं स्वस्थोऽहं निर्विकारोऽहं वीर्यवानहं इत्यादयः ।।

હું જ્યોતિર્મય છું, આનંદમય છું, સ્વસ્થ છું, નિર્વિકાર છું, વીર્યવાન છું - આદિ આદિ સત્સંકલ્પ છે.

સાતમા પ્રકરણમાં સાધના દ્વારા ફળશ્રુતિ રૂપે જિન ભાવનાનો ઉદય થાય છે એનું નિરૂપણ છે.

१- तपः सत्त्व-सूत्र-एकत्व -बलभेदात् पंचधा भावना प्रतिमा जिनकल्पं वा प्रतिपद्यमानस्य ।।

પ્રતિમા (કાયોત્સર્ગની વિશેષ વિધિ) અને જિનકલ્પ (સાધનાની ઉત્કૃષ્ટ વિધિ)ને સ્વીકાર કરવાવાળા ભિક્ષુ માટે પાંચ ભાવનાઓ હોય છે.

(૧) તપ (૨) સત્ત્વ (૩) સૂત્ર (૪) એકત્વ (૫) બળ

તે આ ભાવનાઓથી પોતાના આત્માને ભાવિત કરે છે. આ પાંચ તુલાઓ છે, એનાથી પોતાના આત્માને તોલે છે પછી પ્રતિમા કે જિનકલ્પનો સ્વીકાર કરે છે.

આ જ પ્રકરણમાં કાયોત્સર્ગનું વિવેચન કર્યું છે.

૫-उपाश्रय-तद्बहिः चतुष्क-शून्यगृह-श्मशानेष्विति स्थानभैदात् पंचधा ।।

ક્રમિક અભ્યાસ માટે તે ઉપાશ્રય, એના બહારના ભાગમાં, ચતુષ્ક(ચોકમાં), શૂન્યગૃહ અને સ્મશાન આ પાંચ સ્થાનોમાં કાયોત્સર્ગ કરે છે.

ઈન્દ્રિય અને મનનું વશીકરણ જ મોક્ષમાર્ગ છે એ અનુશાસનથી પ્રાપ્ત થઈ શકે. પ્રશિક્ષણથી અનુશાસિત થાય તો શક્તિઓનો વિકાસ થઈ શકે. સ્વાધ્યાય અને ધ્યાન પ્રશિક્ષણના પ્રમુખ સાધન છે.

**આજના યુગમાં મનના અનુશાસનની આવશ્યકતાને કોણ નકારશે ? આચાર્ય તુલસીએ 'મનોનુશાસનમ્'ની રચના દ્વારા જૈન જગતની એક અલૌકિક યોગદૃષ્ટિનો વિકાસ કર્યો છે. આ ગ્રંથનું મહત્ત્વ પતંજલિના યોગસૂત્ર જેટલું જ છે. આચાર્યશ્રીએ પાતંજલિની શૈલી અપનાવી, એમના વિષય પણ લીધા પરંતુ એને પોતાની આગવી ચિંતન શૈલી અને દૃષ્ટિ સંપન્નતાથી પોતાના ક્રમથી પ્રસ્તુત કર્યા છે.** આ. તુલસી પર આ. હેમચંદ્રાચાર્ય અને શ્રી નાગસેનમુનિનો પણ પ્રભાવ સ્પષ્ટ નજરે પડે છે તો પણ એમની પોતાની સર્વાતિશાયી દૃષ્ટિ અને પ્રજ્ઞાએ 'મનોનુશાસનમ્'ને એક નવું જ રૂપ પ્રદાન કર્યું છે.

એમણે ભૂમિકામાં નોંધ્યું છે "મનને અનુશાસિત કરવું જેટલું એક જૈન માટે ઉપયોગી છે, એટલું જ એક અજૈનને માટે પણ ઉપયોગી છે. એ મનુષ્ય માત્ર માટે ઉપયોગી છે." આ ગ્રંથ જૈન જૈનેતર સર્વે આત્મલક્ષી સાધકો માટે પથપ્રદર્શક છે.

સંદર્ભસૂચિ :


- મૈત્રીયાણી ઉપનિષદ
- પાતંજલ દર્શન પ્રકાશ
- નિરૂતર તંત્ર
- યોગશાસ્ત્ર
- યોગદૃષ્ટિ સમુચ્ચય
- યોગબિન્દુ
- યોગસૂત્ર


●

# કાયોત્સર્ગ–ધ્યાનયોગ

**વર્ષા શાહ**

જુદા જુદા શાસ્ત્રોમાં યોગનું જુદી જુદી અનેક શૈલીથી નિરૂપણ કરાયેલું છે. મહર્ષિ પતંજલિએ અષ્ટાંગ યોગમાં યોગની વ્યાખ્યાઃ योगश्चात्तिवृत्ति निरोधः આપેલ છે. એટલે કે જે વૃત્તિઓ ચિત્તમાં સંસ્કારિત છે તેનું નિરોધ કરવું અથવા રૂંધન કરવું.

બૌદ્ધ સાહિત્યમાં યોગના સ્થાન પર 'ધ્યાન, સમાધિ' શબ્દનો પ્રયોગ કર્યો છે.

જૈન આગમિક પરિભાષા મુજબ યોગ શબ્દનો પ્રયોગ મન-વચન-કાયાની ક્રિયા માટે કરવામાં આવ્યો છે. આત્માનો વીર્યગુણ, મન-વચન-કાય દ્વારા અભિવ્યક્તિ થાય છે. તેથી તે ત્રણેને 'યોગ' એવી સંજ્ઞા પ્રાપ્ત થાય છે.

આચારાંગ સૂત્ર લોક-વિજય અને લોક ભાવનામાં ત્રણેય લોકના સ્વરૂપનું ચિંતન તથા ત્યાં રહેલા પદાર્થો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને પછી શરીર દર્શન એટલે શરીરના ત્રણ વિભાગ કરી અવ્યય ઉપર ચિંતન કરી છેલ્લે આત્મ-તત્ત્વ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી એકાગ્ર બનવાનું સૂચન કર્યું છે.

ઉત્તરવર્તી સાહિત્યમાં ધ્યાન અને યોગ સંબંધી જેટલી સ્પષ્ટ પરિભાષા જોવા મળે છે. એટલી આગમ કાલીન યુગમાં મળતી નથી. કારણ તે સમય અલગથી લક્ષણ તથા પરિભાષા કરવાની પરંપરા ન હતી.

યોજનાદયોગ-યુંજન કરવું અથવા જોડવું

પ્રાચીનમાં પ્રાચીન આવશ્યક નિર્યુક્તિ શાસ્ત્રમાં શ્રી ભદ્રબાહુ સ્વામીએ जोगज्झयण યોગધ્યયનમાં સંગ્રહ કરવા એવા ૩૨ પ્રકારના યોગ દેખાડયા છે.

શ્રી હરિભદ્રસૂરી મહારાજે યોગ-શતક ગ્રંથમાં સતજ્ઞાન, સદર્શન સચ્ચારિત્રના સંબંધને નિશ્ચયદષ્ટિથી અને એના હેતુભૂત ગુરૂવિનયાદિને વ્યવહારદષ્ટિથી યોગ કહ્યો છે.

તેઓએ જ યોગ-બિન્દુમાં અધ્યાત્મ-ભાવના-ધ્યાન-સમતા વૃત્તિસંશય આ પાંચ ભેદથી યોગની પ્રરૂપણા કરી છે.

યોગદષ્ટિ સમુચ્ચયમાં બલાદષ્ટિ, તારાદષ્ટિ આદિ આઠ દષ્ટિના ભેદથી યોગનું નિરૂપણ કર્યું છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિ પોતાના યોગ શાસ્ત્રમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-રત્નત્રયીને યોગ કહ્યો છે તથા પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ આ આઠ પ્રવચનમાતાને પણ યોગરૂપ ઓળખાવી છે.

આમ 'યોગ' શબ્દ ઘણા જ વ્યાપક અર્થમાં ફલિત થાય છે.

પ્રસ્તુત લેખમાં હરિભદ્રસૂરી રચિત યોગવિંશિકા, કાયોત્સર્ગ ધ્યાન અને લોગ્ગસ સૂત્રનો સમન્વય કરવાનો પ્રયાસ છે.

શાસ્ત્રવિહિત સામાયિકાદિ આવશ્યક ક્રિયાઓ અર્થગંભીર અને સંક્ષિપ્ત છે. ઈરિયાવહી સૂત્ર, તસ્સ-ઉત્તરી સૂત્ર, લોગસ્સ સૂત્ર, ચૈત્યવંદનાદિ દ્રવ્યક્રિયા સાથે ધાર્મિક આરાધના માટે પાઠમાં રહેલા રહસ્ય સમજવા અત્યંત જરૂરી છે. કારણ મોક્ષસાધક યોગ કેવળ ક્રિયારૂપ નથી કિન્તુ જ્ઞાન અને ક્રિયા ઉભયના સંમિલનરૂપ છે.

આજે જગતમાં ચારે બાજુ, ધ્યાન સમજવા માટે ભૂખ જાગેલી છે. શુભધ્યાન દ્વારા શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. આ પરમ સત્ય છે. એટલે ધ્યાનના વિષયમાં આપણે ઊંડા ઉતરીએ એ આવશ્યક બની ગયું છે.

કાયોત્સર્ગ-ધ્યાનમાં નડતર રૂપ ત્રણ વિઘ્નો/અંતરાયો.

**પહેલો જઘન્ય વિઘ્ન :** મોક્ષમાર્ગે પ્રયાણ કરવામાં ધર્મક્રિયા કરતાં શીત-ઉષ્ણાદિ પરિષહો વિઘ્નરૂપ છે. માટે પરીષહોને જીતવાવાળો જે આત્મપરિણામ તે પ્રથમ જઘન્ય વિઘ્નજય અથવા કંટકવિઘ્નજય મોક્ષમાર્ગે પ્રયાણ કરનાર તાવતુલ્ય શારીરિક રોગો વિશિષ્ટ ધર્માનુષ્ઠાનોની આરાધના કરવામાં પ્રતિબંધક હોવાથી મધ્યમ વિઘ્નસ્વરૂપ છે. માટે રોગો થાય જ નહિ. એવો હિત-મિત આહાર કરવો અને રોગો થયા હોય તો આ રોગ શરીરના જ બાધક છે, મારા આત્મસ્વરૂપને બાધક નથી. આવો વિચાર કરવાવાળો જે આત્મપરિણામ તે મધ્યવિઘ્નજય અથવા જ્વરજયસમ નામનો બીજો વિઘ્નજય છે.

ક્ષયોપશમભાવ હોવા છતાં સત્તામાં પડેલી અને પ્રદેશોદયથી ઉદયમાં આવતી મિથ્યાત્વમોહનીયાદિ તીવ્ર કર્મપ્રકૃતિઓનું જોર વધતાં રસોદય થતાં અંદરથી જીવ વહેલો ગુણઠાણે ચાલ્યો જાય છે. માટે મોહ અને અજ્ઞાનનો ઉદય એ મહાવિઘ્ન છે. તેને જીતી લેવાથી અર્થાત્ મોહવિઘ્નનો વિનાશ થવાથી આત્માનો મોક્ષપ્રયાણ અખંડિત બને છે. આ ત્રીજો ઉત્કૃષ્ટ/મોહજયસમ વિઘ્નજય સમજવો.

કાયોત્સર્ગ પૂર્વ ભૂમિકા-'શિથિલીકરણ'

શરીર અને મનનો સંબંધ બહુ ઘેરો છે. બન્નેમાં સુમેળ વિનાની જે પ્રવૃત્તિઓ થાય એટલે કે શરીર એક ક્રિયા કરે અને મન બીજા કોઈ કાર્યમાં સંલગ્ન રહે ત્યારે સ્નાયુઓમાં તનાવ ઉત્પન્ન થાય છે.

તંગદશા ઉત્પન્ન કરવામાં ભયનો પણ મોટો હિસ્સો છે. શાસ્ત્રમાં સાત પ્રકારે ભયનાં ઉલ્લેખ છે - ઈહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, આજીવિકાભય, મરણભય, અપજશભય (અશ્લાઘાભય)

આ રીતે ભય મનુષ્યના જીવનમાં વ્યાપ્ત રહે છે તેથી આપણે અશાંતિમય જીવન જીવીએ છે. અનિયન્ત્રિત ભયથી અનેક રોગો ઉત્પન્ન થાય છે. જ્યાં ભય છે ત્યાં નિશ્ચિતરૂપે ભાવ-હિંસા છે.

ક્રોધ, માન, માયા, લોભ એ ચાર મુખ્ય આવેગોથી તથા ભય, શોક, ઘૃણા, હાસ્ય, અને રતિ-અરતિ અને કામવિકાર એ સાત ઉપઆવેગોથી સ્નાયુઓનાં તંગદશા વધવા પામે છે.

બાહ્ય શિથિલીકરણ- તનાવને નાબૂદ કરવો.

આંતરિક શિથિલીકરણ- ઐર્યાપથિકીમાં ૫૬૩ પ્રકારનાં જીવો સાથે થયેલી વિરાધના-ઓનું પ્રતિક્રમણ.

કાયોત્સર્ગધ્યાનમાં કેટલાક આગારોની છૂટ રાખવા માટે અન્નત્થ (તસ્સઉત્તરી) સૂત્રનો પાઠ ભણવો પડે છે. તેમાં પ્રાણની ગતિ, વાત, પિત્ત અને કફના સંચાર તથા સૂક્ષ્મ કંપન કે હલન-ચલન ઈત્યાદિ સહજ ક્રિયાઓ હોવાથી જેના ઉપર મનુષ્યનો કાબુ રહેતો નથી તે બાર આગારોની છૂટ રાખવામાં આવે છે. આ રીતે બાર નૈસર્ગિક ક્રિયાઓ અને ચાર ઉપસર્ગરૂપ આકસ્મિક ક્રિયાઓ મળીને સોળ બાબતોની છૂટ કાયોત્સર્ગમાં રખાય છે. એટલે તેમાંની કોઈની ઉપસ્થિતિ થવાથી કાયોત્સર્ગ ભગ્ન કે વિરાધિત માનવામાં આવતો નથી. આ આગારો કે અપવાદ સિવાય સર્વ પ્રકારની કાયિક-વાચિક પ્રવૃત્તિઓ અને ચોક્કસરૂપના ધારેલા ધ્યાન સિવાયની માનસિક સર્વ પ્રવૃત્તિઓ છોડી દેવાની હોય છે. એટલે ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ પાઠ કાઉસ્સગ્ગ કરતાં પહેલાં પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે... "હું કાઉસગ્ગમાં સ્થાનવડે, મૌનવડે અને ધ્યાનવડે સ્થિર થઈ આત્માની તમામ ચેષ્ટાઓને ત્યજી દઉં છું." આ પ્રકારે કાયગુપ્તિ, વચનગુપ્તિ, મનોગુપ્તિ સધાય છે.

યોગ-વિંશિકામાં પાંચ યોગોનું સ્વરૂપ બતાવ્યું છે.

(૧) સ્થાનયોગ : પદ્માસનાદિ, જ્ઞાનમુદ્રા કાયાને સ્થિર બનાવે છે.

(૨) વર્ણયોગ : સૂત્રોચ્ચારણ, વાણીને શુદ્ધ બનાવે છે.

આ બંને ક્રિયા યોગ લોગ્ગસ્સ સૂત્રના ૧/૪ ગાથામાં સમાવેશ થાય છે.

(૩) અર્થયોગ : સૂત્રનો અર્થબોધ

(૪) આલંબનયોગ : તીર્થંકર પ્રતિમાદિ વિષયક ધ્યાન

(૫) અનાલંબનયોગ : રૂપીદ્રવ્યના આલંબનથી રહિત સ્વને દ્રવ્ય ગુણ અને પર્યાયથી જાણે.

આ ત્રણ યોગ, મન અને આત્માની શુદ્ધિ અને નિશ્ચલતા કરનાર હોવાથી 'જ્ઞાનયોગ કહેવાય છે. જે લોગસ્સના ૫-૬-૭ ગાથામાં સમન્વય કરવામાં આવી છે.

પ્રથમના ચાર યોગભેદમાં આત્માનો જ્ઞાનપયોગ પરદ્રવ્યાશ્રિત છે. બાહ્ય છે. ક્રમશઃ એકેકમાં વારંવાર પરિવર્તનશીલ છે. જ્યારે નિરાલંબન યોગમાં આત્માનો જ્ઞાનોપયોગ સ્વદ્રવ્યાશ્રિત છે. આંતરિક છે. અત્યંત સ્થિર છે. સમાધિસ્વરૂપ છે.

'લોગસ્સ' સૂત્ર : અર્થ સંકલના તથા સવિસ્તર વિવરણ મૂલ પાસ

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ।।१।।

સમગ્ર 'લોગસ્સ' સૂત્રમાં उज्जोअगरे શબ્દ અનુસ્યૂત છે. उज्जोअगरे - પ્રકાશ કરનાર, યોગશાસ્ત્રની સ્વોપજ્ઞટીકામાં આ સૂત્રનું નામ ઉજ્જોઅગર દર્શાવાયું છે. 'उद्द्योतकर' શબ્દનાં ચાર વિશેષણો છે. ઉદયોત્કર કોણ છે તીર્થંકર, જીણો, અરિહંતો અને કેવલી પુરુષો.

સૂર્ય, ચંદ્ર, તારા વગેરે પરિમિત ક્ષેત્ર પર પ્રકાશ કરે છે. પરંતુ આત્માની પરમજ્યોતિ જ્ઞાનવડે લોક/અલોક એ ઉભયને અખંડ પ્રકાશ આપનારી છે.

ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસી ઉપરાંત ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રમાં થયેલા અન્ય અનંત અરિહંતોને પણ અભિમુખ ભાવે સ્તવું છું (कित्तइस्सं)

ગાથા નં. ૨-૩-૪

उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ।।२।।
सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ।।३।।
कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ।।४।।

લોગસ્સ સૂત્રની ૨-૩-૪થી ગાથામાં ચોવીસ તીર્થંકરનો નામ દ્વારા તે પરમાત્મા જાણે ચક્ષુવડે પોતાની સામે દેખાતા હોય, હૃદયમાં પ્રવેશ કરતા હોય, સર્વ અંગોમાં તન્મયતાનું અનુભવ થતો હોય. વસ્તુતઃ નામો તો માત્ર ભાષા-વર્ગણાના પુદગલોના સમૂહાત્મક વાચક શબ્દો છે. પરંતુ જેના ચિત્તમાં નામાક્ષર સદા સ્ફૂરે છે. તે નામાક્ષરરૂપ શબ્દબ્રહ્મથી પરબ્રહ્મ (મોક્ષ, કેવલાન)ને પ્રાપ્ત કરે છે.

અહીં કુંડલિની શક્તિનું પ્રયોગ કરવાનું છે જ્ઞાન અને તીર્થ. આ બન્ને શક્તિઓ સૂક્ષ્મ શરીર તેજસ અને કાર્મણ શરીરના માધ્યમથી અભિવ્યક્ત થાય છે. તેજસ શરીર પ્રકાશનો અનુભવ કરાવે છે અને કાર્મણ શરીર ભેદ-વિજ્ઞાનનો અભ્યાસ કરાવે છે.

આપણા શરીરમાં સાત ચક્રો છે. નીચેથી ઉપર ક્રમ અનુસાર તેમના નામો આ પ્રમાણે છે. મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાન, મણિપૂરક, અનાહત, વિશુદ્ધિ, આજ્ઞાચક્ર અને સહસ્રાર.

## ચતુર્વિંશતિ જિનનામ દેહસ્થ ચક્રસ્થાનોમાં ન્યાસવડે અંતર્ગત કરવાની વિધિ

**षट्चक्रनां नामो**

१. मूलाधार चक्र, २. स्वाधिष्ठानचक्र, ३. मणिपूरकचक्र,
४. अनाहतचक्र, ५. विशुद्धास्यचक्र, ६. आज्ञाचक्र



તીર્થંકરનું નામ સ્મરણ કરતાં આરાધકે અનુક્રમે પોતાના દેહના ચક્રનું તથા સહસ્ત્રારનું પૂર્વાભિમુખ પ્રકારે અને ઉર્ધ્વારોહણથી ન્યાસપૂર્વક આલંબન ગ્રહણ કરવું.

તે પ્રમાણે શ્રી ઋષભદેવનું (उसभं) તથા અજીતનાથનું (अजीयं) અનુક્રમે મુલાધાર ચક્રસ્થાનમાં તથા સ્વાધિષ્ઠાન ચક્રસ્થાનમાં ન્યાસવડે સ્મરણ કરાય છે. અન્ય ભગવંતોનું પણ અનુક્રમે ઉર્ધ્વારોહણ ક્રિયાથી એકેક ચક્રસ્થાનમાં ન્યાસવડે સ્મરણ કરતાં સાતમા શ્રી સુપાર્શ્વનાથનું (सुपासं) સ્મરણ સહસ્ત્રાર ચક્રસ્થાનમાં ન્યાયવડે કરાય છે. ત્યારપછી જીણં સ્મરણ વડે પશ્ચિમાભિમુખ પ્રકારે સહસ્ત્રારથી મૂલાધાર ચક્રસ્થાન સુધી અવરોહણ કરાય છે.

આ પ્રકારે મૂલાધાર ચક્રસ્થાનથી આરંભ કરી આરોહણ અવરોહણ પૂરૂં કરતાં એક સંપૂર્ણ વલય સધાય છે.

આ જ પ્રમાણે બીજા સાત જીનોનું સ્મરણ પુનઃ ચક્રસ્થાનોમાં ન્યાસવડે આરોહણ અને અવરોહણપૂર્વક કરતાં બીજું વલયં, એ તે જ પ્રમાણે ત્રીજા સાત જીનોનું સ્મરણ કરતાં ત્રીજું વલય સધાય છે. તેથી ત્રણ વલયમાં ૨૧ જીનોનું સ્મરણ થાય છે. ત્યાર પછી છેલ્લા ત્રણ જીનોના સ્મરણ કરતા નાભિચક્રસ્થાન પાસે અર્ધું એટલે કુલ સાડા ત્રણ વલય પ્રાપ્ત થાય છે. સાડા ત્રણ (વલય) કલાવાળા અર્થાત ચાર કળા ઘાતીકર્મરૂપ અને કેટલીક આયુષ્ય કર્મની કળા ભગવંતના કેવલજ્ઞાન સમયે ક્ષીણ થઈ. આઠ કર્મમાંથી સાડાચાર કર્મો ક્ષીણ થયાં અને સાડાત્રણ કળા બાકી રહી.

૫-૬-૭મી ગાથામાં ભગવાન પાસે ત્રણ યાચના કરવાની છે. કેવી યાચના ? ઈહ લોક સંબંધી ધન, કીર્તિ આદિ ? પરલોક સંબંધી સ્વર્ગાદિકની વિભૂતિની ઈચ્છાઓ ? નહીં !! આવી ઈચ્છાઓ મિથ્યાબુદ્ધિજનક હોવાથી ભવોભવમાં અનુબંધ કરનાર હોવાથી સંસાર વધારનારું જ છે. આવા પ્રકારના અનુષ્ઠાન, આત્મામાં ભોગસુખ, અહંકાર આદિ વૃત્તિઓને પોષનાર હોવાથી યોગ-અભ્યાસ નથી પરંતુ યોગ-અભાસ માત્ર છે. તો ત્રણ કઈ યાચના આપણે કરવાની છે ?

(૧) યાચના - तित्थयरा मे पसीयंतु - તીર્થંકરો મુજ પર પ્રસન્ન થાઓ. (આજ્ઞાચક્ર/ ભ્રૂમધ્યમાં)

બિંદુ-સ્થાનમાં મંત્રનો નામસ્મરણ પ્રવેશ થતાં રાગદ્વેષ ઓછા થઈ જાય છે. પ્રસાદ વધે છે અને જ્યોતિરૂપતાનો આવિર્ભાવ થાય છે તેથી સ્મરણ 'યોગ' અને 'ક્ષેમ'ને કરનારો થાય છે.

બીજી યાચના - जे ए लोगस्स उत्तमा सिद्धा ભવ્ય લોકોમાં જેઓ ઉત્તમ એવા દ્રવ્યસિદ્ધો છે તેમની પાસે બીજી યાચના કરવાની છે.

आसग्ग बोहि-लाभं, समाहिवरमुत्तमं दिंतु

(૧) દર્શનવિશુદ્ધિ અથવા નિર્મળ સમ્યક્ત્વ (બોધિલાભ)

એટલે આગમ અને અનુમાનથી જે યથાર્થજ્ઞાન Conceptual fact નું સાક્ષાત્કાર થાય Perceptual fact.

(૨) વરસમાધિ-જ્યારે સમસ્ત આવરણ હઠી જાય - ધ્યાતા-ધ્યેય (ભાવસમાધિ)

સમાધિનો અર્થ એ છે કે પાણીમાં નિમક સમાન આત્મામાં મનનું લીન થવુ.

(૩) ઉત્તમસમાધિ - જ્ઞાનના પ્રકાશથી મનના સઘળા વિક્ષેપો દૂર થઈ જાય છે, ત્યારે તે શાંત થઈને એક ધારામાં વહે છે, આ અવસ્થાને 'પશાન્તવાહિતા' સમાધિ કહે છે.

ત્રીજી યાચના - सिद्धा सिद्धिं मम दिसंतु - ભાવસિદ્ધો મને કેવળજ્ઞાન અથવા મોક્ષ આપો. જે ભૂમિકા સહજ અને સ્વાભાવિક છે તેની જ માગણી કરાય છે એટલે વસ્તુતઃ તે યાચના નથી, પરિણામની ઇચ્છા છે.

एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जर-मरणा

चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु

एवं मए अभिथुआ- एवं એટલે ધ્યાનનો પ્રકાર; मए એટલે ધ્યાતા અને अभिथुआ એટલે ધ્યેયોને (હૃદય સામે રાખીને) સર્વ પ્રકારે અનંત અરિહંતોને મેં સ્તવ્યા છે.

विहुय रय मला - ઘાતિકર્મ જેણે ખપાવ્યાં છે, અઘાતિ કર્મો ખપાવવાં બાકી છે તેવા અરિહંત ભગવંતો.

પહેલી ગાથામાં ઉદ્યોતકરના જે વિશેષણોનો પ્રયોગ થયો છે. તેના અર્થો પાંચમી ગાથામાં આપ્યા છે. આ પ્રકારે 'સદ્ભૂતગુણોત્કીર્તન'ની પ્રક્રિયા અહીં થાય છે.

આ પ્રક્રિયાથી 'પાયચ્છિત્તકરણ અથવા દોષની વિશુદ્ધિ થાય છે. અહીં સમ્યક્ત્વની પ્રાપ્તિ અથવા પ્રથમ અપૂર્વકરણ સંભવે છે. મિથ્યાત્વશલ્ય નાશ 'કરણ' એટલે શુભ અધ્યવસાયવિશેષ સહિત આત્મ-વીર્યોલ્લાસ) થાય છે. 'અપૂર્વ' એટલે પૂર્વે કદી નહિ થયેલ.

कित्तियं - वंदिय - महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।

आरुग्ग - बोहि - लाभं समाहिवरमुत्तमं दिंतु ।।६।।

છઠ્ઠી ગાથામાં પ્રથમ પાંચ ગાથાના ઉપસંહારરૂપે છે.

કીર્તન દ્વાર દર્શનવિશુદ્ધ થાય છે.

| | |
|---|---|
| વિનયપૂર્વક વંદનથી જ્ઞાનવિશુદ્ધ થાય છે.<br>વિશેષરૂપ ગુણોત્કીર્તન ચારિત્રવિશુદ્ધ થાય છે.<br>અહીં બીજું અપૂર્વકરણ ઘટીત થઈ શકે. | રહી માયાશલ્યનો<br>નાશ થાય છે. |

चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ।।७।।

સાતમી ગાથામાં નિરાલંબન ધ્યાનમાં ધ્યાતા-ધ્યેય અને ધ્યાન એ ત્રણેની અભિન્નતા હોય છે. પરમાત્મા સાથે 'અભેદ પ્રણિધાન'ના કારણે અંતરાત્મભાવ અનેક ચંદ્રોથી વધારે નિર્મલ, અનેક સૂર્યોથી વધારે તેજસ્વી અને ગંભીરતાના વિષયમાં સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ અધિક ગંભીર જણાય છે.

जे अज्झत्थं जाणइ से बहिया जाणइ, जे बहिया जाणइ से अज्झथं

जाणइ–आचारांग सूत्र (અ-૭૩)

જે અરિહંતને દ્રવ્ય અને ગુણ અને પર્યાયથી જાણે છે તે આત્માને જાણે છે. આવા જ્ઞાનથી ચિત્ત ભાવિત થતાં મોહની પકડ ક્રમશઃ ઢીલી પડતી જાય છે અને વિષય-કષાયનો આવેગ પ્રમાણમાં શિથિલ થતો જાય છે.

●

# પ્રકીર્ણ

## આયુર્વેદ અને જૈન સાહિત્ય

**પ્રા. હેમાલી સંઘવી**

વિષય-વૈવિધ્યતા જૈન સાહિત્યની વિશિષ્ટતા રહી છે. જૈન વિદ્વાનોએ જેવી રીતે આધ્યાત્મિક સાહિત્યનું સર્જન કર્યું છે તેવી રીતે વ્યવહારિક જ્ઞાનના વિષયોમાં પણ કલમ ચલાવી છે. ઉદાહરણ તરીકે કાવ્ય, વ્યાકરણ, છંદ, અલંકાર, કોશ, ભૂગોળ, ખગોળ, ગણિત, આયુર્વેદ, જ્યોતિષ વગેર વિષયો પર વિવિધ પ્રકારનું સાહિત્ય છે. જ્ઞાનનો ભાગ્યે જ કોઈ વિષય મળે જેના પર જૈન સાહિત્ય ન હોય.

આમાં પણ જૈન સાહિત્યકારોએ વૈદકશાસ્ત્ર પર લખેલા ગ્રંથો વિશેષ નોંધનીય છે. ઈ.સ. નવમી સદીમાં ઉગ્રાદિત્ય રચિત 'કલ્યાણકારક' ગ્રંથ આવો જ એક વિશિષ્ટ ગ્રંથ છે. આ ગ્રંથના આધારે આયુર્વેદ અને જૈન સાહિત્યના સંબંધ વિષે હું મારું નિરીક્ષણ રજૂ કરીશ. આ માટે આ ગ્રંથની સાહિત્યિક અને ઐતિહાસિક પૂર્વભૂમિકા સમજવી જરૂરી છે.

**પૂર્વભૂમિકા :**

ચિકિત્સાશાસ્ત્ર વિષેના સંદર્ભો આપણને વૈદિક કાળખંડથી મળી આવે છે. ઋગ્વેદ અને એમાં પણ ખાસ કરીને અથર્વવેદમાં રોગ, તેના માટેના ઉપાયો અને વિવિધ ઔષધિ વિષેનુ ચિંતન જોવા મળે છે. આયુર્વેદ અર્થાત્ જીવનશાસ્ત્રનો ઉદ્ગમ ખરેખર તો અથર્વવેદના ઉપાંગ તરીકે થયો. પણ સમય જતાં વૈદિક સાહિત્યનો એટલી હદે વિસ્તાર થયો કે જુદા જુદા વિષયો શાસ્ત્રોના રૂપમાં વિકસવા લાગ્યા. આ પ્રક્રિયાના પરિણામસ્વરૂપે આયુર્વેદ સંહિતાનું નિમાર્ણ થયું. આ જ રીતે બૌદ્ધ ધર્મમાં 'વિનય પીટક' જેવા ગ્રંથમાં ચિકિત્સા પદ્ધતિઓની ચર્ચા જોવા મળે છે. બૌદ્ધ વિદ્વાનોએ પણ વૈદકશાસ્ત્રના સ્વતંત્ર ગ્રંથોની રચના કરી. આ ગ્રંથોની શૈલી અને વિષયવર્ણનમાં ઘણે અંશે બ્રાહ્મણ ગ્રંથોનો પ્રભાવ જોવા મળે છે. આ બૃહદ્ પરિપ્રેક્ષ્યમાં જૈન વિદ્વાન ઉગ્રાદિત્યની રચના 'કલ્યાણકારક'ને સમજી શકાય. જો કે આનો અર્થ એ નથી કે આ ગ્રંથની રચના કેવળ આયુર્વેદ સંહિતાઓના પ્રતિભાવ રૂપે કરવામાં આવી હતી. હકીકતમાં આ ગ્રંથ જૈન સાહિત્ય પરંપરાનું વિશિષ્ટ સર્જન છે.

**સર્જનપ્રક્રિયા :**

આ ગ્રંથની સર્જન-પ્રક્રિયાને જૈન પરંપરા સાથે જોડી શકાય. કલ્યાણકારક

